પારસી પ્રકાશ,

અથવા

પારસીઓના સંબંધમાં ઈ૦ સ૦ ૧૮૬૧ થી તે અત્યાર સુધીમાં
બનેલા અગત્યના બનાવોની દર વર્ષને અનુક્રમે નોંધ.

રચનાર,

બહમનજી બેહરામજી પટેલ.

દફતર ૨ જું—ભાગ ૪ થો.

(ઈસવી સન ૧૮૬૭ ના ૨૫ માં કાયદા પ્રમાણે સરકારમાં નોંધાવેલું.)

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાં મધ્યે,

જેહાંગીરજી માણકજી વાછાએ છાપ્યું છે.

કોટ :—કાવશજી પટેલ સ્ટ્રીટ. નં૦ ૮૭.

સને ૧૮૯૬ ઈસવી—સને ૧૨૬૬ યજદજરદી.

PARSEE PRAKASH

BEING

A RECORD OF IMPORTANT EVENTS IN THE GROWTH

OF THE

PARSEE COMMUNITY IN WESTERN INDIA,

CHRONOLOGICALLY ARRANGED

FROM 1861 A. D. TO THE PRESENT DATE.

COMPILED BY

BOMANJEE BYRAMJEE PATELL.

SERIES II.—PART 4.

(Registered under Act XXV. of 1867.)

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS.

1896 A. C.—1266 A. Y.

V/96 52

તા૦ ૨૨ મી અકટોબર.

મુંબઈની સરકારી ગોદીના વડા માસટર બીલડર શેઠ જમશેદજી ધનજીભાઈ વાડીઆને અતરેની "હારબર અને પાઇલટેજ બોરડ" ની આજ દીનેની સભામાં સરનશીન મી૦ એલ. રીડ બોરડની તરફની નૌકાશાસ્ત્રને લગતાં ઓજારેનો ઇંગલાંડથી તૈયાર થઇ આવેલો એક બાક્ષ, એ ગ્રહસ્થે અતરે લાઇટ વેસલસ, પાઇલટ બોટસ, સ્કુનરસ, વગેરેની મરામતોનાં કામમાં બોરડને ઘણી કીમતી મદદો આપવાના બદલામાં ભેટ આપ્યો હતો. એ ભેટ આપતાં મી૦ રીડ શેઠ જમશેદજીની ચતુરાઇની ઘણી વખાંણો કીધી હતી.[1]

તા૦ ૨૩ મી અકટોબર.

આ૦ એદલજી આદરજી માડને "અરદાએ વીરાફ-નામાં" નાં ઈ૦ સ૦ ૧૮૪૪ માં મરહુમ શેઠ રૂસતમજી શોરાબજીએ પ્રગટ કરેલા ગુજરાતી તરજુમાનું પુસ્તક ફરીથી છપાવી પ્રગટ કીધું હતું.[2]

તા૦ ૨૯ મી અકટોબર.

નીચલા પારસી ગ્રહસ્થોને મુંબઇની સરકારે નવા સુલેહના અમલદારો ઇયાને "જસટીસ ઑફ ધી પીસ" નેમ્યા હતાઃ–

શેઠો હોરમજજી દાદાભાઈ પલીડર, જમશેદજી ધનજીભાઇ વાડીઆ, મેહરજીભાઈ બાપુજી વીકાજી, મનચેરજી નવરોજજી બનાજી, નાનાભાઈ બેહરાંમજી જીજીભાઈ, નશરવાંનજી ચાંદાભાઈ, શોરાબજી ફરાંમજી પટેલ.

શેઠ એદલજી ડોશાભાઇ કોહાવાલાને નામદાર સરકારે સુરત જીલ્લાનાં સુપા ગામના મામલતદાર તરીકે નેમ્યા હતા.[3]

તા૦ ૪ થી નવેમબર.

રોજ ૧૪ માહ ૨ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ રતનબાઈ તે મરહુમ શેઠ જમશેદજી પેશતનજી પલાંનટીનનાં વીધવાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજી મધેથી રૂ૧૦૦૦) તથા બીજાં બેશીઓએ રૂ૧૧૦) મલી રૂ૧૧૧૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[4]

તા૦ ૫ મી નવેમબર.

ભરૂચવાલા શેઠ શોરાબશાહ દાદાભાઈ મુનસફનાએ આબીસીનીયા દેશ તથા ત્યાંના રાજા થીઓડોર વિષે ગુજરાતીમાં એક નાધલું પુસ્તક રચી ભરૂચ મધે પ્રગટ કીધું હતું.[5]

તા૦ ૭ મી નવેમબર.

રોજ ૧૭ માહ ૨ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆવાલાં આતશબેહરાંમની શાલગરેહનાં જશનની મીજલસમાં દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ "પાક ખોદાતાલાની બંદગીથી માણસ જાતને થતા ફાએદા" વિષે એક વાએજ કરી સંભલાવી હતી.[6]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૨૦ માહ ૨ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

વરોડરાંની કાંપમાં એક ધર્મશાલા બાંધવાને ત્યાંના જરથોસ્તીઓએ એક ફંડ ઉભું કીધું હતું, જે મધે રૂ૯૪૧૨ાા ભરાયા હતા,[7] તથા તે માટે નામદાર ગાયકવાડ સરકારે મુફત

---

૧ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૩ મી અકટોબર ૧૮૬૮.
આ બાક્ષ પર નીચે મુજબ લેખ કોતરેલોછે :—

"Presented to
JAMSETJEE DHUNJEEBHOY WADIA, ESQ.
Master builder, Her Majesty's Dockyard.
In recognition of the valuable services he has rendered to the Bombay Harbour and Pilotage Board.
Bombay, 28*th May* 1868."

૨ "અરદાએ વીરાફ નાંમું અથવા બેહેશત તથા દોજખનો હેવાલ. અસલ પેહેલવી ઉપરથી પારસી રૂસતમજી શોરાબજી એઓએ ફારસી ઉપરથી ગુજરાતીમાં કરેલાં ભાશાંતરનાં બોલેબોલ ઉતારી ફરીથી પ્રગટ કરનાર, આ૦ એદલજી આદરજી માડણ. મુંબઇ, ઇમપીરીયલ પ્રેસમાં નવરોજજી ફરાંમજીએ છાપીયુંછે. અકટોબર ૧૮૬૮ ઇસ્વી."

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૨૯ મી અકટોબર ૧૮૬૮.

૪ જામે જમશેદ, તા૦ ૧૪ મી નવેમબર ૧૮૬૮.

૫ "એબિસીનીયા દેસ તથા તેહેનો રાજા "થીઓડોર" વિષે. કેટલોએક હેવાલ આ સમય જાંણવાની હોંસ બ્રિટીસ સરકારની હિંદુસ્થાંન મધેની હરેક ખેરખાહ રૈયતને હોયછે એહેવું માની આ નાહાનું ચોપાનીઉં ભરૂચના રેહેવાસી સોરાબસા દાદાભાઇયે રચ્યુંછે. ઇસ્વી સંન ૧૮૬૮. તે ભરૂચ વરતમાંન છાપાખાનાંમાં છપાવી પ્રગટ કર્યું."

૬ જામે જમશેદ, તા૦ ૭ મી નવેમબર ૧૮૬૮.

૭ એ રૂ૯૪૧૨ાા નીચે મુજબ ભરાયા હતા :—
(રૂ૩૧૦૦) બેહરાંમજી નશરવાંનજી સીરવાઇ. (રૂ૧૦૦૦) બેહરાંમજી નશરવાંનજી સીરવાઇ કારટીંગ એજંટની કું૦, દીનશાહજી માણેકજી પીટીટ. (રૂ૫૨૫) શોરાબજી શાપુરજી આએરન ફાંઉડરીવાલા તથા કાવશજી હોરમજજી સરાફ. (રૂ૩૦૧) બેહરાંમજી રૂસતમજી (વરોડરાવાલા) નાં છોકરાઓ, અસપંદીઆરજી રૂસતમજી દસતુર કામદીનના, (રૂ૩૦૦) ભીખાજી બેહરાંમજી વેહવાઇ તથા ભાઇઓ. (રૂ૨૧૦) નવરોજજી શોરાબજી કેરાંવાલા ભરૂચના. (રૂ૨૦૦) બાપુજી કુવરજી કંત્રાકટર વાંદરેવાલા. (રૂ૧૫૦) જમશેદજી નવરોજજી પાદરાવાલા, બેજનજી ફરાંમજી રૂઇવાલા. (રૂ૧૧૦) હોરમજજી ખરશેદજી ગુડસ કલારક વરોદરાના. (રૂ૧૦૧) રૂસતમજી તથા મનચેરજી શોરાબજી દલાલ ભરૂચવાલા, નવરોજજી બહમનજી વકીલ સુરતના, પાલણજી પેશતનજીની કું૦. (રૂ૧૦૦) દીનશાહ હોરમજજી અવાશીઆ. (રૂ૭૫) દસતુર પેશોતનજી અસપંદીઆરજી કામદીનજી. (રૂ૫૧) પેશતનજી બેજનજી સદરવાલા તથા કાવશજી નવરોજજી શાપકીપર, ડાકટર માણેકજી આદરજી, એદલજી શોરાબજી કાલાભાઇ પટેલ. (રૂ૫૦) દાદાભાઇ શાપુરજી મેસમેન, જમશેદજી હોરમજજી લાકડાંવાલા ભરૂચના, હોરમજજી માણેકજી નગરશેઠ ભરૂચના, પેશતનજી ફરદુનજી, બેહરાંમજી શોરાબજી મુસ. (રૂ૧૧૮૪ાા) રૂ૫૦) ની અંદરની રકમ.

જગા આપી હતી, પણ તે રકમ એ કામને માટે પુરતી ન જણાયાથી શેઠ બેહરામજી નશરવાંનજી સીરવાઇએ એ ફંડમાં એક મોટી રકમની મદદ કરી એ ધર્મશાલા બંધાવી પુરી કીધી તથા તેમાં દીનઆઇનનું કામ કરવા સારૂં એ હીંડોલાની જગા એલાહેદી પોતાને ખરચે કરી આપી હતી. એ સઘળું તૈયાર થવાથી તેને પરડવાની જશનની ક્રિઆ આજ દીને કરવામાં આવી હતી. જશનની ક્રિયા ભરૂચવાલા દસ્તુર શેરાબજી પેશોતનજી કામદીનજીએ કર્યા બાદ મુંબઇવાલા દસ્તુર એરચજી શેરાબજી મેહરજી રાંણાએ દરેમેહર તથા ધર્મશાલા બાંધવાનાં જરથોસ્તી ધર્મનાં ફરમાંન વિષે એક વાએજ કરી સંભલાવી હતી. એ પછી શેઠ બેહરામજી તરફથી એક અંજુમન પત્ર વાંચી સંભલાવવામાં આવ્યો જેમાં જણાવ્યું હતું કે:—"અતરેનાં જરથોસ્તી સાહેબોએ હમુને ખાહેશ બતલાવવાથી અતરે એક ધરમશાલા બાંધવાની જરૂર જોવામાં આવી; અને તે કારણસર તમો સાહેબોએ હુશરાંણાંનું જે લીસટ ઉભું કરયું હતું તે મધે એટલી રકમ ભરાએલી નહી હતી કે જેથી એ કામ સરઅનજામ પોહચી શકે, તે ઉપરથી પાક પરવરદેગારની બખશેશથી એ ધરમશાલાનું કામ મનમાનતી રીતે સરઅનજામ પોહચે, એટલી રકમની મદદ કરીને એ કામ પુરૂં કરયુંછે. ઉપલી ધરમશાલાનાં મકાંન મધે દીનઆઇનનું કામ કરવાને સારૂં એ હીંડોલાની જગો હેલાએદી હમોએ હમારે ખરચે કરી આપીછે, તેની સાથે કીરીઆ કામને વાસ્તે જેટલાં વાસણોની જરૂર હતી તે સઘલાં હમોએ હમારે ખરચે કરી આપયાંછે, અને તે સાથે એ ધરમશાલામાં આવી ઉતરનારા જરથોશતીઓને વાપરવા સારૂં સઘલી જાતનાં વાસણો તથા ફરનીચર પણ હમોએ અમારા ખરચે મેલાવીછે. એ ધરમશાલા તથા અગીઆરી તથા વાસણો તથા ફરનીચરની તપાસ તથા જાલવની કરવા સારૂં તમો સાહેબો મધેથી જણ ચારને નીમાયું. એ મકાંન મધે મરામતના તથા બીજા ખરચ સારૂં રૂ.૨૦૦૦) ની સરકારી નોટ ટકા ૫) નાં વીઆજની જુદી કાહાડીછે." ઉપલો અંજુમન પત્ર વંચાયા બાદ વરોડરાની અંજુમન તરફથી શેઠ બેહરામજીને એક માનપત્ર તથા શાલ શેઠ અસપંદીઆરજી રૂસતમજી દસતુર કામદીનનાએ હોરાડી હતી, તથા સુરતનાં રૂસતમપરાવાલા દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પાલણનાએ શેઠ બેહરામજીએ રૂસતમપરામાં સખાવત તથા એ તરફનાં લોક ઉપર કરેલા ઉપકારના બદલામાં એક શાલ ત્યાંની ભગર સાથની અંજુમન તરફથી હોરાડી હતી. એ બાદ ચાશની કરી સર્વે લોક વદાય થયું હતું.[૧]

તા૦ ૧૧ મી નવેમબર.

મુંબઈ સમાચાર તથા યુનિયન પ્રેસના માલેકોએ પારસીઓમાં સર અવસરે ગાવા લાયક શેઠ ખરશેદજી બહમનજી ફરાંમરોજના રચેલા ગરબાઓનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૨]

---

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૧૫ મી નવેમબર ૧૮૬૮.

આ દરેમેહર તથા ધર્મશાલા ઊપર નીચે પ્રમાણે તખ્તીઓ મારેલી છે:—

"શ્રી દાદાર હોરમજદની મદદ છે

"પાક પેદાના કરનાર ખોદાની બખશેશથી વરોદરાની
"કાંપ મધે આએ દરેમેહર મુંબઇના રેહવાશી આ૦ બેરાંમજી
"નશરવાંનજી શીરવાઇએ પોતાના ખરચે દરોબસત તઇઆર
"કરી બરહક માજદીઅસની દીનને લગતું કામ કરવા શારૂં
"કુલે જરથોશતીઓને વાપરવા આપીછે. રોજ ૯ મો આદર
"ઇજદ માહા ૯ મો આદરઇજદ શને ૧૨૩૭ ઇઅજદજરદી.
"તા૦ ૨૮ મી મેએ ૧૮૬૮ ઇશવી."

"શ્રી પાક દાદાર હોરમજદની મદદથી

"આએ વરોદરાની કાંપ મધેની ધરમશાલાનું નામ
""બેરાંમજી નશરવાંનજી શીરવાઇ રાખુંછે" શબબ કે
"એઓ સાહેબે અવલથી આખર સુધી મોટી રૂપીઆઓની
"રકમો આપીઆથી તથા બીજી જોઇતી વખતે પુરતી મદદ
"કરવાથી એ ધરમશાલા બંધાઇ તઇઆર થઇછે. બીજું
"શરૂઆતમાં ઊધરાંણાંની ટીપ ઊભી કરવામાં આવી હતી તે
"વખતે વરોદરાની કાંપમાના થોડાક ગરીબ જરથોશતીઓએ
"તથા દેશાવર ખાતાંના જરથોશતીઓએ નાણાંની મદદ કરી
"હતી. રોજ ૯ મો આદર ઇજદ માહ ૯ મો આદર ઇજદ
"શને ૧૨૩૭ ઇઅજદેજરદી તા૦ ૨૮ મી મેએ ૧૮૬૮
"ઇશવી."

ઊપર તખ્તીમાં લખેલા દીવસે એ મકાંન પરઠાવવાનું હતું, પણ તે દીને તે તૈયાર ન થવાથી ઊપલે દીને પરઠાવ્યું હતું.

એજ મકાંનમાં શેઠ કાવશજી નવરોજજી બાંમજીની કું૦ એ એક કુવો બંધાવેલોછે તે પર નીચે મુજબ લેખ કરેલોછે:—

"સને ૧૮૬૮ ઇસવી
"શેઠ કાવશજી નવરોજી બાંમજીની કંપની
"શને ૧૨૩૭ ઇઅજદેજરદી."

એ ધર્મશાલા તથા દરેમેહરના વહીવટ બાબે પાછલથી વરોડરાના જરથોસ્તીઓ તથા શેઠ બેહરાંમજી વચ્ચે વાંધો પડયો હતો, અને તેનો મુકદમો ચાર પાંચ વર્ષ સુધી ત્યાંની અદાલતોમાં ચાલ્યા બાદ વરીશટ કોરટ તરફથી એ મકાંનોના વહીવટ કરનારાઓ તરીકે ત્યાંના ચાર જરથોસ્તીઓ શેઠો હોશંગજી બેહરાંમજી, દાદાભાઇ શાપુરજી મેસમેન, જમશેદજી નવરોજજી પાદરાવાલા, અને જાંગીરજી કાવશજી દલાલને નેમ્યા હતા.

૨ "પારસી ગરબા, અંક ૧ લો. પારસીઓમાં સર અવસરે ગાવા લાયક નવા રચેલા ગરબા. બનાવનાર, "ખુરશેદ" છપાવી પ્રગટ કરનાર, મુંબઇ સમાચાર તથા યુનિયન પ્રેસના માલેકો. મુંબઇમાં, યુનિયન પ્રેસમાં નહાનાભાઇ રૂસતમજી રાણીનાએ છાપી પ્રગટ કરયુંછે સને ૧૮૬૮."

એ પુસ્તકનો બીજો અંક ઇ૦ સ૦ ૧૮૭૧ ના જાનેવારી માસમાં છપાઇ પ્રગટ થયો હતો.

તા૦ ૧૯ મી નવેમબર.

મુંબઈની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ ઓહ્દો છોડવાથી તેમની જગો પર નામદાર સરકારે શેઠ નવરોજજી ફરદુનજીને નેમ્યા હતા.

કલાડગીના હજુર ડેપ્યુટી કલેકટર શેઠ નવરોજજી બેહરાંમજી પારખને નામદાર સરકારે બેલગાંમના હજુર ડેપ્યુટી કલેકટર તરીકે નેમ્યા, તથા ત્યાંના માજીસ્ત્રેટની પણ સત્તા આપી હતી.[2]

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૩ માહ ૩ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને પુણાં મધે મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટની દરેમેહરની શાલગરેહનાં જશનની માજલસમાં એ૦ ભીખાજી જામાસપજી દસ્તુર મેહરજી રાંણાવાલાએ "બંદગી" ના બાબદ ઉપર એક વાએજ કરી સંભલાવી હતી. તે પુરી થવા બાદ સર જમશેદજી જીજીભાઇ બારોનેટની તરફથી શેઠ અરદેસર ખરશેદજી મુનસફે ઉઠી તેમનો ઉપકાર માન્યો હતો.[2]

તા૦ ૨૮ મી નવેમબર.

કરાંચી મધે ફ્રીમેશનોની એક નવી લાડજ "હારમની" નામે આજ દીનથી ઉંઘાડવામાં આવી હતી.[3]

તા૦ ૧ લી ડીસેમબર.

રોજ ૧૧ માહ ૩ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ શેઠ માણેકજી એદલજી મીસતરી (ભતુશા) નાં ઉઠમણાંમાં તેમના કાકા શેઠ દોરાબજી નશરવાંનજી મીસતરીએ રૂ૨૦૦) તથા બીજાં એશ્ખાઓએ રૂ૩૯૦) મલી રૂ૫૯૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[4]

તા૦ ૨ જી ડીસેમબર.

શેઠ દારાશાહ શોરાબજી તારાપોરવાલાએ રૂઉની ગાંસડીઓનાં ભરતના ઇંગ્રેજીમાં કોઠાનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[5]

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૧૯ મી નવેમબર ૧૮૯૮.

૨ જામે જમશેદ, તા૦ ૭ મી ડીસેમબર ૧૮૯૮.

૩ સીંધ સમાચાર, તા૦ ૪ થી ડીસેમબર ૧૮૯૮.

એ લાડજમાં હાલ સુધીમાં નીચે મુજબ પારસી મેશનો થયાછે :—

(ઇ૦ સ૦ ૧૮૬૮ માં) અરદેસર ગુસતાદજી કોહીઆર, જમશેદજી અરદેસર માણેકશાહના, દાદાભાઇ હીરજીભાઇ પટેલ, ખરશેદજી દારાશાહ મજાઇના, નવરોજજી નશરવાંનજી પોંહચા, દાદાભાઇ એદલજી સુખીઆ, દીનશાહ પેશતનજી નાજર, ફરદુનજી નશરવાંનજી મજગાંમવાલા, મેહરવાંનજી અરદેસર મુકાદમ. (૧૮૬૯માં) પેશતનજી બેહરાંમજી કોટવાલ, દોરાબજી નાનાભાઇ શેઠના, અરદેસર ખરશેદજી રાજકોટવાલા, પીરોજશાહ હોરમજજી ખરાસ, બહમનજી બેહરાંમજી સરાફ, માણેકજી ફરાંમજી કોલાબેવાલા, પેશતનજી હોરમજજી ઘડીઆલી, બરજોરજી નાનાભાઇ શેઠના, ડોશાભાઇ હોરમજજી લાકડાંવાલા. (૧૮૭૦ માં) ફરાંમજી રૂસતમજી દેસાઇ; બેહરાંમજી એદલજી. (૧૮૭૧ માં) બેહરાંમજી જાંગીરજી રાજકોટવાલા. (૧૮૭૨ માં) બેહરાંમજી મેહરવાંનજી કાઉખાં, માણેકજી હોરમજજી કમીસરીવાલા, કાવશજી દાદાભાઇ ફરદુનજી કથીક. (૧૮૭૪ માં) હોરમજજી જમશેદજી રૂસતમજી, બહમનજી ફરાંમજી શેઠના, એદલજી ફકીરજી ભરૂચા માસટર, શોરાબજી શાપુરજી દલાલ, ધનજીભાઇ હોરમજજી ઘડીઆલી, એદલજી દીનશાહ સરાફ. (૧૮૭૫ માં) નાનાભાઇ ચાંનજીભાઇ ગોરવાલા, ધનજીશાહ એદલજી મના. (૧૮૭૭ માં) નશરવાંનજી જમશેદજી ગોરવાલા, દોરાબજી રૂસતમજી ઇજનેર, ફરાંમરોજ એદલજી પંથકી. (૧૮૮૦ માં) જાંગીરજી એદલજી પટેલ, ફરાંમજી બહમનજી સકલાતવાલા, જમશેદજી ફરાંમજી માડન, નશરવાંનજી નવરોજજી પારખ. (૧૮૮૧ માં) ફરાંમજી મેહરવાંનજી સરાફ પેશાવરવાલા, દીનશાહ ડોશાભાઇ ગોરવાલા, જાંગીરજી પેશતનજી ભેદવાર, જમશેદજી રૂસતમજી દેસાઇ. (૧૮૮૨ માં) દાદાભાઇ મેહરવાંનજી ગોરવાલા, ખરશેદજી જમશેદજી અરદેસર માણેકશાહના, ધનજીશાહ અસપંદીઆરજી કમીસરીવાલા. (૧૮૮૩ માં) ધનજીશાહ ફરાંમજી મેહતા, હોરમજજી એદલજી મના, જાંગીરજી હોરમજજી કોથારી. (૧૮૮૫ માં) ફરાંમરોજ ફીરોઝ પંથકી, ફરાંમજી મનચેરજી બીલીમોરીઆ. (૧૮૮૬ માં) પેશતનજી દીનશાહ દસ્તુર, નશરવાંનજી રૂસતમજી મેહતા, પાલણજી આદરજી મીસ્ત્રી, ફરાંમજી દાદાભાઇ લાલકાકા, શોરાબજી જાલભાઇ પોંહચખાંનાંવાલા, અરદેસર દાદાભાઇ પટેલ, માણેકજી હીરજીભાઇ પટેલ, રૂસતમજી રતનજી ગોરવાલા, ડોશાભાઇ શોરાબજી દલાલ. (૧૮૮૭ માં) બરજોરજી આદરજી ગાંધી, હોરમજજી કાવશજી લોટાંવાલા, શોરાબજી મનચેરજી બીલીમોરીઆ. (૧૮૮૮ માં) દીનશાહ પેશતનજી ઘડીઆલી, જમશેદજી કુવરજી પુણેગર. (૧૮૮૯ માં) કાવશજી દાદાભાઇ ખરાસ, હોરમજજી જમશેદજી કોટવાલ, ડાકટર શોરાબજી માણેકજી કાકા. (૧૮૯૧ માં) જમશેદજી એદલજી ફકીરજી, કાવશજી હોરમજજી કાતરક. (૧૮૯૨ માં) શોરાબજી કુવરજી પસતાકીઆ, બરજોરજી કાવશજી દુબાશ, દાદાભાઇ શોરાબશાહ મુનસફ, અરદેસર ખરશેદજી ડોટીવાલા. (૧૮૯૩ માં) શોરાબજી પીરોજશાહ દુબાશ, નશરવાંનજી ગુસતાદજી મીનીના. (૧૮૯૪ માં) પીરોજશાહ નાનાભાઇ ગોરવાલા, ડાકટર માણેકજી બાપુજી લાહેવાલા. (૧૮૯૫ માં) કાવશજી રતનજી ઊનવાલા, કાવશજી રૂસતમજી વરીઆવા, કાવશજી મેહરવાંનજી કાપડીઆ. (૧૮૯૬ માં) પીરોજશાહ રતનજી મીનવાલા, પેશતનજી જાંહગીરજી કોલાહ.

એ લાડજના હાનરરી મેમબરો તરીકે શેઠ કાવશજી દાદાભાઇ ફરદુનજી કથીક અને દારાશાહ રતનજી ચાંચગરને ચુંટી કાઢેલાછે.

કરાંચી મધે "સીંધ મેસોનીક બેનીવોલંટ ફંડ" ની પુંજી રૂ૧૭૯૦૦) ની છે, અને તેના સેક્રેટરી તરીકે ખાંન સાહેબ ફરાંમરોજ એદલજી પંથકી, તથા ખજાંનચી તરીકે શેઠ પેશતનજી બેહરાં[illegible] કોટવાલ ઇ૦ સ૦ ૧૮૮૨ થીછે.

૪ જામે જ[illegible]દ, તા૦ ૫ મી ડીસેમબર ૧૮૯૮.

૫ "Tables of Measurement of Patent Bales. By Darashaw Sorabjee, Clork, Messrs. Finlay, Clarke & Co. Published at the Oriental Press. 1868."

તા૦ ૩ જી ડીસેમબર.

મુંબઇના નામદાર ગવરનર સર સેમોર ફીટ્ઝજરાલડે આજ દીને અતરેના ટાઉનહાલમાં એક લેવી ભરી હતી. હાજર રહેલાઓમાં નીચલા પારસી ગ્રહસ્થો હતા :—[1]

પ્રાઈવેટ એનટ્રી—સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, હાનરેબલ બેહરામજી જીજીભાઇ.

પબલીક એનટ્રી—શેઠો અરદેસર ડોશાભાઈ મુનશી, અરદેસર ફરામજી મુસ, બાપુજી વીકાજી મેહરજી, બહમનજી જીજીભાઇ, બેહરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર, ખરશેદજી રૂસતમજી કામાજી, કાવશજી ખરશેદજી જમશેદજી, કાવશજી દાદી લીમજી, કાવશજી માણેકજી લીમજી, ખરશેદજી ફરદુનજી પારખ, દાદાભાઈ રૂસતમજી બનાજી, દાદાભાઇ બહમનજી જીજીભાઈ, દાદી માણેકજી લીમજી, ધનજીભાઇ ખરશેદજી સરાફ, ડોશાભાઇ ફરામજી કરાકા, ફરામજી નશરવાંનજી પટેલ, હોમજી ખરશેદજી દાદીશેઠ, જમશેદજી ધનજીભાઇ વાડીઆ, માણેકજી ખરશેદજી સરાફ, માણેકજી ખરશેદજી જમશેદજી, મોદી રૂસતમજી ખુરશેદજી, નાનાભાઇ બેહરામજી જીજીભાઇ, નવરોજજી ફરદુનજી, નશરવાંનજી ચાંદાભાઇ, પેશતનજી બહમનજી જીજીભાઇ, રૂસતમજી જમશેદજી જીજીભાઈ.

તા૦ ૫ મા ડીસેમબર.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ "યઅજદેજરદી શને" ઉપર આજ દીને ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં એક ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરસી શેઠ નવરોજજી ફરદુનજીને આપવામાં આવી હતી.[2]

તા૦ ૯ મી ડીસેમબર.

હિંદુસ્થાંનના નવા ઠરેલા વાઇસરાય નામદાર લારડ મેયો પોતાના ઓહદાનો અખત્યાર લેવા કલકતા જવા માટે મુંબઇ આવતાં આજ દીને એડન મધે ઉતરયા હતા, તેમજ મુંબઇના કમાનડર ઇન ચીફ લારડ નેપીઅર ઑફ મગડલા, જે પણ આબીસીનીઆની લડાઇ જીત્યા પછી ઇંગલાંડ જઈ માનપાન પામી અતરે પોતાના ઓહદાપર પાછા ફરતાં એડન મધે ઉતરયા હતા, તે બંધે નામદારોને એડનની વ્યાપારી કોમ તરફથી તેમના સરનશીન શેઠ કાવશજી દીનશાહજી એડનવાલા તથા નાયબ સરનશીન શેઠ હસનઅલી રજબઅલીના આગેવાંની હેઠલ મુબારકબાદીનું એક માનપત્ર આપવામાં આવ્યું હતું. બંધે માનપત્રો ઓહ્લા અવાજે શેઠ ધનજીશાહ માણેકજી લાલકાકાએ વાંચી સંભલાવ્યાં હતાં, જેમનો તે નામદારોએ ઘટતો ઊતર આપ્યો હતો.[3]

તા૦ ૧૦ મી ડીસેમબર.

જરમનીવાલા ડાકટર એફ. યુશતીએ "બુનદેહશ" કેતાબની બોલે બોલ નકલ, તેનો તરજુમો તથા ગ્લોસરીનુ એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[4]

તા૦ ૧૨ મી ડીસેમબર.

શેઠ જાંહગીરજી મેહરવાંનજી પલીડરે આજ દીને ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટનાં દીવાંનખાંનાંમાં જરથોસ્તીઓની એક મોટી મીજલસ હજુર "નાતિ" ઉપર એક વાએજ કરી સંભલાવી હતી.[5]

એજ દીને દસતુર જામાસપજી મીનોચેહરજી જામાસપ આશાનાએ પણ બાહેરકોટ મરહુન સર જમશેદજી જીજીભાઈવાળા એલાહી બાગમાં "જરથોસ્તી ધર્મ પાલવાની અગત" વિષે એક વાએજ કરી સંભલાવી હતી. વાએજની સેવટે દસતુર પેશોતનજી બેહરામજી સંજાણાએ ઉઠીને જણાવ્યું કે એ વાએજ ઘણી સરશ છે, માટે સઘળા જરથોસ્તીઓએ તે યાદ રાખી તે પ્રમાણે ચાલવું, અને એવાં વાએજનાં કામોને હમેશ ઉતેજન આપતા રેહવું.[6]

---

[1] ટાઇમસ ઑફ ઇંડીઆ, ૫ મી ડીસેમબર ૧૮૬૮.

[2] રાસ્ત ગોફતાર, તા૦ ૬ થી ડીસેમબર ૧૮૬૮.

એ ભાષાણમાં જણાવેલી વખતની ગણતિ સંબંધી વધારે ખોલાસો કરવાને શેઠ ખરશેદજીએ તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૬૮ને દીને તથા તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૬૯ને દીને આલબલેસ બાગમાં બીજી બે સભા બોલાવી વધુ સમજણ આપી હતી. તે વેળાએ સરનશીનની ખુરસીએ શેઠ ડોશાભાઇ ફરામજી કરાકા બીરાજયા હતા.

[3] ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૧ મી ડીસેમબર ૧૮૬૮.

[4] "Der Bundehesh. Zum Ersten Mall. Herausgegeben, Transcribirt, Ubersetzt und mit glossar versehen. von, Ferdinend Justi. Leipzig 1868."

[5] રાસ્ત ગોફતાર, તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૬૮.

એ વાએજનું એક ચોપાંનયું નીચલાં નામથી ૧૮૬૯ના આપરેલ માસમાં પ્રગટ કરવામાં આવ્યું હતું :—

" નીતી ઊપર વાઆજ. બાઇ જાંહાંગીર મેહેરવાંનજીએ ફરાંમજી કાવશજી ઇનસટીટુટ મધે શેહેનસાહી રોજ ૨૨ મો ગુવાદ, માહ ૩ જો ખોરદાદ સને ૧૨૩૮ ઇઅજદજરદીને દીને જરતોશતી અંજુમન આગલ નીતી ઊપર કીધેલી વાઆજ. મુંબઇ, યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસતમજી રાણીનાએ છાપીછે. સને ૧૮૬૯."

[6] રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૬૮.

એ વાએજનું પણ એક ચોપાનયું નીચલાં નામથી ૧૮૬૯ ના જુન માસમાં પ્રગટ કરવામાં આવ્યું હતું :—

" જરથોશતી ધરમ પાલવાની અગત. આ બાબત ઊપર એક વાઆજ. દસતુર જામાસપજી મીનોચેહેરજી જામાસપઆસાનાએ રોજ ૨૨ મો માહા ૩ જો સને ૧૨૩૮ ઇઅજદજરદીને દને મરહુમ સર જમશેદજી જીજીભાઇનાં એલાહીબાગમાં કહી સંભલાવી હતી તે જરથોશતીઓને વાકેફ થવા સારૂં પરગટ કરીછે. મુંબઇ, દફતર આશકારા છાપાખાનાં મધે છાપીઊ છે. સને ૧૨૩૮ યજદજરદી. સને ૧૮૬૯ અંગરેજી."

તા૦ ૧૫ મી ડીસેમ્બર.

હિંદુસ્થાંનની ધારા બાંધનારી સભામાં બંગાલ પ્રાંતમાં નવા ઉભા થયલા "બ્રહમો સમાજ" પંથવાલાઓના માગવાથી આ દેશના ખ્રિસ્તી સિવાય હિંદુ, મુસલમાંન, બુધીસ્ટ, પારસી અને યાહુદી લોકોને પસંદ પડતી રીતે લગન કરવાની, ઇયાને ઉપલીમાંથી હર કોઇ ન્યાતનો જે કોઇ શખ્સ પોતાના ધર્મની ક્રિઆથી પરણવાને પસંદ ન કરતો હોય તે કોઇબી ન્યાતની સ્ત્રી સાથે પરણવાને સરકારે મુકરર કરેલા રેજીસ્ત્રાર તથા બીજા ત્રણ શાક્ષીઓની હજુરમાં જઇ એક બીજાંને લગનનો કોલ આપે તો તેવાં લગન હકદાર ગણાએ, એવી છુટ આપવાનો એક કાએદાનો ખરડો હાનરેબલ મી૦ મેને રજુ કરવાથી તે ધારો, આપણા પારસીઓનો લગન તલાકને લગતો ૧૮૬૫ નો ૧૫ મો આક્ટ કે જેની ત્રિજી કલમમાં એક પારસીએ આશીરવાદની ક્રિઆ મોબેદ પાસે કરાવી પારસી સ્ત્રી સાથેજ લગન કીધાં હોય તેજ લગન હકદાર ગણયાંછે, તે આપણા ધારાને અડચણ તથા અવગુણ ભર્યો થઇ પડશે, માટે એ મી૦ મેનવાલો નવો ધારો પારસીઓને લાગુ પાડવો નહિ, એવી મતલબની એક અરજી હિંદુસ્થાંનના નામદાર વાઇસરાય જોગ મોકલવાનો વિચાર કરવાને ગઇ તા૦ ૪ થી નવેમબર ૧૮૯૮ ને દીને પારસી આગેવાંનોની એક સભા શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલે બોલાવી હતી. તે સભામાં એ બાબેની એક અરજી તેયાર કરવાને શેઠો ફરાંમજી નશરવાંનજી પટેલ (સરનશીન), સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, રૂસતમજી જમશેદજી જીજીભાઇ, બહમનજી જીજીભાઇ, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, હીરજીભાઇ હોરમજજી શેઠના, મેહરવાંનજી ફરાંમજી પાંડે, મનચેરજી હોરમજજી કામાંજી, ખરશેદજી ફરદુનજી પારખ, દાદાભાઇ રૂસતમજી બનાજી, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણા, દસ્તુર શોરાબજી રૂસતમજી મુલાં ફીરોજના, દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાના, નવરોજજી માણેકજી વાડીઆ, કુવરજી રૂસતમજી મોદી, એદલજી બહમનજી મારીસ, નશરવાંનજી બેહરાંમજી શેકરેટરી, હોરમજજી દાદાભાઇ પલીડર, હોરમજજી બહમનજી વાડીઆ, અરદેસર ફરાંમજી મુસ, ખરશેદજી રૂસતમજી કામાજી, મનચેરજી કાવશજી લંગડાના, તથા શેઠો ખરશેદજી રૂસતમજી થાંણેવાલા અને એદલજી રૂસતમજી રીપોરટર (શેક્રેટરીઓ) ની એક કમોટી નેમી હતી. એ કમોટીએ તૈયાર કરેલી અરજી બાહલ રાખવા સારૂં આજ દીને ગીરગાંમ મધે આલબલેસ બાગમાં જરથોસ્તીઓની એક જાહેર સભા મલી હતી. સર જમશેદજી જીજીભાઇ બારોનેટની દરખાસ્ત ઉપરથી સરનશીનની ખુરસી શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલને આપવામાં આવી હતી. તેવણ તરફથી સભા બોલાવવાનાં કારણનો ખોલાસો એક શેક્રેટરી શેઠ એદલજી રૂસતમજી રીપોરટરે વાંચી સંભલાવ્યો હતો, તથા તૈયાર કરેલી અરજીનો ગુજરાતીમાં તરજુમો બીજા શેક્રેટરી શેઠ ખરશેદજી રૂસતમજી થાંણેવાલાએ વાંચી સંભલાવ્યો, જેમાં ઉપલા નવા ધારાથી પારસીઓને નડતી મુશકેલીઅતો જણાવ્યા બાદ અરજ કીધી હતી કે એ પસાર કરવા ધારેલા નવા ધારામાં એક એવી કલમ નાખવી કે પારસીઓનાં લગન તલાક બાબેનો જે ધારો છે, તેમાં મુખ્ય કરીને ત્રિજી કલમમાં કસો ફેરફાર થાય નહિ, અને આએ નવા ધારામાં પરણનાર જોડાંએ જે એકરાર કરવા ફરમાવેલું છે તેમાં એવો ફેરફાર કરવો કે જો કોઇ પારસી એ નવા ધારાનો લાભ લે તો તેણે ખોલ્લો એકરાર કરવો કે હવે હું જરથોસ્તી ધર્મ પાલતો નથી, અને તે ધર્મનાં ફરમાંન મુજબ લગન કરવાને મને હરકત છે. એ પ્રમાણેનો એકરાર કરવાથી તે ધણી કાયદા મુજબ પારસી રેહશે નહિ, અને તે પારસીના ફીરકામાંથી તદન દુર થશે. ઉપલી અરજી શેઠ જાંગીરજી મેહરવાંનજી પલીડરની દરખાસ્ત ઉપરથી બાહાલ રાખી તે ઉપર સહીઓ લઇ હિંદુસ્થાંનની ધારા બાંધનારી સભા ઉપર મોકલી આપવાને ડેડવી સભા બરખાસ્ત થાઇ હતી.[2]

---

૧ મુંબઇ સમાચાર, તા૦ ૧૯ મી ડીસેમબર ૧૮૬૮.

એજ મુજબ મુંબઇની પારસી પંચાતનાં ફંડનાં તરસ્ટીઓ શેઠો રૂસતમજી જમશેદજી જીજીભાઈ, હીરજીભાઇ હોરમજજી શેઠના, મેહરવાંનજી ફરાંમજી પાંડે, ખરશેદજી ફરદુનજી પારખ અને દીનશાહજી માણેકજી પીટીટે તા૦ ૧૯ મી નવેમબર ૧૮૯૮ ને દીને નામદાર વાઇસરાયની કોનસીલ જોગ એક અરજી કરી એ ધારો પારસીઓને લાગુ નહિં કરવાની માગણી કીધી હતી, અને તેના ટેકામાં જણાવ્યું હતું કે પારસીઓનાં ધર્મનાં મકાંનોમાં ભણવા ગણવાની તથા મુવા પછી દોખમે ચટાવવાની તથા બીજી પવિત્ર ક્રિઆઓમાં આવી રીતનાં પરજાતનાં લગનોથી જયાંસુધી તેઓ પોતાનો પારસી તરીકેનો હક છોડી દેશે નહિં ત્યાંસુધી ધણો ઘેર બંદોબસ્ત તથા કુસંપ ફેલાશે, અને કોમની ધર્મ સંબંધી લાગની દુખયા પગર રેહશે નહિ. વળી તેઓ પારસીની અંજુમનનાં ધર્મખાતાંના તરસ્ટીઓ હોવાથી એવાં લગન તેઓ હકદાર ગણકારશે નહિં, તથા તેવાં લગનથી થયલાં બચ્ચાંઓને અંજુમનનાં ફંડ વગેરેનો લાભ આપવાને અટકાવવાના ઉપાયો લેશે. એ વગેરે બીજી કેટલીક અડચણો બતાવી અરજ કીધી હતી કે એ ધારો પારસીઓને લાગુ નહિં પાડવો અથવા તો તેમાં એક એવી કલમ નાખવી કે જે પારસી એ નવા લગનના ધારાનો લાભ લેવા લાગે તેને તેજ વેળાએ રેજીસ્ત્રારની આગલ તે પોતાની કોમથી છુટો પડયોછે એવો એકરાર કરવાની પણ ફરજ પાડવી.

એ મુજબની બીજી ધણીક અરજીઓ દેશના જુદા જુદા ભાગોમાંથી નામદાર વાઇસરાય જોગ ગઇ હતી, તથા તે નાંમદારની લેજીસલેટિવ કૌનસીલના ઘણાક સભાસદો પણ એ ધારાના ખરડાની વીરૂધ્ધ હતા, તેમજ સરેશતા પ્રમાણે એ બીલ જે સીલેકટ કમીટીને રીપોરટ કરવાને સોંપ્યું હતું, તે પણ એ વિષેનો બરાબર રીપોરટ નહિં કરી શકવાથી એ બીલ પોતાની મેલે રદ ગયું હતુ, અને ઈ૦ સ૦ ૧૮૭૧ ના સપટેમબર માસમાં એમાં કેટલોક ફેરફાર કરી એ ધારો ફકત "બ્રહમો સમાજ" પંથવાલાઓનેજ લાગુ પાડયો હતો.

તા૦ ૧૬ મી ડીજેમબર.

એમ૦ ખુરશેદજી મીનોચેહરજી કટેલીએ "દીન-આમુજે બચેગાંન" નામની જરથોસ્તી બચ્ચાંઓને દીન શિખવવાની એક ચોપડી છપાવી પ્રગટ કીધી હતી.[૧] એ ચોપડી શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇને અર્પણ કીધી હતી.

તા૦ ૧૮ મી ડીજેમબર.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ અમદાવાદ મધે હેમાભાઈ ઇનિસ્ટીટયુટનાં દીવાંનખાંનાંમાં જરથોસ્તીઓની એક મોટી સભાની હજુરમાં "જરથોસ્તી ધર્મ" બાબે એક ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરસી શેઠ મનચેરજી શેરાબજી કારંજાવાલાને આપવામાં આવી હતી.[૨]

તા૦ ૧૯ મી ડીજેમબર.

મુંબઈ મધે ચોપાતીનાં પારસીઓનાં દોખમાંઓવાલા ડુંગરની પડોસના મરહુમ બાઇ બચુબાઈ તે મરહુમ શેઠ અરદેસર દાદીભાઇનીં વીધવાવાળા ડુંગર પરના કેટલાક લાટાની જગા જે આપણાં દોખમાંઓને લગતી હતી, તે મરહુમ સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટે પોતાની હૈયાતીમાં ખરીદ કરી મુંબઇની પારસી પંચાતનાં ફંડના તરસ્ટી સાહેબોના સ્વાધીનમાં આપવા ધારી હતી કે આએનદે કોઇબી જુદદીનનો પગપેસારો તે તરફ થાય નહિ; તથા ઉપર ડુંગર પર જવાનો ગાડી ઘોડાનો રસ્તો ન હોવાથી તે પણ બંધાવવાને ધાર્યો હતો કે જઈફ તથા નાતવાંન જરથોસ્તીઓને પણ ફરવરદીઆંનનો સેજદો કરવાને બની આવે, પણ તેટલામાં તે નામદારનું મરણ નીપજવાથી તેમનાં ઉઠમણાંમાં તેમના સાહેબજાદાઓએ એ બંધે કામો સંપુરણ કરી આપવાની તંદરોસ્તી પઢાવી હતી. તે મુજબ એ ઉપલા જમીનના લાટા ખરીદ કીધા, તથા ઉપર છેક ડુંગર સુધી ગાડી ઘોડા જવાનો રસ્તો એ નામદારના સાહેબજાદાઓ સર જમશેદજી જીજીભાઇ (બીજા) બારોનેટ તથા શેઠ રૂસતમજી અને શેરાબજી જમશેદજી જીજીભાઇએ બંધાવી "સર જમશેદજી રોડ" ને નામે પારસીઓનાજ ઉપયોગને સારૂં મુંબઇની પારસી પંચાતનાં ફંડના તરસ્ટી સાહેબોને આજ દીનથી સ્વાધીન કીધો, તથા સાથે એ રસ્તાની તુરત વેળાની બીજી ઘટતી મરામત કરવાને રૂ૨૦૦૦) ની રકમ ભેટ મોકલી તથા એવો બંદોબસ્ત કીધો હતો કે ઉપલા જમીનના લાટાની દર શાલ જે ઉપજ થાય તે મધેથી એ રસ્તાની સદા મરામત કરાવવી.[૩]

---

૧ "દીન-આમુજે બચેગાન, (યાને જરતોશતી બચાંઓને દીન શીખવનાર) અંક ૧ લો. બનાવનાર, એમ૦ ખુરશેદજી મીનોચેહરજી કટેલી. મુંબઇ મધ્યે; યુનિયન પ્રેસમાં ન્હાનાભાઇ રૂસતમજી રાણીનાએ છાપી પ્રગટ કીધો. ૧૨૩૮ યજદેજરદી. ૧૮૬૮ ઇસવી."

એનો બીજો આંક બાહેર પડયો નથી.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી ડીજેમબર ૧૮૬૮.

એજ મુજબ શેઠ ખરશેદજીએ અમદાવાદ મધે એજ મકાંનમાં યજદજરદી સને વિષે ત્રણ ભાષણો કીધાં હતાં. છેલ્લે દિવસે કેટલાક સાહેબોએ વર્ષની ગણત્રિમાં પડેલા ફરક બાબે કેટલાક સવાલો પુછયા હતા, તથા સરનશીન શેઠ મનચેરજી કારંજાવાલાએ તેમજ શેઠ નવરોજજી પેશતનજી વકીલે ભાષણકર્ત્તાનો ઉપકાર માનયો હતો. તા૦ ૧૯ મી ડીજેમબરે સાંજે શેઠ પેશતનજી ફરાંમજી વકીલના બંગલામાં થોડીક પારસી બાનુઓની એક મીજલસ આગલ શેઠ ખરશેદજીએ એક ભાષણ કરી ધર્મ અને ઓરત જાતની ફરજો બાબે ધર્મની રૂહુએ સમજ પાડી હતી.

એ પછી અમદાવાદથી નીકલી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી ભરૂચ ગયા હતા, અને ત્યાં શેઠ બેહરાંમશાહ ધનજીભાઇ રૂઈવાલાનાં દીવાંનખાંનાંમાં ચાર દિવસો સુધી જરથોસ્તીઓની સભા ભરી ભાષણો કીધાં હતાં. પેહલું ભાષણ જરથોસ્તી ધર્મ ઊપર, બીજું જરથોસ્ત પેગાંમબર વિષે, ત્રિજું ધાહમબારો વિષે અને ચોથું યજદજરદી સને વિષે હતું. એ ચારે સભાઓમાંથી પેહલી ત્રણમાં સરનશીનની ખુરસી શેઠ બેહરાંમજી ફરદુનજી વકીલને તથા છેલ્લીમાં એમ૦ દાદાભાઇ ફરદુનજીને આપવામાં આવી હતી, જેઓએ તથા શેઠ બમનજીશાહ બેહરાંમજી વકીલ અને ખરશેદજી દીનશાહજી ખંબાતાએ છેલ્લે દિવસે ભાષણો કરી શેઠ ખરશેદજીનો ઉપકાર માનયો હતો. એજ મુજબ ભરૂચના એક મોહલામાં બોહ્રા ચોક મધે બઇરાંઓની ત્રણ મીજલસ ભરી તેમની હજુરમાં ઓરતોને લાયકની બાબદો ઊપર શેઠ ખરશેદજીએ ભાષણો કીધાં હતાં.

ભરૂચથી નીકલી શેઠ ખરશેદજી સુરત ગયા હતા, અને ત્યાં પણ જરથોસ્તી મરદો તથા ઓરતોની જુદી જુદી ત્રણ સભાઓ ભરી જરથોસ્તી ધર્મ, ધાહંબાર, સને, વગેરે જાણીતી બાબદો ઊપર કીમતી ભાષણો કીધાં હતાં.

સુરતથી નીકલી શેઠ ખરશેદજી નવસારી આવ્યા હતા, અને ત્યાં તા૦ ૬ ઠી જાનેવારી ૧૮૬૯ ને દીને અને તે પછીના ત્રણ દિવસો સુધીમાં ચાર ભાષણો ત્યાંની વડી દરેમેહરમાં કીધાં હતાં. પેહલું ભાષણ જરથોસ્તી ધર્મની ફીલસુફી અને ઓતમપણાં વિષે, બીજું ભાષણ સપેતમાંન જરથોસ્તના જનમારા વિષે, ત્રિજું ભાષણ ધાહંબારોની ફસલ વિષે, અને ચોથું આપણી સુખીઅ બંદગી યથા, અષેમ, તથા હમાયરસચ વિષે હતું. એજ મુજબ એ ત્રણે દિવસો ઊપર બપોરના દેસાઇજીના દરવાજા આગલ ઓરતોની મીજલસ ભરી ત્યાં તેમને લાયકની બાબદો ઊપર ભાષણો કીધાં હતાં, તથા છેલ્લે દીને મુંબઇ આવતી વેળાએ મોબેદોનીજ એક ખાસ મીજલસ બોલાવી વંદીદાદની ૧૮ મી પરગરદમાં અથોરનાનની ફરજો વિષે જે લખેલુંછે તે ખોલાસા સહીત સમજાવ્યું હતું.

૩ એ રસ્તાની ઊત્તરે નાકાંપર પેશતાંજ કમાંન રોકું એક મોટું આરકું મારી તેને દરવાજા મુકી બંધે છેડે નીચે મુજબ ઈંગ્રેજી તથા ગુજરાતીમાં તખ્તીઓ મારેલીછે :—

SIR JAMSETJEE ROAD.
This Road
Leading to the Parsee Towers of Silence
Was constructed
In Memory of the Late
SIR JAMSETJEE JEJEEBHOY, THE FIRST BARONET
By his Sons,
And has by them been given in charge
Of the
Trustees of the Parsee Punchayet Fund
For the use of Parsees only
19*th December* 1868 A. C.—1238 *Yezdezerdi.*"

"સર જમશેદજી રોડ

"દોખમાંવાલા ડુંગર ઊપર જવાનો આએ રશતો બેહ-
"શતનશીન નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટ-

તા૦ ૨૦ મી ડીજેમબર.

મુંબઇના માજી ગવરનર સર બારટલ ફ્રીઅરની બેટી મીસ ફ્રીઅરે દંતકથા ઉપરથી લખેલી Old days of Deccan ની ચોપડીનો શેઠ જીવણજી હોરમજજી માસટરે ગુજરાતીમાં તરજુમો કરી તેનું "દખણની અસલી વારતાઓ" નામનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[1] એ પુસ્તક હાનરેબલ બેહરામજી જીજીભાઇને અર્પણ કરવામાં આવ્યું હતું.

તા૦ ૨૨ મી ડીજેમબર.

ભરૂચ મધે ઉદ્યોગ અને ખેતીવાડીનું એક મોટું સંગ્રહસ્થાન આજ દીને નામદાર ગવરનર સર સેમોર ફીટઝ-જરાલડે ઉઘાડયું હતુ. એ સંગ્રહસ્થાનને લગતી સર્વે ગોઠવણો કરવા માટે ૪ ઇંગ્રેજ, ૨ હિંદુ અને ૧ પારસી— શેઠ ખરશેદજી દીનશાહ ખંબાતા, ગ્રહસ્થોની મેનેજીંગ કમીટી નેમવામાં આવી હતી.[2]

તા૦ ૨૩ મી ડીજેમબર.

રોજ ૩ માહ ૪ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને પુણાં મધે મરહુમ શેઠ કાવશજી રતનજી રાંણાનાં ઉઠમણાંમાં તેમનાં બેહન બાઇ શુનાંબાઇ તે મરહુમ શેઠ બેજનજી ફરાંમજી આલબલેસનાં વીધવાએ રૂ૧૧૨૫) ધર્મખાતે આપ્યા હતા.[3]

તા૦ ૨૪ મી ડીજેમબર.

હિંદુસ્થાનના નવા ઠરેલા ગવરનર જનરલ અરલ ઑફ મેયો પોતાની બાનુ સાથે કલકતે ઓહદાનો અખત્યાર લેવા જવા માટે મુંબઇ આવ્યો હતો તે નામદારની બાનુ કાઉનટેસ ઑફ મેયોએ નામદાર ગવરનરની વહુ મીશીશ ફીટઝજરાલડ સાથે આજ દીને મજગામ કાસ્ટલ મધે સર જમશેદજી જીજીભાઇનાં કુટુંબની મોલાકાત લીધી હતી. એ પછી તેઓએ કોટ મધેનાં મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારો-નેટવાલાં ઘરમાં સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુટને લગતી નિશાલોની છોકરીઓ તથા છોકરાઓને એકઠાં કરી તેમની ભેટ લીધી હતી. સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ અને એ ખાતાંની પંચાતના અધિકારીઓએ તેમને આવકાર દઇ સઘળું બતાવ્યું હતું. એ પછી તેઓ માલ ઉપર ડાવેજર લેડી આવાંબાઇની મોલાકાતે ગયાં હતાં, જયાં તે જઇફ બાનુ સાથે કેટલીક વાતચીત કીધાબાદ પાંન ગોલાબ લઇ વદાય થયાં હતાં.[4]

તા૦ ૨૪ મી ડીજેમબર.

રોજ ૪ માહ ૪ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—એ૦ શોરાબજી હોરમજજી રાંનજી—ઉમર વર્ષ ૫૫) એ૦ હોરમજજી શોરાબજી રાંનજીના દીકરા. એવણ પ્રથમ મોબેદી તથા તે પછી કંત્રાકટનાં કામોમાં પડેલા હતા, અને છેલ્લા ૮ માસ પર ગ્રાંટ રોડના રસ્તા ઉપર આદરાંનની એક દરેમેહર બંધાંવી તે તા૦ ૨૨ મી આપરેલ ૧૮૬૮ ને દીને પરહાવી હતી.

તા૦ ૨૫ મી ડીજેમબર.

શેઠ શોરાબજી મનચેરજી ભાગલીઆએ "સ્ત્રી જ્ઞાન દીપક" એટલે જે હિંદુ તથા પારસી બાઇઓને જ્ઞાન ઉપજે એવા ઉપયોગી વિષયોના સંગ્રહનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[5] એ પુસ્તક ઉત્તર વિભાગના એડયુકેશનલ ઇનસ્પેકટર મી૦ ટી. બી. કરટીસને અર્પણ કીધું હતું.

"ની ઇઆદગારીને શારૂ એવણનાં સાહેબજાદાઓએ બંધા-
"વીને ફકત પારસીઓનાજ ઊપીઓગને સારૂ મુંબઇની
"પારસીની પંનચાએતનાં ફંડના તરસટી સાહેબોને સવાધીન
"કીધોછે. તારીખ ૧૯ મી ડીસેમબર ૧૮૬૮. સને ૧૨૩૮
"ઇઅજદજરદી."

૧ "દખણની અસલી વારતાઓ, જે મીસ ફરીઅરે દંતકથા ઊપરથી બનાવીચ તેહેનો તથા સર બારટલ ફરીઅરની કલમથી લખાએલા દીબાચાનો ગુજરાતી તરજુમો. સર બાર-ટલ ફરીઅરની ખાસ અને મેહેરબાંનગી ભરેલી પરવાંનગીથી. મુંબઇ, "પરીંટરસ પરેસ" છાપાખાણામાં ફરાંમજી ખરશેદ-જીએ છાપીયોછે. ૧૮૬૮"

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૮ મી ડીજેમબર ૧૮૬૮.

એ સંગ્રહસ્થાન જોવા સરકારનાં નોતરાંથી ગયલા મોટે વાઘેના દેશી ગ્રહસ્થોને સુરતનાં કલેકટર મી૦ ટી. સી. હોપે ઘણું અપમાંન આપ્યું હતું, તથા હાનરેબલ બેહરાંમજી જીજી-ભાઇને તો ધમકી વટીક આપી હતી. આ ઊપરથી હાનરેબલ બેહરાંમજીએ તે અમલદાર ઊપર પગલાં ભરવાની નોટીસ મોકલ્યાથી તેણે હાનરેબલ બી. એચ. એલીસને વચ્ચે પાડી જે બન્યું તે માટે દલગીરી બતાવી હતી.

એ પ્રદર્શણમાં સરસ કારીગરીના નમુના માટે મલેલાં ઇના-મોમાં નીચના પારસીઓને રૂપાંના ચાંદોનાં ઇનામ મલ્યાં હતાં:—

શેઠ બેહરાંમજી હીરજીભાઇ, હિંદુસ્થાંનની જેલીઓ માટે; શેઠ નવરોજજી રતનજી, રેસમનાં ગાંમઠી કપડાં માટે; શેઠ ડોશાભાઇ પેશતનજી, સોનેરી ભરતની કોર માટે; શેઠ પીરોજ-શાહ શાપુરજી, ટેબલ કલોઠ બરોકેડ માટે; મેશરસ બેહરાંમજી ફરદુનજી (મરજબાંન)ની કું૦, દફતર આશકારા પ્રેસવાલાને સરસ કોતરકાંમ માટે.

૩ જામે જમશેદ, તા૦ ૨૬ મી ડીજેમબર ૧૮૬૮.

૪ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૫ મી ડીજેમબર ૧૮૬૮.

એજ રાત્રે નામદાર લારડ મેયો અતરેના કમાનડર-ઇન-ચીફ લારડ નેપીઅર ઑફ મગદલા સાથે પુણે ગયો હતો, ત્યાં વલતે દીને ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસપઆશાનાની તેમના ભાઇ દસ્તુર હોશંગજી જામાસપ-જીની સાથે ખાંનગી મોલાકાત લીધી હતી, અને દસ્તુરજીનો ચેહરો, પોશાગ, તથા દમદમામ જોઇ ઘણો ખુશી થયો હતો.

૫ "સ્ત્રી જ્ઞાન દીપક. હિંદુ તથા પારસી બાઇઓને જ્ઞાન ઊપજે એવા ઊપયોગી વિષયનો સંગ્રહ. બનાવનાર, શોરાબજી મંચેરજી ભાગલીઆ, શેઠ કાવશજી જાહાંગીરજી રેડીમનીની ગણદેવી ઇંગ્રેજી નિશાલનો વડો શિક્ષક. મુંબઇ, યુનિ-યન પ્રેસમાં ન્હા. રૂ. રાણીનાએ છાપ્યું છે. ઇ૦ સ૦ ૧૮૬૮."

તા૦ ૨૬ મી ડીસેમબર.

શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ પારસીઓના લગન તલાક તથા વારસા હીસ્સા વગેરેના ધારાનું એક પુસ્તક તેના ગુજરાતીમાં તરજુમા સાથે રચી જરતોશતીઓને વાસ્તે ધારા બંધાવી મંગાવવા સારૂં ઉભી થાએલી સભાને ખરચે છપાવી પ્રગટ કીધું હતુ.[1]

તા૦ ૨૮ મી ડીસેમબર.

શેઠ જમશેદજી પાલણજી કાપડીઆએ માલકમની ઇરાંનની તવારીખનો ગુજરાતીમાં તરજુમો તથા ઇરાંનની કદીમ તવારીખને લગતી આજસુધી થયલી નવી શોધોના અહેવાલનું "તવારીખે કદીમ ઇરાન" નામનું એક મોટું પુસ્તક પ્રગટ કીધું હતું.[2] એ પુસ્તક એઓએ પોતાના બાવા મરહુમ શેઠ પાલણજી હોરમજજી કાપડીઆની સુચનાથી રચ્યાથી તે તેવણનાં નામની યાદગારીને અર્પણ કીધું હતું.

તા૦ ૨૯ મી ડીસેમબર.

રોજ ૯ માહ ૪ (શે૦) ૧૨૩૮ ય૦

મરણ—માણેકજી કઇઓજી મીરજાં[3]—ઉમર વર્ષ ૬૩) શેઠ કઇઓજી કાઉશજી મીરજાંના ત્રિજા દીકરા. એવણે પોતાના બાપના હાથ હેઠલ ઘડીઆલ તથા બીજાં સાંચાકામનો અનુભવ મેલવ્યો હતો, અને ઇ૦ સ૦ ૧૮૩૭ માં બાપનાં મરણ પછી નવાનગરની દરબારમાં ઘડીઆલ તથા સાંચાકામપર રહ્યા હતા. એવો એક અછા શીકારી તથા ફારસી ભાષામાં ઘણા ખબરદાર હતા, અને ફાલ નામાનો ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું. એવણનું મરણ મુંબઇ મધે નીપજયું હતું.

તા૦ ૨૯ મી ડીસેમબર.

મુંબઇના યુનીવરસીટીને માટે એક હૉલ બાંધવાને શેઠ કાવસજી જાંગીરજી રેડીમનીએ ઇ૦ સ૦ ૧૮૬૩ માં નામદાર સરકારને જે રૂ૧૦૦૦૦૦) એક લાખ રૂપીઆની રકમ તથા યુનીવરસીટીને માટે એક લાઇબ્રેરી તથા ઘડીઆલ સાથનો મીનારો બાંધવાને શેઠ પ્રેમચંદ રાએચંદે ૧૮૬૪ માં રૂ૨૦૦૦૦૦) બે લાખ રૂપીઆની રકમ આપી હતી તે બંધે મકાંનોનો પાયો નાખવાની ક્રિયા આજ દીને યુનીવરસીટીના ચાનસેલર નામદાર સર સેમોર વેસી ફીટઝજરાલડે હિંદુસ્થાંનનાં નવા ઠરેલા વાઇસરાય લારડ મેયો તથા લારડ નેપીઅર ઑફ મગડલાની હજુરમાં કીધી હતી.[4]

---

[1] "The Parsee Marriage and Divorce Act 1865: (*Act No. XV. of* 1865.) The Parsee Chattels Real Act: (*Act No. IX. of* 1837.) The Parsee Succession Act: (*Act No. XXI. of* 1865.) And The Indian Succession Act 1865. (*Act No. X. of* 1865.) With an Appendix and Guzerattee Translation. Edited by, Sorabjee Shapoorjee Bengalee, Honorary Secretary, Parsee Law Association. Published at the Expense of the Parsee Law Association. *Bombay: "Duftar Ashkara Press."* 1868."

[2] "તવારીખે કદીમ ઇરાન. માલકમ કૃત ઇરાનના પુરાતન ઇતીહાસનું ગુજરાતી ભાષાંતર તથા એ દેશની કદીમ તવારીખને લગતી આજ દીન સુધી થયલી નવી નવી શોધોનો દીબાચામાં આપેલા સંક્ષેપ હેવાલ સહીત. બનાવનાર, જમશેદજી પાલણજી કાપડીઆ. Bombay: Printed by N. R. Ranina at the "Union Press." 1868."

[3] જામનગરવાલા શેઠ તેહમુલજી માણેકજી મીરજાંના બાવા.

[4] ટાઇમસ ઑફ ઇંડીઆ, ૩૧ મી ડીસેમબર ૧૮૬૮.

મુંબઇની યુનીવરસીટીને માટે એક ઇમારત બાંધવાને સારૂં શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ તા૦ ૨૭ મી આપરેલ ૧૮૬૩ ને દીને યુનીવરસીટીના વાઇસ ચાનસેલર સર અલેકજાંડર ગ્રાંટ બારોનેટની મારફતે નામદાર સરકારને રૂ૧૦૦૦૦૦) ની રકમ નીચલી સરતોથી આપવાને લખ્યું હતું—(૧) ઇમારત બાંધવા પાછલ ઉપલી રૂ૧૦૦૦૦૦) કરતાં વધારે ખરચ થાય તે સરકારે આપવો. (૨) એ માટે નવાં ફ્રીઅર ટાઉનનાં મેદાનમાં એક લાએક જગા સરકારે આપવી. (૩) એ ઇમારતનાં બાંધકામમાં બીજા કોઇ ગ્રહસ્થો પાસેથી નાણું લેવું નહિ. ઉપલી સરતો મુંબઇની સરકારે તા૦ ૨૯ મી આપરેલ ૧૮૬૩ ને દીને બાહલ રાખી હતી, તથા સરકારના શેક્રેટરી હાનરેબલ એચ. એલ. આડરસને શેઠ કાવશજીને લખ્યું હતુ કે:—

2. I am directed to forward to you a copy of the reply of Government to Sir A. Grant's letter, and at the same time to inform you that the fresh instance of your philanthropy has raised in Government the highest admiration, and that in laying the subject before the Government of India and the Right Hon'ble the Secretary of State for India, His Excellency the Governor in Council will have great satisfaction in giving it his warmest support.

એ પછી ઉપલી ત્રિજી સરતમાં શેઠ કાવશજીએ એ ઇમારતનાં કામમાં બીજા કોઇનાં નાણાં નહિ લેવાને લખ્યું હતું તેથી કદાચને કોઇ વખતે એવો અર્થ નહિ ઉઠે કે યુનીવરસીટીની હાજત વધવાથી તે મકાનના વધારા માટે કોઇ સખી ગ્રહસ્થ પાસેથી નાણું નહિ લેવાય, માટે એ બાબદની સફાઇ કરવા નામદાર સરકારે તા૦ ૨૯ મી મેએ ૧૮૬૩ ને દીને નંબર ૨૬૦ વાલા પત્રમાં વાઇસ ચાનસેલર સર અલેકજાંડર ગ્રાંટ બારોનેટ ઉપર નીચે મુજબ લખ્યું હતું:—

"His Excellency in Council understands the third condition specified in Mr. Cowasjee Jehanghier's letter as implying that a building for the University is to be completed at the joint expense of that gentleman and of Government without accepting contributions from any other source, so that it may form in itself a separate and permanent monument of Mr. Cowasjee Jehanghier's desire to provide the University with a local habitation."

"As, however, the duties and wants of the University increase, His Excellency the Governor in Council hopes that the example so worthily set by Mr. Cowasjee Jehanghier will be followed by other University benefactors, and Government feel assured that that gentleman would be the last to exclude those who may wish to follow his noble example from adding to or adorning the edifice which he has been the first to raise."

તા૦ ૩૧ મી ડીસેમ્બર.

મુંબઇની યુનીવરસીટીના નવા ફેલોઝ તરીકે નામદાર સરકારે હાનરેબલ બેહરાંમજી જીજીભાઈ તથા શેઠ નવરોજજી ફરદુનજીને ચુંટી કાઢયા હતા.[૧]

એજ મુજબ યુનીવરસીટીની સેનેટે પણ તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૬૩ ને દીને પોતાની સભામાં નીચે મુજબનો ઠેડાવ પસાર કીધો હતો :—

"That the Senate accept the noble gift of Cowasjee Jehanghier Esquire, with the liberal augmentation offered by Government and with the recognition of the liabilities imposed on this University by its holding the University buildings, when completed, according to the Act of Incorporation; but on the understanding that Mr. Cowasjee concurs in the interpretation which Government puts upon his conditions in the third and fourth paragraphs of its letter No. 260, dated 29th May 1863, to the address of Sir Alexander Grant, Bart., Vice-Chancellor."

આ ઊપરથી શેઠ કાવશજીએ તા૦ ૮ મી આગશટ ૧૮૬૩ ને દીને ઇમારત બંધાઇ રેહવા પછી તે વધારવાને કોઇનાં નાણાં લેવાય, અને આએ સરતનો ઊપલો અર્થ નહિ ઊઠે તે બાબે પોતાની મંજુરીઆત આપી હતી. એ પછી હિંદુસ્થાનની વડી સરકારે તા૦ ૨૦ મી જુન ૧૮૬૩ ને દીને એ બાબે પોતાની મંજુરીઆત આપી શેઠ કાવશજીને આ કામ માટે શાબાશી આપી હતી, અને શેઠ કાવશજીએ તા૦ ૮ મી આગશટ ૧૮૬૩ ને દીને સરકારના ચીફ શેક્રેટરી હાનરેબલ એચ. એલ. આનડરસન ઊપર રૂ૧૦૦૦૦૦) એક લાખ રૂપીઆનો ચેક મોકલ્યો હતો. એ પછી એ બાબદ ચાર વર્ષ સુધી ઢીલમાં પડવાથી શેઠ કાવશજીએ તા૦ ૨૨ મી મેએ ૧૮૬૭ ને દીને મુંબઇના નવા ગવરનર સર સેમોર વેસી ફીટઝ-જરાલડને એક કાગજ લખી એ બાબેની યાદ આપી, તથા એ કામ હાથમાં લેવાની મજબુત તાકીદ કીધી. નામદાર ગવરનરે માથેરાનથી તા૦ ૨૯ મી મેએ ૧૮૬૭ ને દીને પોતાને હાથે શેઠ કાવશજીને એક કાગજ લખી કામ આગલ ચલાવવા વિષે સધીઆરો આપ્યો, પણ વલી પાછા છ મહીના નીકલી જવાથી શેઠ કાવશજીએ તા૦ ૧૯ મી ડીસેમ્બર ૧૮૬૭ ને દીને સરકારના જાહેર બાંધકામ ખાતાંના શેક્રેટરી કરનલ કેનેડીને એક પત્ર લખી પોતાના રૂ૧૦૦૦૦૦) ચાર વર્ષનાં વ્યાજ સુધાં પાછા માગયા હતા. એના જવાબમાં તે અમલદારે તેજ દીને શેઠ કાવશજીને લખી જણાવ્યું કે એ ઢીલનું કારણ આએ યુનીવરસીટીની ઇમારત આએ મોટાં શેહરને લાયકની ભપકાદાર બનાવવા માટે તેના અસલ પલાંન તથા અડસતામાં ઘણા વધારા થવાને લીધે વધુ નાણાંની રકમ મેલવવાને વડી સરકાર સાથે સંધેશા ચલાવવાને લીધે થયું છે, અને હવે તેનો જલદીથી નીકાલ આવી જશે. એ બાદ સરકારે એ ઇમારતના ખરચને માટે પોતાની તરફના ફાલાના રૂ૨૦૦૦૦૦) બે લાખ આપવાનું નકી કર્યાથી એ ઇમારત બાંધવાનું કામ શરૂ થયું હતું.

[૧] બૉમ્બે ગવરમેંટ ગેઝેટ, ૩૧ મી ડીસેમ્બર ૧૮૬૮.

તા૦ ૩૧ મી ડીસેમ્બર.

આએ વર્ષમાં ઈયાને તા૦ ૧ લી જાનેવારીથી તે તા૦ ૩૧ મી ડીસેમ્બર ૧૮૬૮ સુધીમાં મુંબઇના પારસીઓમાં **૪૭૮** જન્મ નોધાયાં હતાં.

એજ વર્ષમાં મુંબઇ મધે પારસીઓમાં **૨૫૧** જોડાંનાં લગન તથા **૨૦** જોડાંનાં ગગરનાં નીચે મુજબની વીગતે થયાં હતાં:—

		નર.	નારી.	જુમલે.
લગન—	૬ થી ૧૦ વર્ષનાં ..	૬	૩૨	૩૮
	૧૧ થી ૧૫ વર્ષનાં ..	૩૭	૧૬૭	૨૦૪
	૧૬ થી ૨૦ વર્ષનાં ..	૮૮	૪૫	૧૩૩
	૨૧ થી ૨૫ વર્ષનાં ..	૮૬	૭	૯૩
	૨૬ થી ૩૦ વર્ષનાં ..	૨૦	૦	૨૦
	૩૧ થી ૩૫ વર્ષનાં ..	૭	૦	૭
	૩૬ થી ૪૦ વર્ષનાં ..	૪	૦	૪
	૪૧ થી ૪૫ વર્ષનાં ..	૧	૦	૧
	૪૬ થી ૫૦ વર્ષનાં ..	૧*	૦	૧
	૫૧ થી ૫૫ વર્ષનાં ..	૧†	૦	૧
		૨૫૧	૨૫૧	૫૦૨
ગગરનાં—	૧૬ થી ૨૦ વર્ષનાં ..	૦	૮	૮
	૨૧ થી ૨૫ વર્ષનાં ..	૪	૭	૧૧
	૨૬ થી ૩૦ વર્ષનાં ..	૩	૨	૫
	૩૧ થી ૩૫ વર્ષનાં ..	૪	૩	૭
	૩૬ થી ૪૦ વર્ષનાં ..	૩	૦	૩
	૪૧ થી ૪૫ વર્ષનાં ..	૨	૦	૨
	૪૬ થી ૫૦ વર્ષનાં ..	૦	૦	૦
	૫૧ થી ૫૫ વર્ષનાં ..	૨	૦	૨
	૫૬ થી ૬૦ વર્ષનાં ..	૧‡	૦	૧
	૬૧ થી ૬૫ વર્ષનાં ..	૧§	૦	૧
		૨૦	૨૦	૪૦

એજ વર્ષમાં મુંબઇ મધે પારસીઓમાં નીચે મુજબની વીગતે **૬૫૭** મરણ નિપજયાં હતાં:—

	નર.	નારી.	જુમલે.
તરતનાં જનમેલાં......	૫૪	૨૭	૮૧
૧ દીનથી ૧ માસ સુધીનાં ..	૪૬	૩૮	૮૪
૧ માસથી ૧ વર્ષ સુધીનાં ..	૬૬	૬૦	૧૨૬
૧ થી ૫ વર્ષનાં......	૮૦	૧૨૬	૨૦૬
૬ થી ૧૦ વર્ષનાં......	૧૨	૨૫	૩૭

---

* એ ૫૦) વર્ષનો બીજવર હતો.

† એ ૫૩) વર્ષનો બીજવર હતો.

‡ એ ૫૮) વર્ષનો રંડાયલો માટીડો હતો.

§ એ ૬૩) વર્ષનો રંડાયલો માટીડો હતો.

	નર.	નારી.	જુમલે.
૧૧ થી ૨૦ વર્ષનાં......	૨૪	૨૩	૪૭
૨૧ થી ૩૦ વર્ષનાં......	૨૭	૩૧	૫૮
૩૧ થી ૪૦ વર્ષનાં......	૩૭	૨૫	૬૨
૪૧ થી ૫૦ વર્ષનાં......	૩૨	૨૯	૬૧
૫૧ થી ૬૦ વર્ષનાં......	૩૪	૩૨	૬૬
૬૧ થી ૭૦ વર્ષનાં......	૩૨	૨૯	૬૧
૭૧ થી ૮૦ વર્ષનાં......	૧૬	૨૬	૪૨
૮૧ થી ૯૦ વર્ષનાં......	૪	૧૮	૨૨
૯૧ થી ૧૦૦ વર્ષનાં	૦	૩*	૩
૧૦૧ વર્ષનાં	૧	૦	૧
	૪૬૫	૪૯૨	૯૫૭

એ ૯૫૭) મરણ નીચલા લટાઓ ઉપર થયાં હતાં :—

કોલાબા	૧૩	બાહેરકોટ	૧૪૦
કોટ	૩૬૮	એતવાડી	૬૨
ધોબીતલાવ ..	૨૧૪	કામાઠીપરા ..	૪
કરેલવાડી....	૧૦	બેટાંકી	૨
ગીરગાંમ	૧૦	ડંકન રોડ....	૧
ચોપાતી	૧૪	ભીંડીબજાર ..	૩૭
ગ્રાંટ રોડ....	૬	ભાંએખલા ..	૧૮
તારદેવ	૨	મજગાંમ	૨૭
ગોવાલીઆ ..	૭	મોઢ........	૧
ખંબાલા	૧	પરેલ	૯
માહલક્ષ્મી....	૧	દાદર	૧
વાલકેશ્વર	૧	માહીમ......	૫
		વાંદરા	૩
			૯૫૭

એ ૯૫૭) મરણ નીચનાં કારણોથી નિપજ્યાં હતાં :—

તાવ	૨૪૫
જ્ઞાનતંતુને લગતાં દરદો	૧૦૯
ફેફસાંને લગતાં દરદો	૧૦૨
લોહીવીકાર તથા નાકવતી	૧૧૮
જલંદર........................	૧૭
શીતલા	૮૩
ગોવરૂં	૭
કાલેરા	૧૨
મરડો તથા પેટ	૧૨૭
પીશાબને લગતાં દરદો	૫
છુપા ભાગને લગતાં દરદો	૮
ચામડી તથા હાલચાલ અને તંતુનેલગતાં દરદો.	૧૮
તરતનાં જન્મેલાં..................	૮૧
નહિં જણાયલાં કારણો	૪
આપઘાત	૧૫

(૯ જેહર ખાઇને.
૫ કુવામાં પડીને.
૧ ગલે ફાંસો દઇને.)

આપઘાત કરી મરણ પામેલાં પંદર જણામાં ૧૧ પુરૂષ અને ૪) સ્ત્રી હતાં. પુરૂષોમાં એક ૭૨) વર્ષનાએ પૈસા જવાથી ઘેલાપણાંની અસરમાં ગલાંમાં ફાંસો દઈને; એક ૨૫) વર્ષનાએ ચાર દહાડાપર બાયડી મરણ પામી તેની ગમગીનીમાં, એક ૧૭) વર્ષના છોકરાએ ઘરમાં ભાઇએ ધમકાવ્યાથી, અને એક ૫૦) વર્ષના બગી હાંકનારે તાવની ઝુમમાં ત્રણડેએ કુવામાં પડીને; એક ૩૨) વર્ષના કંપાઉટરે ફીકરાંથી કંટાલી, એક ૪૩ વર્ષના કંત્રાકટરે તથા એક ૨૩) વર્ષનાએ બાયડી સાથે કજીયો થવાને લીધે, એક ૩૫) વર્ષના બીલ ઊઘરાવનારે નાણાં ઊચાપત થવાથી, એક ૩૫) વર્ષના ફીટરે છાકતપણાંને લીધે, તથા એક ૩૨) વર્ષના મોબેદ અને ૨૦) વર્ષના વિદ્યાર્થીએ કાંઇ જણાયલાં કારણ વગર સાતેએ જેહર ખાઇ આપઘાત કીધા હતા. સ્ત્રીઓમાં એક ૩૬) વર્ષનીએ દીવાનાંપણામાં તથા એક ૧૮) વર્ષનીએ ઘર સંસારી મીનાકેસાને લીધે બંધેએ કુવામાં પડીને; તથા એક ૪૫ વર્ષનીએ આઠ મહીનાપર છોકરો મરણ પામવાની ગમગીનીમાં, અને એક ૨૦) વર્ષનીએ હીસ્ટીરીયાથી કંટાલી બંધેએ જેહર ખાઇ આપઘાત કીધા હતા.

હોનારત, અકસ્માત, વગેરે............ ૬

(૧ પ્રાંચ પરથી તુટી પડવાથી.
૧ રેલવે તલે આવી જવાથી
૧ ઘોડા પરથી તુટી પડવાથી.
૧ ઠોકર લાગાથી.
૧ ડાઝી જવાથી.
૧ કુવામાંથી પાણી કાઢતાં.)

અકસમાતથી મરણ પામેલાં છ જણામાં ચાર પુરૂપ અને બે સ્ત્રી હતાં. પુરૂષોમાં એક ૩૦) વર્ષનો પ્રાંચ પરથી ૧૮ ફીટની ઊંચાઇએથી પડી જવાથી, એક ૨૬) વર્ષનો રેલવેનાં ગારાં તલે કચડાઇ જવાથી, એક ૩૨) વર્ષનો ઘોડા પરથી પડી જવાથી પછડાઇને, અને એક ૩૫) વર્ષનો રસ્તામાં પાણીના નળની પાઇપની ઠોકર લાગાથી મરણ પામ્યાં હતા. સ્ત્રીઓમાં એક ૮૧) વર્ષનાં ડોશાં કુવામાંથી પાણી કાઢતાં સમતોલપણું ખોઇ કુવામાં પડવાથી અને બીજી એક ૧૦) વર્ષની છોકરી દીવાની ઝાલે કપડાં ડાઝી જવાથી મરણ પામીઓ હતી.

વળી એજ વર્ષમાં મુંબઇ મધે **૫૪** પારસીઓએ નાદાર દેવાદારોની કોરટનો આસરો મેલવવાને અરજી કીધી હતી, જેમાં એક ઓરત પણ હતી.

* એમાં ૧૦૦) વર્ષની એક ઓરત હતી.

ઈ૦ સ૦ ૧૮૬૯.

આએ વર્ષનાં "ટાઈમસ ઑફ ઇંડીઆ" નાં કાલેન-ડરમાં[1] સઘળી ખીના નીચલા ફેરફાર તથા વધારા સિવાય આગલાં કાલેનડરની માફકજછે.

જાંઈટ સ્ટાક કુંપનીઓ—

આલબરટ મીલસ કુંપનીના ડાઅરેકટરોનાં હોરમજજી પેશતનજી મોદી અને જાંગીરજી હોરમજજી મોદી. જાંઈટ શેક્રેટરીઓ અને એજંટો, મેહરવાંનજી નશરવાંનજી ભાવનગરી અને જાંગીરજી હોરમજજી મોદી.

કોલાબા કુંપનીનાં ડાઅરેકટરોમાં નવરોજજી ફરદુ-નજીનું નામ વધારેછે.

કુરલા સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીના ડાઅરેકટરોમાં ખરશેદજી જાંગીરજી તારાચંદ.

ફ્રીઅર લાંડ કુંપનીના ડાઅરેકટરોમાં મેહરવાંનજી ફરામજી પાંડે, બેહરામજી ખરશેદજી ગાંધી. શેક્રેટરી, મનચેરજી નવરોજજી બનાજી.

ગુજરાત કૉટન કલીનીંગ કુંપની—શેક્રેટરી, શેરાબજી પાલણજી.

મોફુસીલ પ્રેસ એંડ જીનીંગ કુંપનીના ડાઅરેકટરોમાં નશરવાંનજી બેહરામજી શેક્રેટરી.

ઓરીએનટલ સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીનાં ડાઅરે-કટરોમાં નશરવાંનજી માણેકજી પીટીટનું નામ વધારે. શેક્રેટરી, હોમજી દીનશાહ જીલ્લા.

રાએલ સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીના ડાઅરેકટરોમાં ખુરશેદજી નોશરવાંનજી કામાજી, પેશતનજી નવરોજજી પોંચ્યા, ખરશેદજી જાંગીરજી તારાચંદ. મીલ માનેજર, નશરવાંનજી ખરશેદજી ગાંધી.

વિક્ટોરીયા પ્રેસ કુંપની ઑફ મધરાજના ડાઅરેકટરો માં હોરમજજી પેશતનજી મોદી. શેક્રેટરી એંડ ટરેજ-રર, જાંગીરજી હોરમજજી મોદી.

કુડચામાં ગયલી કુંપનીઓ—

સેંટરલ બેંક ઑફ વેસ્ટરન ઇંડીઆ—લીકવીડેટર, લીમજી જમશેદજી બાટલીબોઈ.

ચાઈના મરચંટ ઇનશુરંશ કુંપની—લીકવીડેટર, બેહરાં-મજી ખરશેદજી ગાંધી.

ગુજરાત ઑઇલ કુંપની—લીકવીડેટર, અસપંદી-આરજી રુસતમજી.

વિક્ટોરીયા સ્પીનીંગ કુંપની—લીકવીડેટર, બેહરામજી ખરશેદજી ગાંધી.

પારસી વ્યાપારી પેહડીઓમાં વધારે—

દીનશાહ દાદાભાઈ ગાંધી એંડ કુંપની.
દીનશાહ દાદાભાઈ ગાંધી.
દાદાભાઈ દીનશાહ ગાંધી.
જીવણજી બહમનજી મેહતા.

હોરમજજી નવરોજજી સકલાતવાલા.
જમશેદજી નશરવાંનજી તાતા.
જાંગીરજી હોરમજજી (મોદી).
મનચેરજી ધનજીભાઈ દાવર.
મનચેરજી નવરોજજી બનાજી.
નશરવાંનજી રતનજી તાતા.
પેશતનજી નવરોજજી (કાપડીઆ).
રતનજી એદલજી (બાટલીવાલા).

યુરોપ્યન પેહડીના પારસી દલાલોમાં વધારે—

એડવરડ બીગ એંડ કુંપની—મેહરવાંનજી નશરવાનજી (પટેલ) સનસ એંડ કુંપની.

જાન ફ્રેરાર એંડ કુંપની—નશરવાંનજી માણેકજી પીટીટ.

પાસમૉર સ્મીથ એંડ કુંપની—શેરાબજી જીજીભાઈ.

જી. એફ. પીલ એંડ કુંપની—દાદાભાઈ, રતનજી (દુબાશ) એંડ કુંપની.

સ્પેનસર શાહ એંડ કુંપની—શાપુરજી જીવાજી (વાછા).

તા૦ ૧ લી જાનેવારી.
રોજ ૧૨ માહ ૫ (કo) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—અરદેશર લીમજી બનાજી—ઉમર વર્ષ ૫૫) શેઠ લીમજી કાવશજી બનાજીના બીજા દીકરા. એવણ પ્રથમ ઇ૦ સ૦ ૧૮૪૨ માં આતરેની બોમ્બે બેંકના ફરસ્ટ આસી-સ્ટંટ હતા. તે પછી ૧૮૪૪ થી તે ૧૮૪૭ સુધી પોતાના નાઘલા ભાઈ શેઠ દાદાભાઈ સાથે "અરદેશર એંડ દાદી લીમજી બનાજી" નાં નામથી મેશરસ બ્રાએનટ જાઈલિસ એંડ કુંપનીના દલાલ થયા હતા, તેમજ એજ મુદત સુધી શેઠ શેરાબજી જાંગીરજી દાદીશેઠ સાથે "અરદેશર લીમજીની કુંપની" ને નામે મેશરસ ગ્રેન જાઈલિસની કુંપનીની તથા બીજી પેહડીઓની દલાલી કરતા હતા. એ પછી ૧૮૫૦ થી મી૦ કલેમંટ કો નામના ઇંગ્રેજ સાથે "કલેમંટ કો એંડ કુંપની" નાં નામથી લીલાંઉખાનું તથા કમીશન એજંટનું કામ ચાલુ કીધું, અને મી૦ કલેમંટ ૧૮૫૯ માં નીકલી જવાથી તેજ શાલની તા૦ ૧ લી જુલાઇથી એવણે એખલાએ "અરદેશર લીમજીની કુંપની" નાં નામથી તે લીલાંઉખાનું ૧૮૬૭ સુધી ચલાવ્યું હતું.

તા૦ ૩ જી જાનેવારી.
રોજ ૧૪ માહ ૪ (શેં૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઇ આવાંબાઈ તે શેઠ ખરશે-દજી બહમનજી શેઠનાનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તેવણના

---

[1] The Times of India Calendar and Directory for 1869. Bombay: Printed and published at the Times of India Office.

ખાવંદ તથા એશીઓએ મલી ૩૨૫૨૫) ધર્મ ખાતાંઓમાં આપ્યા હતા.[1]

તા૦ ૧૨ મી જાનેવારી.

મુંબઇની યુનીવરસીટીનાં આઠમાં વર્ષની કાનવોકેશન આજ દીને ટાઉન હાલમાં ભરાઇ હતી. પ્રમુખસ્થાને ચાનસેલર સર સેમોર ફીટ્ઝજરાલડ બીરાજ્યા હતા. આ વેળાએ જે વિદ્યાર્થીઓને પદવીની સનદો આપવામાં આવી, તેમાં નીચલા પારસીઓ હતા :—[2]

માસ્ટર ઑફ આરટસ (એમ. એ.) ની સનદ—બહમનજી એદલજી મોદી, કેખશ્રુસજી રૂસતમજી દાદાચાનજી, ફીરોજશાહ મેહરવાંનજી મેહતા.[3]

બેચલર ઑફ લાઝ એંડ લીટરેચર (એલ. એલ. બી.) ની સનદ—રતનશાહ એરચશાહ કોહીઆર, શાપુરજી હોરમજજી પાટક.

બેચલર ઑફ આરટસ (બી. એ.) ની સનદ—હોરમજજી જાંગીરજી ભાભા, બરજોરજી એદલજી મોદી, માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં.

આ વેળાએ અપાયલાં યુનીવરસીટી પ્રાઇઝોમાં સેક્રેટરી ઑફ સ્ટેટ સર સ્ટાફરડ નારથકોટે આ શાલ આપેલાં પાંચ ઇનામોમાંનું ૩૧૦૦) નું ઇનામ રતનશાહ એરચશાહ કોહીઆરને એલ. એલ. બી. ની પરીક્ષામાં ચઢતા આવવા માટે આપ્યું હતું.

તા૦ ૧૩ મી જાનેવારી.

રોજ ૨૪ માહ ૪ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—હોરમજજી એદલજી બાકસટર[4]—ઉમર વર્ષ ૬૦) શેઠ એદલજી ખરશેદજી બાકસટરના નાધલા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૮૨૦ માં પોતાના બાપનાં મરણ બાદ પોતાના ભાઇઓ શેઠો ડોશાભાઈ અને પેશતનજીની સાથે મલી તેમનું લીલાંઉખાનું તથા કમીશન એજંટનું ખોહલું કામ "એદલજી ખરશેદજીના છોકરાઓ" ને નામે ચલાવ્યું હતું. એ પછી ભાઇઓથી છુટા પડી તા૦ ૧ લી ફેબરવારી ૧૮૪૯ થી પોતાને એખલાને હીસાબે લીલાંઉખાંનું ઉઘાડયું હતું.

તા૦ ૧૪ મી જાનેવારી.

અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં શિખનારા ચંચલ વિદ્યાર્થીઓને સ્કાલરશીપો અને ઇનાંમો આપવાની વાર્ષિક સભા આજ દીને મલી હતી. સરનશીનની ખુરસી હાનરેબલ બી. એચ. એલીસે લીધા બાદ એ ખાતાંના પ્રીનસીપાલ ડાકટર હંટરે ગયાં શાલનો રીપોરટ વાંચી સંભલાવ્યો. જે પછી ચંચલ વિદ્યાર્થીઓને ઇનામો તથા સ્કાલરશીપો આપી હતી, જેઓમાં બે પારસી વિદ્યાર્થીઓ—ડોશાભાઈ બરજોરજી કાંદાવાલા અને હોરમજજી દાદાભાઇ મસાંની, ને દરેકને ૩૧૦) ની સરકારી સ્કાલરશીપો મલી હતી. એ બાદ સરનશીને એક સુભાખીત ભાષાણ કરી સભા બરખાસ્ત કીધી હતી.[5]

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૨૮ માહ ૪ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—દીનશાહજી મેહરવાંનજી મેહતા[6]—ઉમર વર્ષ ૬૦) શેઠ મેહરવાંનજી ભીખાજી મેહતાના નાધલા દીકરા.

---

૧ જામે જમશેદ, તા૦ ૫ મી જાનેવારી ૧૮૬૯.

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧૪ મી જાનેવારી ૧૮૬૯. ઊપલા પદવી મેલવેલા પારસીઓ ઊપરાંત આએ વર્ષ યુનીવરસીટીની નાચલી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા—

ફરસ્ટ એક્ઝામીનેશન ઈન આરટસ (એફ. ઇ. એ.) ની પરીક્ષામાં—જાંગીરજી એદલજી દાવર, બરજોરજી જમશેદજી કોહલા, જમશેદજી ફરદુનજી માડન, કાવશજી મનચેરજી મીસતરી, દીનશાહજી શેરાબજી મોદી, કાવશજી એદલજી મોદી, નશરવાંનજી જમશેદજી રતનાંગર, એદલજી દોરાબજી તલાટી.

મેટ્રીકયુલેશનની પરીક્ષામાં—પાલણજી રૂસતમજી આંતીઆ, ખરશેદજી બરજોરજી અવાશીઆ, એદલજી શેરાબજી બાટલીવાલા, ફરાંમજી પાલણજી બાટલીવાલા, એદલજી દાદાભાઇ બંગાલી, પેશતનજી ખરશેદજી ભાજીવાલા, દોરાબજી હોરમજજી ભાંડુપવાલા, શેરાબજી આદરજી બાંબોટવાલા, મેહરવાંનજી મનચેરજી કામાજી, ફરાંમજી જાંગીરજી ચીનાઇ, હોરમજજી ખરશેદજી ચીનાઇ, માણેકજી મનચેરજી ચોકશી, દાદાભાઇ હોરમજજી કોપર, મનચેરજી રૂસતમજી કોપર, માણેકજી દોરાબજી દારૂવાલા, શેરાબજી એદલજી દારૂવાલા, નવરોજજી પાલણજી દેસાઇ, હોરમજશાહ બેહરાંમજી ડાકટરના, દાદી ખરશેદજી ફરદુનજી, હોરમજજી બહમનજી ગંદેવીઆ, ફરદુનજી માણેકજી કાંગા, શેરાબજી પેશતનજી કાંગા, બેજનજી દાદાભાઇ કાપડીઆ, કાવશજી ફરદુનજી કરાકા (સુરતના), ખરશેદજી ફરદુનજી કરાકા (સુરતના), રતનજી ભીખાજી કરંજવાલા, હીરાજી જાંગીરજી ખંબાતા, જાંગીરજી કેખશરૂ ખંબાતા, જાંગીરશાહ એરચશાહ કોહીયાર, ખરશેદજી રૂસતમજી કુટાર, જીજીભાઇ ફરાંમજી માડન, હોરમજજી પાલણજી મીસતરી, શાપુરજી રૂસતમજી મીસતરી, અરદેસર કાવશજી મોદી, જાંગીરજી ધનજીભાઇ મુગાશેઠના, જમશેદજી દાદાભાઇ નાદરશાહ, મનચેરજી કાવશશાહ નાણાંવતી, ગુસતાદજી દોરાબજી નરીમાંન, કેખશરૂ શેરાબજી નરીમાંન, બેહરાંમજી બહમનજી પટેલ, જમશેદજી નશરવાંનજી પદાંન, નશરવાંનજી એદલજી પેશતન જામાસપના (સુરતના), મનચેરજી શેરાબજી પોમ્બ્રવાલા, શાપુરજી કાવશજી સંજાણા, નશરવાંનજી હોરમજજી સરાફ, પેશતનજી દીનશાહજી સોપારીવાલા, ફરદુનજી કુવરજી તારાપોરવાલા, કાવશજી દોરાબજી ઊસતાદ.

૩ એઓએ ઇ૦ સ૦ ૧૮૬૪ માં એમ. એ. ની પરીક્ષા પસાર કીધી હતી, પણ તે પછી તુરત ઇંગલાંડ ગયાથી તેની સનદ ન અપાયાથી આજ દીને તે આપવામાં આવી હતી.

૪ શેઠો બાપુજી અને દાદાભાઇ હોરમજજી બાકસટરના બાવા.

૫ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧૬ મી જાનેવારી ૧૮૬૯.

૬ શેઠો પેશતનજી તથા કાવશજી ખરશેદજી મેહતાના બપાવા.

એવણ ઇ૦ સ૦ ૧૮૨૮ થી દુબાશનું કામ કરતા હતા, અને મેશરસ ફારબસ, તથા બીજી વ્યાપારી પેહડીઓનાં વાહણોના દુબાશ હતા. ૧૮૪૭ થી સરકારને બોટા તથા તેને લગતો બીજો સામાણ પુરો પાડવાનાં, તેમજ ૧૮૬૦ ના આગશટ માસથી અતરેનાં બારાંમાંનાં વાહણોને વીહારનું પાણી પુરૂં પાડવાનાં કંત્રાંકટો એવણે લીધાં હતાં.

તા૦ ૧૮ મી જાનેવારી.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં રૂ૧૦) ની બે જુનીયર સ્કાલરશીપો સ્થાપવાને રૂ૫૦૦૦) ની સરકારી પાંચ ટકાનાં વ્યાજની નોટ એ ખાતાંને ભેટ આપી હતી, અને તે માટે નામદાર સરકારે એ શેઠનો મોટો ઉપકાર માનયો હતો.[1]

તા૦ ૨૧ મી જાનેવારી.

મરહુમ સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટની યાદગારી રાખવા સારૂં ઉભી કરેલી જરતોશતી મદરેસાના વિદ્યાર્થીઓને ઇનામો આપવાની બીજી સભા આજ દીને કોટ મધે મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટનાં કોટેકોટનાં ઘરમાં મલી હતી. સરનશીનની ખુરસી સર જમશેદજી જીજીભાઇ બારોનેટે લીધા પછી એ મદરેસાના હાનરરી ઉપરી શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ એ મદરેસાનો ગયાં ૨ા વર્ષનો રીપોરટ વાંચી સંભલાવ્યો. જે બાદ સરનશીને પોતાને હાથે એ મદરેસાના સઉથી ચઢતા વિદ્યાર્થી એ૦ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચાને રૂ૭૫) ની મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટને નામની ફેલોશીપ, બીજા વિદ્યાર્થી એ૦ એદલજી કેરશાસપજી આંતીઆને રૂ૩૦) ની ખરશેદજી ફરદુનજી પારખ સ્કાલરશીપ, ત્રિજા વિદ્યાર્થી એ૦ તેહમુરશ દીનશાહ અકલેસરીઆને પણ એજ રકમની એજ શેઠનાં નામની સ્કાલરશીપની સનદો અને ચોથા વિદ્યાર્થી એ૦ મનચેરજી શાપુરજી વાછાને શેઠ ખરશેદજી ફરદુનજી પારખનાં નામનો રૂ૧૨૫) નો સોનાંનો ચાંદ ભેટ આપ્યાં હતાં. એ પછી તેવણ સાહેબે એક કીમતી ભાષાણ કીધું, જેમાં કુલ જરતોસ્તી અંજુમનને સુચનાં કીધી હતી કે "આએ મદરેસા મધે કેળવણી પામેલા વિદ્યાર્થીઓને જરતોશતીઓની જાહેર મીજલસોમાં હર જોગવાઇએ માંન આપતા રેહેવું, તથા બને તેટલી મદદ એ વિદ્યાર્થીઓને કરવી." એ બાદ દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ તથા દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પઆશાનાએ ભાષાણો કરી સરનશીન સાહેબની કીમતી સુચનાઓ પ્રમાણે ચાલવાને સર્વેને ભલાંમણ કીધી હતી, અને તે બાદ મેલાવડો બરખાસ્ત થયો હતો.[2]

તા૦ ૨૩ મી જાનેવારી.

રોજ ૪ માહ ૫ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઇ ધનબાઇજી તે મરહુમ શેઠ દાદાભાઇ નવરોજજી બંગાલીનાં વીધવાનાં ઉઠમણાંમાં તેમના ભત્રિજા શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ રૂ૫૦૦) તથા બીજાં એશીઓએ રૂ૩૫) મલી રૂ૫૩૫) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[3]

તા૦ ૨૭ મી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—બેજનજી અરદેશર શેઠના—ઉમર વર્ષ ૪૫) પુણાંવાલા ખાંનબાહદુર અરદેશર શેઠ ખરશેદજી મુનસફના બીજા દીકરા. એવણ પ્રથમમાં કોલાપોરના રાજાના રીસાલામાં શીલેદાર હતા. ત્યાંથી પછી કમીશન વેચી ૧૮૫૭ માં બીરાર પ્રાંતનાં એલચપોરના ફોજદાર તથા ૧૮૬૨ માં જલગાંમના અને તે પછી બાલાપોરના તેહસીલદાર નેમાયા હતા. ૧૮૬૮ ના જાનેવારી માસથી એઓ આકોલાના તેહસીલદાર હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૨ જી ફેબરવારી ૧૮૬૯.

શેઠ કાવશજીએ આ રકમ મોકલાવતાં ગ્રાંટ મેડીકલ કાલેજના પ્રીનસીપાલ ડાકટર હંટર ઉપર નીચે મુજબનો પત્ર લખ્યો હતો :—

Bombay, 18th January 1869.

To

Dr. W. G. Hunter, M.D.

Principal, Grant Medical College.

Sir,—I was very much gratified to learn of the progress which the Grant Medical College is making. In acknowledgment of great interest I take in all that concerns the College, I have much pleasure in placing at your disposal one Government paper of five per cents, interest, for Rs. 5,000 (five thousand), the interest of which, commencing from 1st March next, I should wish to be annually devoted to the maintenance of a Junior Scholarship in the College.

I have &c.,

COWASJEE JEHANGHIER.

Bombay Castle, 28th January 1869.

To

Cowasjee Jehanghier Esq.

Sir,—The Director of Public Instruction having submitted to Government your letter of the 18th instant, to the address of the Principal of the Grant Medical College, presenting a five per cent. Government promissory note for rupees five thousand, with a view to the interest accruing from it being annually devoted to the maintenance of junior scholarships in the College, I am directed to convey to you the thanks of the Right Hon'ble the Governor in Council for this most liberal gift, which will enable the College to meet a want which has long been felt.

I have the honor to be, &c.,

C. GONNE,

Secretary to Government.

૨ બામે જમશેદ, ૨૨ અને ૨૩ મી જાનેવારી ૧૮૬૯.

૩ બામે જમશેદ, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૬૯.

તા૦ ૨૮ મી જાનેવારી.
રોજ ૯ માહ ૫ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—હોરમજજી રતનજી ભાએઆ—ઉમર વર્ષ ૫૭)—એવણ પ્રથમમાં પોતાના ભાઇઓ શેઠો શોરાબજી અને નશરવાંનજી સાથે એડન, પંજાબ, નાગપોર, વગેરે દેશાવરો ખાતે દુકાંનને બરનો સર્વે માલ લઈ જાઇ જાતે વેચી આવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૪૮ થી નીમચ તથા નસીરાબાદ ખાતે દુકાંનો ઉંઘાડી હતી. એવણનું મરણ મુંબઈ મધે નીપજયું હતું.

તા૦ ૨૮ મી જાનેવારી.

મુંબઇની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટના બે ડેલીગેટો શેઠો હીરજીભાઇ હોરમજજી શેઠના અને જાંગીરજી દાદાભાઇ તારાપોરવાલાએ પોતાના ઓદ્ધા છોડવાથી તેમની જગો પર નામદાર સરકારે શેઠો નશરવાંનજી માણેકજી પીટીટ અને મેહરવાંનજી માણેકજી શેઠનાને નેમ્યા હતા.

અમદાવાદના ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેકટર શેઠ માણેકજી કાવશજી એંટીને નામદાર સરકારે ભરૂચના ડેપ્યુટી કલેકટર નેમ્યા હતા.[2]

તા૦ ૨૯ મી જાનેવારી.

અતરેનાં લશ્કરી ખાતાંના સનદી આસીસટંટ સરજયન રૂસતમજી બેહરાંમજી પારખે લશ્કરી નોકરીમાં બાર વર્ષ પુરાં કીધાથી તેમને "સરજયન" ની પદવી મલી હતી.[2]

તા૦ ૩૦ મી જાનેવારી.

શેઠ પાલણજી નશરવાંનજી ખંબાતાએ પોતાનાં પારસી પ્રીંટીંગ પ્રેસમાંથી "દુભાશીઓ" નામનું એક માસીક ચોપાનયું પ્રગટ કરવા માંડયું હતું.[3]

તા૦ ૩ જી ફેબરવારી.
રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—જમશેદજી ખરશેદજી ધનજીમેહતાના[4]—ઉમર વર્ષ ૫૧) શેઠ ખરશેદજી એદલજી ધનજીમેહતાના ત્રિજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૩૬ માં શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજીની નોકરીમાં હેદરાબાદ ખાતે ગયા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૪૮ માં મજકુર પેહડી ભાગાથી પાછા મુંબઈ આવ્યા હતા. બાર વર્ષના અરસામાં હેદરાબાદ ખાતે સઘળા અમીર ઉમરાવો તથા અમલદારોમાં સારી પીછાંન કીધાથી ઈ૦ સ૦ ૧૮૫૧ માં તે વેળાના નીજામનાં રાજયના દીવાંન નવાબ શીરાજ ઉલ મુલકે એવણને પોતાની નોકરીમાં બોલાવ્યા હતા. તે પછી ઉપલા દીવાંનના ભત્રિજા નવાબ સર સાલારજંગ બાહદુરને ઈ૦ સ૦ ૧૮૫૩ માં નીજામનાં રાજયની દીવાંનગીરી મલી ત્યારે તેણે પણ એવણને પ્રથમમાં પોતાના મદદગાર અને તે પછી પોતાના ખાંનગી શેક્રેટરીનો ઓદ્ધો રૂ૧૫૦૦) ને દરમાયે આપ્યો હતો. તે પછી ઈ૦ સ૦ ૧૮૬૭ માં એવણ નીજામ સરકારની નોકરી છોડી પેનશન લઈ મુંબઈ આવી વસ્યા હતા, અને મરણ પણ હિયાંજ પામ્યા હતા.

તા૦ ૫ મી ફેબરવારી.

આજ દીને મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી ધનજી મેહતાનાનાં ઉઠમણાંમાં તેમનાં અશીઓએ રૂ૫૭૬) ધર્મ ખાતાંઓમાં આપ્યા હતા.[5]

તા૦ ૧૦ મી ફેબરવારી.

અતરેની બોમ્બે બેંકને લગભગ રૂ૧૧૨૪૦૦૦૦) નું કરજ થવાથી અને તે અદા નહિં કરી શકવાથી બેંકનો વહીવટ બંધ કરવાનો તેના ભાગીદારોએ ઠેડાવ કીધો હતો, અને કેટલાક ભાગીદારોએ ઇંગલાડ શેક્રેટરી ઑફ સ્ટેટને એ બેંકના માથા વહીવટ બાબે ફરીઆદ લખી મોકલવાથી બેંકના વહીવટ સંબંધી તલાસ અને પુછપરછ કરી રીપોરટ કરવાને શેક્રેટરી ઑફ સ્ટેટના ફરમાવ્યાથી હિંદુસ્થાંનની સરકારે એક ખાસ ધારો પસાર કરી સર ચારલસ જાકસન, મી૦ મેકસવેલ મેલવીલ અને મેજર જે. જે. મેકીનીશનું એક કમીશન મુકરર કીધું હતું. એ કમીશને તા૦ ૧૦ મી જુન ૧૮૬૮ થી અતરેના ટાઉનહાલમાં પોતાની બેઠકો શરૂ કીધી, અને બધી મલી ૨૯) બેઠકમાં ૭૧)[6] શાક્ષીઓ તપાસ્યા;

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૨૮ મી જાનેવારી ૧૮૬૯.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૪ થી ફેબરવારી ૧૮૬૯.

૩ એ ચોપાનયું ચાર વર્ષ સુધી ચાલયું હતું, અને તેના અધીપતી તરીકે પ્રથમમાં શેઠ ધનજીભાઇ રૂસતમજી મીસતરી, અને તે પછી થોડુંક સુધી શેઠ શોરાબજી બેહમનજી પેશતનજી માસટર હતા.

૪ હેદરાબાદવાલા શેઠ ફરાંમજી જમશેદજી મુનશી (નવાબ ફરાંમરઝ જંગ) તથા શેઠ પેશતનજી જમશેદજી ધનજીમેહતા, સુરતીના બાવા.

૫ મુંબઇની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૨૫ ના હીસાબની ચોપડી.

૬ મુંબઇમાં એ કમીશને તપાસેલા ૭૧) શાક્ષીઓમાં નીચલા ૨૦) પારસીઓ હતા:—

શેઠો ખરશેદજી ફરદુનજી પારખ, રૂસતમજી જમશેદજી જીજીભાઇ, શાપુરજી જીવાજી વાછા, બરજોરજી રૂસતમજી મીસતરી, બેહરાંમજી હોરમજજી કામાજી, મેહરવાંનજી ફરાંમજી પાંડે, જાંગીરજી રૂસતમજી મોદી, ડોશાભાઇ ધનજીભાઇ સુરતી, શોરાબજી જમશેદજી જીજીભાઇ, બેહમનજી ખરશેદજી કામાજી, શોરાબજી બેહરાંમજી કોહલા, રૂસતમજી દાદાભાઇ પોંચ્યા, શાપુરજી ધનજીભાઇ બાટલીવાલા, દાદાભાઇ બેહરાંમજી બનાજી, ધનજીભાઇ ફરાંમજી પટેલ, કાવશજી માણેકજી લીમજી, બેહમનજી ફરાંમજી કામાજી, હોરમજજી નવરોજજી સકલાતવાલા, મેહરવાંનજી રૂસતમજી દલાલ, હોમજી ખરશેદજી દાદીશેઠ.

એ કમીશનના દુભાશીઆ તરીકે નામદાર સરકારના હોકમથી શેઠ નવરોજજી ફરદુનજીને નેમ્યા હતા.

તથા તા૦ ૯ મી નવેમ્બર ૧૮૬૮ થી લંડન મધે ૯) બેઠકો કરી ૧૨) શાક્ષીઓ તપાસ્યા, અને આજ દીને પોતાનો રીપોરટ નામદાર સરકાર ઉપર મોકલ્યો હતો, જેમાં બેંકના વહીવટ ઉપર ઘણીક નુકતેચીનીઓ કરવા બાદ તે ભાગવાનાં નીચલાં છ કારણો બતાવ્યાં હતાં.

૧—૧૮૬૩ નો ૧૦ મો આકટ જેની રૂહે આગલા આકટ મધેની કેટલીક બંધીઓનો છુટકારો થયો હતો, અને જેથી બેંકને નુકસાનકારક વહીવટ કરવાની છુટ મલી.

૨—પોચાં મનનાં અને હલકી નીતિના શેકરેટરીઓએ એક દેશી ડાએરેકટર મી૦ પ્રેમચંદ રાએચંદની સલાહ પ્રમાણે ચાલી ઉપલા આકટમાં આપેલી સત્તાનો ગેરઉપયોગ કીધો.

૩—બેંકની તવારીખની પેહલી અને બીજી મુદતમાં પ્રેસીડંતો અને ડાએરેકટરોએ (થોડાક સીવાય) બેંક અને તેના શેકરેટરીઓ ઉપર પુરતી તકેદારી અને કબજો નહિં રાખ્યો, અને બેંકનો વહીવટ કેમ ચાલેછે તેની ખબર રાખ્વાની પોતાની ફરજ બજાવતાં બેદરકાર રહયા.

૪— નહિં ધારેલા બુરા વખતને લીધે, કે જે વેળાએ બેંક સાથે જોડાયલા દરેક જણે સાહુચેતી વાપડવી હતી તે નહિં વાપડી.

૫—પ્રેસીડંટ અને ડાએરેકટરો બેંક ચલાવવાની રીતથી વાકેફગાર નહિં હતા, અને મુંબઇ બેંક સરખાં ખાતાંનો કારભાર આવા બારીક સમયમાં ચલાવવાને તેઓ નાલાયક હતા.

૬—ધારા સંબંધી મજબુત સલાહ અને મદદની ગેર હાજરી હતી.

તા૦ ૧૧ મી ફેબરવારી.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ મુંબઈ મધે ઘોડ દોડની સરત વેળાએ સરશ આરબી ઘોડાના જીતનારને પોતાનાં નામની એક "પર્સ" દર શાલ આપવા માટે આજ દીને રૂ૫૪૦૦) ની રકમ "બોમ્બે ટર્ફ કલબ" ને ભેટ આપી હતી.[૨]

તા૦ ૧૨ મી ફેબરવારી.

રોજ ૨૪ માહ ૫ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—ખરશેદજી મનચેરજી સોબેદાર[૨]—ઉમર વર્ષ ૫૪) શેઠ મનચેરજી નવરોજજી સોબેદારના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૩૬ થી અતરે સરકારી તથા વ્યાપારીઓનાં વાહણોના દુબાશનું કામ કરતા હતા. મેશરસ લીકી, ગ્રાહમ, બેટસ વગેરે અતરેની પેહલે વાધેની ઈંગ્રેજી પેહડીઓ મારફતે આવતાં વાહણોના એવણ દુબાશ હતા, અને એ ધંધામાં સારી કુનેહ તથા અનુભવ મેલવ્યાથી વખણાઈ ગયા હતા. એઓની દુબાશની પેહડી હજુ એઓનાં ફરજંદો "ખરશેદજી મનચેરજી સનસ" ને નામે ચલાવેછે.

તા૦ ૧૩ મી ફેબરવારી.

દસ્તુર એરચજી શેરાબજી મેહરજી રાંણાએ અસલ હુજવરશ ભાષાના બોલોને બાબબંદ ગોઠવી તેના પેહલવી ઉચ્ચાર તથા ગુજરાતી અર્થ સાથે બનાવી તેનું શીળા છાપા પર "હુજવારશ અને પેહલવી ફરહંગ" નામનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૩]

તા૦ ૧૪ મી ફેબરવારી.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ આજ દીને ફરામજી કાવશજી ઈનસ્ટીટયુટમાં ફકત પારસી ઓરતોની મીજલસ આગલ જરથોસ્તી ધર્મ ઉપર એક વાએજ કરી સંભલાવી હતી.[૪]

---

૧ જામે જમશેદ, તા૦ ૧ લી મારચ ૧૮૬૯.

એ રકમ "ટર્ફ કલબે" પાંચ ટકાની સરકારી નોટમાં રોકી તેનાં વ્યાજના રૂ૨૫૦) ની એક "પર્સ" દર શાલ ઊપર મુજબ સરત જીતનારને શેઠ કાવશજીનાં નામથી આપવાનો બંદોબસ્ત કીધો હતો. એ બાદ એ નોટ ચાર ટકામાં બદલાયાથી તે પર્સની રકમ રૂ૨૦૦) ની કીધી હતી. ૧૮૭૪ ના મેએ માસમાં ટર્ફ કલબ તરફથી શેઠ કાવશજીને સુચના થાઇ કે તેવણની આ નોટનું વ્યાજ ઓછું આવવાથી જો તેવણ પરવાનગી આપે તો એ રૂ૫૦૦૦) માંથી ભાંએખલા કલબની સાંમે એક "રેસ-સ્ટાંડ" બાંધ્યે અને તેનું ભાડું રૂ૫૦૦) ઊપજશે જેથી તેવણનાં નામની ઊપલી પર્સ મોટી રકમની થાશે. શેઠ કાવશજીએ એ સુચનાં પ્રમાણે ચાલવાની ના પાડી કે અગરજો તે જગોપર સરત નહીં થાય તો એ સ્ટાંડ તદન નકામું તથા બેકીમત પડે. માટે ગમે તે વ્યાજે પણ સરકારી નોટજ રાખવાને આગ્રહ કીધો હતો. એ પછી ઊપલી બોમ્બે ટર્ફ કલબ "વેસ્ટરન ઇંડીઆ ટર્ફ કલબ" નાં નામમાં બદલાઇ અને શેઠ કાવશજીવાલી નોટ પણ તેને સ્વાધીન થાઇ, જેનાં વ્યાજમાં કેટલીક રકમ કલબનાં ફંડમાંથી ઊમેરી તે દર શાલ ઊપર મુજબ સરત જીતનારને "કાવશજી જાંહગીર પર્સ" નાં નામથી ઇનામ આપવામાં આવેછે.

૨ એવણના એક ભાઇ શેઠ દારાશાહ મનચેરજી સોબેદાર પણ અતરે આગલા વખતમાં એક જાણીતા દુબાશ હતા. એમના બાવા શેઠ મનચેરજી નવરોજજી અતરેની કસટમમાં સોબેદાર હતા.

૩ "હુજવારશ અને પેહલવી ફરહંગ. છપાવી બાહેર પાડનાર, એરચજી દસતુર શેહરાબજી મેહરજીરાંણા. છપાવીછે બાપુ હરશેઠ દેવલેકર એઓનાં છાપાખાંનાંમાં. સને ૧૨૩૮ ઇઅજદગરદી."

૪ જામે જમશેદ, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૬૯.

એજ મુજબ એજ જગોપર બીજી વાએજ તા૦ ૨૧ મી ફેબરવારી તથા ત્રિજી વાએજ તા૦ ૭ મી મારચ ૧૮૬૯ ને દિને તથા ચોથી વાએજ તા૦ ૨૧ મી મારચ ૧૮૬૯ ને દીને તથા પાંચમીવાર તા૦ ૪ થી આપરેલ ૧૮૬૯ ને દીને પારસી ઓરતોની મીજલસ આગલ એજ બાબદ ઊપર કરી સંભલાવી હતી.

તા૦ ૧૫ મી ફેબરવારી.

મુંબઈના પ્રખ્યાત પાદરી રેવરંડ ડાકટર જાન વીલસન, ડી. ડી. કે જેમને આ દેશમાં આવ્યાને આજે બરાબર ૪૦) વર્ષ પુરાં થયાં અને એ દરમેઆન આ દેશના લોકોનો સુધારો કરવા વિષે તેણે ઘણી ભારી મેહનત લીધી હતી, તેની યાદગારીમાં અતરેના સઘળી ગ્નાતના લોકોએ આજ દીને ટાઉનહાલમાં નામદાર ગવરનર સર સેમોર ફીટઝજરાલડનાં પ્રમુખપણાં હેઠલ જાહેર સભામાં મેગા મળી એક માન પત્ર તથા રૂપાંનો "સાલવર" ભેટ આપ્યો, તથા રૂ૨૭૦૦૦) ને આસરેનું એક ફંડ કરી તેનું વ્યાજ એ વિદ્વાંનને તેની હૈયાતી સુધી આપવાને અને તે બાદ યુનીવરસીટીમાં ફાઈલાલોજીના અભીઆસમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો.[૧]

૧ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧૭ મી ફેબરવારી ૧૮૬૯.

ડાકટર વીલસનને ઊપલું માનપત્ર તથા ટેસ્ટીમોનીઅલ આપવા માટેની સર્વે ગોઠવણો કરવાને અતરેના પેહલે વાધેના ૪૮ ઈંગ્રેજ, ૧૦ હિંદુ, ૨ મુસલમાંન, ૧ યાહુદી, અને ૬ પારસી (સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો ફરાંમજી નશરવાંનજી પટેલ, ખરશેદજી કાવશજી આશબરનર, ડોશાભાઇ ફરાંમજી કરાકા, માણેકજી ખરશેદજી સરાફ, અને શોરાબજી શાપુરજી બંગાલી) ગ્રહસ્થોની એક કમીટી નેમાઇ હતી. એ કમીટીની મારફતે ટેસ્ટીમોનીઅલ ફંડમાં રૂ૨૭૯૦૪) ભરાયા હતા, જે મધે રૂ૧૯૭૬૨) ઈંગ્રેજોના, રૂ૪૨૫૭) હિંદુઓના, રૂ૧૨૫૦) યાહુદીઓના, રૂ૫૬૦) મુસલમાંનોના, રૂ૩૦) પોરટુગીજોના, અને રૂ૨૦૪૫) નીચે મુજબ પારસીઓના હતા :—

(રૂ૫૦૦) અરદેશર હોરમજજી વાડીઆ. (રૂ૨૫૦) શોરાબજી ફરાંમજી પટેલ. (રૂ૨૦૦) હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ. (રૂ૧૫૦) ફરાંમજી નશરવાંનજી પટેલ. (રૂ૧૦૦) સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, માણેકજી ખરશેદજી સરાફ, શોરાબજી શાપુરજી બંગાલી, વનજીભાઇ ફરાંમજી પટેલ. (રૂ૫૦) ખરશેદજી કાવશજી આશબરનર, ખાંનબહાદુર પદમજી પેશતનજી, ડોશાભાઇ ફરાંમજી કરાકા, શાપુરજી રૂસતમજી મીસતરી. (રૂ૨૫) હોરમજજી બહમનજી વાડીઆ, પેશતનજી દીનશાહ સોલીશીટર, ખરશેદજી રૂસતમજી કામાજી, શોરાબજી પેશતનજી ફરાંમજી, મેહરવાંનજી નશરવાંનજી ભાવનગરી, મેહરવાંનજી ફરાંમજી પાંડે, અરદેસર ફરાંમજી મુસ, જમશેદજી પાલણજી કાપડીઆ, ખરશેદજી શોરાબજી નાદરશાહ, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, એમ. એ; શોરાબશાહ ડોશાભાઇ મોતીવાલા. (રૂ૨૦) નાનાભાઇ રૂસતમજી રાંણીના. (રૂ૧૫) બેહરાંમજી હોરમજજી કામાજી. (રૂ૧૦) હોરમજજી પેશતનજી ફરાંમજી.

એ રૂ૨૭૯૦૪) મધેથી ખરચ બાદ કરતાં બાકી રૂ૨૩૫૦૦) ની સરકારી નોટ લઇ તે તા૦ ૨ જી મારચ ૧૮૭૦ ને દીને મુંબઇની યુનીવરસીટીમાં "વીલસન ફાઇલાલોજીકલ લેકચરશીપ" સ્થાપવા માટે આપી હતી, અને તેનું વ્યાજ ડાકટર વીલસનને તેમની હૈયાતી સુધી યુનીવરસીટીએ આપવા બાદ તેવણ તા૦ ૧ લી ડીજેમબર ૧૮૭૫ ને દીને હક થયા પછી તે ઊપલી લેકચરશીપને માટે વાપડવામાં આવેછે.

તા૦ ૨૪ મી ફેબરવારી.

અતરેની જી. આઈ. પી. રેલવેની શોલાપુરથી આવતી એક ટ્રેન ગઇ તા૦ ૨૫ મી જાનેવારીની પાછલી રાતનાં બે વાગે ખંડાલાથી તે ઉપડયા પછી બોરઘાતનાં "રીવરસીંગ સ્ટેશન" સુધી ભય ભરેલી જહડફથી દોડી આવી જ્યાં ઉભી રેહવી જોઈએ તેથી આગલ ધસી છેક છેડા સુધી જઇને નીચે પડી ગઈ હતી, જેથી એક પેહલા વર્ગની, એક બીજા વર્ગની, અને ત્રણ ત્રીજા વર્ગની ગાડીઓના ટુકડા થઈ ગયા, તથા ૧૯ ઉતારૂઓ માર્યા ગયા અને ૪૨ જણા ઘાએલ થયા હતા. આ ઉપરથી નામદાર સરકારે એ હોનારત કેમ થાઈ તેનું કારણ શોધી કાઢવા, તથા રેલવેનું કામ ઉતારૂઓના જાનની સલાંમતી સાથે ચાલે તે માટે કેવા ઉપાયો લેવા તે વિષે રીપોરટ કરવાને આડવોકેટ જનરલ, રેવીન્યુ કમીશનર, અને બીજા ચાર ઇંગ્રેજ ઇજિનેરો તથા શેઠ ડાશાભાઈ ફરાંમજી કરાકા મલી સાત ગ્રહસ્થોનું એક કમીશન નેમ્યું હતું.[૨]

તા૦ ૨૭ મી ફેબરવારી.

ભરૂચવાલા શેઠ દારાશાહ રૂસતમજી દલાલે "પોલ અને વરજીનીયા" નામનાં ફ્રેંચ વાર્ત્તાનાં એક પુસ્તકનો ઇંગ્રેજીમાંથી ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૩]

તા૦ ૨ જી મારચ.

રોજ ૧૨ માહ ૭ (ક૦) ૧૨૩૮ યજદેજરદી

મરણ—નશરવાંનજી પેશતનજી વકીલ, સુરતવાલા[૪]—ઉમર વર્ષ ૬૨) સુરતવાલા શેઠ પેશતનજી કાલાભાઈ વકીલના બીજા દીકરા. એવણ સુરત મધે સનદી વકીલની પરીક્ષા પસાર કરી ત્યાંજ વકીલાતનો ધંધો કરતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૩૦ માં બાપનાં મરણ પછી થોડોક વ્યાપાર પણ ચલાવતા હતા. ૧૮૫૨ ના ફેબરવારી માસમાં એઓએ સ્ટીમર "લવજી ફેમીલી" મુંબઇથી ખરીદ કરી સુરત, ખંભાત,

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૪ મી ફેબરવારી ૧૮૬૯.

એ કમીશને આપરેલ માસમાં પોતાનો રીપોરટ સરકાર જોગ કીધો હતો તેમાં એ હોનારતનું કારણ "બ્રેક" દાબવામાં તથા એનજીન "રીવર્સ" કરવામાં ગફલતી તથા હવની વખતે પાટા ઊપર રેતી બરાબર નહી નાખવાનું જણાવ્યું હતું, તથા હવે પછી એવી હોનારત નહીં બને તે માટે કેટલીક કીમતી સુચનાંઓ કીધી હતી.

૩ "પોલ અને વરજીનિયાનું (એજ નામની સેન્ટપીયરની બનાવેલી એક રમુજી ફ્રેન્ચ વાર્તાનાં ઈંગ્રેજી ભાષાન્તર ઊપરથી) ગુજરાતી ભાષાન્તર કર્ત્તા, દારાશા રૂસતમજી દલાલ. મુંબઇ, બોમ્બે ટાઊન પ્રેસમાં મુદ્રાંકિત થઇ પ્રસિદ્ધ થયું"

૪ મરહુમ શેઠ બહમનજી તથા શેઠો બેહરાંમશાહ, બરજોરજી, દીનશાહ, અને હોરમસજી નશરવાંનજી વકીલના બાવા.

ગોઘા તથા મુંબઈ વચ્ચે ઈ૦ સ૦ ૧૮૬૫ સુધી ફરતી કીધી હતી. સુરત મધે એઓ એક આગેવાન વ્યાપારી તથા શેહરી હતા. ૧૮૫૨ માં રાંદેલ મધે અંજુમનનાં ઉધરાતનું દોખમું બંધાવવાની એવણે આગેવાની લીધી હતી, તથા સુરતની પારસી પંચાતનાં ધર્મનાં ફંડોના એવણ ૧૮૪૧ થી એક કારોબારી તથા કેટલુંક સુધી પ્રમુખ હતા.

તા૦ ૪ થી મારચ.

આજ દીને સુરત મધે મરહુમ શેઠ નશરવાંનજી પેશતનજી વકીલનાં ઉઠમણાંમાં સુરતનાં તેમના બાવા મરહુમ શેઠ પેશતનજી કાલાભાઈ વકીલનાં કદમી આતશબેહરાંમનાં વકફનાં ફંડમાં ઘટાડો થવાથી એક નવું ફંડ ઉભું કીધું હતું; અને તે મધે મરનારનાં વીધવા બાઈ હમાંબાઇએ રૂ૨૦૦૦), ભાઇઓ શેઠો રતનશાહ અને મોટાભાઈ પેશતનજી વકીલે રૂ૨૦૦૦), દીકરાઓ શેઠો બહમનજી, બેહરાંમશાહ, અને ખરજોરજી નશરવાંનજી વકીલે રૂ૩૦૦૦), તથા ભત્રિજાઓ શેઠો અરદેસર, કાવશશાહ, તથા ફરાંમજી રૂસતમજી વકીલે રૂ૫૦૦) મલી રૂ૭૫૦૦) ભરાયા હતા. એ ઉપરાંત બીજા રૂ૪૫૪) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૧]

તા૦ ૫ મી મારચ.

રોજ ૧૫ માહ ૬ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—નાનાભાઈ નવરોજજી શેઠના—ઉમર વર્ષ ૭૫) શેઠ નવરોજજી શોરાબજી શેઠના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૧૩ માં પોતાના બાપનાં મરણ બાદ પોતાના વડા ભાઇ શેઠ નશરવાંનજીની સાથે પરચુરણ વ્યાપાર કરતા હતા. તે પછી શેઠો ધનજીભાઇ અને કેખશરૂ નશરવાંનજી બનાજી તથા પાલણજી ફરાંમજી શેઠના સાથે ભાગમાં "ધનજીભાઈ નાનાભાઇની કું૦" ને નામે ચીનનો વ્યાપાર ચલાવતા હતા, તથા તે માટે ૧૮૨૦ માં "રાયલ ચારલેટ" નામે એક મોટું વાહણ પણ ખરીદયું હતું. એ બાદ ૧૮૨૪ માં ભાગયાઓથી છુટા પડયા હતા, અને લાંબી મુદત સુધી એકાંત જીંદગી ગુજારી હતી.

તા૦ ૫ મી મારચ.

મુંબઈની હાઇ કોરટનો એક લાયકીવાલો જડજ સર જોસફ આરનોલડ કે જેને છેલ્લાં દશ વર્ષના અરસામાં આ દેશના લોકો સાથે ઘણી પ્રીત તથા મીત્રાચારી રાખી ઇનસાફનાં કામમાં અપક્ષપાતપણાં સાથે ડાહપણ અને રેહમદીલી બતાવી હતી, તથા પારસી લૉ કમીશનનાં સરનશીન તરીકે આપણા લોકોને ઘણી કીમતી મદદ કીધી હતી, તે નામદાર પોતાનો ઓહદો છોડી પોતાને વતન જનાર હોવાથી તેને આ દેશના વતનીઓ તરફનું એક માનપત્ર આપવાનો ઠેડાવ કરવાને અતરેના આગેવાન ગ્રહસ્થોની એક સભા આજ દીને "મજગાંમ કાસ્ટલ" માં સર જમશેદજી જીજીભાઇ બારોનેટનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી. આ વેળાએ સર્વેનાં એકમતથી એવો ઠેડાવ થયો કે નામદાર સર જોસફ આરનોલડ તરફ આ સભા પોતાનું ઘટતું માન તથા એ નામદારની ન્યાએધીસ તરીકેની લાએકી તથા ઉતમ ગુણો વિષે ઘણું ઉંચું મત ધરાવેછે અને ઠેડાવ કરેછે કે "એ નામદાર આએ દેશનો કીનારો છોડે તે આગમજ તેને દેશીઓ તરફનું એક માનપત્ર આપવું, તથા તેની યાદગારી રાખવા માટે એક ટીપ ઉભી કરવી." આ માટેની સર્વે ગોઠવણો કરવાને ૭ હિંદુ, ૨ મુસલમાન, અને ૬ પારસી (સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો રૂસતમજી જમશેદજી જીજીભાઇ, ફરાંમજી નશરવાંનજી પટેલ, ડાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, કેખશરૂ હોરમજજી આલપાઇવાલા અને દાદાભાઈ નવરોજજી પ્રોફેસર) ગ્રહસ્થોની એક કમીટી ઠેડવી સભા બરખાસ્ત થાઇ હતી.[૨]

---

૨ જામે જમશેદ, તા૦ ૮ મી મારચ ૧૮૬૯.

એ માનપત્ર તા૦ ૨૮ મી આપરેલ ૧૮૬૯ ને દીને સર જોસફ આરનોલડને દેશી શેઠીયાઓનાં એક ડેપ્યુટેશને હાઇ કોરટમાં જઇ આપ્યું હતું. સર જમશેદજી જીજીભાઈ બારોનેટે તે બુલંદ અવાજે વાંચી સંભલાવ્યું, જેમાં જણાવ્યું હતું કે તે નામદારની યાદગારી રાખવા માટે દેશીઓએ એક ફંડ ઉભું કીધુંછે, જેનાં વ્યાજમાંથી મુંબઇની યુનીવરસીટીમાં તે નામદારને નામની એક સ્કાલરશીપ દર શાલ આપવામાં આવશે. એ મુજબ તે ફંડમાં ભરાયલા રૂ૬૦૦૦) ની સરકારી નોટ લઇ તે તા૦ ૯ મી જાનેવારી ૧૮૭૧ ને દીને યુનીવરસીટીમાં આપી તેનાં વ્યાજમાંથી દર શાલ એલ. એલ. બી. ની પરીક્ષામાં ચઢતા આવનાર વિદ્યાર્થીને સર જોસફ આરનોલડને નામની સ્કાલરશીપ આપવાનો બંદોબસ્ત કીધો હતો.

એજ મુજબ સર જોસફ આરનોલડની યાદગારી માટે શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ અતરેની સ્કાટીશ આરફનેજનાં ફંડમાં નીચલો પત્ર લખી રૂ૫૦૦) ની પાંચ ટકાનાં વ્યાજની સરકારી નોટ ભેટ આપી હતી કે તેનાં વ્યાજમાંથી દર શાલ એ સુઘડ ન્યાએધીસની શાલગરેહને દાહડે આરફનેજનાં છોકરાંઓને મીઠાઇ ખવાડવી.

To

The Secretaries, Scottish Orphanage Society.

Gentlemen,—I have the pleasure to enclose you a Government promissory note for Rs. (500) five hundred, of five per cents, bearing interest from 28th February 1869, No. $\frac{005899}{64555}$ the interest of which you will oblige me by spending year after year, on the anniversary of Sir Joseph Arnould's birth-day, in sweetmeats for the children of the Orphanage under your charge, to preserve some trifling permanent reminiscenc of the career amongst us of a Judge whose arduous duties have been discharged to the universal satisfaction of the community.

I am, &c.,

COWASJEE JEHANGHIER READYMONY.

Bombay, 11th March.

---

૧ ગુજરાત મિત્ર, તા૦ ૭ મી મારચ ૧૮૬૯.

તા૦ ૬ ઠી મારચ.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ આજ દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં "જમશેદી નોરોજ" ઉપર એક ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરસી શેઠ દાદાભાઈ નવરોજજી પ્રોફેસરને આપવામાં આવી હતી.[૨]

તા૦ ૮ મી મારચ.

"સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુટ" ને લગતી નિશાળોના છોકરા તથા છોકરીઓને ઇનાંમો આપવા માટેનો એક મેલાવડો આજ દીને કોટ મધેનાં મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટનાં ઘરમાં થયો હતો. સરનશીનની ખુરસીએ હાનરેબલ બી. એચ. એલીસ બીરાજયો હતો. એ ખાતાંના પ્રીનસીપાલ મી૦ જેમસ બરજેસે રીપોરટ વાંચી સંભલાવ્યો, જેમાં જણાવ્યા મુજબ એ ખાતાંને લગતી મુંબઇની નિશાળોમાં ૮૮૬ છોકરા તથા ૫૭૧ છોકરીઓ, તથા દેશાવરોની નિશાળોમાં ૧૫૬૯ છોકરા અને ૧૧૦૭ છોકરી મલી ૪૧૩૩ બાળકો કેળવણી લેતાં હતાં. દેશાવરો ખાતે એ ખાતાંની ૧૨ છોકરાઓની, ૮ છોકરીઓની, અને ૨) છોકરીઓના ખાસ વર્ગો મલી ૨૨) નિશાળો છે. એ બાદ છોકરાઓ તથા છોકરીઓએ કવિતા ગાઇ સંભલાવ્યા પછી નામદાર ગવરનરની વહુ મીશીસ ફીટઝજારાલડે છોકરાંઓને ઇનામો વેંહચી આપ્યાં, જે પછી નામદાર સરનશીને એક સુભાષીત ભાષાણ કીધું હતું. એ પછી સર જમશેદજી જીજીભાઇ બારોનેટે ઉઠી નામદાર સરનશીનનો તથા મીશીસ ફીટઝજરાલડનો ઉપકાર માન્યો, અને સભા બરખાસ્ત થાઇ હતી.[૨]

તા૦ ૧૧ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—જમશેદજી એદલજી ભંડારા[૩]—ઉમર વર્ષ ૫૧) એવણ પ્રથમ ૧૮૩૮ માં ચીન ગયા હતા, અને ત્યાં

---

૧ એજ બાબદ ઉપર શેઠ ખરશેદજીએ એક ભાષાણ તા૦ ૧૭ મી મારચ ૧૮૬૯ ને દીને કોટ મધેની મરહુમ માણેકજી શેઠની વાડીમાં, તથા તા૦ ૧૮ મી મારચે ખેતવાડી મરહુમ શેઠ કાવશજી માણેકજી આશાબ્યરનની દરેમેહરમાં, તથા તા૦ ૧૯ મી મારચે બાહેરકોટની મરહુમ શેઠ મનચેરજી બહમનજી શેઠની દરેમેહરમાં, તથા તા૦ ૨૦ મી મારચે મજગાંમ મધેની શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલની દરેમેહરમાં કીધું હતું.

એ ભાષાણો સંબંધી કોઇને કાંઇ પુછવું હોય અથવા તકરાર કરવી હોય તે માટે તા૦ ૧૪ મી તથા તા૦ ૨૮ મી મારચ ૧૮૬૯ ને દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં શેઠ ખરશેદજીએ બે સભાઓ ભરી હતી, જેમાંની છેલ્લીમાં એવો ઠેડાવ થયો હતો કે "આ મીજલસ સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીને અરજ કરેછે કે તેવણે આ મીજલસના સરનશીન તરીકે મીજલસની તરફથી આપણા દસ્તુરોને કાગલ લખવા, તથા તેમાં અરજ કરવી કે શેઠ ખરશેદજીએ ઊઠાવેલા સવાલમાં દસ્તુર સાહેબોનું શું મત છે તે જાણવાને વાસ્તે આ મીજલસ તેમજ જરતોશતી આલમ ઘણી ઇનતેજાર છે, અને ઇછે છે કે તેઓ એવી એક મીજલસમાં આવીને પોતાનું મત જણાવે અને સાચું નહીં હોય તો તકરાર લેય." એ પછી તા૦ ૧૦ મી આપરેલ ૧૮૬૯ ને દીને એજ બાબદ ઉપર એક બીજું બોલાસેવાર ભાષાણ કીધું હતું, તથા તે ઉપર વધારે તકરાર કરવાને તા૦ ૧૮ મી આપરેલ ૧૮૬૯ ને દીને પાછી એક બીજી સભા એજ ઠેકાંણે બોલાવી હતી, તથા તેમાં વધારે ઘટતી તકરાર અને જોસ્તેજો ચલાવવાના હેતુંથી આગલી તા૦ ૨૮ મી મારચની સભાના ઠેડાવ મુજબ તે સભામાં બીરાજેલા સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ અતરેના દસ્તુરોને ખાસ ચીઠી લખી બોલાવ્યા હતા, પણ તેઓ હાલ એ તકરારનો હીગાંમ નથી, અને તકરાર કરવી તો તે આવી જાહેર નહિં પણ જંદ પેહેલવી જાણનારાઓની ખાંનગી સભામાં કરવી એમ બાહણું કાડી કોઇ આવ્યા નહીં. વળી તેમની એ સુચનાં મુજબ પારસીઓમાં જંદ પેહલવી જાણનારાઓપર ખાસ ચીઠીઓ લખી શેઠ ખરશેદજીએ તેમને તા૦ ૯ મી મેએ ૧૮૬૯ ને દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં એક ખાંનગી સભા કરી બોલાવ્યા હતા, પણ ત્યાં જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીના કેટલાક મીજલસીઓ સિવાય બીજા કોઇ દસ્તુરો ઇયા જંદ પેહલવી જાણનારાઓ ન આવ્યાથી એ તકરાર તે મંડલીની સભાઓમાંજ કરવાને ઠેડવ્યું હતું.

ઉપલી તકરારી સભાઓમાં શેઠ શાપુરજી હોરશંગજી ડોટીવાલા નામના એક જઇફ જરથોસ્તીએ આપણાં ઇઅજદરદી સનેની ગણત્રિઓ બાબે કેટલાક વાંધાઓ ઊઠાવ્યા હતા, તેનાં પુરાવા આપવા તથા એ શેઠ સાથે તકરાર કરવાને શેઠ ખરશેદજીએ તા૦ ૧૭ મી આપરેલથી તે તા૦ ૧૫ મી મેએ ૧૮૭૦ સુધીના ચાર રવીવારે લાગત ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં સભાઓ ભરી હતી. શેઠ શાપુરજીનું કેહવું એમ હતું કે ઇરાંનથી આપણા લોક નાશી આયા પછી આજ સુધીમાં દશ વખત કબીશા કરવા જોઇતા હતા તે ચાર વખત કીધાછે અને બાકીના છ કીધા નથી. આ તકરારને શેઠ દીનશાહજી દોરાબજી મેહતા આબકારવેટરીવાલાએ જોતીશ શાસ્ત્રના કાએદા મુજબ ઠેડવી તેને ટેકો આપ્યો હતો. શેઠ ખરશેદજીનું કેહવું એમ હતું કે દશે દશ કબીશા કરવાના છે, એકુબી કીધો નથી.

ઉપલાં જમશેદી નોરોજ વિષેનાં શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીનાં ભાષાણો તથા તકરારોમાં મુખીઅ બાબદ એ હતી કે જરથોસ્તીઓનું દીનનું વર્ષ ૩૬૫ા દાહડાનું છે, અને ઇરાંનનું આપણું રાજ ગયા પછી આપણ સર્વે તે ૩૬૫ દાહડાનું ગણયે છૈયે. જેથી ૦। દાહડાની દર વર્ષે કસર આજ વર્ષો થયાં લેવાઇ નથી. એ કસર નહિં ગણયાથી ઘહંબાર, રપીથવન, તથા જશનો તેમના ઠેડવેલા હીગાંમ ઉપર આવતાં નથી; અને તેમને બરાબર લાવવાનો ઊપાય એજ છે કે તા૦ ૨૧ મી મારચથી નવાં વર્ષનો દાહડો ગણવો, તથા વખતની ગણત્રિમાં જે કસર આવીછે તે કાહડી નાખવી, અને હવે પછી આફતાબી વર્ષની ગણત્રિ કરવી. આ બાબેનો ઊપાય શું કરવો તે વિષે બે મત હતાં. એક મત એવું હતું કે ૧૨૦ વર્ષે મહનો વધારવો અને શેઠ ખરશેદજીનું મત એવું હતું કે ૪ વર્ષે ૧ દાહડો વધારવો.

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૧૧ મી મારચ ૧૮૬૯.

૩ એઓના એક ભાઇ શેઠ પેશતનજી એદલજી ભંડારા લાહોર મધે તા૦ ૮ મી નવેમબર ૧૮૭૩ ને દીને મરણ પામ્યા હતા.

શેઠ નશરવાંનજી અરદેસર ભાંણુજ સાથે ભાગમાં વ્યાપાર તથા આડતનું કામ કરતા હતા. એ પછી પોતે એખલા તે તરફ ધંધો કરતા હતા. ચીનમાં એઓ ઘણાં વર્ષ રહ્યા હતા, અને મરણ પણ હાંગકાંગ મધેજ પામ્યા હતા.

તા૦ ૧૧ મી મારચ.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ મેદાંન મધે બંધાતી નવી સેંટ ઝેવીઅરસ કાલેજમાં એક ટૉવર બાંધવાને જો સરકાર રૂ૭૫૦૦) આપેતો પોતે પણ એટલાજ રૂપીઆ આપવાની આજ દીને મુંબઇના લારડ બીશપ ઉપર એક પત્ર લખી માગણી કીધી હતી. એ પત્રમાં તેવણે જણાવ્યું હતું કે મુંબઇની ટાપુના પેહલા રેહવાસી પોરટુગીજો છે તેઓની ઓલાદના તરફ મારો ચાહ અને આબરૂ બતાવવા સારૂં હું ઉપલી રકમ આપવા લાગુંછું.[૨]

૧ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૧૫ મી મારચ ૧૮૬૯.

શેઠ કાવશજીએ લખેલો આ પત્ર નીચે મુજબ છે:—

Bombay, 11th March 1869.

To

THE RIGHT REVEREND DR. LEO MEURIN, S.J.

My Lord,—Having heard that there are not sufficient funds for building the tower designed for your College on the Esplanade, towards which Government is contributing its moiety, I wish to show my esteem and respect to the descendants of the Portuguese, the first inhabitans of this island, who made it over to the British Government to the Infanta Catherena on the occasion of her marriage with King Charles the Second of England, by offering to your Lordship the sum of (7,500) Rupees seven thousand five hundred, on condition that Government will add an equal amount, and that the Institution shall be open to Portuguese students.

I have the honor to be,
My Lord,
Your faithful Servant,
COWASJEE JEHANGHIER.

સરકારે એ કાલેજ બાંધવા માટે મુફત જમીન તથા રૂ૬૧૦૦૦) ની ગ્રાંટ આપેલી હોવાથી ઉપલી ટાવરને માટેની શેઠ કાવશજીના લખવા મુજબની રકમ આપવાને ના પાડયું હતું. તોપણ કાલેજના સત્તાવાલાઓએ એ ટાવરને એમનું નામ આપવાનું કબુલ કીધાથી શેઠ કાવશજીએ તે બાંધવાનાં ફંડમાં રૂ૫૦૦૦) નો ચેક, તથા મેટ્રીકયુલેશનની પરીક્ષામાં પસાર થઇ એ કાલેજમાં શિખતા પોરટુગીજ વિદ્યાર્થીને બે વરસ સુધી એમનાં નામની સ્કાલરશીપ આપવાને રૂ૨૫૦૦) ની સરકારી નોટ મલી રૂ૭૫૦૦) તા૦ ૯ મી નવેમબર ૧૮૬૯ ને દીને રોમન કાથેલીક પંથના "વીકાર એપોસ્ટોલીક" ઉપર મોકલી આપ્યાં હતાં. એ ટાવરના હેઠલના ભાગ ઉપર એક સંગેમરમરની નાખલી તખ્તીમાં નીચલો લેખ કોતરેલોછે:—

THE
COWASJEE JEHANGHIER, C.S.I.
TOWER.

તા૦ ૧૧ મી મારચ.

મુંબઇ ઇલાકાની ડીસ્ત્રીકટ કોરટોના પલીડરોની આએ શાલ લેવાયલી પરીક્ષામાં નીચલા ત્રણ પારસીઓ પસાર થયા હતા—

શેઠ કુવરજી કોયાજી.
શેઠ બહમનજી મનચેરજી.
શેઠ શાવકશાહ શોરાબજી દાવર.[૨]

તા૦ ૧૮ મી મારચ.

અતરેની હાઇ કોરટના વકીલો તથા મુનસફીની આએ શાલ લેવાયલી પરીક્ષામાં નીચલા બે પારસીઓ— શેઠો નશરવાંનજી નવરોજજી પલીડર અને ગાંધીભાઇ જાંગીરજી મોદી, પસાર થયા હતા.

ભરૂચના ડીસ્ત્રીકટ પોલીસ ઇનસ્પેકટર શેઠ હીરજીભાઈ જીવણજી પટેલ એલાવવાલાને નામદાર સરકારે સુરતના સીટી પોલીસ ઇનસ્પેકટર નેમ્યા હતા.[૩]

તા૦ ૧૯ મી મારચ.

મુંબઇના નામદાર ગવરનરની કોનસીલના એક અધિકારી હાનરેબલ બી. એચ. એલીસને કલકતે નામદાર વાઇસરાયની કોનસીલના અધિકારી નેમ્યાથી તે નામદારનો આ ઇલાકા સાથનો સંબંધ બંધ પડવાથી તેને અતરેના દેશીઓ તરફથી એક માનપત્ર આપવા તથા મુંબઇની યુનીવરસીટીના સંબંધમાં તેની કાંઇ યાદગારી કાએમ રાખવાનો વિચાર કરવાને આજ દીને અતરેના દેશી આગેવાનોની એક સભા હાનરેબલ મંગલદાસ નથુભાઈના ગીરગાંમના બંગલામાં તેમનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી. આ વેળાએ માનપત્ર આપવા તથા યાદગારી રાખવાના ઠેડાવો થયા બાદ તે અમલમાં લાવવા સારૂં ૧૭ હિંદુ, ૩ યાહુદી, ૪ મુસલમાંન, અને ૧૧ પારસી (સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, ફરાંમજી નશરવાંનજી પટેલ, રૂસતમજી જમશેદજી જીજીભાઈ, દીનશાહજી માણેકજી પીટીટ, નવરોજજી ફરદુનજી, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, અરદેસર ફરાંમજી મુસ, ખરશેદજી કાવશજી આશબરનર, નાનાભાઈ બેહરાંમજી જીજીભાઇ, ડોશાભાઈ ફરાંમજી કરાકા) ગ્રહસ્થોની એક કમીટી તથા શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકાને તેના શેક્રેટરી નેમી સભા બરખાસ્ત થાઇ હતી.[૪]

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૧ મી મારચ ૧૮૬૯.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૮ મી મારચ ૧૮૬૯.

૪ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૨ મી મારચ ૧૮૬૯.

ઉપલું માનપત્ર હાનરેબલ મી૦ એલીસપર તા૦ ૩ જી આપરેલ ૧૮૬૯ ને દીને મોકલવામાં આવ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે તે નામદારની યાદગારીમાં અતરેની યુનીવરસીટીમાં તેનાં નામની એક સ્કાલરસીપ સ્થાપવામાં આવશે. એ માનપત્રનો

તા૦ ૨૦ મી મારચ.

સુરતની પાસેનાં શીગણપોર ગામમાં ત્યાંવાલા શેઠ કાવશજી ફકીરજીએ ગુજરાતી નિશાલને માટે સરકારને એક મકાન બંધાવી આપ્યું હતું, તે આજ દીને ખોલ્લું મુકવાની ક્રિઆ ગુજરાતના એડયુકેશનલ ઇનસ્પેક્ટર ડાકટર બુલરે એક મેળાવડાની હજુરમાં કીધી હતી.[૧]

તા૦ ૨૧ મી મારચ.

સુરત મધે નાનપરામાં આજ દીને શેઠ કાવશજી ફરદુનજી કરાકાએ "સુરત તથા હિંદુસ્થાંનના બીજા ભાગોમાં દેશી સ્ત્રીઓની સંસારી હાલત" એ બાબદ ઉપર ઇંગ્રેજીમાં એક ભાષાણ કીધું હતું.[૨]

તા૦ ૨૩ મી મારચ.

શેઠ હોરમજજી મેહરવાંનજી જાલનેવાલાને નામદાર નીજાંમ સરકારે ત્યાંનાં કાદર આબાદ નામના તાલુકામાં કમીશનર તરીકે નેમ્યા હતા.[૩]

હાનરેબલ મી૦ એલીસે સીમલેથી તા૦ ૨ જી આગશટ ૧૮૬૯ ને દીને જવાબ વાલી સર્વેનો ઊપકાર માન્યો હતો.

ઊપલાં હાનરેબલ મી૦ એલીસનો યાદગારીનાં ફંડમાં રૂ૧૦૦૦) ભાવનગરના માહરાજા, રૂ૨૭૭૫) હિંદુ, રૂ૬૫૦) મુસલમાંન, અને રૂ૩૦૨૦) નીચે મુજબ પારસીઓના મલી રૂ૭૪૪૫) ભરાયા હતા :—

(રૂ૫૦૦) સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, દીનશાહજી માણેકજી પીટીટ. (રૂ૩૦૦) ફરાંમજી નશરવાંનજી પટેલ. (૨૦૦) ખાંનબાહદુર પદમજી પેશતનજી. (રૂ૧૨૫) કાવશજી જાંગીરજી રેડીમની. (રૂ૧૦૦) નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ, પેશતનજી જાંગીરજી તાલેયારખાં, ડોશાભાઇ ફરાંમજી કરાકા, નશરવાંનજી બહમનજી મોદીના છોકરાઓ, ખરશેદજી કાવશજી આશાબરનર. (રૂ૫૦) જામાસપજી બહમનજી ભાવનગરી, જમશેદજી ધનજીભાઇ વાડીઆ, બહમનજી જીજીભાઇ, ફરાંમજી ધનજીભાઇ બાટલીવાલા, (રૂ૩૫) શાપુરજી જામાસપજી ભાવનગરી (રૂ૨૫) નશરવાંનજી ચાંદાભાઇ, મેહરજીભાઇ બાપુજી વીકાજી, ડાકટર કાવશજી હોરમજજી, એદલજી રૂસતમજી રીપોરટર, નવરોજજી ફરદુનજી, હોરમજજી બાપુજી વીકાજી. (રૂ૧૦) બેજનજી મનચેરજી ઇજનેર.

એ મધેથી રૂ૨૩૯) ખરચના બાદ કરી તા૦ ૧૯ મી આપરેલ ૧૮૭૦ ને દીને એ ફંડના પ્રેસીડંટ હાનરેબલ મંગલદાસ નથુભાઇ અને શેક્રેટરી શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકાએ રૂ૭૨૦૬) ની રકમ મુંબઇની યુનીવરસીટીના રેજીસ્ત્રાર ઊપર મોકલી તે મધેથી દર માસે રૂ૨૫) ની એક સ્કાલરશીપ હાનરેબલ મી૦ એલીસનાં નામથી જે વિદ્યાર્થી બી. એ. ની પરીક્ષામાં ઇંગ્રેજી સાહીત્યમાં સર્વેથી ચઢતો આવે તેને આપવાનો બંદોબસત કીધો હતો.

૧ ગુજરાત મિત્ર, તા૦ ૪ થી આપરેલ ૧૮૬૯.

૨ મુંબઇ ચાબુક, તા૦ ૨૭ મી મારચ ૧૮૬૯.

૩ જામે જમશેદ, તા૦ ૨૪ મી મારચ ૧૮૬૯.

તા૦ ૨૫ મી મારચ.

કરાંચીની પારસી ડીસ્ત્રીક્ટ માટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ શેઠ શાપુરજી હોરમજજી સોપારીવાલાએ પોતાનો ઓહદો છોડવાથી નામદાર સરકારે તેમની જગોએ શેઠ રૂસતમજી ફરાંમજી સાટનનાને નેમ્યા હતા.[૪]

તા૦ ૨૯ મી મારચ.

અતરેની હાઇકોરટના નામદાર જડજ હાનરેબલ એચ. પી. સેંટ જયારજ ટક્કર નામદાર ગવરનરની કૌનસીલના અધિકારી નેમાયાથી, તે નામદારને આજ દીને પારસી ચીફ માટરીમોનીઅલ કોરટની એક બેઠક પુરી થયા પછી પારસી ડેલીગેટોની તરફથી તેમના ફોરમેન સર જમશેદજી જીજીભાઈ બારોનેટે ઉઠી તે નામદારનો આ કોરટમાં બીરાજવાનો આ છેલ્લો દિવસ હોવાથી તે નામદારે ઇ૦ સ૦ ૧૮૬૫ માં આ કોરટ સ્થાપી ત્યારથી તેના જડજ તરીકે જે સભયતા તથા લાયકીથી પોતાનો ઓહદો બજાવ્યો તે માટે આભાર માની તેમના નવા મોટા ઓહદાપર જવા સારૂં મુબારકબાદી આપી હતી.[૫]

તા૦ ૩૦ મી મારચ.

ડાકટર મારટીન હાઉગે વંદીદાદની ૧૮ મી પરગરદના તરજુમા તથા ખોલાસાનું એક પુસ્તક જરમન ભાષામાં રચી મ્યુનીચ મધે છપાવી પ્રગટ કીધું હતું.[૬]

---

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૨૫ મી મારચ ૧૮૬૯.

૫ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૩૧ મી મારચ ૧૮૬૯.

નામદાર જસટીસ ટક્કરે તેમને આ માન આપવા માટે ડેલીગેટોનો ઊપકાર માનતાં જે ભાષાણ કીધું, તેમાં જણાવ્યું હતું કે—

"I have invariably taken a deep interest in the experiment which was made by the passing of the Parsoo Marriage and Divorce Act of 1865, and I have always felt that it showed great public spirit and self-restraint on the part of the elders and leaders of the Parsee Community in Bombay that they should have voluntarily placed themselves under a strict matrimonial law, with the view of putting an end to the lax customs and immoral usages which were springing up and increasing, owing to the impotency of the Parsee Punchayet to enforce its decrees. A reform of this character, voluntarily introduced by any particular race or nation, indicates on the part of the leading men of the race or nation which makes it, a strong desire for improvement; and cannot fail to excite the admiration and respect of competent and impartial observers, even though the result may not have proved to be as immediately benificial as the promoters of the change originally anticipated. My experience in this court has led me to believe that the law under which the Court has been constituted admits of considerable improvement, and I shall always be happy to listen to any suggestions which you may any of you wish to make on this subject, and will do my best to secure an attentive hearing for any opinions which you may entertain and record on the present working of the Act."

૬ "Das Achtzehnte Kapitel des Wendidád über-setzt und erklönt. von, Dr. Martin Haug. Munchen, 1869."

તા૦ ૧ લી આપરેલ.

રોજ ૧૨ માહ ૭ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ માણેકબાઈ તે હાનરેબલ બેહરાંમજી જીજીભાઇનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તેવણના ખાવંદ હાનરેબલ બેહરાંમજી જીજીભાઇએ રૂ૨૫૦૦૦) ની સરકારી નોટ એલાહેદી કાઢી તેનું જુદું તરસ્ટ કરી જે કાંઈ વ્યાજ ઉપજે તે દર વર્ષે તરસ્ટીઓનાં ધેઆંનમાં દરૂસ્ત લાગે તેવાં કોઇબી ધર્મખાતાંમાં મરનારનાં નામથી આપવામાં આવશે, તથા તેના વહીવટનો હીસાબ દર વર્ષે છપાવવામાં આવશે એ પ્રમાણે તંદરોસ્તી પઢાવી હતી.[૧] એજ મુજબ મરનારના દીકરા શેઠ નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇએ રૂ૧૦૦૦), વહુ બાઈ હીરાંબાઇએ રૂ૧૦૦૦), તથા નબીરાંઓ શેઠો રૂસતમજી, દાદાભાઈ, અને બાઇ ગુલબાઇ નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇએ રૂ૧૦૦૦) મલી રૂ૩૦૦૦) જુદાં જુદાં ધર્મખાતાંઓમાં આપ્યાં હતાં.[૨]

તા૦ ૨ જી આપરેલ.

રોજ ૧૩ માહ ૭ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—નશરવાંનજી દોરાબજી મેહતા[૩]—ઉમર વર્ષ ૬૬) શેઠ દોરાબજી રૂસતમજી મેહતાના વડા દીકરા. એવણ પ્રથમમાં ઈ૦ સ૦ ૧૮૨૧ માં શેઠ ફરામજી મનચેરજી કોહલા સાથે ચીન ગયા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૩૫ થી પોતાના ભાઈ શેઠ બેહરાંમજી દોરાબજી મેહતા સાથે "નશરવાંનજી દોરાબજી" નાં નામથી ચીનનો વ્યાપાર ચલાવતા હતા. એ પછી તા૦ ૧૪ મી મેએ ૧૮૪૩ ને દીને શેઠ કાવશજી શાપુરજી લંગડાને તેમાં ભાગ્યા કરી તે વહીવટ ઘણો વધારયો હતો. એ બાદ તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૫૩ થી પતીઆલું છોડી પોતે એખલાએજ વ્યાપાર ચાલુ રાખ્યો હતો. એવણે ઘણાં વર્ષ ચીન મધે કાઢયાં હતાં.

તા૦ ૩ જી આપરેલ.

નીચલા પારસી ગ્રહસ્થોને આએ વર્ષમાં તેમનાં નામની સાંમે લખેલાં જુદાં જુદાં મથકોની મ્યુનીસીપાલીટી તથા ડીસ્ટ્રીકટ લોકલ ફંડ કમીટીના મેમબરો તરીકે નામદાર સરકારે નેમ્યા હતા:—

મ્યુનીસીપાલીટી.

ઉરન—શેઠ જાંગીરશાહ શેરાબશાહ તાલેયારખાં.

કલીઆંણી—શેઠ ખરશેદજી રૂસતમજી થાંણેવાલા,[૪]
ડાકટર નશરવાંનજી ધનજીભાઇ.

ઇગતપુરા—શેઠ ધનજીભાઇ રૂસતમજી.

નાશક—શેઠ ખરશેદજી નશરવાંનજી શેઠના, પોલીસ ઇનસ્પેકટર.
શેઠ બેહરાંમજી જાંગીરજી રાજકોટવાલા

તારાપોર—શેઠ રૂસતમજી શેરાબજી ભાબ,
શેઠ શેરાબજી જેશંગજી.

નડીઆડ—શેઠ રતનજી શાપુરજી ઓથીઆ, હાઇ સ્કુલના હેડ-માસટર.

ધોલકા—શેઠ તેહમુલજી હોરમજજી ગોદરેજ.

કરાંચી—શેઠ બેહરાંમજી મેહરવાંનજી કોટવાલ.

ડીસ્ટ્રીકટ લોકલ ફંડ કમીટી.

થાંણા—શેઠ હોરમજજી જાંગીરજી દાદીશેઠ,
શેઠ માણેકજી શેરાબજી આશબરનર.

ખેડા—શેઠ ખરશેદજી પેશતનજી મોદી.

તા૦ ૪ થી આપરેલ.

રોજ ૧૫ માહ ૮ (ક૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—દાદાભાઇ રૂસતમજી પટેલ—ઉમર વર્ષ ૫૯). શેઠ રૂસતમજી કાવશજી પટેલના ત્રિજા દીકરા. એવણ પોતાના બાપના વખતથીજ તેમની પટેલાઇનાં તથા "બોટ કંત્રાકટ" નાં કામોમાં પડેલા હતા; ઈ૦ સ૦ ૧૮૩૭) માં એવણને સરકાર તરફથી બારાં માંહેનાં બારકસોપર પાણી પુરૂં પાડવાનુ કંત્રાકટ મલ્યું હતું, તે ઈ૦ સ૦ ૧૮૫૫) લગણ ચલાવ્યું હતું. મુંબઇ મધે વ્યાપારીઓનો માલ વાહાણોપરથી ઉતારવા તથા ચઢાવવાની "લાંડીંગ એંડ શીપીંગ કંપની" ૧૮૪૨ માં નીકલી તેના શુપરીનટેનડન્ટનો ઓહ્દો તે કંપનીની હૈયાતી સુધી એવણે ચલાવ્યો હતો. ૧૮૪૫ માં એવણનું "સ્કેલબી કાસ્ટલ" નામનું ૧૫૦૭ ટનનું એક મોટું વાહાણ હતું. શ્રી થાંણાની જરથોશતી અંજુમનના એવણ ઈ૦ સ૦ ૧૮૪૩ માં પોતાના બાપનાં મરણ બાદ સરનશીન ઠડયા હતા, તથા તે અંજુમનનું એક ફંડ સ્થાપ્યું હતું. ઈ૦ સ૦ ૧૮૬૪ માં ત્યાંનાં જરથોશતી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનું ફંડ પણ એવણે ઉભું કીધું હતું, અને તે

૧ એ રૂ૨૫૦૦૦) નું જુદું તરસ્ટ ન કરતાં તે એલાહેદા રાખી હાનરેબલ બેહરાંમજીએ તા૦ ૧૪ મી ડીસેમબર ૧૮૭૨ ને દીને જે મોટું રૂ૨૫૦૦૦૦૦) પચીસ લાખનું પોતાના વડા વારસના લાભનું તરસ્ટ કીધું હતું તેમાં ધર્મનાં કામોને માટે જુદા શામેલ કીધાછે.

૨ જામે જમશેદ, તા૦ ૩ જી આપરેલ ૧૮૬૯.

૩ શેઠ જમશેદજી નશરવાંનજી મેહતાના બાવા.

૪ શેઠ ખરશેદજી કલીઆંણીના સબારડીનેટ જડજ હોવાથી તેવણે સરકારમાં લખી જણાવ્યું કે ઇનસાફ ખાતાંના અમલદારોને મ્યુનીસીપાલ કમીટીમાં નેમવાથી ઇનસાફનાં કામને બાજે વખત અગવડ જેવું થાઇ પડશે. આ ઉપરથી નામદાર સરકારે એવણનાં મત સાથે એક મલતા થાઇ તા૦ ૧૫ મી અકટોબર ૧૮૬૯ ને દીને એક ઠેડાવ બાહેર પાડયો કે હવેથી કોઇબી જડજ, આસીસટંટ જડજ અથવા સબારડીનેટ જડજને મ્યુનીસીપાલીટીના મેમબર તરીકે નેમવા નહિં.

આગમજ ત્યાંના નશેશાલારીનો પગાર પોતાની ગીરોથી આપતા હતા; તેમજ ત્યાંના જરથોસ્તીઓનાં બાળકોને ધર્મની તથા ગુજરાતી ભાષાની કેળવણી આપવા માટે એવણે એક નિશાળ સ્થાપી હતી. બાહેરકોટનું પોતાના બાપાવા મરહુમ શેઠ કાવશજી રુસતમજી પટેલનું બંધાવેલું નશાખાનું ઘણું જુનું થવાથી એવણે ઈ૦ સ૦ ૧૮૪૯ ની તા૦ ૨૭ મી અક્ટોબરે તે નવેસરથી પાછું બંધાવી આપ્યું હતું. થાણાનાં એવણના બાવાએ બંધાવેલાં દોખ્મમાંની સામેની ખોલ્લી સગડીને નવેસરથી છાપરું કરાવી તે તા૦ ૧૨ મી આપરેલ ૧૮૫૪ ને દીને ત્યાંના લોકોને વાપરવાને ખોલ્લી મુકી હતી. એવણનાં મરણથી થાણાંના જરથોસ્તીઓ ઘણા દલગીર થયા હતા.

તા૦ ૪ થી આપરેલ.

આજ દીને સુરતની પાસેનાં ભાઠાં ગામમાં ત્યાંના એક વતની શેઠ માણેકજી દોરાબજી બુચરે પોતાનાં ધણીઆંની બાઈ માણેકબાઈની નહએતે જરથોસ્તીઓના સર અવસરના વપડાસને માટે એક ધર્મશાલા બંધાવી ખોલ્લી મુકી હતી.[1]

તા૦ ૮ મી એપરેલ.

ઉત્તર વિભાગના સેટલમેંટ આફીસર શેઠ પેશતનજી જાંગીરજી તાલેયારખાંનને નામદાર સરકારે દક્ષિણ વિભાગના કામચલાઉ "એલીએનેશન સેટલમેંટ આફીસર" તરીકે નેમ્યા હતા.[2]

તા૦ ૯ મી આપરેલ.

જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી તરફથી ઈ૦ સ૦ ૧૮૬૫ ના જાનેવારી માસમાં મુંબઈનાં ગુજરાતી વર્ત્તમાન પત્રોમાં જાહેર ખબર છપાવી આદરબાદ મારેસ્પંદનાં પેહલવી પંદનામાંનો ગુજરાતી તરજુમો, દરેક પેહલવી બોલના ઉચ્ચાર તથા સેવતે સઘળા બોલો તથા જાણવાજોગ ટપોની ફરહંગ સાથે જે કોઈ જરથોસ્તી સઉથી સરસ કરી મોકલે તેને ડાક્ટર મારટીન હાઉગે તા૦ ૮ મી અક્ટોબર ૧૮૬૪ ને દીને જરથોસ્તી ધર્મ વિષે કરેલાં ભાષણની ઉપજના રૂ૧૧૦૦) મધેથી રૂ૨૦૦) નું ઇનામ આપવાને જાહેર કીધું હતું. તે મુજબ મંડલી પર એકજ રેસાલો "આતરે પાતહે અપઓનો ફ્રાવામ યજમહદે" ની નીશાંનવાલો એમ૦ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચાનો લખેલો આવ્યો હતા, અને તે ઇનામને લાએક નીકલવાથી તેમને ઉપલું ઇનામ આપ્યું હતું, અને એ રેસાલો મંડલીને હીશાબે છપાવી પ્રગટ કીધો હતો.[3]

તા૦ ૧૦ મી આપરેલ.

પુણાંના જડજ તથા દખ્ખણના સરદારોના એજંટ મી૦ એફ. લાયડ હાઇ કોરટના જડજ તરીકે નેમાવાથી તે નામદારને વીદાયગીરીનું એક માનપત્ર આપવાને પુણાંના આગેવાંન દેશી ગ્રહસ્થોની એક સભા આજ દીને ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસપઆશાનાં મકાનમાં તેમનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી. પુણાંના સદરઅમીન સૈયદ હુસન અલમેદીનીએ માનપત્ર વાંચી સંભલાવ્યો, જેનો મી૦ જસટીસ લાયડે ઘટતો જવાબ વાલ્યા બાદ મેલાવડો બરખાસ્ત થયો હતો.[4]

તા૦ ૧૫ મી આપરેલ.

ખાંનસાહેબ દીનશાહજી પેશોતનજી દસ્તુર કામદીનનાને અમદાવાદની, તથા શેઠ તેહમુલજી હોરમજજી ગોદરેજને ધોલકાની, તથા શેઠ કાવશજી એદલજી મસાંનીને વાઘરાની દીવાંની કોરટના બીજા વર્ગના સબારડીનેટ જડજ તરીકે નામદાર સરકારે નેમ્યા હતા.[5]

તા૦ ૧૬ મી આપરેલ.

મુંબઈના નામદાર ગવરનર સર સેમોર ફીટઝજરાલડ આજ દીને ડાવેજર લેડી આવાંબાઈ જમશેદજી જીજીભાઈની મોલાકાતે તેમનાં કોટ મધેનાં ઘરમાં પધારયા હતા.[6]

તા૦ ૧૭ મી આપરેલ.

શેઠ દાદાભાઈ નવરોજજી પ્રોફેસરે ઇંગલાંડ મધે ઉભી થાયલી ઇસ્ટ ઇંડીઆ આશોશીએશન વિષે ફરામજી કાવશજી ઇનિસ્ટીટયુટમાં ગુજરાતીમાં એક ભાષણ કીધું હતું. સરનશીનની ખુરસી શેઠ નવરોજજી ફરદુનજીને આપવામાં આવી હતી.[7]

---

૧ આ ધર્મશાલામાં નીચે મુજબની તખ્તી મારેલીછેઃ—

"શ્રી દાદાર હોરમજદની મદદ

"રોજ ૧૫ માહ ૭ શને ૧૨૩૮ એજદેજરદી તા૦

"૪ આપરેલ શને ૧૮૬૯ ઇશવીને દીને ધરમશાળાનું જશન

"થઊં—બંધાવનાર પારશી માણેકજી દોરાબજી બુચરની અટક

"રેવાશી ભાઠેનાંએ બંધાવી પોતાની વરીઆંણી માણેકબાઇની

"નહએતે."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૮ મી આપરેલ ૧૮૬૯.

૩ "આદરબાદ મારાસપંદનું પંદનામું. ડાકટર હાઊગનાં ઇનામનો રીસાલો. અસલ પેહેલવી જુબાંનમાં—રોમન તથા ગુજરાતી હરફે ઊચ્ચાર, ગુજરાતી તરજુમો, અને અસલમાં આવેલા દરએક શબ્દની ફરહંગ સુધાં. ઇનામ મેલવનાર, એમ૦ શેહેરીઆરજી દાદાભાઇ ભરૂચા. છપાવી પ્રગટ કરનાર, જરતોશતી દીનની ખોલ કરનારી મંડલી. મુંબઇ, દફતર આશકારા છાપાખાનામાં છાપીયુંછે. સને ૧૨૩૮ ઇઅજદજરદી—સને ૧૮૬૯ ઇસવી."

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૩ મી આપરેલ ૧૮૬૯.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૧૫ મી આપરેલ ૧૮૬૯.

૬ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૭ મી આપરેલ ૧૮૬૯.

૭ એજ બાબદ ઊપર બીજું ભાષણ તા૦ ૨૪ મી આપરેલે તથા ત્રીજું તા૦ ૧ લી મેએ કર્યાં હતાં. એ બધી સભાઓ ભરવાનો ખરચ હાનરેબલ બેહરાંમજી જીજીભાઇએ

તા૦ ૧૮ મી આપરેલ.

યુનિયન પ્રેસનાં માલેકો શેઠો નાનાભાઈ રૂસ્તમજી રાણીના અને માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાએ "ધી યુનિયન પ્રેસ" નામનું દરરોજનું વ્યાપાર વનજને લગતી બાબદોનું એક ગુજરાતી વર્ત્તમાન પત્ર પરવરતાવવા માડયું હતું.[1]

તા૦ ૨૧ મી આપરેલ.

મુંબઈના નામદાર કમાનડર–ઈન–ચીફ લારડ નેપીઅર ઑફ મગદલા આબીસીનયાથી પાછા ફરવા પછી તુરત ટક ન મલવાથી પુણાંના પારસીઓએ ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસ્પઆશાનની આગેવાંની હેઠલ આજ દીને તે નામદારને મકાને જઇ મુબારકબાદીનું એક માનપત્ર આપ્યુ હતું, તથા હિંદુસ્થાંનના નવા ઠરેલા વાઇસરાય લારડ મેયોને માટેનું માનપત્ર પણ તે નામદારને પોંહચાડવા લારડ નેપીઅરને આપ્યું હતું.[2]

તા૦ ૨૨ મી આપરેલ.

શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકાને મુંબઇમાં આવતી તા૦ ૧ લી મેએથી નવ: નાખવામાં આવનારા ઇનકમ ટાકસના કલેકટર તરીકે નામદાર સરકારે નેમ્યા હતા.[3]

સુરતની પારસી ડીસ્ત્રીકટ માટરીમોનીઅલ કોરટના બે ડેલીગેટો દસ્તુર કેખશરૂ દાદાભાઇ અને શેઠ બહમનશાહ મેહરાંમજી મેહતા મરણ પામવાથી તથા બે ડેલીગેટો શેઠો જામાસપજી બહમનજી ભાવનગરી અને મેહરવાંનજી અસ-પંદીઆરજી ભાએઆએ ઓહ્દો છોડવાથી તેમની જગોએ નામદાર સરકારે દસ્તુર નશરવાંનજી કેખશરૂ, શેઠો હોરમ-જજી નાનાભાઇ જંમ્બુસરવાળા, ફરાંમજી જામાસપજી ભાવ-નગરી અને શેરાબજી માણેકજી ભાએઆને નેમ્યા હતા.

શેઠ મેહરજીભાઇ બાપુજી વીકાજીને મુંબઈનાં કસ્ટમ ખાતાંના બીજા વર્ગના આસીસ્ટંટ કમીશનર તથા શેઠ શાપુ-રજી જામાસપજી ભાવનગરીને ચોથા વર્ગના આસીસ્ટંટ કમીશનર તરીકે નામદાર સરકારે નેમ્યા હતા.[4]

તા૦ ૨૭ મી આપરેલ.

રોજ ૮ માહ ૮ (શેં૦) ૧૨૩૮ યજદેજરદી

મરણ—જમશેદજી દોરાબજી બાંબોટવાલા[5]—ઉમર વર્ષ ૮૪) એવણ પ્રથમમાં મુંબઇ મધે બાંબોટ ઇયાંને વાહણો પર ખોરાકી વગેરેનો સામાંન બોટોમાં લઈ જઇ વેચી આવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૨ થી દુબાશનું કામ કરવા માડયું હતું, તથા આગલી રાયલ અને પછવાડેથી ઇંડીઅન નેવીને લગતાં વાહણો તથા મનવારોના પણ એવણ દુબાશ હતા. કામ કરવાની એવણની ચોંપ તથા જહડફને માટે એ ખાતાંઓને લગતા ઘણા મોટા અમલદારોએ એવણને વારંવાર શાબાશી તથા સરટીફીકેટો આપી હતી.

તા૦ ૧ લી મેએ.

આજ રાત્રે મુંબઇ મધે કોટમાં ઇંગ્રેજ બજારમાં મેડો સ્ત્રીટમાં ચામડાંકામ વેચનાર મી૦ ગ્રાંટની દુકાનમાં એક મોટી આગ લાગી હતી, જેથી તે ઇમારત કે જે શેઠ જમ-શેદજી હોરમજજી પોટરની હતી તે તથા તેની પાશની શેઠ પેશતનજી સુખલાજી બેનેટની એક મોટી ત્રણ મજલાની ઇમારત બળી ગયાં હતાં.[6]

તા૦ ૧૦ મી મેએ.

દસ્તુર એરચજી શેરાબજી મેહરજીરાંણાએ જરથોસ્તી મજહબને લગતી કેટલીક બીનાઓની સવાલ જવાબના આકારમાં "રેહબરે દીને જરથુશતી" નામની એક કેતાબ છપાવી પ્રગટ કીધી હતી.[7]

આપ્યો હતો. એ ત્રણડે ભાષાણોનું એક ચોપાનયું નીચલાં નામથી એજ શાલમાં છપાવી પ્રગટ કર્યું હતું—

"ઇસટ ઇનડીઆ આસોસીએશન તથા તેનાં કામ વીશે શેઠ દાદાભાઇ નવરોજીએ કીધેલાં ૩ ભાશાણો. તથા એ આસોસીએશનની લંડન ખાતેની કાઊનસીલના તથા અતરેની શાખાની કમીટીના મેમબરોનાં નામની ટીપ તથા ધારા. મુંબઇ; યુનિયન પ્રેસમાં ન્હાનાભાઇ રૂસ્તમજી રાણીનાએ છાપ્યું છે. ૧૮૬૯."

વળી એજ બાબદ ઊપર તા૦ ૫ મી મેએ તથા તા૦ ૩ જી જુન ૧૮૬૯ ને દીને શેઠ દાદાભાઇએ એજ જગા ઊપર સર્વે ઝાતના લોકોને માટે ઇંગ્રેજીમાં બે ભાષાણ કીધાં હતાં. તે વેળાએ સરનશીનની ખુરસી શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકાને આપવામાં આવી હતી.

૧ એ પત્ર આસરે છ મહીના ચાલી બંધ પડયું હતું.

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૩ મી આપરેલ ૧૮૬૯. આ માનપત્રનો નામદાર લારડ મેયોએ તા૦ ૨૨ મી મેએ ૧૮૬૯ ને દીને સીમલાથી ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જોગ જવાબ લખી પુણાંના પારસીઓનો ઊપકાર માન્યો હતો.

૩ શેઠ ડોશાભાઇએ પોતાની નેમણુક થયા પછી અતરેનાં ઇંગ્રેજી તથા ગુજરાતી વર્તમાંન પત્રોમાં તા૦ ૨૭ મી આપરેલ ૧૮૬૯ ને દીને એક લંબાન પત્ર લખી રૈયતના લોકોને એ કર બાબે સમજણ આપી હતી, તથા સર્વેએ તેમને પોતાની આવકને લગતી જોઇતી ખબરો બરાબર આપવી, તેવણ તે ખાંનગી રાખશે, અને સર્વેને બરાબર ઇનસાફ આપશે એમ જાહેર કીધું હતું.

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૨૨ મી આપરેલ ૧૮૬૯.

૫ અતરેના એક દીનસુસ્ત જરથોસ્તી શેઠ રૂસતમજી જમશેદજી બાંબોટવાલાના બાવા.

૬ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૩ જી મેએ ૧૮૬૯.

૭ "રેહબરે દીને જરથુશતી. એટલે જરથુશતી દીનનો ભોમીઓ. બનાવનાર, એરચજી દસતુર સોહરાબજી મેહરજીરાંણાં. મુંબઇમાં આપએખતીઆર છાપખાંનાંમાં નશરવાંનજી દોરાબજી આપએખતીઆરે છાપીછે. સને ૧૨૩૮ ઇઅજદગરદી."

તા૦ ૧૫ મી મેએ.

નામીચા ફ્રેંચ વિદ્વાન કાઉંટ ગોબાનોએ પારસીઓની તવારીખનાં બે પુસ્તકો અસલી ગ્રીક, લાટીન, તથા ઉગમણુ તરફના ગ્રંથકારો પરથી રચી પારીસ મધે છપાવી પ્રગટ કીધાં હતાં.[૧]

તા૦ ૨૦ મી મેએ.

શેઠ આદરજી જીવણજીને અમદાવાદ મધે ઇનકમ ટાકસ ઉઘરાવવાના ખાસ આફીસર, તથા શેઠ માણેકજી એદલજી ખડીખાઊને શોલાપુર અને બારસીના ખાસ આફીસર તરીકે નામદાર સરકારે નેમ્યા હતા.[૨]

તા૦ ૨૧ મી મેએ.

ટાઇમસ ઑફ ઇંડીઆના માજી અધીપતી મી૦ રાબર્ટ નાઇટે ગ્રેટ બ્રીતનની પાર્લામેંટના સભાસદો જોગ એક પત્ર લખી તેમાં હિંદુસ્થાનનાં લાભ ઉપર પાર્લામેંટ કેટલું થોડું ધીઆંન આપેછે, તથા એ દેશની આબાદી બાબે કેટલી બેપરવાઇ બતાવી સામનું તેને કેવી રીતે લુટવામાં આવેછે તે સઘું લંબાનથી બતાવી આપ્યું હતું. આ પત્રપર સત્તાવાલાઓનું ધીઆંન એંચાય માટે તે એક ચોપડીના આકારમાં ઇંગલાંડ ખાતે શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીને ખરચે છપાવી વેંહચવામાં આવ્યો હતો.[૩]

તા૦ ૨૨ મી મેએ.

ઇસ્ટ ઇંડીઆ આસોશીએશનની એક શાખા મુંબઇ મધે ઉઘાડવાને શેઠ દાદાભાઇ નવરોજજી પ્રોફેસરે આજ દીને એક જાહેર સભા ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં બોલાવી હતી. સરનશીનની ખુરસી સર જમશેદજી જીજીભાઈ બારોનેટે લીધા બાદ તેવણે તથા શેઠ દાદાભાઇએ સભાને મદદ આપવાની અગત અને તેના ફાયદા કહી સંભલાવ્યા. જે બાદ ઇસ્ટ ઇંડીઆ આસોશીએશનને આ દેશમાંથી નાણાંની મદદ તથા રાજકારોબારને લગતી ખબર અંતરો મોકલી આપવાને તેની એક શાખા મુંબઇ મધે સ્થાપવાનો ઠેડાવ થયો, તથા તેના કાએદા કાનુનો બાહલ રાખી સર જમશેદજી જીજીભાઇ બારોનેટને પ્રમુખ તથા શેઠો ફરામજી નશરવાંનજી પટેલ, હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, દીનશાહજી માણેકજી પીટીટ, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, અને બીજા પાંચ હિંદુ શેઠીઆઓને નાયબ પ્રમુખો, તથા ૧૩ હિંદુ, ૫ ઇંગ્રેજ, અને ૧૨ પારસી (શેઠો શોરાબજી શાપુરજી બંગાલી, ધનજીભાઇ ફરામજી પટેલ, અરદેસર ફરામજી મુસ, હોરમજજી દાદાભાઇ પલીડર, ખરશેદજી રૂસતમજી કામાજી, જાંગીરજી મેહરવાંનજી પલીડર પેશતનજી દીનશાહ સોલીશીટર, મનચેરજી કાવશજી મરજબાંન, ડાકટર રૂસતમજી કાવશજી બાયુરજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, ડાકટર રૂસતમજી નશરવાંનજી ખોરી, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ) ગ્રહસ્થોની એક કમીટી તથા શેઠો પીરોજશાહ મેહરવાંનજી મેહતા, એમ. એ. અને બાલા મંગેશ વાઘલેને શેક્રેટરીઓ ઠેડવી સભા બરખાસ્ત થાઇ હતી.[૪]

તા૦ ૨૩ મી મેએ.

શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ "બેજન અને મનીજેહ" ના લખેલા નાટકની એક ચોપડી વિક્ટોરીઆ નાટક મંડલીના માલેકોએ છપાવી પ્રગટ કીધી હતી.[૫]

---

૧ "Histoire des Perses, d'apres Les auteurs orientantaux, Gregs et Latins. Par, Le Comte de Gobineau. Paris MDCCCLXIX."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૦ મી મેએ ૧૮૬૯.

૩ જામે જમશેદ, તા૦ ૨૪ મી મેએ ૧૮૬૯.

૪ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૨૪ મી મેએ ૧૮૬૯.

એ શાખાએ મુંબઇમાં ઇ૦ સ૦ ૧૮૮૨ સુધી થોડુંક કામ બજાવ્યું હતું, અને તે પછીથી તેની હૈયાતી ફકત નામની છે. ઊપલી પેહલે દીને ઠેડવેલી કારોબાર મંડલીમાં અવારનવાર ખાલી પડતી જગા ઉપર પારસીઓમાં શેઠો મનચેરજી નવરોજજી બનાજી, જાંગીરજી બરજોરજી વાછા, નાનાભાઇ રૂસતમજી રાંણીના, દીનશાહ એદલજી વાછા, બેહરાંમજી મેહરવાંનજી મલબારી, કાવશજી મેહરવાંનજી સરાફ, અને બેહમનજી મનચેરજી પથકી સામેલ થયા હતા. શેક્રેટરી તરીકે શેઠ પીરોજશાહ મેહરવાંનજી મેહતાએ ૧૮૭૧ માં ઓહદો છોડયો, અને એબલા શેઠ બાલા મંગેશ વાઘલે ૧૮૭૫ સુધી. ૧૮૭૫ થી ૧૮૮૦ સુધી શેઠો જવેરીલાલ ઊમયાશંકર યાજ્ઞીક અને કાશીનાથ ત્રીંબક તેલંગ. ૧૮૮૦ થી ૧૮૮૨ સુધી શેઠો કાશીનાથ ત્રીંબક તેલંગ અને મનચેરજી મેહરવાંનજી ભાવનગરી, અને ૧૮૮૨ થી દાજી આબાજી ખારે. ખજાનચી તરીકે પ્રથમમાં શેઠો અરદેસર ફરાંમજી મુસ અને હોરમજજી અરદેસર ધનજીભાઇ વાડીઆ, અને તે પછી ૧૮૭૧ થી તે ૧૮૯૫ સુધી એબલા શેઠ અરદેસર ફરાંમજી મુસ. સરનશીન તરીકે ૧૮૮૨ થી સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટ.

એ આસોશીએશનની તરફથી મુંબઇ મધે નીચલી બાબદો ઉપર ભાષાણ કરવામાં આવ્યાં હતાં:—

પીરોજશાહ મેહરવાંનજી મેહતા, એમ. એ.—મુંબઇ ઇલાકામાં ગ્રાંટ-ઇન-એડને લગતી રીત બાબે (૧૮૬૯), ઇસ્ટ ઇંડીઆ લૉ એંડ રેગયુલેશન બીલના ૬ થા ફકરા વિષે (૧૮૭૦); કેખશરૂ નવરોજજી કાબરાજી—ઇસ્ટ ઇંડીઆ આસોશીએશનનો ઇંગ્રેજ સરકાર સાથ સંબંધ વિષે ગુજરાતીમાં ત્રણ ભાષાણો (૧૮૭૦), હિંદુસ્થાંનનું મેહસુલ અને ઇનકમ ટાકસ વિષે ગુજરાતીમાં ચાર ભાષાણો (૧૮૭૦); દાદાભાઇ નવરોજજી પ્રોફેસર— હિંદુસ્થાંનની ગરીબાઇ વિષે ચાર ભાષાણો (૧૮૭૬); સર દેવીડ વેડરનબરન (પાર્લામેંટના મેમબરે)—મુંબઇ આવ્યા તે વેળાએ હિંદુસ્થાંનના રાજકારોબાર વિષે ભાષાણ (૧૮૭૭).

૫ "બેજન અને મનીજેહ. નાટક ૪ અંકી. સાએર ફીરદોસી તુસીનાં બનાવેલાં શાહાનામાના આધાર ઉપરથી. વીકટોરીઆ નાટક મંડલીને સારૂં. બનાવનાર, કેખશરો નવરોજજી કાબરાજી. મુંબઇ, દફતર આશકારા પરેસ. સને ૧૮૬૯."

તા૦ ૨૪ મી મેએ.

આજ દીને નામદાર માહરાંણીની શાલગરેહની ખુશાલીમાં તે નામદાર તરફથી અપાયલા એતાબોમાં મુંબઈવાલા શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીને "કંમપાનીઅન ઑફ ધી સ્ટાર ઑફ ઇંડીઆ"(સી. એસ. આઇ.) નો એતાબ મલ્યો હતો.[1]

તા૦ ૨૫ મી મેએ.

શેઠ ખરશેદજી નશરવાંનજી પેશતનજી વાડીઆએ "નકલીઆત નામું" ઇઆને નીતિ તથા દાનાઇ ભરેલી રમુજી વારતાઓના સંગ્રહનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[2] એ પુસ્તક શેઠ લખમીદાસ ખીમજીને અર્પણ કરવામાં આવ્યું હતું.

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

કરાંચી મધે મરહુમ શેઠ ડોશાભાઇ મેહરવાંનજી વાડીઆની યાદગારી રાખવા તેવણના ભત્રિજા શેઠ શોરાબજી ધનજીભાઇ વાડીઆએ ગામ મધે ગાડી ખાતાંમાં પારસી બાળકો સારૂં એક સ્કુલનું મકાન બંધાવ્યું હતું, તે મકાંન જોઇએ તે કરતાં મોટું હોવાથી અને ત્યાં દરેમેહરની જરૂર જણાયાથી તેના માલેકની બાહલીથી તેમાં ઘટતો ફેરફાર કરી દરેમેહર બનાવી તે આજ દીને પરઠાવી હતી.[3]

તા૦ ૩૧ મી મેએ.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—માણેકજી મેહરવાંનજી શેઠના—ઉમર વર્ષ ૭૨). શેઠ મેહરવાંનજી નવરોજજી શેઠનાના વડા દીકરા.

---

૧ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૮ મી જુન ૧૮૫૯.

૨ "નકલીઆત નામું, યાને નીતી તથા દાનાઇ ભરેલી રમુજી વારતાઓનો એક વાંચવા લાયક સંગ્રહ. (કેટલાંક ઈંગ્રેજી પુસ્તકોની મદદથી રચીને) છપાવી પ્રગટ કરનાર, ખરશેદજી નશરવાંનજી પેશતનજી. મુંબઇ, પારસી પ્રિન્ટિંગ પ્રેસ ઇ૦ સને ૧૮૫૯."

૩ એ દરેમેહરમાં નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"શ્રી દાદાર હોરમજદની મદદ હોજો

"આએ મકાંન

"મરહુમ શેઠ ડોશાભાઇ મેરવાંનજી વાડીઆજીની ઇઆદ-
"ગારી માટે એવોનાં પેશીઓએ બંનધાવીઊં હતું પાછલથી
"એ મકાંન દરેમેહેર તથા નીશાલ શારૂં કરાંચી જરથોશતી
"અનજુમનને શવાધીન કીધુંછે.

"એ દરેમેહેરને લગતી જોઇતી ઇમારત બંધાવવાનો
"ખરચ તથા ચાલુ ખરચ કરાંચી તથા મુંબાઇ વગેરે બીજાં
"દેશાવર ખાતેના સખી જરતોશતીઓએ કરાંચીની અગી-
"આરી ફંડમાં બખશેશ કીધેલાં નાણાંથી કરવામાં આવેછે.

"એ દરેમેહેરનાં જશનની મુબારક કીરીઆ આજ દીને
"થાઇ. રોજ ૯ મો આદર માહા ૯ મો આદર શેહેનશાહી
"તથા માહા ૧૦ મો દેએ કદમી શને ૧૨૩૮ ઇઅજદેજરદી.
"તા૦ ૨૮ મી મેએ ૧૮૫૯ ઇશવી."

એ ઊપલાં મકાનમાં ઘટતો ફેરફાર કરી દરેમેહર બનાવવાને તે તરફના જરથોસ્તીઓએ ઈ૦ સ૦ ૧૮૫૮ ના આગશટ માસમાં એક ફંડ ઊભું કરવા સારૂં નીચલા ગ્રહસ્થોની એક કમીટી નેમી હતી:—

શેઠો અરદેસર ગુસતાદજી—સરનશીન, જમશેદજી અરદેસર રૂસતમજી માણેકશાહના, હોરમજજી પેશાતનજી શેઠના (દુબાશ), હોરમજજી શોરાબજી કોઠારી, જમશેદજી રૂસતમજી ઘડીઆલી, મેહરવાંનજી અરદેસર મુકાદમ, દાદાભાઇ હીરજીભાઇ પટેલ—શેક્રેટરી, રતનજી મોટાભાઇ બીલીમોરીઆ—ખજાંનચી.

એની આગમજ કરાંચી મધે એક દરેમેહરનાં કારણસર ઈ• સ૦ ૧૮૬૩ ના આગશટ માસમાં ગામખાતાંના જરથોસ્તીઓએ એક ફંડ ઊભું કીધું હતું તેના વ્યાજ સુધાં એકઠા થયલા રૂ૩૪૭૫) આએ ફંડ મધે આપ્યા હતા, તથા આએ કમીટી હસ્તક રૂ૫૪૩૩) નીચે મુજબ કરાંચીના જરથોસ્તીઓએ બીજા ભર્યા હતા:—

(રૂ૧૦૦૧) અરદેસર ખરશેદજી રાજકોટવાલા, હોરમજજી પેશાતનજી શેઠના (દુબાશ). (રૂ૫૦૦) અરદેસર ગુસતાદજી કોહીયાર. (રૂ૩૫૧) હોરમજજી શોરાબજી કોઠારી. (રૂ૩૨૫) જાંગીરજી જમશેદજી રાજકોટવાલા. (રૂ૩૦૧) માણેકજી ફરાંમજી કોલાબેવાલા. (રૂ૨૫૧) અરદેસર રૂસતમજી માણેકશાહના. (રૂ૧૫૧) રતનજી મોટાભાઇ બીલીમોરીઆ, બેહરાંમજી પીરોજશાહ મીનવાલા. (રૂ૧૩૦) નવરોજજી કાવશજી મીનવાલા. (રૂ૧૨૫) જમશેદજી રૂસતમજી ઘડીઆલી. (રૂ૧૧૦) મેહરવાંનજી નવરોજજી મીનવાલા. (રૂ૧૦૧) મેહરવાંનજી બહમનજી વાડીઆ, બેહરાંમજી મેહરવાંનજી કોટવાલ, દારાશાહ બેહરાંમજી મજાઇના. (રૂ૫૫) બેહરાંમજી બેજનજી કોલાબેવાલા. (રૂ૫૧) પીરોજશાહ હોરમજજી ખરાસ, મેહરવાંનજી અરદેસર મુકાદમ, ખરશેદજી દારાશાહ મજાઇના, આવાંબાઇ તે એદલજી નશરવાંનજી કોલાબેવાલાનાં બેહન, પીરોજબાઇ તે બેહરાંમજી બેજનજી કોલાબેવાલાનાં ધણીઆંની, હોરમજજી દાદાભાઇ ઘડીઆલી, ફરાંમજી કુવરજી મોદી, ફરાંમજી શોરાબજી મેહતા. (રૂ૫૦) બેહરાંમજી એદલજી પસતાકીઆ, લીમજી પેશાતનજી. (રૂ૩૫) હોરમજજી દીનશાહ દુબાશ. (રૂ૨૫) હોરમજજી પાંઊવાલા, પેશાતનજી બેહરાંમજી કોટવાલ, આદરજી પેશાતનજી. (રૂ૬૧) રૂ૨૫) ની અંદરની રકમ.

વળી મુંબઇ મધે પણ એ કારણસર શેઠ શોરાબજી ધનજીભાઇ વાડીઆ હસ્તક એક ટીપ ફરતી કીધી હતી, જે મધે પણ રૂ૬૮૧૨) નીચે મુજબ ભરાયા હતા:—

(રૂ૫૦૦) દીનશાહજી માણેકજી પીટીટ, અરદેસર હોરમજજી વાડીઆ, મરહુમ હોરમજજી એદલજી કામાજીનાં ધર્મખાતાં તરફથી, માણેકબાઇ તથા મોટલાંબાઇ વાડીઆ. (રૂ૩૦૦) બહમનજી જીજીભાઇ, મરહુમ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધર્મખાતાં તરફથી. (રૂ૨૫૦) નશરવાંનજી માણેકજી પીટીટ. (રૂ૨૦૦) હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, બેહરાંમજી નશરવાંનજી સીરવાઇ. (રૂ૧૫૧) ફરાંમજી નશરવાંનજી પટેલ, રતનજી એદલજી બાટલીવાલા, કાવશજી નાનાભાઇ દાવર. (રૂ૧૫૦) હોરમજજી બહમનજી વાડીઆ. (રૂ૧૨૫) રતનજી ધનજીભાઇ મીસતરી તથા દોરાબજી પેશાતનજી મેવાવાલા, મનચેરજી કાવશજી શાપુરજી લંગડાનાએ માતાજી મરહુમ માણેકબાઇ તે

એવણને ઈ० સ० ૧૮૧૮ માં પોતાના બાપનાં મરણ બાદ મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંના મુતવલીપણાંનો વહીવટ મલયો હતો. ઈ० સ० ૧૮૨૫ માં મુંબઈમાં પાણીની ટીપણી પડવાથી એવણે પોતાને હસ્તકની મરહુમ માણેકજી શેઠના વાડીના કંપાઉંડમાં જરથોસ્તીઓના વપડાસને માટે એક મોટો કુવો બંધાવ્યો હતો. એજ વાડીમાંનો અસલ પુરાંણો ઓટલો બીસમાર થવાથી તે એવણે ઉખેડાવી નાખી ઈ० સ० ૧૮૩૫ માં નવો બંધાવ્યો હતો, તથા બીજા બે ઓટલા પણ જુના થવાથી તે ૧૮૪૩ માં ઉખેડાવી નવેસરથી બંધાવ્યા હતા. એમાંના એક ઓટલા પર એજ વખતે માલ પણ બંધાવ્યો હતો. ઈ० સ० ૧૮૪૨ માં નવસારીની વડી દરેમેહરને તાબેના ભગર સાથના મોબેદોનાં ધર્મખાતાંનું ફંડ ઉભું કરવામાં એવણે મુખ્ય આગેવાંની લીધી હતી, તથા તે ફંડના સેવટ સુધી એખલા તરસ્ટી હતા. ઈ० સ० ૧૮૪૬ માં સુલેહના અમલદારોની બેંચે દેશી સુલેહના અમલદારોના સામા થવા છતાં બજારોમાં બેશનારા દુકાંનદારો પાસેથી છાપો લેવાનો ઠેડાવ કર્યાથી બધાં બજારોમાં વેચવા બેશનારાઓએ દશ મહીના સુધી દુકાંનો માડી નહિં. આથી કોટના રેહવાસીઓની વીપતી ટાલવા માટે એવણે તે તરફના દુકાંનદારોને પોતાને હસ્તકની ઉપલી વાડીના ઓટલાઓ પર દુકાંનો માડી દશ મહીના સુધી બેશવા દીધા હતા. એજ મુજબ ઈ० સ० ૧૮૫૧ નાં મુસલમાંનોનાં હુલડ વખતે ભીંડીબજાર, કાંદાવાલો મોહલો, અને બાહેરકોટના ઘણાક પારસીઓ પોતાનાં ઘરબાર ખાલી કરી કોટ અને ચંદનવાડી તરફ સંભાલની જગામાં આવ્યા તેઓમાંના ગરીબોને એવણે ઉપલી વાડીમાં કેટલુંક સુધી ઉતારો આપ્યો હતો. મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંનાં મુતવલીપણાંનો વહીવટ એવણે ૫૧) વર્ષની લાંબી મુદત સુધી ચલાવ્યો હતો.

તા० ૨ જી જુન.

આજ દીને મરહુમ શેઠ માણેકજી મેહરવાંનજી શેઠનાનાં ઉઠમણાંમાં તેમના વડા બેટા તથા ગાદીવારસ શેઠ મેહરવાંનજી માણેકજી શેઠનાએ નીચલો અંજુમન પત્ર રજુ કરી તે અતરેનાં ગુજરાતી વર્ત્તમાંન પત્રોમાં છપાવ્યો હતો:—[૧]

"અનજુમનના સાહેબો,

આપણા જરતોશતી ટોલાને માથે અગતછે કે એક આપઅખતીઆર અને કાબેલ દસ્તુર હમેશાં જોઇએ, તે હુ ઉમેદ રાખુંછું કે સરવે અનજુમન કબુલ રાખશે. પણ એવું બનવા સારૂં જરૂરછે કે એવા દસ્તુરના દરજજા તથા કાબેલીઅત મુજબ તેને સારૂં કાંઈ અંનજુમન તરફથી મુકરર દરમાએઆની ગોઠવણ થવી જોઇએ, અને તેને વાસ્તે એક ઘટતુ હંમેશગીનું ફંડ ઉભું થાવું જોઇએ જેની પેદાશ મધેથી દરમાએઆની જોઈતી ગોઠવણ થાઈ શકે. આએ નેક કાંમ પાર પડે તો આપણા મોબેદોના ટોલાનેજ નહીં પણ શરવે જરતોશતી ટોલાને મોટું માન તથા ફાએદો થાશે. મારા મુરબીજી હમેશાં મોબેદોના ટોલા વીશે પોતાથી

કાવશજી શાપુરજી લંગડાનાં વીધવાનાં પુનને માટે. (રૂ૧૦૦) નશરવાંનજી બહમનજી મોદીના છોકરાઓ, મેહરવાંનજી ફરાંમજી પાંડેની કું०, મરહુમ પેશતનજી કાવશજી શેઠનાને નામે, રૂસતમજી શોરાબજી કમીશરીવાલા, અસપંદીઆરજી જમશેદજી કમીશરીવાલા, દાદાભાઇ રતનજીની કું०, નવરોજજી ખરશેદજી લીમુવાલા, અરદેસર ખરશેદજી વાડીઆ. (રૂ૭૫) એસ. પી. ધનજીભાઇની કું०, દીનશાહ જમશેદજી ફરદુનજી પારખ. (રૂ૫૧) જમશેદજી કુવરજી જશાંવાલાના છોકરાઓ, નશરવાંનજી રતનજી તાતા, મરહુમ બરજોરજી રતનજી કાપરની પુંજીમાંથી. (રૂ૫૦) હોરમજજી પેશતનજી બાટલીવાલાના છોકરાઓ, દારાશાહ તથા રૂસતમજી ધનજીશાહ કપટાંન, મનચેરજી ફરાંમજી કામાજી, શોરાબજી શાપુરજી બંગાલી, મરહુમ ડોશાભાઇ ખરશેદજી વાડીઆને નામે, પાલણજી પેશતનજી પોંહચખાંનાંવાલા, નશરવાંનજી એદલજી મેહતા. (રૂ૧૨૫૬) રૂ૫०) ની અંદરની રકમ.

એ રીતે ઉપર મુજબ રૂ૧૫૭૨०) થયા તે મધેથી એ મકાનમાં દરેમેહરને લાયકનો ફેરફાર કરી (તેમાં શેઠ બેજનજી ખરશેદજી ગોલવાલાએ પોતાને ખરચે ભાંએતલીએ પથરની લાદી જડાવી તથા બે હીંધોલા મુકાવી આપ્યા હતા.) બાકીનાં નાણાંમાંથી રૂ૧૧૮००) ની સરકારી નોટ તેનાં વ્યાજ મધેથી ચાલુ ખરચ કરવા માટે ખરીદ કરી તેના શેઠો અરદેસર ગુસતાદજી કોહીયાર, દાદાભાઇ એદલજી સુખીઆ, અને અરદેસર ખરશેદજી રાજકોટવાલાને તરસ્ટીઓ નેમ્યા હતા. એ પછી તેમાં ખાલી પડતી જગા પર અવારનવાર શેઠો રૂસતમજી ફરાંમરોજ સાટનના, જાંગીરજી હોરમજજી કોઠારી, શાપુરજી હોરમજજી સોપારીવાલા, અને ખરશેદજી શાપુરજી સોપારીવાલાને તરસ્ટીઓ નેમ્યા હતા, અને શેઠ દોરાબજી નાનાભાઇ શેઠના ઈ० સ० ૧૮૮૧ થી તેમના શેક્રેટરી અને ત્રેજરર તરીકે કામ ચલાવેછે.

એ દરેમેહર પરઠાઇ તે વેળાએ અવલમાં ઉપલા શેઠ બેજનજી ખરશેદજી ગોલવાલાએ દરેમેહરને લાયકનાં સઘળાં વાસણો ચીનથી મંગાવી આપ્યાં હતાં, તથા ઈ० સ० ૧૮૮૭ ના મારચ માસમાં ત્યાંવાલા શેઠ એદલજી દીનશાહ સરાફે જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને રૂ૧०००) નાં વાસણો એ દરેમેહરમાં ભેટ આપ્યાં હતાં. વળી એ દરેમેહરનાં ફંડમાં સર દીનશાહજી માણેકજી પીટીટે ઈ० સ० ૧૮૮૭ માં પોતાના નબીરા મરહુમ શેઠ અરદેસર કાવશજી પીટીટનાં પુનને માટે રૂ૫००) નું મુંબઇનાં પોરટ તરસ્ટનું બોંડ તથા ૧૮૯૬ માં પોતાના દીકરા મરહુમ શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટનાં પુનને માટે રૂ૧०००) નું મ્યુનીસીપાલ બોંડ તેનાં વ્યાજ વાપડવાને ભેટ આપ્યાં હતાં.

એજ મકાનમાં અવલમાં જે જરથોસ્તી બાળક શાળા હતી તે પણ હજુ સુધી ત્યાંના જરથોસ્તીઓ વચ્ચે ઊઘરાણું તથા માસીક લવાજમથી ચલાવવામાં આવેછે. તેની પુંજીમાં રૂ૧૫००) ની સરકારી નોટ છે, જેનું વ્યાજ તથા ઊપલી આવક મધેથી મોબેદ શીક્ષકને દરમાયો આપવામાં આવેછે. તેના જાંઇટ શેક્રેટરી અને ત્રેજરરો તરીકે શેઠો જાંગીરજી હોરમજજી કોઠારી અને દોરાબજી નાનાભાઇ શેઠના ઈ० સ० ૧૮૮૧ થી કામ ચલાવેછે.

---

૧ જામે જમશેદ, તા० ૫ મી જુન ૧૮૬૯.

બને તેવી શેવા કરતા આવેઆછે અને તે શબબથી આજ રોજ મારા ઉપર ફરજ આવીછે કે મારાથી બને તેમ મારા મુરબીજીની ઈઆદગારી શારૂં આએ નેક કાંમ કોઈ પરકારે અનજુમનની આગલ રજુ કરૂં. એ વીચારથી હું આપણી જરતોશથી અનજુમનના અકાબર સાહેબોને અરજ કરૂંછું કે તે મેહેરબાંન સાહેબો આગેવાંની કરીને એક ઘટતું ફંડ ઉભું કરવાનું કામ શરૂ કરે તો મારા મુરબીજીની ઈઆદગારીને સારૂં તે ફંડની અંદર હું રૂ૫૦૦૦) અંકે પાંચ હજાર આપવાને હાજર છેઉં. એ મારી અરજ ઉમેદ રાખુંછું કે આપણા અકાબર સાહેબો તથા અનજુમન કબુલ રાખશે. રોજ ૧૪ મો માહા ૯ મો શેનશાહી સને ૧૨૩૮ ઈઅજદ જરદી તા૦ ૨ જી જુન ૧૮૬૯ અંગરેજી."

વળી મરનારનાં પુનને સારૂં શેઠ મેહરવાંનજીએ રૂ૮૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[1]

તા૦ ૫ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

શેઠ પાલણજી ખરશેદજી કામા અથવા ચીનાઈએ ખેતવાડી મધે એક દરેમેહર તથા તેના કંપાઉડમાં જરથોથોસ્તીઓને સર અવસરે વાપડવાનો એક બંગલો તથા જમનશાલાનો ઓટલો બંધાવી આજ દીને તે ખોલ્લાં મુકવાની ક્રિઆ કરાવી હતી. સવારનાં ૯ કલાકે ઉપલી દરેમેહરમાં આતશ આદરાંન તખ્તનશીન કીધા બાદ દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાનાએ જશનની ક્રિઆ શરૂ કીધી હતી. જે પુરી થવા બાદ શેઠ પાલણજી તરફથી એક અંજુમન પત્ર વાંચવામાં આવ્યો, જેમાં જણાવ્યું હતું કે એ મકાંનો તેવણે પોતાને ખરચે બંધાવ્યાંછે, જે પાછલ કુલે ખરચ વાશણ, ફરનીચર, વગેરે મલી આસરે એક લાખ રૂપીઆનો થયોછે, તથા એના નીભાવને માટે રૂ૪૦૦૦૦) ની ચાર ટકાનાં વ્યાજની સરકારી નોટ જુદી કાઢી તેનું તરસ્ટડીડ કરી તે શેઠો એદલજી પાલણજી બાટલીવાલા, ધનજીભાઈ પાલણજી બાટલીવાલા અને શોરાબજી રતનજી ભાયાને તરસ્ટીઓ નેમી સ્વાધીન કીધાંછે. એ મકાનનું નામ "પાલણજી કામાબાગ" તથા દરેમેહરનું નામ "પાલણજી કામાની અગીઆરી" કરી રાખ્યુંછે. એ ઉપરાંત એ મકાંન ખોલ્લું મુકાયું તેની ખુશાલીમાં રૂ૧૦૦૦) ધર્મ ખાતે આપ્યા હતા. એ અંજુમન પત્ર વંચાયા બાદ શેઠ પેશતનજી દીનશાહ સોલીશીટરે આએ ધર્મખાતાંને લગતાં તૈયાર કરેલાં તરસ્ટડીડનો ગુજરાતીમાં તરજુમો વાંચી સંભલાવ્યો. એ પછી દસ્તુર જામાસપજીએ આતશનો કેબલો કરી બંદગી કીધાથી કેવી અસર થાયછે તે વિષે એક વાએજ કરી સંભલાવી, તથા શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકાએ ઉઠી આ ધર્મનું કામ કરવા માટે શેઠ પાલણજીનો જરથોસ્તી અંજુમન તરફથી ઉપકાર માનયો હતો. એ બાદ ચાશની કરી સર્વે લોક વદાય થયું હતું. બીજે દીને એટલે રવીવારે શેઠ પાલણજીએ એ મકાંન ખોલ્લું મુકવાની યાદગારીમાં મરહુમ સર જમશેદજીવાલા એલાહીબાગમાં પારસી અંજુમનની નયાતનું એક જમન કીધું હતું.[2]

---

૧ જામે જમશેદ, તા૦ ૧૪ મી જુલાઇ ૧૮૬૯.

શેઠ મેહરવાંનજીના ઉપલા અંજુમન પત્ર ઉપરાંત શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, સી. એસ. આઇ. એ પણ પંચાતના તરસ્ટી સાહેબો ઉપર એક પત્ર લખી તે મધે આપણા શેહનશાહી ટોલામાં એક દસ્તુર નેમવાની યોજના કીધી હતી, પણ એ કામ પાર પડે નહિં એવું ધારી શેઠીયાઓએ પડતું નાખ્યું હતું.

એ બાદ તા૦ ૪ થી જુલાઇ ૧૮૬૯ ને દીને સર જમશેદજી જીજીભાઇ બારોનેટનાં પ્રમુખપણાં હેઠલ મજગાંમ કાસ્ટલમાં કેટલાક આગેવાંન શેઠીયાઓની એક સભા મલી હતી. તે સભામાં દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણા તથા દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાના પણ હાજર થયા હતા. તેઓ બંધેને કેટલાક સવાલો લખી આપ્યા હતા કે હાલમાં આપણા ટોળામાં કેટલીક ક્રિઆઓમાં જુદી જુદી રીતે ભણતર થાયછે તેમાં ખરૂં અને ખોટું કયું તેનું છાંડન તેઓએ કરી આપવું, પણ તે કામબી પાર પડી શકયું નહિં.

વળી મુંબઇ મધે ભણતરોમાં નવસારીની વડી દરેમેહરને તાબેના ભગર સાથ ટોળાના અથોરનાંનનાં કાએદાથી થોડાક જણાઓ ફેરફાર પઢવાને લીધે વારંવાર શીતનો તથા કંકાસ થયા કરતો હતો, તેનો ફડચો લાવવાની ગોઠવણ કરવા સારૂં શેઠ મેહરવાંનજી માણેકજી શેઠનાએ તા૦ ૧ લી મેએ ૧૮૭૧ ને દીને પોતાના ગીરગાંમના બંગલામાં મોબેદોની એક સભા બોલાવી હતી, અને ત્યાં એ કારણસર કેટલાક જાણકાર દસ્તુર મોબેદોની એક કમીટી નેમી હતી, પણ તે કમીટીથીબી એ કામ હાર પડયું નહિં.

૨ જામે જમશેદ, તા૦ ૭ મી જુન ૧૮૬૯.

ઉપલા અંજુમન પત્રમાં જણાવ્યા મુજબના એ મકાંનના નીભાવને માટે એલાહેદા કાઢેલા રૂ૪૦૦૦૦) નું કાએદાસરનું તરસ્ટ દીડ એજ દીને એટલે તા૦ ૫ મી જુન ૧૮૬૯ ને દીને કીધું હતું. એ રૂ૪૦૦૦૦) ની રકમમાં ઇ૦ સ૦ ૧૮૭૩ માં શેઠ પાલણજી ખરશેદજી કામા બેહશતનશીન થયા ત્યારે તેમનાં વીધવા બાઇ બાઇઆઇએ રૂ૨૦૦૦) મરનારની દર વર્ષની બાજને દીને ક્રીયા કરાવવા તથા દરેમેહરની શાલગરેહનું દર શાલ જશન કરવા માટે, તથા ઇ૦ સ૦ ૧૮૯૫ માં તેમના બેટા શેઠ કુવરજી પાલણજી કામા બેહશતનશીન થયા ત્યારે પણ રૂ૨૦૦૦) ઉપલાંજ કારણસર, તેમજ ઇ૦ સ૦ ૧૮૮૩ માં મ્યુનીસીપાલીટીએ એ બાગની પશ્ચિમ બાજુની થોડીક જગા રસ્તો પોહલો કરવાને લીધી તેના ઉપજેલા રૂ૧૦૦૦) એ ફંડ મધે ઉમેરવામાં આવ્યા હતા, અને હાલ તે રૂ૪૫૦૦૦) નું છે.

ઉપલા પેહલે દીને ઠેડવેલા તરસ્ટીઓમાં મરણને લીધે જગા ખાલી પડવાથી શેઠો ડોશાભાઇ પાલણજી કામા, પેશતનજી દાદાભાઇ આશાવઈદના, દીનશાહ નવરોજજી બેલગાંમવાલા, અને કાવશજી એદલજી બાટલીવાલાને તરસ્ટીઓ તરીકે અવાર નવાર નેમ્યા હતા. પેહલા તરસ્ટી શેઠ એદલજી પાલણજી બાટલીવાલાએ ૧૮૬૯ થી તે ૧૮૯૫ માં પોતાનાં મરણ સુધી એ મકાંનનો વહીવટ ઘણી દાનાઇથી ચલાવ્યો હતો, અને તેમને બદલે હાલ તેમના બેટા મજકુર શેઠ કાવશજી એદલજી બાટલીવાલા તે ચલાવેછે.

તા૦ ૫ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—રૂસતમજી શાપુરજી ઉમરીગર—ઉમર વર્ષ ૩૫) શેઠ શાપુરજી ભીમજી ઉમરીગરના નાહાના દીકરા. એવણ પ્રથમમાં શેઠો હોરમજજી મનચેરજી કામાના છોકરાઓની પેહડી તરફથી ઈ૦ સ૦ ૧૮૫૬ માં ચીન ગયા હતા. ત્યાંથી ત્રણ વર્ષે આવી પાછા ૧૮૬૦ માં મેશરસ કામાની કુંપની તરફથી ઇંગલાંડ ગયા હતા. લંડન મધે સ્થાપેલાં યુરોપના જરથોસ્તીઓનાં ધર્મનાં ફંડના એવણ ૧૮૬૩ તથા ૧૮૬૪ માં હાનરરી શેક્રેટરી હતા. એવણનું મરણ મુંબઈ મધે નીપજયું હતું.

તા૦ ૫ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—મેહરવાંનજી દાદાભાઈ પોસ્ટવાલા—ઉમર વર્ષ ૬૬) એવણ ઈ૦ સ૦ ૧૮૨૫ માં પ્રથમ શોલાપોરના કલેકટરની આપીસમાં એક કલાર્ક તરીકે રહયા હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૮૨૮ માં પોસ્ટ ખાતાંમાં દાખલ થઈ વધતાં વધતાં ઇનસ્પેકટીંગ પોસ્ટ માસટર તથા તા૦ ૧ લી આપરેલ ૧૮૪૬ થી પુણાંના પોસ્ટ માસટર નેમાયા હતા. ૩૨ વર્ષ સુધી સરકારની નીમકહલાલીથી નોકરી કરી ૧૮૫૭ માં પેનશન લઇ પુણાં મધે એકાંત જીંદગી ગુજારતા હતા. ૧૮૬૫ માં પુણાંની ડીસ્ત્રીકટ પારસી માટરીમોનીઅલ કોરટના એવણને સરકારે એક ડેલીગેટ નેમ્યા હતા. એવણનું મરણ પુણાં મધે નીપજયું હતું.

તા૦ ૭ મી જુન.

રોજ ૧૯ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—ખરશેદજી મેહરવાંનજી વાડીઆ—ઉમર વર્ષ ૫૬) શેઠ મેહરવાંનજી હીરજીભાઈ વાડીઆના ત્રિજા દીકરા. એવણ પોતાની નાહાની વયે ઈ૦ સ૦ ૧૮૨૮ માં ચીન ખાતે મરહુમ શેઠ ખરશેદજી ફરામજી વાડીઆની પેહડી પર ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા બાદ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆની પેહડીમાં કેટલુંક સુધી રહયા હતા. તે પછી પોતાના ભાઇઓની સાથે ઈ૦ સ૦ ૧૮૪૪ થી "ડોશાભાઈ મેહરવાંનજીની કુંપની" નાં નામથી ચાલતી પેહડીના એક ભાગયા થયા હતા. એ પેહડી અમેરીકાની સરકારની પણ આડત ચલાવતી હતી. ઈ૦ સ૦ ૧૮૬૬ માં એવણ ઇંદોર ગયા હતા, અને ત્યાં અફીમના પાકની બનાવત તથા મેલવણીની તપાસ કરતાં શિખ્યા, તથા ત્યાંના માહરાજા હોલકર સાથે પોતાનો ઘણો વગ વસીલો વધારયો હતો. એવણ પોતાની તબીયતના સુધારાને માટે પુણે ગયા હતા, પણ થોડુંકમાં ત્યાંથી પાછા ફરી મુંબઈ પોતાને ઘેર આવતાંને વાર એકુ બે કલાકમાં મરણ પામ્યા હતા.

તા૦ ૭ મી જુન.

ભરૂચ તથા ભાવનગર વચ્ચે ફરતી આગબોટ "જેલમ" ભાવનગરથી આવતાં આજ દીને રસ્તામાં ભાગી ગઈ, જેમાં ૧૭૦ ઉતારૂઓ ડુબી ગયા હતા, જેઓમાં સુરતના એક મોબેદ આ૦ બેજનજી માણેકજી તઠી પણ ડુબ્યા હતા.[1]

તા૦ ૮ મી જુન.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને નવસારીની પાસે આવેલાં તવરી ગામ મધે અનજુમનના ઉધરાતથી એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. એ દરેમેહરની આગેવાંની શેઠ માણેકજી બેહરામજી તવરીઆ તથા ત્યાંના પટેલ નાનાભાઇ શાપુરજીએ લીધી હતી.[2]

તા૦ ૯ મી જુન.

કાબુલના અમીર શેહરઅલીએ પેશાવર ખાતેની મેશરસ જાંહગીર (જશાંવાલાની) કંપનીને આસરો આપી કાબુલ મધે એક દુકાન ઉઘડાવી હતી.[3]

તા૦ ૧૧ મી જુન.

શેઠ નાનાભાઇ નશરવાંનજી પાલણજી (માસટર) એ "પનોતા પુતર" ઇઆને બાળપણથી અજાયબ મન શક્તિ, ઉદ્યોગ અને બાહદુરી બતાવી મોટપણે નામીચાં માણસ થયલા છોકરાઓનાં ચરિત્રનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[4] એ પુસ્તક સર જમશેદજી જીજીભાઈ બારોનેટના પુત્રો શેઠો માણેકજી તથા કાવશજી ખરશેદજી જમશેદજીને અર્પણ કરવામાં આવ્યું હતું.

તા૦ ૧૫ મી જુન.

સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુટના એક શિક્ષક શેઠ જીવણજી હોરમજજી માસટરે મુંબઇનો કોટ મધે કોટેકોટ મેત્રીકયુલેશનનાં ધોરણ સુધી શીખ-

---

૧ એ બીના સુરતવાલા શેઠ પાલણજી બેજનજી કોટવાલની નોધમાંથી હમોને મલીછે.

૨ મુંબઇ સમાચાર, તા૦ ૨૫ મી જુન ૧૮૬૯.

એની આગમજ તવરી મધે એક બીજી દરેમેહર શેઠ રૂસતમજી જીવણજી દાવરની આગેવાંની હેઠલ તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૬૯. (રોજ ૬ માહ ૬ (શે૦) ૧૨૩૮ યજદેજરદી) ને દીને પરઠાઇ હતી.

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૫ મી જુન ૧૮૬૯.

૪ "પનોતા પુતર, ઇઆને બચપણથીજ અજાએબ સરખી મનશકતી, ઊદીઓગીપણું અને બહાદુરી બતાવી ગયલા અને મોટપણે ઘણા નામીચા અને મોટા માણસ થયલા છોકરાઓનું ચરીતર. બનાવનાર, નાનાભાઇ નશરવાંનજી પાલણજી, સર જ. જી. પી. બી. ઇનસટીટીઊશનને લગતી કોટની છોકરીઓની સ્કુલનો વડો શીકશક. મુંબઇ મધે જામે જમશેદ છાપખાનામાં છપાઇ. સને ૧૮૬૯."

વવાની એક સ્કુલ "એંગલો વર્નાક્યુલર સ્કુલ" ને નામે ઉઘાડી હતી.[૧]

તા૦ ૧૬ મી જુન.

શેઠ માણેકજી કાવશજી દમણવાલાએ પોતાને હસ્તક્નાં ધરમપોર રાજ્યને લગતાં બરાઈ ગામથી ત્રણ મૈલ દુર ખેરલાઉ નામનાં ગામમાં આજ દીને પોતાની બંદુક વતે એક મોટો વાઘ માર્યો હતો. એ વાઘની લંબાઈ ૬॥ ફીટ અને ઉનચાઈ ૩॥ ફીટની હતી. તેનું ચામડું ઉખેડાવીને શેઠ માણેકજીએ સુરતના કલેક્ટરની કચેરીમાં ભેટ મોકલાવ્યું હતું.[૨]

તા૦ ૧૭ મી જુન.

રોજ ૨૯ માહ ૧૦ (કો) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—એદલજી ફરદુનજી ખંબાતા[૩]—ઉમર વર્ષ ૭૨). ખંબાતવાલા શેઠ ફરદુનજી રૂસતમજી ખંબાતાના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૨૦ માં પોતાનાં જન્મ વતન ખંબાતથી અતરે નીકલી આવી શેઠ હોરમજજી શાપુરજી પસતાકીઆની સાથે ઈ૦ સ૦ ૧૮૨૩ માં ચીન ગયા હતા. તે બાદ ૧૮૩૪ થી પોતાને હીસાબે વ્યાપારીઓની આડત તથા કમીશન એજંટનું કામ કરતા હતા. ૧૮૪૫ થી કામાજી પોંહચાજીની કુંપનીને નામે પેહડી ચાલતી હતી તેનો વહીવટ ૧૮૫૦ ની આખરીએ બંધ કરી તા૦ ૧ લી જાનેવારી ૧૮૫૧ થી એવણે શેઠ દાદાભાઇ દોરાબજી લાલકાકા સાથે "એદલજી તથા દાદાભાઇ" ને નામે નવી પેહડી ચાલુ કીધી હતી. તે ૧૮૫૬ માં બંધ કરી મુંબઇ આવી એકાંત જીંદગી ગુજારી હતી. એવણ ઘણાં વર્ષો સુધી ચીન મધે રહેલા હતા.

તા૦ ૧૯ મી જુન.

આજ દીને મરહુમ શેઠ એદલજી ફરદુનજી ખંબાતાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજી મધેથી રૂ૩૦૦), વીધવા બાઈ નવાજબાઇએ રૂ૨૦૦), ભત્રિજા શેઠ શેરાબજી કાવશજી ખંબાતાના બેટાઓ શેઠો ફરાંમજી શેરાબજી ખંબાતા તથા ધનજીભાઈ એદલજી ખંબાતાએ રૂ૨૦૦), તથા બીજાં એશીઓએ રૂ૨૭૬) મલી રૂ૯૭૬) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૪]

તા૦ ૨૧ મી જુન.

ગોંડલના ઠાકોર સાહેબ જેઓ હાલ મુંબઈમાં ફરવાને આવ્યા હતા તેવણે આજ દીને પોતાનાં ગોવાલીઆ તલાવ આગલનાં ઉતારાનાં મકાનમાં એક મોટી સભા બોલાવી હતી, જ્યાં શેઠ દાદાભાઈ નવરોજજી પ્રોફેસરે "હિંદુસ્થાંનના હક" વિષે એક ભાષાણ ગુજરાતીમાં કીધું હતું, જેની સેવટે થાકોર સાહેબના કારભારી શેઠ શુંદરજી દુરગાદાશે એક પત્ર વાંચી શેઠ દાદાભાઇને શાબાશી આપી તથા ઇસ્ટ ઇંડીયા આશોશીએશનનાં ફંડમાં દર વર્ષે રૂ૨૪૦૦) ની મદદ આપવાની પોતાની મરજી જણાવી હતી.[૫]

તા૦ ૨૫ મી જુન.

શેઠ રૂસતમજી કાવશજી સુરતી અથવા જાબુલી રૂસ્તમનાં જોડેલાં બેતો તથા કવેતાની એક ચોપડી "જાબુલી રૂસ્તમ કાવ્ય સંગ્રહ" નાં નામથી તેમના એક મિત્ર શેઠ જમશેદજી ફરાંમજી પાલીસવાલાએ છપાવી પ્રગટ કીધી હતી.[૬] એ ચોપડી મસકતના ઈમાંમ નામદાર સૈયદ તુરકી બીન સૈયદ સાયદને અર્પણ કરવામાં આવી હતી.

તા૦ ૨૬ મી જુન.

વાંદરા મધેના હાનરેબલ બેહરાંમજી જીજીભાઇના "લેંડસ એન્ડ" નામના બંગલાના રસ્તા પરથી કેટલાક ઇંગ્રેજો ફરવા હરવા તથા ટેકડીનો દેખાવ જોવાને જાવ આવ કરતા હતા. તેમને એ શેઠે ત્યાં એક દરવાજો બાંધી લઈ અટકાવવાથી તેવણ ઉપર એક જાહેર રસ્તો બંધ પાડવાની ફરીયાદી થાંણાના મામલતદારની કોરટમાં મંડાઈ હતી. તેનો ચુકાદો આજ દીને એ શેઠના લાભમાં થયો હતો. શાક્ષીઓથી એવું પુરવાર થયું કે એ રસ્તો કાંઈ જાહેર હતો નહિં. તે એ શેઠની જગાછે, અને ત્યાંથી જતા આવતાઓને ઘણીવાર અટકાવવાની કોશેશ થતી હતી, જે પેશ નહિં પડવાથી આ દરવાજો બાંધવામાં આવ્યો હતો.[૭]

---

૧ જામે જમશેદ, તા૦ ૧૬ મી જુન ૧૮૬૯.
એ સ્કુલ થોડાંક વર્ષ ચાલી બંધ પડી ગઈ હતી.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી જુન ૧૮૬૯.
એજ મુજબ જાંહગીરડીવાળા શેઠ બહમનજી રાંમજી વરા જેવણ થોડાંક વર્ષ થયાં મરણ પામ્યાછે તેવણે પોતાની આખી જીંદગીમાં નજદીક ૧૫) વાઘો માર્યા હતા, અને તેવણના વડવા બાપે પણ હેવીજ હીમત સાંભલેઆમાં આવીછે. વળી નારગોલવાલા શેઠ નરશંગજી રતનજી વાંકડીઆએ પણ વાઘના શેકારો કરેલા જણાયલાછે. તારાપોરવાલા મરહુમ શેઠ રતનજી નાહનજી કે જેમનું મરણ આ પુસ્તકનાં પેહલાં દફતરમાં સફે ૨૦૫ મે નોધેલુંછે. તેવણે બંદુકથી નહિં પણ તલવારના ઘાહથી વાઘો મારેલા હતા.

૩ એવણના બાવા શેઠ ફરદુનજી રૂસતમજી ખંબાતા ખંબાત મધે અકીક તથા બીજી ચીજોનો વ્યાપાર કરતા હતા. તેમના એક બીજા દીકરા શેઠ કાવશજી ફરદુનજી ખંબાતા પણ પાછલથી મુંબઈ આવી રોજગાર કરતા હતા.

૪ જામે જમશેદ, તા૦ ૨૫ મી જુન ૧૮૬૯.

૫ મુંબઇ સમાચાર, તા૦ ૨૩ મી જુન ૧૮૬૯.

૬ "જાબુલી રૂસ્તમ કાવ્ય સંગ્રહ. બે ભાગમાં, ગુજરાતી તથા હિંદુસ્થાંની (સને ૧૮૫૬—૬૯ ના માર્ચ સુધીમાં અવાર નવારની ફુરસતે) બનાવનાર, કવિશ્વર જાબુલી રૂસ્તમ તે રૂસતમજી કાવશજી સુરતી. છપાવી પ્રસિદ્ધ કરનાર, જમશેદજી ફરાંમજી, અખબારે સોદાગર તથા સમાચાર દરપણના અધીપતી. મુંબઈ, ઇમ્પીરિયલ પ્રેસમાં મી૦ નવરોજજી ફરાંમજીએ છાપ્યો છે. ઈ૦ સ૦ ૧૮૬૯ માસ મે."

૭ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૨૮ મી જુન ૧૮૬૯.

તા૦ ૨૭ મી જુન.

શેઠ નાનાભાઇ નશરવાંનજી પાલણજી માસટરે રેલવેની ટરેનો ચાલતી હોય તે વેળા અકસમાત ઇયા ધાસતીને વખતે ઉતારૂઓ, ગારડ, અને ડરાઇવર વચ્ચે સંધેશો ચલાવી શકાય એવી એક કળા શોધી કાઢી હતી.[2]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૧૦ માહ ૧૦ (શેં૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—એદલજી નશરવાંનજી માસટર (પરૂશીયા)—ઉમર વર્ષ ૪૦) એવણે ઈ૦ સ૦ ૧૮૫૦ માં અતરેની એલફીનસટન ઇનિસ્ટીટયુટમાંથી વેસ્ટ સ્કાલરની પદવી મેલવી હતી, અને તેજ ઇનસ્ટીટયુટમાં એક શિક્ષક તરીકે ૧૮૫૭ સુધી રહયા હતા. ૧૮૪૯ માં સ્ટુડંટસ લીટરરી એંડ સાએનટીફીક સોશાઇટીએ છોકરીઓની નિશાલો ઉઘાડી તેમાં એવણે પણ ઘણી મદદો કીધી હતી, તથા કેટલુંક સુધી મુક્ત શિક્ષક તથા ઉપરી રહયા હતા. રાસ્ત ગોફતાર પત્ર શેઠ દાદાભાઇ નવરોજજી પ્રોફેસરે કાઢયું તેમાં પણ એવણની પ્રથમથીજ લખાંણો સંબંધી મદદ હતી, અને તે પત્રના એઓ ૧૮૫૨ ના આગશટથી તે ૧૮૫૩ ના મારચ સુધી એખલા અધીપતી હતા. જ્ઞાન પ્રસારક મંડલી સ્થાપવામાં પણ એવણનો હાથ હતો, અને તે મંડલીના એવણ ૧૮૫૩ થી તે ૧૮૫૮ સુધી હાનરરી શેક્રેટરી તથા એજ મુદત સુધી તેનાં ચોપાંનયાંના અધીપતી હતા. એજ મુજબ રાહનુમાએ માજદીઅસનાંન સભાના પણ એવણ પેહલાંથીજ અધીકારી તથા ૧૮૫૭—૫૮ માં તે સભાના મુનશી હતા, અને એ બંને સભાઓના સંબંધમાં ઘણાંક કીમતી ભાષાણો કીધાં હતાં. ૧૮૫૭ થી ૧૮૬૦ સુધી એવણ અતરેનાં બોમ્બે ટાઇમ્સ પત્રના માનેજર હતા, અને તે દરમેઆંન ૧૮૫૮ માં થોડાક માસ ચીન જઇ આવ્યા હતા. એ બાદ ૧૮૬૦ ના આપરેલ માસમાં ઇંગલાંડ ખાતે શેઠ દાદાભાઈ નવરોજજીની પેહડીમાં ગયા હતા, પણ ત્યાંથી એક વર્ષમાં પાછા આવી ૧૮૬૩ માં શેઠ એદલજી શાપુરજી મેહતા, રેવાગરવાલાની પેહડી પર હાંગકાંગ ગયા હતા. ત્યાંથી આવી પાછા ૧૮૬૭ માં હાંગકાંગ અને ત્યાંથી ગયે વર્ષ શીંગાપોર ગયા હતા, અને ત્યાંજ મરણ પામ્યા હતા. એવણમાં પોતાના "હોધા ઉપર ખંતીપણું, દેશહીતકારી મેહનત, ભલાં કામની ભારી બુજ તથા લોકોનાં દુખની ખરાં દીલની દાહાજ"[2] ઘણી મજબુત હતી.

તા૦ ૨૯ મી જુન.

આજ દીને સુરત મધે એંડરુસ લાઇબ્રેરીનાં દીવાંનખાંનામાં શેઠ દીનશાહ અરદેશર તાલેયારખાંએ પોતાની દક્ષિણ હિંદુસ્થાનમાં છ માસની મુસાફરીનો થોડોક અહેવાલ ઇંગ્રેજીમાં વાંચી સંભલાવ્યો હતો.[3]

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી જુન ૧૮૬૯.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૬૯.

૩ ગુજરાત મિત્ર, તા૦ ૨૭ મી જુન ૧૮૬૯.

તા૦ ૧ લી જુલાઈ.

મુંબઈ તથા તેને લગતા જીલ્લાઓની કન્યાશાળાઓને માટે સ્ત્રી શિક્ષકો કેળવી તૈયાર કરવા સારૂં નામદાર સરકારે મુંબઈ મધે "ફીમેલ નાર્મલ સ્કુલ" સ્થાપી હતી. અને તે મધે દાખલ થનારીઓને ઉતેજન તરીકે દર માસે રૂ૧૦) થી ૨૫) ના પગાર સુધીની ૧૦) સ્કાલરશીપો આપવાને મુકરર કીધું હતું.[4] એ ખાતાંપર દેખરેખ રાખવા સારૂં ૬ હિંદુ અને ૧ પારસી (શેઠ નવરોજજી ફરદુનજી) ગ્રહસ્થોની કમીટી નામદાર સરકારે નેમી હતી.[5]

તા૦ ૩ જી જુલાઈ.

શેઠ દાદાભાઈ નવરોજજી પ્રોફેસરે પોતાના દેશ અને દેશીઓની બજાવેલી કીમતી સેવાનો આભાર શી રીતે માંનવો, તે બાબે વિચાર કરવાને તેમના દોસ્તો અને ચાહનારાઓની એક ખાસ સભા આજ દીને ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં મલી હતી. સરનશીનની ખુરસી શેઠ ફરામજી નશરવાંનજી પટેલને આપવા બાદ તેવણે તથા શેઠો નવરોજજી ફરદુનજી, વીનાયકરાવ જગનાથ શંકરશેઠ, ડાકટર ભાઉ દાજી અને રાવસાહેબ વીશવનાથ નારાયણ મંડલીકે શેઠ દાદાભાઇની જાહેર સેવાઓનું કેટલુંક બેઆન કહી સંભલાવ્યું. જે પછી નીચલા ઠેડાવો સર્વેનાં એકમતથી પસાર થયા હતાઃ—

"શેઠ દાદાભાઇ નવરોજજીએ ઘણાં વર્ષોની એક લાંબી મુદત સુધી દેશના ફાયદાને અર્થે જે મેહનત કીધીછે તે સઘળી તેવણની સેવા અને ખુબીઓ આ સભા બાહલ રાખેછે અને તેમની ઘટતી કદર બુજવાની ખાએસ રાખેછે.

"શેઠ દાદાભાઇ નવરોજજી અતરેથી ઇંગલાંડ રવાંના થાય તે વેળા તેવણને એક માનપત્ર આપવું તથા તેવણની બીનસ્વાર્થી જાહેર સેવાઓનો ઉપકાર માનવાને એક ઉઘરાંણું કરી તે મધેથી એક "ટેસ્ટીમોનીઅલ" આપવું અને તે કયા આકારમાં આપવું તે આજ દીને ઠડતી કમીટીના વીચાર ઉપર સોંપવું.

"આ કામ પાર પાડવા માટે નીચલા ગ્રહસ્થોની એક કમીટી ઠેડવવી અને તેના શેક્રેટરીઓ તરીકે શેઠો અરદેસર ફરામજી મુસ અને બાલા મંગેશ વાઘલેને નેમવાઃ—સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો ફરામજી નશરવાંનજી પટેલ, વીનાયકરાવ જગનાથ શંકરશેઠ, હાનરેબલ મંગલદાસ નથુભાઇ, હાનરેબલ બેહરામજી જીજીભાઈ, વરજીવનદાસ માધવદાસ, દીનશાહજી માણેકજી પીટીટ, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, અહમદભાઇ હબીબભાઇ, હાજી ઇસમાએલ હાજી હબીબ, ધરમસી પુંજાભાઈ, નશરવાંનજી

૪ એ ઉપરાંત બીજી એક રૂ૨૫) ના દરમાયાની સ્કાલરશીપ શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, સી. એસ. આઇ. એ; તથા બીજી રૂ૧૫) ની શેઠ શેરાબજી શાપુરજી બંગાલીએ છુપે નામે આપતી કીધી હતી.

૫ જામે જમશેદ, તા૦ ૨ જી જુલાઇ ૧૮૬૯.

જાંગીરજી વાડીઆ, ડાકટર ભાઉ દાજી, રાવસાહેબ વીશવનાથ નારાયણ મંડલીક, શેરાબજી શાપુરજી બંગાલી, નવરોજજી ફરદુનજી, ડોશાભાઇ ફરાંમજી કરાકા, રતનજી બહમનજી દુબાશ, નાનાભાઇ મેહરાંમજી જીજીભાઈ, હોરમજજી નવરોજજી સ્કલાતવાલા, ડાકટરો ધીરજરાંમ દલપતરાંમ, રૂસતમજી કાવશજી બાપુરજી, આતમારાંમ પાંડુરંગ, શેઠ શાંતારાંમ નારાયણ, હોરમજજી દાદાભાઇ પલીડર, જાંગીરજી મેહરવાંનજી પલીડર, ભગવાંનદાસ પરશોતમદાસ, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, અને કરસનદાસ માધવદાસ."૧

તા૦ ૬ થી જુલાઈ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—નશરવાંનજી મનચેરજી વાડીઆ—ઉમર વર્ષ ૫૪) શેઠ મનચેરજી જમશેદજી વાડીઆના વડા દીકરા. એવણ પ્રથમથીજ પોતાના બાપ સાથે તેમનાં વ્યાપાર વનજનાં કામોમાં શામેલ હતા, અને ૧૮૪૧ માં મેશરસ ગીલાંનડરસ ઇવિરટની કુંપનીમાં વડા કારભારી હતા. તા૦ ૧ લી જુન ૧૮૪૩ થી એવણના બાવાએ એવણ તથા એવણના ભાઇ શેઠ બરજોરજીને પોતાની સાથે શામેલ કરી "મનચેરજી જમશેદજીના છોકરાઓ" ને નામે વહીવટ શરૂ કીધો હતો,

---

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી જુલાઇ ૧૮૬૯.

ઊપલી સભામાં ઠેડવેલું માનપત્ર શેઠ દાદાભાઇને તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૬૯ ને દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં એક ઠઠમાર જાહેર સભા ભરી આપવામાં આવ્યું, તથા તેમનાં ઊપલાં ટેસ્ટીમોનીયલ ફંડમાં ભરાયલા રૂ૨૮૯૨૬) માંથી તેમની એક તસવીર ચીતરાવી ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં મુકવાના ખરચ વગેરેના બાદ કરી બાકી રૂ૨૫૦૦૦) ની એક "પર્સ" તેમને ભેટ આપી હતી. સરનશીનની ખુરસી સર જમશેદજી જીજીભાઇ બારોનેટની માંદગીને લીધે ગેરહાજરીમાં શેઠ વીનાયકરાવ જગનાથ શંકરશેઠને આપવા બાદ કમીટીના એક શેક્રેટરી શેઠ અરદેસર ફરાંમજી મુસે બુલંદ અવાજે માનપત્ર વાંચી સંભલાવ્યું હતું, જે અતરે સદાબરૂ ઊતારી લઇજીએ છૈયે:—

To

DADABHAI NAOROJI Esquire,

We, your friends and admirers, feel it our duty on the eve of your departure to England to express our feeling of heart-felt gratitude and sincere thankfulness for the valuable services you have rendered to our country. Wherever you have been, at home or abroad, you have always evinced the warmest interest in the promotion of the social, political, and moral welfare of India and its inhabitants.

Pre-eminently you are one of those self-made men, who rise by the force of their individual merits and conduct: all the greater therefore is our respect and esteem for you.

Your distinguished career as a scholar at the Elphinstone Institution, your native taste and talent for Mathematics and Natural Sciences, and your sterling qualities as a teacher were not long in bringing you to the notice of the late Board of Education and the Government of Bombay, by whom you were nominated to the chair of Mathematics and Natural Philosophy in the Elphinstone College on the death of the late lamented Professor Patton, and in your nomination the whole native community felt itself highly honoured, for you were the second native, after the late lamented Professor Bal Gungadhur Shastri, on whom this honourable post was conferred; and it has afforded us extreme pleasure to find that during your tenure of office, you conducted your duties with credit to yourself and advantage to those entrusted to your care.

From early life you have always taken an active part in every movement which had for its object the improvement of the moral, social and political condition of our countrymen and in particular, you have evinced great interest in the cause of popular education and the diffusion of useful knowledge. The records of the Students' Literary and Scientific Society, the Guzerati Dnyan Prasarak Sabha, the Native General Library, the Framji Cowasji Institute, the Parsee Girl School Association, and the Bombay Association, bear ample testimony to your indefatigable energy and zeal for the public cause.

For the spread of vernacular literature and the creation of a taste for reading in the Guzeraty speaking population of this Presidency, we are in a great measure indebted to you. In starting the Guzerathy Dnyan Prasarak Sabha, the first of its kind in Bombay, and the magazine, bearing the same name, you took a prominent part, and besides delivering public lectures in the vernacular and contributing instructive and interesting essays to the magazine, you materially assisted its funds so as to cheapen its price and bring it within the reach of the poorer classes of community.

In respect to Female Education your services are not less marked. You were one of those few who took an important part in establishing the first Native Girl's School under the auspices and superintendence of the Students' Literary and Scientific Society, and assisted in overcoming by their personal influence and labours as voluntary teachers, the prejudices of the people against female education. With the valuable aid of several leading members of the Parsee Community, you contributed not a little to put the Parsi Schools on a permanent footing.

Such were your labours in the cause of native progress and enlightenment, when 15 years ago, you proceeded to England as partner in the first native firm established in that country, with the important object of naturalizing native commercial enterprize therein.

By directing your attention during your stay in England towards the study of politics, you have proved yourself of immense service to India, being able thereby to represent our cause honestly and faithfully before the English public.

Your disinterested labors in the establishment and conduct of the London Indian Society and the East India Association, and in the formation of a branch of the latter at Bombay, your valuable services in the discussion of important and Imperial questions affecting the rights and interests of the natives of India, are too recent and well known to require lengthy acknowledgments.

Such are your services, and when to your high character for integrity and probity, dear Sir, we add your readiness disinterestedly to devote your time, talents and energy towards the advancement and welfare of India, with such urbanity of manners and width of sympathy as to place your valuable advice within the reach of every countryman who might need it, we cannot refrain from publicly acknowledging them and as a

અને મેશરસ હવરટ લાયન તથા તે પછી હવરટ લાથામની પેહડીના દલાલ થયા હતા. ૧૮૬૨ માં બાપનાં મરણ બાદ એઓ બંને ભાઇઓએ એજ નામથી પેહડી ચાલુ રાખી હતી, અને જારજ ધી થરડ જુટ એંડ વુલ સ્પનીંગ એંડ વીવીંગ કુંપની, અકબર કાટન પ્રેસ કુંપની, ઇમપીરીઅલ કાટન પ્રેસ કુંપની, ઓરીએનટલ ઇનશુરનશ શોશાઇટી, આલબરટ ઇનશુરનશ કુંપની, અને બોમ્બે ટરેડીંગ એંડ બેંકીંગ કુંપનીઓ ઉભી કરી તેના શેક્રેટરી અને ટરેજરર નેમાયા હતા. પરેલ મધે પોતાના બાવાએ બંધાવવા માડેલી દરેમેહર તૈયાર થવાથી એઓ બંને ભાઇઓએ તેમાં ઇ૦ સ૦ ૧૮૩૪ માં લાલબાગ મધે શેઠો દાદાભાઇ અને મનચેરજી પેશતનજી વાડીઆએ પરઠાવેલાં આતશ આદરાંન તખ્તનશીન કરાવી તા૦ ૯ મી આગશટ ૧૮૬૩ ને દીને પરઠાવી હતી. એ દરેમેહરની પડોસમાંજ "લવજી વાડીઆ ડીસ્પેનસરી" નાં નામથી એક ધર્મનું દવાખાંનું ઉંઘાડવાની એઓ બંને ભાઇઓએ આગેવાંની લીધી હતી, તથા તે માટે પોતાની જમીન ઉપર રૂ૨૩૫૧૭)ને ખરચે એક મકાંન બંધાવી આપી તા૦ ૧ લી જાનેવારી ૧૮૬૫ થી દવાખાંનું ચાલુ કીધું હતું. ૧૮૬૬ ના જુન માસમાં જદ્દાથી હાજીઓ લઇ કલકતે જતું "ડાએમંડ" નામનું એક વાહાણ તોફાંન ખાઇ મુંબઇનાં બારાંમાં આવતાં માહલક્ષમીના કીનારાની નજદીકમાં ખરાબે ચઢી ગયું તેમાંના ઘણાક ઉતારૂઓને એઓ બંને ભાઇઓએ પોતાના વરલીના બંગલામાં ઉતારો આપી તેમની સારી માવજત લીધી હતી, તથા વરલીના માછીમારોને દામ આપી ઘણાકોને દરીયામાંથી બાહેર કઢાવ્યા હતા. આ માટે એઓ બંને ભાઇઓને સત્તાવાલાઓ તરફથી શાબાશી મલી હતી. ૧૮૬૭ માં એઓની પેહડીને નુકસાંન જવાથી તે બંધ કરી થોડુંક સુધી એવણે એકાંત જીંદગી ગુજારી હતી.

તા૦ ૬ થી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—રૂસતમજી જીવણજી પોસ્ટ માસતર[1]—ઉમર વર્ષ ૪૬) એવણ સુરતના પોસ્ટ માસતર હતા.

---

small token of our esteem and affection we request your kind acceptance of a purse which we have subscribed.

We also solicit the favour of your kindly consenting to have your life size portrait placed in the hall of the Framji Cowasji Institute.

In conclusion we beg heartily to wish you a happy voyage to England, and we pray Almighty God to grant you long life and prosperity and that we may have the happiness of once more seeing that benign and cheerful countenance, among us.—

We remain, dear Sir,

Your sincere friends and admirers.

શેઠ દાદાભાઇએ ઘણી લાગણીથી ઉપલાં માનપત્રનો જવાબ આપ્યો, તથા ભેટ આપેલી "પર્સ" ઉપકાર સાથે બાહલ રાખી, જે બાદ શેઠ રતનજી બહમનજી દુબાશની સુચનાંથી તેમની જય પોકારી મેલાવડો બરખાસ્ત થયો હતો.

૧ એવણના એક ભાઇ શેઠ આદરજી જીવણજી રાજકોટ મધે પોસટ માસતર હતા, અને ત્યાંજ મરણ પામ્યા હતા.

તા૦ ૬ થી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઇ માણેકબાઇ તે શેઠ ફરદુનજી ધનજીભાઇ આલબલેસનાં ધણીઆંની તથા શેઠ નવરોજજી બરજોરજી પારખનાં બેટીનાં ઉઠમણાંમાં તેમનાં એશીઓએ રૂ૬૨૫) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[2]

તા૦ ૯ મી જુલાઇ.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, સી. એસ. આઇ. એ અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં સ્થાપેલા વૈધું શિખાડવાના ગુજરાતી વર્ગમાં દર માસે રૂ૧૦) ની પોતાનાં નામની એક સ્કાલરશીપ આપવાને રૂ૨૫૦૦) ની સરકારી નોટ સરકારમાં ભેટ આપી હતી.[3]

---

૨ જામે જમશેદ, તા૦ ૭ મી જુલાઇ ૧૮૬૯.

૩ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૧ મી આગશટ ૧૮૬૯.

આ ભેટ આપતી વેળાએ શેઠ કાવશજીએ ગ્રાંટ મેડીકલ કાલેજના પ્રીનસીપાલ ડાકટર હંટર ઉપર નીચે મુજબનો પત્ર લખ્યો હતો:—

To

DR. W. G. HUNTER,

Principal, Grant Medical College.

Sir,—I was glad to find from conversation I had with you that it was the intention of Government to establish a Guzrati Vernacular Class in Grant Medical College. In a country of so extensive an area as Guzrat it is sad to think the poor should be so ill—provided with medical advice as they are and there can be little doubt that hundreds of lives are yearly sacrificed for want of medical aid. The scheme for placing this at their disposal by means of Guzrati speaking natives trained in the science of European medicine is I consider exceedingly judicious. In earnest of my wishes for the success of the scheme I have the pleasure to place at your disposal two Government 5 per cent. promissory notes for Rs. 2,500 costing me with premium Rs 2,756¼ for the purpose of founding a scholarship of the value of Rs. 10 per month.

I have &c.,

COWASJEE JEHANGHIER,

Bombay, 9th July 1869.

આ ભેટ સ્વીકારતાં સરકાર તરફથી ડાએરેકટર ઑફ પબલીક ઇનસ્ત્રકશન મી૦ જે. બી. પીલે નીચલો પત્ર લખી શેઠ કાવશજીનો ઉપકાર માનયો હતો: —

No. 1749 of 1869-70.

Poona, Office of the Director of Public Instruction,
16th August 1869.

To

COWASJEE JEHANGEER, ESQ., C.S.I.

BOMBAY.

Sir,—I have the pleasure to convey to you, by order of the Right Hon'ble the Governor in Council the warm acknowledgments by Government of the additional instance of judicious liberality you have given in

તા૦ ૧૧ મી જુલાઇ.

શેઠ બહમનજી ડાથાભાઇ મુનશીએ "તફહીમે દીને મજદયસન" નામની એક ચોપડી "એક ભલું ઇછનાર" ને નામે છપાવી પ્રગટ કીધી હતી.[1]

તા૦ ૧૫ મી જુલાઈ.

ખાંનસાહેબ દીનશાહજી પેશોતનજી દસ્તુર કામદીનજીને સુરત જીલ્લાના પેહલા વર્ગના સબારડીનેટ જડજ, તથા શેઠ કેખશરૂ હોરમજજી આલપાઇવાલાને અમદાવાદના બીજા વર્ગના સબારડીનેટ જડજ, તથા મુંબઇની હાઇ કોરટની આપેલેટ સાઇડના ત્રાનસલેટર અને ઈનટરપ્રીંટર શેઠ ખરશેદજી રૂસતમજી થાંણેવાલાને કલીઆંણીના બીજા વર્ગના સબારડીનેટ જડજ તરીકે નામદાર સરકારે નેમ્યા હતા.[2]

તા૦ ૨૩ મી જુલાઈ.

રોજ ૫ માહ ૧૨ (૬૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—કેખશરૂ હોરમજજી મોદી—ઉમર વર્ષ ૭૫) સુરતવાલા શેઠ હોરમજજી ભીમજી મોદીના નાધલા દીકરા. એવણ પ્રથમમાં પોતાના ભાઇઓ સાથે બાપીકા રોજગારમાં પડેલા હતા. તે પછી શેઠ કુવરજી મેહરવાંનજી ધંમીરનાની સાથે ગુજરાતની કમીસરીએતમાં કંત્રાકતો લેતા હતા.[3]

તા૦ ૨૮ મી જુલાઇ.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—ખરશેદજી બરજોરજી દાદી બરજોરના[4]—ઉમર વર્ષ ૮૨) શેઠ બરજોરજી દોરાબજી દાદી બરજોરના ચોથા દીકરા. એવણ આગલા વખતમાં સરકારી વેર હાઉસ માં ખાંડનો તથા બીજો પરચુટન વ્યાપાર કરતા હતા.

તા૦ ૨૯ મી જુલાઇ.

શેઠ શેરાબજી પેશતનજી મેહતાને એડન મધે નામદાર સરકારે ત્યાંના "રેજીસ્ત્રાર ઑફ ટરેડ" નેમ્યા હતા.[5]

તા૦ ૩૦ મી જુલાઈ.

મારવાડ મધે ઉતર બાજુએ સખ્ત દુકાલ પડવાથી ત્યાં મદદ મોકલવાને અતરે એક ફંડ ઉભું થયું હતું, જે મધે રૂ૧૬૯૧૧) ભરાયા હતા.[6]

તા૦ ૨ જી આગશટ.

રોજ ૧૫ માહ ૧૨ (૬૦) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ દીનબાઇ તે શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલનાં ધણીઆંનીના ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાથી રૂ૩૫૦૦) તથા ખાવંદ અને ફરજંદોએ રૂ૭૫૫૦) મલી રૂ૧૧૦૫૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[7]

તા૦ ૨ જી આગશટ.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ લંડન મધે રીજંટ પાર્કમાં એક ફુવારો બાંધવાને ત્યાંની "મીટરો પોલીટન ડરીંકીંગ ફૌંટન એંડ કેટલ ટ્રો આશોશીએશન" પર ૧૪૦૦) પૌંડ (રૂ૧૩૫૪૪) ભેટ મોકલ્યા હતા. તે ફુવારો બંધાઈ તૈયાર થવાથી આજ દીને નામદાર પ્રીનસેસ મેરી ટેકે એક મોટા મેલાવડાની હજુરમાં તે ખોલ્લો મુકયો હતો. પ્રથમમાં રાઈટ હાનરેબલ ડબલ્યુ. કાઉપર, એમ. પી. એ ઉભા થાઈ

---

your endowment of a scholarship for the Guzorathee Vernacular Class of the Grant Medical College.

I have &c.,

J. B. PEILE,

Director of Public Instruction.

ઊપલો ગુજરાતી વર્ગ ગ્રાંટ મેડીકલ કાલેજમાંથી કાઢી નાખવાથી એ રૂ૨૫૦૦) ની રકમ અમદાવાદની "બેહરાંમજી જીજીભાઇ મેડીકલ સ્કુલ" ખાતે લઇ જવામાં આવીછે, અને ત્યાં શેઠ કાવશજીને નામની સ્કાલરશીપ આપવામાં આવેછે.

૧ "તફહીમે દીને મજદઃયસ્નઃ યાને મજદઃયસન મજહબની તાલીમ; તથા એ મજહબ ઊપર જુદદીનોની થયલી બેજા મુજાહેમતનો મઆકુલ જવાબ; તે સાથે ઘણીએક નવી મહા ઊપયોગી બાબતોનો સંગ્રહ. બનાવનાર, એક ભલું ઇછનાર. મુંબઇ મધે, અંગરેજી તથા ગુજરાતી "જાબ પ્રીંટીંગ" છાપાખાનાંમાં છપાયુંછે. ઇ૦ સને ૧૮૬૯."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૫ મી જુલાઇ ૧૮૬૯.

૩ એમના વડા ભાઇ શેઠ મનચેરજી હોરમજજી મોદી સુરત મધે જાણીતા ગ્રહસ્થ હતા, તથા બીજા ભાઇ શેઠ રૂસતમજી હોરમજજી મોદી પ્રથમમાં સુરત મધે સ્ટાંપપર હતા, અને તે પછી વલસાડના મામલતદાર ઠડયા હતા.

૪ મરહુમ શેઠ માણેકજી ખરશેદજી દાદીબરજોરના બાવા.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૬૯.

૬ એ રૂ૧૬૯૧૧) માં રૂ૪૨૦૦) ઇંગ્રેજોના, રૂ૭૪૩૦) હિંદુઓના, રૂ૧૨૫) મુસલમાંનોના, રૂ૧૪૦૦) યાહુદીઓના, અને રૂ૩૭૫૬) નીચે મુજબ પારસીઓના હતાઃ—

(રૂ૨૦૦૧) અરદેશર હોરમજજી વાડીઆ. (રૂ૬૦૦) એદલજી ફરાંમજી આલબલેસના છોકરાઓની કું૦. (રૂ૨૫૧) દીનશાહજી માણેકજી પીટીટ, હોરમજજી બહમનજી વાડીઆ. (રૂ૨૫૦) ફરાંમજી સાંડસની કું૦. (રૂ૧૫૧) રતનજી એદલજી બાટલીવાલા. (રૂ૧૦૧) ખરશેદજી બહમનજી શેઠના. (રૂ૧૦૦) શોરાબજી શાપુરજી બંગાલી. (રૂ૫૧) મેહરવાંનજી બહમનજી ઘડીઆલી.

એજ મુજબ અમદાવાદ મધે પણ એક ફંડ ઊભું કરી તે મધેથી અનાજ ખરીદ કરી તે અનાજ મુફત નહિં પણ સસતે ભાવે વેચવાને મારવાડ મોકલવાને ઠેડગ્યું હતું. એ માટે એક રીલીફ કમીટી નેમી હતી, તથા તેના હાનરરી શેક્રેટરી તરીકે શેઠ દીનશાહ હોરમજજી કરાકાને નેમ્યા હતા.

૭ જામે જમશેદ, તા૦ ૩ જી આગશટ ૧૮૬૯.

એ ફુવારો બંધાવવાને લગતો રીપોરટ વાંચી સંભળાવ્યો,[૧] જે બાદ હાનરેબલ એ. કીનરડે નામદાર શાહજાદીના હાથમાં હિંદુસ્થાંનની કારીગરીથી બનાવેલું એક સુંદર કપ ભેટ આપ્યું, જેમાં તે ફુવારામાંથી થોડુંક પાણી લઇ નામદાર શાહજાદીએ પીધું, અને લોકોની ખુશાલીના પોકારો વચ્ચે તે ફુવારો પ્રજાના ઉપયોગને માટે ખોલ્લો મુકેલો જાહેર કીધો.[૨]

---

૧ એ રીપોરટ નીચે મુજબ છે:

To

HER ROYAL HIGHNESS THE PRINCESS MARY OF TECK.

Madam,—On behalf of the President and Committee of the Metropolitan Drinking Fountain and Cattle Trough Association, I have now the honour to transfer to your Royal Highness, as the representative of Her Most Gracious Majesty the Queen, all right and property in this drinking fountain, which has been erected for the use of the public by the Society, at the entire cost of Cowasjee Jehangeer Readymoney, Esq., (Companion of the Star of India), a member of one of the most distinguished Parsee families of landed proprietors in Bombay, and who has long been renowned in his own land for his assiduity in business, his acuteness in all financial operations, and his munificent support of all works of benevolence. We are not able to enumerate the many charitable movements in Bombay which owe their existence to Mr. Cowasjee's boundless liberality, but during the last few years he has contributed more than £ 40,000 to colleges and schools, £ 30,000 to hospitals and dispensaries, and more than £ 30,000 to other benevolent institutions in India, including a General Hospital at Surat, an Ophthalmic Hospital in Bombay, and a Lunatic Asylum in Sind. His large-hearted benevolence may be gathered from the fact, that on one occasion on visiting Camateepoora after a calamitous fire, and finding thirty-seven families houseless and helpless, he personally enquired into every case, and gave to each sufferer a suficient sum to enable him to rebuild his habitation and to provide some of the necessaries of life. He has also erected numerous drinking fountains in Bombay for the poor; and now for the express purpose of showing his gratitude to this country for the protection which his people have enjoyed under the British rule in India, he has erected this costly and elegant fountain which your Royal Highness has graciously consented to inaugurate to-day. In Mr. Cowasjee's first letter on the subject of this erection, he says:—"I have a sincere desire to discharge a heavy "debt of gratitude towards the English nation, under "whose rule I, as a Parsee, enjoy every liberty, and I "beg to enclose £ 1,200, which please expend on an "ornamental fountain in Regent's Park or Kensigton "Gardens." The design which as prepared by Mr. Robert Keirle, the Architect of the Association, was so fully approved by Mr. Cowasjee that he at once forwarded an additional £ 150 to enable the Association to execute it in the best and most durable materials; and this site having been granted by the then First Commissioner of Her Majesty's works and Public Buildings (the Right Hon'ble Lord John Manners), the final order was given for the erection of the fountain in December last, and in less than eight months the Committee have the satisfaction to transfer to Her Majesty this tribute of gratitude from one of Her loyal Parsee subjects, for the advantages enjoyed under her beneficent sway, by himself and his fellow-countrymen. The Parsees are, like the British, comparative strangers in India, differing from all the other races there in features, dress, religion, and even to a certain extent in language. Descendants of the ancient fire-worshippers of Persia, driven from their country by the persecution of the fierce followers of Mahomed, they settled on the coast of India in the neighbourhood of Surat, whence they have extended to Bombay (now almost their principle settlement) and to other parts of India. The fountain is composed entirely of Sicilian marble and polished granite, and the artistic manner in which the works have been executed reflect great credit upon Mr. Henry Ross, the sculptor, and the Committee trust that it will be long appreciated, as the gift of a noble and generous spirit to the English nation."

૨ ટાઇમસ ઑવ ઇંડીઆ, ૨૮ મી આગશટ ૧૮૬૯.

એ ફુવારાપર નીચે મુજબનો લેખ કોતરેલો છે:—

"This fountain
Erected by the
Metropolitan Drinking Fountain and
Cattle Trough Association
is the gift of
COWASJEE JEHANGIR READYMONEY, ESQ.
(Companion of the Star of India)

A wealthy Parsee Gentleman of Bombay As a token of gratitude to the people of England For the protection enjoyed by Him and his Parsee Fellow countrymen under the British rule in India."

એ ફુવારો ખોલ્લો મુકાયા પછી લંડન મધે પ્રગટ થતાં "ધી બ્રીતિષ વરકમેન" નામનાં એક પત્રના તા૦ ૧ લી નવેમબર ૧૮૬૯ ના આંકમાં શેઠ કાવશજીની એક તસવીર તથા નીચે મુજબનો અહેવાલ છપાયો હતો: —

"Cowasjee Jehangheer Readymoney is a member of one of the first Parsee families of landed property in Bombay. It would be almost impossible to enumerate all the works of benevolence in India which owe their existence to Mr. Cowasjee's liberality; and now, to show his gratitude to this country for the protection which his people have enjoyed under the British rule in India, he has sent over nearly £ 1,400 to defray the cost of a fountain which has been erected in Regent's Park by the Metropolitan Drinking Fountain and Cattle Trough Association. It was inaugurated on the 2nd of August, by H. R. H. the Princess Mary of Teck, amidst the plaudits of assembled thousands. This is one of the most elegant fountains yet erected in London, being of polished granite and white marble."

We are glad to observe that our humble canine friends have not been forgotten, two small troughs being provided at which dogs may slake their thirst.

On behalf of the working men of London we would tender our warmest thanks to Mr. Cowasjee for his noble and most acceptable present. We hope that his good example will be followed by many of our wealthy English merchants. To provide a constant supply of pure water for the masses is one of the most benevolent gifts which the wealthy can possibly confer upon the sons and daughters of toil.

[The British Workman, 1st November 1869.]

વળી લંડનનું જાણીતું "ઇલસ્ત્રેટેડ ટાઇમસ" એ ફુવારા વિષે લખતાં પારસીઓ માટે કેહછે કે તેઓને પોતાનાં સ્વદેશ ઇરાંનમાંથી મુસલમાંનોએ હાંકી કાઢયા તે બાએ ખેદ બતાવવાનું આપણે ડોલ ઘાલતા નથી, કારણકે તેથી જોકે ઇરાન દેશે પોતાના કેટલાક બહુ માનવંત બેટાઓ ખોયાછે, તોપણ

તા૦ ૪ થી આગશટ.

શેઠ રૂસતમજી દાદાભાઈ કામાજીએ પોતાનો બરજોરજી નામનો ૨॥ વર્ષનો બેટો તા૦ ૧૮ મી આપરેલ ૧૮૬૫ ને દીને ફુલગુજાર થયો તેને નામે એકઠા થયલા રૂ૭૮૩॥ આજ દીને પંચાતનાં ફંડમાં ધર્મખાતે આપ્યા હતા.[1]

તા૦ ૫ મી આગશટ.

શેઠ બેજનજી રતનજી કોટવાલે ઈ૦ સ૦ ૧૮૫૯ નો ૧૪ મો આકટ અથવા મુદતના કાએદાનો ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[2] એ પુસ્તક શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલને અર્પણ કીધું હતું.

તા૦ ૬ થી આગશટ.

રોજ ૧૯ માહ ૧૧ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—શાપુરજી બહમનજી મીસતરી—ઉમર વર્ષ ૪૦) એવણ પોતાના સસરા શેઠ કાવશજી પાલણજીની કુંપનીની ચીન ખાતેની તથા મેશરસ ખરશેદજી બહમનજીની કુંપનીની મુંબઈ ખાતેની પેહડીમાં ૧૮૫૨ થી ભાગયા હતા, તથા લાંબી મુદત સુધી ચીન મધે રેહેલા હતા.

તા૦ ૮ મી આગશટ.

આજ દીને મરહુમ શેઠ શાપુરજી બહમનજી મીસતરીનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજી મધેથી તથા ખેશીઓએ મલી રૂ૧૭૭૫) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[3]

તેઓના હિંદી વસવાતથી આપણે તો મોટા લાભો મેલવ્યાછે. એ બાબે તે પત્રમાં લખેછે કેઃ—

There is one point connected with the establishment of the drinking-fountain in the Broad Walk of Regent's Park that merits special observation. Mr. Cowasjee Jehangheer Readymoney, the donor of the fountain, is a Parsee—that is, a descendant of the very ancient and pure Persian worshippers of fire. This sect were remorselessly driven out of their native land by the followers of Mohammed. We cannot affect any regret at this; for, while Persia lost some of her very worthiest sons, we have enjoyed great advantages from their settlement in India. It is by no means too much to say that, limited as they are in numbers, the Parsees have done more in our Eastern Empire for the advancement of trade, civilisation, and progress than any other sect or caste whatever. But, desireble fellow-subjects as they are in every respect, it is in their private capacity that they most shine. Their liberality and benevolence are notorious; and their wealth, laboriously and honourably obtained, is frequently disbursed with no niggardly hand in every branch of philanthropic enterprise."

[Illustrated Times, 14th August 1869.]

૧ જામે જમશેદ, તા૦ ૭ મી આગશાટ ૧૮૬૯.

૨ "સન ૧૮૫૯ નો ૧૪ મો આકટ અથવા મુદતનો કાયદો, તથા તેની હરએક કલમ ઊપર તરણુદે ઈલાકાની હાઈ કોરટોના ઠરાવ શુધાં. રચનાર, બેજનજી રતનજી કોટવાલ, મુંબઈની સ્માલ કાજ કોરટના ઈનતરપ્રીંતર. મુંબઈ. ઈમપીરીયલ પ્રેસમાં નવરોજજી ફરાંમજીએ છાપ્યું. ૧૮૬૯."

૩ જામે જમશેદ, તા૦ ૧૧ મી આગશાટ ૧૮૬૯.

તા૦ ૧૦ મી આગશટ.

શેઠ પેશતનજી નશરવાંનજી (ઘરડાના) માસટરે પુણાં મધે મેન સ્ટ્રીટમાં જરથોસ્તી બાળકોને માટે "ધી ઝોરોઆસટરીઅન સ્કુલ" નામની એક નીશાલ ઉઘાડી હતી.[4]

તા૦ ૧૨ મી આગશટ.

શેઠ ખરશેદજી માણેકજી ખરશેદજી સરાફે ઈંગલાંડ મધે બારીસટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી હતી. એની આગમજ એવણે આક્ષફરડ યુનીવરસીટીની બી. એ. ની પરીક્ષા પસાર કરી સનદ મેલવી હતી.[5]

તા૦ ૧૬ મી આગશટ.

રોજ ૨૯ માહ ૧૧ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—નશરવાંનજી બહમનજી માસટર—ઉમર વર્ષ ૩૩) એવણે ઈ૦ સ૦ ૧૮૫૭ માં અતરેની એલફીનસ્ટન ઈનિસ્ટીટયુટમાંથી વેસ્ટ સ્કાલરની પદવી મેલવી હતી. તે પછી કેટલુંક સુધી રાસ્ત ગોફતાર પત્રના મદદનીશ અધીપતીનું કામ ચલાવ્યું હતું. એઓને ખેતીવાડીની બાબદ ઉપર સારૂં ધીઆંન હતું, અને તે બાબે કેટલાક અખતરા કરવાથી અતરેની ચેમબર ઑફ કામરસે એવણને શાબાશી આપી હતી. ૧૮૫૯ થી એવણ નવસારીની કાવશજી જાંહગીર મદરેસાના બીજા શિક્ષક હતા, અને અસુખાકારીને લીધે નવસારીમાંજ સેવટ સુધી વાસો કરવો પડયો હતો. એવણ એક અછા ગુજરાતી લખનાર હતા, અને મુંબઈ મધે આવી મરણ પામ્યા હતા.

તા૦ ૧૯ મી આગશટ.

મુંબઈની પારસી પંચાતનાં ફંડના તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૭ થી તે તા૦ ૧૫ મી અકટોબર ૧૮૬૮ સુધીના હીસાબની ચોપડી જામે જમશેદ છાપાખાંનાંમાંથી તરસ્ટીઓએ છપાવી પ્રગટ કીધી હતી. તેમાંથી જોવામાં આવેછે કે છેલ્લા હીસાબની બાકીના રૂ૫૧૨૨૧૩॥૯ ઉપરાંત આએ આખાં વર્ષમાં પંચાતનાં ફંડ ખાતે રૂ૯૦૪૭૫॥૧૭॥ ની આવક થઇ હતી, અને ખરચ રૂ૪૨૩૬૯॥૧૦॥ થયો હતો, જે બાદ કરતાં વર્ષની આખેરીએ તરસ્ટીઓના હસ્તકમાં પંચાતનાં હીસાબને લગતા રૂ૫૬૦૩૧૯૧૬ તથા

---

૪ જામે જમશેદ, તા૦ ૧૫ મી સપટેમબર ૧૮૬૯.
એ નિશાલ પાંચ છ વર્ષ સુધી ચાલુ રહી હતી.

૫ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૦ મી સપટેમબર ૧૮૬૯.

જુદાં જુદાં પડાવેલાં ખાતાંઓના[૧] રૂ૬૩૧૫૦ાાર મલી કુલે રૂ૧૧૯૧૮૨૬ાા૧૮ બાકી હતા.

તા૦ ૨૦ મી આગશટ.

રોજ ૩ માહ ૧૨ (શે૦) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—જમશેદજી રતનજી ખાંનસાહેબ, બેલગાંમવાલા[૨]—ઉમર વર્ષ ૬૦) શેઠ રતનજી નાનાભાઇ રૂસ્તમખાં અથવા ખાંનસાહેબના વડા દીકરા. એવણ બેલગાંમ મધે રૂઉ, લાકડાં તથા બીજી જનસોનો મોટો વ્યાપાર ચલાવતા હતા. તે તરફનાં ઇંગ્રેજ તથા દેશીઓમાં એમને વિષે મોટું માન હતું. એવણનું મરણ બેલગાંમ મધેજ નીપજ્યું હતું.

---

૧ પંચાતનાં દફતરમાં આએ વર્ષ કાંઇ નવાં ખાતાં પાડેલાં નથી. પણ શેઠાંણી બાઇ આવાંબાઇ તે ડાવેજર લેડી જમશેદજી જીજીભાઇએ પોતાનાં વહુ મરહુમ બાઇ શુનાંબાઇ તે શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇનાં ધણીઆંનીનાં પુનને માટે તા૦ ૩૦ મી મેએ ૧૮૬૮ ને દીને રૂ૫૫૦૦) ની સરકારી નોટ આપી તે મધેની રૂ૩૦૦૦) નીનું વ્યાજ મરહુમ સર જમશેદજી જીજીભાઇવાલી જંદ પેહલવી મદરેસાના ખરચમાં, રૂ૧૫૦૦) નીનું વ્યાજ મુકતાદને તાંકણે દેશાવરો ખાતેના ગરીબ જરથોસ્તીઓને વેંહચી આપવાનાં ફંડમાં, રૂ૫૦૦) નીનું વ્યાજ શેહનશાહી ધાહંબારનાં ફંડમાં તથા રૂ૫૦૦) નીનું વ્યાજ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો. એજ મુજબ શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ પોતાના પડોસી તથા બાવાના દોસ્ત મરહુમ શેઠ બહમનજી બેજનજી કાકાનાં પુનને માટે તા૦ ૨૧ મી નવેમબર ૧૮૬૭ ને દીને રૂ૧૦૦૦) ની સરકારી નોટ આપી તે મધેથી રૂ૫૦૦) નીનું વ્યાજ આંધલાપાંગલા જરથોસ્તીઓનાં તથા રૂ૫૦૦) નીનું વ્યાજ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો. વળી શેઠ એદલજી બહમનજી મારીસે પોતાનાં ધણીઆંની મરહુમ બાઇ હમાંબાઇનાં પુનને માટે તા૦ ૩૦ મી મેએ ૧૮૬૮ ને દીને રૂ૧૦૦૦) સરકારી નોટ આપી તેનું વ્યાજ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો. એ ઊપરાંત શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ પોતાની ખુશીથી તા૦ ૧૮ મી મેએ ૧૮૬૮ ને દીને રૂ૫૦૦૦) ની સરકારી નોટ આપી તેનું વ્યાજ જરથોસ્તી જંદ અવસ્તાની નિશાલોનાં ફંડમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો. એજ મુજબ શેઠ દીનશાહજી માણેકજી પીટીટે પોતાની બેટીઓ બાઇ રતનબાઇ તથા હમાંબાઇની તા૦ ૧૧ મી મેએ ૧૮૬૭ ને દીને થયલી શેહાદીની ખુશાલીમાં તા૦ ૧૫ મી આગશટ ૧૮૬૮ ને દીને રૂ૫૦૦૦) ની સરકારી નોટ આપી તેનું વ્યાજ મુકતાદને તાંકણે દેશાવરો ખાતેના ગરીબ જરથોસ્તીઓને વેંહચી આપવાનાં ફંડમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો.

શેઠ શેરાબજી શાપુરજી બંગાલીએ તા૦ ૧૧ મી મેએ ૧૮૬૮ ને દીને એક જરથોસ્તી ગ્રહસ્થ તરફથી બખશેશ તરીકે રૂ૪૦૦૦) ની કરનસી નોટ મરહુમ સર જમશેદજી જીજીભાઇવાલી જંદ પેહલવી મદરેસામાં એક લાએક વિદ્યાર્થીને પાંચ વર્ષ સુધી દર માસે રૂ૭૫) ની એક "ફેલોશીપ" ડાવેજર લેડી આવાંબાઇ જમશેદજી જીજીભાઇનાં નામથી આપવા સારૂં ભેટ આપી હતી. [એ રકમ શેઠ શેરાબજી શાપુરજી બંગાલીએ પોતે પોતાની ગીરેથી એમ છુપે નામે આપી હતી, અને તે મધેથી તા૦ ૨૭ મી આગશટ ૧૮૬૮ (સવંત ૧૯૨૪) માં તરસ્ટીઓએ રૂ૪૨૦૦) ની સરકારી નોટ લઇ તેનું દર શાલ રૂ૧૬૮) વ્યાજ ઊપજ્યું હતું, અને શેઠ શેરાબજીના લખવા મુજબ એ ફેલોશીપ લેડી આવાંબાઇનાં નામથી તા૦ ૧ લી નવેમબર ૧૮૭૪ થી તે તા૦ ૩૧ મી અકટોબર ૧૮૭૯ સુધી પાંચ વર્ષ એ મદરેસાના સહુથી ચઢતા વિદ્યાર્થી તથા સંસકરૂત શિખવનાર એમ૦ તેહમુરશ દીનશાહ અકલેસરીઆને આપી હતી, અને તે બાદ (સવંત ૧૯૩૫ માં) ઊપલી રૂ૪૨૦૦) ની નોટ વેચી નાખી હતી.]

વળી બાઇ માણેકબાઇ તે મરહુમ શેઠ નાનાભાઇ નશરવાંનજી બનાજીનાં વીધવા તથા મરહુમ શેઠ ખરશેદજી અરદેસર દાદીશેઠનાં બેટીએ પોતાનાં દીકરી મરહુમ બાઇ હમાંબાઇ તે શેઠ નવરોજજી ખરશેદજી કાવશજી બનાજીનાં ધણીઆંનીનાં પુનને સારૂં રૂ૨૦૦૦) ની સરકારી નોટ તેનું વ્યાજ મુંબઇનાં આંધલાંપાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરસી કરવાનાં ફંડમાં વાપડવાને તરસ્ટીઓનાં નામપર ચઢાવી આગલ બોમ્બે બેંક મધે અનામત મેલેલી હતી તે નોટ ત્યાંથી ઊપાડી લઇ તા૦ ૧૭ મી આપરેલ ૧૮૬૮ ને દીને તરસ્ટીઓનાં હસ્તકમાં આપી તેનું વ્યાજ એજ ફંડ ખાતે દર વર્ષ વાપડવાનો બંદોબસ્ત કીધો હતો. એજ મુજબ બાઇ પીરોજબાઇ તે મરહુમ શેઠ રૂસતમજી નવરોજજી મોટાભાઇનાં વીધવાએ રૂ૫૦૦૦) ની સરકારી નોટ તેનું વ્યાજ પોતાના ખાવંદ મરહુમ શેઠ રૂસતમજી નવરોજજી મોટાભાઇનાં પુનને સારૂં તેમની દર વર્ષની બાજ રોજ ૨૬ મો માહ ૧૨ મો શેહનશાહીને દીને પડેછે તે દીને ચોપાતીની ધર્મશાલામાં રેહનારાં આંધલાંપાંગલા તથા લાચાર જરથોસ્તીઓને નવાં કપડાંની એકેકી જોર ભેટ આપવાનાં કારણસર વાપડવાને તરસ્ટીઓનાં નામપર ચઢાવી આગલ બોમ્બે બેંક મધે અનામત મેલેલી હતી તે નોટ ત્યાંથી ઊપાડી લઇ તા૦ ૧૨ મી અકટોબર ૧૮૬૮ ને દીને તરસ્ટીઓના હસ્તકમાં આપી તેનું વ્યાજ એજ કારણસર દર વર્ષ વાપડવાનો બંદોબસ્ત કીધો હતો. એજ મુજબ બાઇ કુવરબાઇ તે મરહુમ શેઠ મનચેરજી ધનજીભાઇ ફલાકુકાના અથવા દુબાશનાં વીધવાએ પોતાના ખાવંદ મરહુમ શેઠ મનચેરજી ધનજીભાઇ ફલાકુકા અથવા દુબાશનાં પુનને સારૂં રૂ૫૦૦૦) ની સરકારી નોટ તેનું વ્યાજ કુલે જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડમાં તથા મુકતાદને તાંકણે દેશાવરો ખાતેના ગરીબ જરથોસ્તીઓને વેંહચી આપવાનાં ફંડમાં સરખે હીસ્સે વાપડવાને તરસ્ટીઓનાં નામપર ચઢાવી આગલ બોમ્બે બેંક મધે અનામત મેલેલી હતી તે નોટ ત્યાંથી ઊપાડી લઇ તા૦ ૭ મી સપટેમબર ૧૮૬૮ ને દીને તરસ્ટીઓના હસ્તકમાં આપી તેનું વ્યાજ એજ બંધે ફંડો ખાતે દર વર્ષ વાપડવાનો બંદોબસ્ત કીધો હતો.

૨ એવણના એક ભાઇ નવરોજજી રતનજી ખાંનસાહેબ (મરહુમ શેઠો આદરજી નવરોજજી ખાંનસાહેબ તથા દીનશાહ નવરોજજી બેલગાંમવાલાના બાવા) સુરત તથા બેલગાંમ વચ્ચે વ્યાપાર ચલાવતા હતા. બીજા ભાઇ શેઠ પેશતનજી રતનજી ડાકટર (શેઠ અરદેસર આદરજી ખાંનસાહેબના મમાવા) મુંબઇ મધે હકીમું કરતા હતા, અને ત્રિજા ભાઇ શેઠ કાવશજી રતનજી ખાંનસાહેબ (સુરતવાલા ખાંનબાહદર નાનાભાઇ કાવશજીના

તા० ૨૧ મી આગશટ.

શેઠ ફ્રરાંમજી કાવશજી ગોટલાએ "મુંબઈ દોસ્ત" નામનું એક અઠવાડીક ગુજરાતી વર્ત્તમાન પત્ર આજ દીનથી પ્રગટ કરવા માડયું હતું.[૧]

તા० ૨૬ મી આગશટ.

રોજ ૯ માહ ૧૨ (શેં०) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઇ માણેકબાઇ તે શેઠ હીરજી-ભાઈ બરજોરજી વાછાનાં ધણીઆંની તથા શેઠ જમશેદજી હોરમજજી બાટલીવાલાનાં બેટીનાં ઉઠમણાંમાં તેમનાં સસરા શેઠ બરજોરજી માણેકજી વાછા તથા એશીઓએ મલી ૩૭૫०) ધર્મખાતાંઓમાં આપ્યા હતા[૨]

તા० ૨૭ મી આગશટ.

કરાંચી મધે ત્યાંના રતન તલાવ આગલ શેઠ શાપુરજી હોરમજજી સોપારીવાલાએ એક મોટો કુવો પોતાનાં માતાજી મરહુમ બાઈ હીરાંબાઇનાં પુનને માટે બંધાવી લોકોને વાપડવાને આલ્લો મુકયો હતો.[૩]

તા० ૧ લી સપટેમબર.

રોજ ૧૫ માહ ૧૨ (શેં०) ૧૨૩૮ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ ધનબાઈજી તે શેઠ પીરોજ-શાહ દાદાભાઈ ભેદવારનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તેમનાં માતાજી બાઈ નવાજબાઇ તે મરહુમ શેઠ નશરવાંનજી શાપુરજી ભેદવારનાં વીધવા તથા બીજાં એશીઓએ ૩૧૩૫०) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૪]

તા० ૮ મી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શેં०) ૧૨૩૮ યજદેજરદી.

મરણ—બરજોરજી વીકાજી મેહરજી—ઉમર વર્ષ ૫૮) શેઠ વીકાજી મેહરજીના બીજા દીકરા. એવણ પ્રથમમાં તારાપોર તથા તે પછી ઉમરગામ ખાતે પોતાના બાપના ઇજારાનાં કામની તપાસપર રહયા હતા. તે બાદ ઈ० સ० ૧૮૩૨ માં ચીન ગયા હતા. ચીનથી આવ્યા બાદ હેદરાબાદ ખાતે બાપની પેહડીપર ગયા હતા, અને બાલાપુર ખાતે વહીવટ ચલાવતા હતા. એ બાદ નીજાંમ સરકારનાં ધારાસિવ તથા નલદરૂગના તાલુકદાર, અને છેલ્લા નાંદેર જીલ્લાનાં સાત તાલુકાઓ (કીલ્લા બંધાર, વશમન, નાંદેર, શારબાડા, અરધાપૂર, મુધોલ, દેગલૂર) ના સદર તાલુકદાર નેમાયા હતા. એવણનું મરણ નાંદેર તાલુકામાં નીપજ્યું હતું.

તા० ૧૫ મી સપટેમબર.

ડાકટર મારટીન હાઉગે પેહલવી ભાષાની ખુબી તથા વિશેષ ગુણો વિષે, ખાસ કરી તખ્તીઓ પરથી એક રેસાલો જરમન ભાષામાં છપાવી પ્રગટ કીધો હતો.[૫]

તા० ૧૮ મી સપટેમબર.

પંજાબ મધે આવેલાં જલંદરની કાંપ મધે ગયા આપ-રેલ માસમાં શેઠ કેખશરૂ હોરમજજી પટેલ નામનો એક પારસી વ્યાપારી તા० ૧० મીએ પેહલાં અને તેની પાછલ તા० ૨૧ મીએ ભીખાઇજી નામની તેની સુવાવડી ધણીઆંનીનાં કોઈ તેમનાં એશીઓએ ખુન કરવાથી તેની તપાસ ત્યાંના કમી-શનર અને શેશન જડજ મેજર પાસકની હજુરમાં ચાલી હતી, અને એ ખુન મરનારોનાં એક એશીએ કરેલાં પુરવાર થવાથી તેને જન્મટેપની સજા મલી હતી.[૬]

બાવા) ગુજરાત મધે કસટમ ખાતાંમાં ઇનસ્પેકટર હતા. એવણના બાવા શેઠ રતનજી નાનાભાઇ રૂસ્તમખાં નાથલી વયમાં ઇંગલાંડ કોઇની નોકરીમાં જઇ આવ્યા હતા, અને પછી બેલગાંમ મધેજ પોતાના નાહલા ભાઇ શેઠ ડોશાભાઇની સાથે રોજગાર ચલાવતા હતા. તેવણનું મરણ માલવાંન મધે નીપજયું હતું. એઓના બાવા શેઠ નાનાભાઇ રૂસતમજી મનજીવરા સુરત મધે પોતાના ભાઇ શેઠ જમશેદજી રૂસતમજી મનજીવરા (મુંબઇવાલા મરહુમ શેઠ બાધુરજી જમશેદજી પદર-ખાંનાવાલાના બાવા) સાથે વલંદા વ્યાપારીઓની કોઠીમાં નોકરીએ હતા. તેમના બપાવા શેઠ મનજીવરા ભગવા ગામના રેહવાસી હતા, અને તેમના ચાર બેટાઓ રૂસ્તમખાં, બેહ-રાંમખાં, કાઊખાં (મરહુમ ડાકટર માણેકજી બખ્ખાંજીના બપાવા), અને પાલણખાં સુરતના જાણીતા ગ્રહસ્થો હતા.

૧ એ પત્ર દશેક વર્ષ સુધી નીયમીત ચાલયું હતું, અને હજુબી કોઇ કોઇવાર જાહેર ખબરોને લીધે તેના છુટા છવાયા આંકો પ્રસિદ્ધ થાયછે.

૨ મુંબઇની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૨૫ ના હીસાબની ચોપડી.

૩ એ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"બાઇ હીરાંબાઇ તે બેસ્તી હોરમજજી બેહેરાંમજી
"શોપારીવાલાની ધનીઆંની રોજ ૭ મો માહા ૧० મો
"શેહનશાહી સને ૧૨૩૭ ઇઅજદજરદી તા० ૨૫ મી જુન
"૧૮૬૮ ઇસવીને દીને શ્રી મુંબાઇ મધે બેશાતનશીન થઆં
"તેવનનાં પુનને કીજે બેશાતનનાં દીકરા શાપુરજીએ આએ
"કુવો બંધાવી સરવનાં વાપરવા સારૂં મુકેઓછે."

"This well was built for the public use
By, Sapurji Hormasji Sopariwala
In memory of his deceased mother Hirabai
A. D. 1869."

૪ મુંબઇની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૨૫ નાં હીસાબની ચોપડી.

૫ "Ueber den charakter der Pehlewisprache mit besonderer Rücksicht auf die Inschriften. Im auszuge mitgetheilt. von, Dr. M. Haug. München, 1869."

૬ રાસ્ત ગોફતાર, તા० ૨૬ મી સપટેમબર અને ૩ જી અકટોબર ૧૮૬૯.

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૧ માહ ૧ (શે૦) ૧૨૩૯ યજદેજરદી

નાશકની પાસે આવેલાં દેવલાલી મધે જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવા માટે શેઠ બેહરાંમજી નાનાભાઈ મીસતરીએ એક ગરકો બંધાવ્યો હતો.[૧]

તા૦ ૨૮ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—મનચેરજી પેશતનજી ચીચગર[૨]—ઉમર વર્ષ ૪૫) શેઠ પેશતનજી મનચેરજી ચીચગરના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૫૦ થી સરકારી "શીપીંગ બ્રોકર"[૩] નું કામ કરતા હતા, અને તે કામમાં પોતાની ચાલાકીથી સરકારને તથા વાહણવતીઓને ઘણી સગવડ કર્યાથી શાબાસીઓ મેલવી હતી. મુંબઈમાં નિકળેલી મેદાંન માંહેલી પેહલવેહલી કસરતશાળાના એવણ પ્રથમથી તે ૧૮૬૫ સુધી ખજાંનચી તથા ૧૮૬૪—૬૫ માં હાનરરી શેક્રેટરી પણ હતા. એવણના "વીચાર ઘણાજ સુધરેલા હતા અને કેટલાક સુધારામાં એવણની ઘણી મદદ હતી."[૪]

તા૦ ૧ લી અકટોબર.

આજ દીને મરહુમ શેઠ મનચેરજી પેશતનજી ચીજગરનાં બામદાદનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા એશીઓએ મલી રૂ૯૦૦) ધર્મખાતે આપ્યા હતા.[૫]

તા૦ ૪ થી અકટોબર.

રોજ ૧૩ માહ ૨ (ક૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઇ પીરોજબાઈ તે મરહુમ શેઠ નવરોજજી શેરાબજી રૂસ્તમફરાંમનાં વીધવાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ૧૧૦૦), બાઇ શેઠ જમશેદજી રૂસતમજી ગોટલીબાજે રૂ૨૦૦), દીકરીના દીકરા શેઠ અરદેશર કાવશજી રૂસ્તમફરાંમે રૂ૨૦૦), તથા બીજાં એશીઓએ રૂ૩૦૦) મલી રૂ૧૮૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૬]

તા૦ ૭ મી અકટોબર.

થાંણા કલેકટરેટમાં આવેલાં એકસર, માગાથાંન, અને પાહાડી ગામોના માલેક શેઠ હોરમજજી જાંગીરજી દાદીશેઠને ૧૮૬૫ ના પેહલા આકટની ૩૫ મી કલમ પ્રમાણે તે ગામોમાં એક કલેકટરના જેટલો અખતીઆર નામદાર સરકાર તરફથી આપવામાં આવ્યો હતો.

એજ મુજબ થાંણા કલેકટરેટમાં આવેલાં દહસિર ગામના માલેક શેઠ દાદાભાઈ જાંગીરજી દાદીશેઠને ૧૮૬૫ ના પેહલા આકટની ૪૯ મી કલમ પ્રમાણે તે ગામમાં ચોકસ હદે એક કલેકટર તથા નેટીવ રેવીન્યુ આફીસર જેટલો અખતીઆર આપવામાં આવ્યો હતો.[૭]

તા૦ ૧૦ મી અકટોબર.

રોજ ૧૯ માહ ૧ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

પુણાં મધે શેઠ હોરમજજી શેરાબજી તાડીવાલાએ જરથોસ્તી મુસાફરોના ઉતારાને માટે ત્યાંનાં રેલવે સ્ટેશનની નજદીક એક ધર્મશાલા પોતાનાં ધણીઆંની મરહુમ બાઇ ધનબાઇજીનાં પુનને માટે બંધાવી આજ દીને જરથોસ્તીઓના એક મોટા મેલાવડાની હજુરમાં જશન કરી ખોલ્લી મુકી હતી. જશનની ક્રિઆ ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસ્પ આશાનાએ શરૂ કીધી હતી, જે પુરી થવા બાદ તેમના ભાઇ દસ્તુર હોશંગજી જામાસપજી જામાસ્પ આશાનાએ પુનનાં કામો કરવા માટે એક વાએજ કરી સંભલાવી હતી. જે બાદ શેઠ હોરમજજી તરફથી એક અંજુમનપત્ર વાંચી સંભલાવવામાં આવ્યો, જે મધે જણાવ્યું હતું કે આએ ધર્મશાલા દેશાવર ખાતેનાં કુલે જરથોસ્તી મુસાફરોનાં ઉતારા તથા પુણાંના સર્વે જરથોસ્તીઓને સર અવસરે વાપડવા સારૂં ખોલ્લી મુકીછે, તથા તે મધે જરૂરીઆત વાસણ કુસણ, બીછાણાં પલંગ વગેરે મુકાવ્યુંછે, અને એક જરથોસ્તી ખીદમતગાર રાખવાનો બંદોબસ્ત કર્યોછે. એ મકાનના ચાલુ ખરચને માટે રૂ૩૦૦૦) ની સરકારી પા૦ા ટકાનાં વ્યાજની લોન ચાર તરસટીઓ ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસ્પ આશાના

---

૧ આ ગરકાના દરવાજાપર નીચે મુજબ તખ્તી મારેલીછેઃ—

"શ્રી પાક શરોશ ઇજદ શાહેબની મદદ હોજો.

"આએ મુકામ પારશી બેરાંમજી નાનાભાઇ અરાજન
"મીશતરીએ બંધાવેલ છે. રોજ ૧ માહા ૧ સને ૧૨૩૯
"ઇજદેજરદી.

Parsee's Burial Ground.

"पारसी लोकाची सोनापुराची जागा."

૨ શેઠો હોરમજજી, રૂસતમજી, અને જાંગીરજી મનચેરજી ચીચગરના બાવા.

૩ એની આગમજ વાહણવતીઓ પોતાનાં માણસો વગેરે ઉપર જુલમાત ગુજારી તેમના હક જાલવી નહિં રાખતા, તેમજ વાહણોપર માણસો વગેરે પુરૂં પાડવાના ઇજારા કેટલાક હલકે વાધેના લોકના હાથમાં હોવાથી ગરીબ ખારવા વગેરેના હક ઘણી રીતે લુટાતા હતા, તથા વાહણો ડુબાડવા અને આગ લગાડવાના ઘણાક દાખલા બનવાથી ઈંગલાંડના કાએદાને અનુસરતો "મરચંટસ શીપીંગ આકટ" ઇ૦ સ૦ ૧૮૫૦ માં સરકારે પસાર કીધો હતો, અને વાહણો તથા આગબોટોના ધણીઓની મંજુરીઆતથી એ "શીપીંગ બ્રોકર" નું કામ ચલાવવાની સઘળી પરવાંનગી સરકારે એખલી એવણની પેહડીને આપી હતી.

૪ રાસ્ત ગોફ્તાર, તા૦ ૩ જી અકટોબર ૧૮૬૯.

૫ રાસ્ત ગોફ્તાર, તા૦ ૩ જી અકટોબર ૧૮૬૯.

૬ જામે જમશેદ, તા૦ ૬ થી અકટોબર ૧૮૬૯.

૭ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૭ મી અકટોબર ૧૮૬૯.

(પ્રેસીડંટ), શેઠો દીનશાહ રતનજી ભરૂચા (ઘડીઆલી), શોરાબજી જાંગીરજી ચીનાઇ, અને શાપુરજી હોરમજજી તાડીવાલાનાં નામપર ચઢાવી એલાહેદી કાઢીછે. એ સાહેબો એ મકાંનની સર્વે દેખરેખ તથા વહીવટ ચલાવશે. વળી એ મકાંનમાં એક એલાહેદી જગો દરેમેહરનાં ઇધીઆની કાઢી આપીછે જે ઉપર કુલે મુખતીઆરી ફક્ત વડા દસ્તુર ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજીની રેહશે. એ બાદ પુણાંના જરથોસ્તીઓ તરફથી શેઠ દીનશાહજી રતનજી ભરૂચાએ એક શેઆલ શેઠ હોરમજજીને હોરાડી હતી, તથા દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ એક ટુક ભાષણ કીધું હતું. જે પછી ચાશની કરી મેલાવડો બરખાસ્ત થયો હતો.[1]

તા૦ ૧૦ મી અકટોબર.

મુંબઈ મધે બાહેરકોટના લટા ઉપર એક પુસ્તકખાનું સ્થાપવા માટે આજ દીને ત્યાંની મરહુમ શેઠ દોરાબજી મેહરજીવાલી ધર્મશાલામાં કેટલાક પારસી ગ્રહસ્થોની એક સભા ડાકટર ફરાંમજી રતનજી ખરાદીનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી. આ વેળાએ "બાહેરકોટ ઇમપ્રુવમેંટ લાઇબ્રેરી" ને નામે એક પુસ્તકખાનું ઉઘાડવાનો ઠેડાવ થયો હતો, તથા તેના અધિકારીઓ તરીકે ડાકટર ફરાંમજી રતનજી ખરાદી (સરનશીન), શેઠો હોરમજજી જાંગીરજી ભાભા, એમ. એ. (નાયબે સરનશીન), દાદાભાઇ પાલણજી ચવના (ખજાંનચી), હોરમજજી દોરાબજી શેઠના (શેકરેટરી), દાદાભાઈ દોરાબજી માસટર, ધનજીભાઇ રૂસતમજી મીસતરી, નશરવાંનજી શેરાબજી સુરતી, પાલણજી નશરવાંનજી ખંભાતા, ડાકટર પેશતનજી મનચેરજી નોકલસન, બરજોરજી જમશેદજી કોહલા, બી. એ; ડાકટર બરજોરજી ફરાંમજી લાલી, રૂસતમજી કાવશજી ખંભાતા, ડાકટર રૂસતમજી મેહરવાંનજી દાદીના, અને શેરાબજી બહમનજી પેશતનજી માસટરને નેમ્યા હતા.[2]

૧ જામે જમશેદ, તા૦ ૧૫ મી અકટોબર ૧૮૬૯.

એ ધર્મશાલા બાબે શેઠ હોરમજજી શેરાબજી તાડીવાલાએ તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૬૯ નાં જામે જમશેદમાં જાહેર ખબર છપાવી સર્વે જરથોસ્તીઓને અરજ કીધી હતી કે તા૦ ૧૦ મી અકટોબર ૧૮૬૯ ને દીને "જશન તથા કીરીઆ કરી તે પુણાંની મુસાફરી કરનારા સરવે જરતોસ્તીઓનાં ઊપીઓગને માટે ખોલલી મુકવામાં આવશે, જેમાં એક પારશી પગારદાર તેમજ જોઇતાં વાશન વગેરેનો બંદોબશત કરીઓછે અને મીઠાં પાંણીનો કુઓ પણ એજ જગોપર તઇઆર છે, માટે શરવે જરતોસ્તી શાહેબોએ ઊતારા લેવાને ઊપલી ધરમશાલામાં તશદી લેવી."

એ ધર્મશાલાના દરવાજાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"બનામે ઇઅજદ.

"સને ૧૨૩૯ ઇઅજદેજરદી રોજ ૧૯ માહા ૧ લા ને
"દીને બેહેદીન હોરમજજી શેરાબજી તારીવાલા કોલાબાના
"રેવાસીએ પોતાની ધનીઆની બેહેશતન ધંનબાઇજીનાં
"પુણને માટે કુલે દેશાવરના જરતોશતી મુશાફરોનો ઊતારો
"તથા પુણાંના જરતોશતીઓને વાપરવા સારૂ આ ધરમશાલા
"બંધાવી ધરમ ખાતે મુકીછે. તા૦ ૧૦ અકટોબર ૧૮૬૯
"ઇશ્વી વાર રવેઊ શવંત ૧૯૨૫."

૨ ઊપલી કારોબાર મંડલીમાં અવારનવાર ખાલી જગા પડવાથી તેમાં શેઠો કાવશજી એદલજી પટેલ, કાવશજી પાલણજી ચવના, નશરવાંનજી નવરોજી બોદ, જમશેદજી લીમજીભાઇ અપુ. ફરાંમજી રતનજી કોચમેન, પેશતનજી જમશેદજી માસટર, રૂસતમજી એદલજી કકરીઆ, બહમનજી પેશતનજી માસટર, ડાકટર દીનશાહ બહમનજી પેશતનજી માસટર, ડાકટર બેજનજી દાદાભાઇ, ડાકટર હીરજીભાઇ જમશેદજી અપુ, ડાકટર ફકીરજી રતનજી હાડવેદ, કુવરજી એદલજી ઊમરીગર, અને રૂસતમજી પાલણજી શેઠના શામેલ થયા હતા. સરનશીન તરીકે પ્રથમથી તે ૧૮૮૦ સુધી ડાકટર ફરાંમજી રતનજી ખરાદી, ૧૮૮૦ થી તે ૧૮૮૨ સુધી શેઠ કાવશજી એદલજી પટેલ, અને ૧૮૮૨ થી તે અત્યાર સુધી શેઠ બહમનજી પેશતનજી માસટર. નાયબે સરનશીન તરીકે પ્રથમથી તે ૧૮૭૨ સુધી શેઠ હોરમજજી જાંગીરજી ભાભા, એમ. એ; ૧૮૭૨ થી તે ૧૮૮૦ સુધી શેઠ કાવશજી એદલજી પટેલ, અને તે પછી એ ઓહ્દો કાઢી નાખ્યો હતો. ખજાંનચી તરીકે પ્રથમથી તે ૧૮૮૮ સુધી શેઠ દાદાભાઇ પાલણજી ચવના, અને તે પછી એ ઓહ્દો કાઢી નાખી શેકરેટરીનેજ એ કામ સોંપ્યું હતું. શેકરેટરી તરીકે પ્રથમથી તે અત્યાર સુધી શેઠ હોરમજજી દોરાબજી શેઠના કામ ચલાવેછે, તથા શેઠ કુવરજી બેજનજી શેઠના આસીસ્ટંટ તરીકેછે. એ લાઇબ્રેરીની પુંજીના તરસ્ટીઓ તરીકે શેઠો બહમનજી પેશતનજી માસટર, હોરમજજી દોરાબજી શેઠના તથા ડાકટરો દીનશાહ બહમનજી માસટર અને ફકીરજી રતનજી હાડવેદ છે.

એ લાઇબ્રેરીનાં ફંડમાં પ્રથમમાં કેટલાક પારસી ગ્રહસ્થોએ રૂ૫૫૦) ભરયા હતા, તથા શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ રૂ૨૧૭) નું ફરનીચર તથા એક ઘડીઆલ પોતાને ખરચે અપાવ્યું હતું. એ પછી તેમાં અવારનવાર નાહ્લી નાહ્લી રકમો તથા મેમબરોનાં લવાજમમાંથી તેનો ખરચ ચાલયો હતો. ૧૮૭૫ માં લાઇબ્રેરીની આવક ઘણી ઘટી ગઇ હતી, તેથી એ શાલથી તે ૧૮૮૭ સુધી શેક્રેટરી શેઠ હોરમજજી દોરાબજી શેઠનાએ પોતાની ગીરોથી દર શાલ કેટલુંક નાણું ઊમેરી તેનો ખરચ નીભાવ્યો હતો.

ઇ૦ સ૦ ૧૮૫૧ નાં મુસલમાંનોનાં હુલડ વખતે બાહેરકોટનાં પારસીઓએ જે બચાવ ફંડ ઊભું કીધું હતું તે ફંડનાં બાકી બચેલાં નાણાંમાંથી રૂ૧૫૦૦) ની નોટ લઇ તેનું વ્યાજ દર શાલ એ લાઇબ્રેરીના ખરચને માટે આપવાને તેમાં નાણાં ભરનારાઓની તા૦ ૬ થી જાનેવારી ૧૮૭૧ ને દીને મલેલી સભામાં ઠેડાવ થયો હતો, અને તે મુજબ એ રકમનું વ્યાજ રૂ૬૦) એ લાઇબ્રેરીનાં ફંડમાં ઇ૦ સ૦ ૧૮૭૪ સુધી આપવામાં આવ્યું હતું. તે પછી એજ શાલમાં ઇયાને ૧૮૭૪ માં ફરી મુસલમાંનોનું હુલડ થવાથી એ લટાના જરથોસ્તીઓના બચાવ માટે ફરીથી એ તરફ રેહનારા જરથોસ્તીઓમાં ઊઘરાંણું કરવામાં આવ્યું હતું, અને તે મધેથી ખરચ બાદ જતાં બાકી રહેલા રૂ૧૫૦૦) ની સરકારી નોટ લઇ તે ઊપલી રૂ૧૫૦૦) ની નોટ સાથે આમેજ કરી તેનું વ્યાજ આગલની

તા૦ ૧૬ મી અકટોબર.

રોજ ૨૫ માહ ૨ (ક૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ આવાંબાઈ તે શેઠ એદલજી ખરશેદજી ધનજીમેહતાના અથવા સુરતીનાં બેટી અને શેઠ શાપુરજી નશરવાંનજી ચાંદાભાઈનાં પેહલીવારનાં ધણીઆંની-નાં ઉઠમણાંમાં તેમનાં એશીઓએ રૂ૫૩૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૨]

તા૦ ૧૮ મી અકટોબર.

પુણાં મધે પ્રગટ થતાં પુણાં આબઝરવર પત્રના માલેક શેઠ રૂસતમજી દાદાભાઇ મોદીને મી૦ ટી. બ્રુક નામના તે તરફના એક ઘડીઆલી વિષે પોતાના તા૦ ૧૩ મી આપરેલ ૧૮૬૯ ના આંકમાં તે એક સાંજનાં એકાએક પુણું છોડી ગયો તથા સમારવા લીધેલાં ઘડીઆલો પાછાં આપ્યાં નહિં એવું લખાંણ કરવા માટે પુણાંના ફુલ પાવર માજીસ્ત્રેટ ડાકટર એ. જી. ફરેઝરે ગયા આગશટ માસમાં રૂ૫૦) ના દંડની સજા કીધી હતી. આની સાંમે શેઠ રૂસતમજીએ પુણાંના શેશન જડજને અપીલ કીધી હતી, જે સાંભલી જાંઈટ જડજ બેરન ડી લાપર્ટે ચુકાદો આપ્યો કે મજકુર ખીના છપાઇ તેમાં થોડીક સચ્ચાઇ હતી, અને તે શેઠ રૂસતમજીએ સારા ઇરાદાથી તથા જાહેરના ફાએદાને માટે છાપી હતી, તેથી તેવણને થયલી સજા રદ કરી દંડ પાછો આપવાનો હોકમ કીધો હતો. આ બાબદ આજ દીને તેના સરેશતા પ્રમાણે હાઇ કોરટમાં આવતાં નામદાર જડજોએ પણ જાંઈટ જડજના ચુકાદા સાથે એક મલતા થાઈ સજા રદ કીધી હતી.[૨]

તા૦ ૧૯ મી અકટોબર.

લંડનની રાએલ એશીઆટીક શોશાઇટી તથા બ્રિતિષ મ્યુજીયમમાં જરથોસ્તી ધર્મ પુસ્તકો અને તેમની ભાષાને લગતા જે પુરાંણા લેખો જાલવી રાખ્યા હોય તેમને તપાસી તથા ઉકલાવી તે લેખો કેટલા છે અને તેમાં શું છે તથા તે આ મ્યુઝીયમ મધે કયાંથી આવ્યા તેની કેટલીક વીગતોનું એક ચોપાનયું ડાકટર શેશાઉએ એશીઆટીક શોશાઇટીની તરફથી બાહેર પાડયું હતું.[૩]

તા૦ ૨૦ મી અકટોબર.

ભરૂચવાલા શેઠ બેહરાંમજી ફરદુનજી વકીલે ભરૂચના નવાબ મએઓજ્જુજખાંન બાહદુરનો કીસ્સો અસલ ઉરદુ પરથી ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૪]

તા૦ ૨૨ મી અકટોબર.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ ઇ૦ સ૦ ૧૮૬૮ ના આપરેલ માસથી તે ૧૮૬૯ ના મેએ માસ સુધીમાં મુંબઈ મધે કરેલાં જરથોસ્તી ધર્મ, સને, વગેરેનાં ૨૭ ભાષાણોના "મુંબઇ સમાચાર" પત્રમાં છપાયલા અહેવાલોના સંગ્રહનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૫]

માફક દર શાલ એ લાઇબ્રેરીના ખરચને માટે આપવાને તેમાં નાણું ભરનારાઓની તા૦ ૩૦ મી આપરેલ ૧૮૭૬ ને દીને મલેલી સભામાં ઠેડાવ થયા મુજબ એ રકમનું બ્યાજ દર શાલ એ લાઇબ્રેરીને મલેછે.

એ પછી ઇ૦ સ૦ ૧૮૮૮ ના આગશટ માસમાં શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે એ લાઇબ્રેરીને રૂ૩૦૦૦) ની રકમ અનામત રાખી બ્યાજ વાપડવાને આપવાથી લાઇબ્રેરીનું નામ તેમના મરહુમ બેટાનાં નામ ઊપરથી "જમશેદજી નશરવાંનજી પીટીટ બાહેરકોટ ઇપરૂવમેંટ લાઇબ્રેરી" કરી રાખવામાં આવ્યું હતું, અને તેજ નામથી તે હજુ સુધી ચાલેછે. વળી ૧૮૯૨ માં મરહુમ શેઠ નશરવાંનજી માણેકજી પીટીટનાં પુનને માટે તેમનાં વીધવા બાઇ દીનબાઈએ રૂ૧૦૦૦) નું પોરટ તરસ્ટ બોંડ તથા ૧૮૯૫ માં મરહુમ શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટનાં પુનને માટે તેમના બાવા સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટે રૂ૧૦૦૦) નું મ્યુનીસીપાલ બોંડ લાઇબ્રેરીને બ્યાજ વાપડવાને ભેટ આપ્યાં હતાં.

એ લાઇબ્રેરી પ્રથમમાં બાહેરકોટ ખારાકુવા આગલ, અને તે પછી શેખ અબદુલ રેહમાન સ્ત્રીટમાં, અને હાલ નાગદેવી ક્રાસ લેન મધે ભાડેનાં મકાનમાં રાખવામાં આવીછે. તેને માટે બાહેરકોટના લટાપર એક લાયક મકાંન ખરીદવાને બાઇ સાહેબ દીનબાઇ નશરવાંનજી પીટીટે ઇ૦ સ૦ ૧૮૯૪ ના મારચ માસમાં પોતાના પૌત્ર શેઠ જીજીભાઇ ફરાંમજી પીટીટનાં લગનની ખુશાલીમાં રૂ૮૦૦૦) ની રકમ એલાહેદી કાઢી હતી, પણ એ રકમમાં કોઇ લાયક મકાંન ન મલવાથી તેની ૩॥ ટકાની સરકારી નોટ લઇ તેનું બ્યાજ તા૦ ૧ લી મેએ ૧૮૯૪ થી લાઇબ્રેરીના ખરચમાં આપવામાં આવેછે.

એ લાઇબ્રેરીના મેમબરોનું દર ત્રિમાસીક લવાજમ પેહલા વર્ગનું રૂ૨), બીજા વર્ગનું રૂ૧), અને ત્રિજા વર્ગનું રૂ૦॥ છે, અને તેની પુંજી ઊપર જણાવેલી પીટીટ ખાનદાંન તરફથી બ્યાજ વાપડવાને મલેલી રૂ૧૩૦૦૦) ની તથા બંચાવ ફંડની રૂ૩૦૦૦) ની મલી રૂ૧૬૦૦૦) ની રકમ છે.

૧ જામે જમશેદ, તા૦ ૨૧ મી અકટોબર ૧૮૬૯.

---

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૦ મી અકટોબર ૧૮૬૯.

૩ "Dr. Sachau's Catalogue of the Zoroastrian Books and MSS. in the Royal Asiatic Society and British Museum. London 1869."

૪ "ભરૂચના નવાબ મોએઓજુજખાંન બાહદુરનો કીસ્સો, (સઇઅદ આબાસઅલીએ અસલ ઊરદુમાં બનાવેલા ઊપરથી) ગુજરાતીમાં બનાવનાર, મોબેદ બેરાંમજી ફરદુનજી વકીલ ભરૂચવાલા. મુંબઇ મધે ધી સન્ડે રીવીયુ પ્રેસમાં સોરાબજી ખરશેદજીએ છાપ્યો. સને ૧૨૩૮ યજદેજરદી, સવંત ૧૯૨૫ વીક્રમાજીત, સને ૧૮૬૯."

એ પુસ્તકની બીજી આવૃતી એમના નબીરા શેઠ શોરાબજી ફરાંમજી બેહરાંમજી વકીલે ઇ૦ સ૦ ૧૮૯૪ માં ભરૂચ મધે છપાવી પ્રગટ કીધી હતી.

૫ "ભાશાણો. જરતોસતી ધરમને લગતી બાબદો ઊપર, આપનાર, ખ. રૂ. કામા. મુંબઇમાં યુનિયન પ્રેસમાં ન્હાનાભાઇ રૂસ્તમજી રાંણીનાએ છાપ્યું છે. સને ૧૮૬૯ ઇસવી."

તા૦ ૨૩ મી અકટોબર.

શેઠ ખરશેદજી બાપુજી વીકાજીને નામદાર નીજાંમ સરકારે તેમના કાકા મરહુમ શેઠ બરજોરજી વીકાજીની જગો પર નાંદિરના અવલ તાલુકદાર નેમ્યા હતા.[૧]

તા૦ ૨૪ મી અકટોબર.

સુરતવાલા શેઠ માણેકજી ફરદુનજી પટેલે ઘોડા અથવા બલદની મદદ વીના બેશનારના પગ તથા હાથની ઠેશીથી ચાલતી એક ગાડી (વીલાસીપીડ) બનાવી હતી.[૨]

તા૦ ૨૫ મી અકટોબર.

રોજ ૪ માહ ૨ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—દાદાભાઈ માણેકજી વાછા—ઉમર વર્ષ ૫૩) શેઠ માણેકજી જીજીભાઈ વાછાના નાહલા દીકરા. એવણ પ્રથમમાં પોતાના કાકા મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની તરફથી તેમના વ્યાપારને માટે ચીન ગયા હતા. તે પછી તેમની સહાયતા હેઠલ પોતાના ભાઇઓની સાથે થોડોક વ્યાપાર કરતા હતા, અને તેમાં સારી પુંજી મેળવી હતી, જેમાંથી મરણ વખતે મોટી રકમ ધર્મખાતે આપી હતી.

તા૦ ૨૭ મી અકટોબર.

આજ દીને મરહુમ શેઠ દાદાભાઇ માણેકજી વાછાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તેવણે વશીઅત કર્યા મુજબ રૂ૩૩૨૦૦) પારસી પંચાએતનાં ફંડમાં તેમનાં નામનું જુદું ખાતું પાડવા માટે, તથા રૂ૩૩૦૦૦) બીજાં ૮) ધર્મ ખાતાંઓમાં તેનું વ્યાજ વાપડવાને વેંહચી આપવા માટે, તથા બીજા રૂ૩૩૫૦૦) મરનારે પોતાના એકઝીકયુટરોના સ્વાધીનમાં બીજાં સવાબખાતાંનાં કામને સારૂં જુદા કાહડેલા મલી રૂ૯૯૭૦૦) ધર્મખાતે આપવાની તંદરોસ્તી પઢાવી હતી.[૩]

પાછલી રાતનાં ઉઠમણાંમાં મરનારના ભાઈ શેઠ જીવાજી માણેકજી વાછાએ રૂ૨૦૦) તથા સસરા શેઠ કુંવરજી હોરમજજી ભાભાએ રૂ૨૦૦) ધર્મખાતે આપ્યા હતા.[૪]

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૩ મી અકટોબર ૧૮૬૯.

૨ ગુજરાત મિત્ર, તા૦ ૨૪ મી અકટોબર ૧૮૬૯.

એની આગમજ ઇ૦ સ૦ ૧૮૬૫ માં શેઠ માણેકજીએ ટેલીગ્રાફ ખાતાંમાં તારને ચલાવવાનાં યંત્રો જે અત્યાર સુધી ઇંગલાંડથી આવતાં હતાં તે કરતાં વધારે મજબુત યંત્રો અતરે બનાવ્યાં હતાં, અને તે કેટલુંક સુધી વરોડરા રેલવેવાલાઓએ પણ વપડાસમાં લીધાં હતાં.

૩ જામે જમશેદ, તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૯.

૪ મુંબઇ ચાબુક, તા૦ ૩ જી નવેમબર ૧૮૬૯.

તા૦ ૩ જી નવેમબર.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, સી. એસ. આઈ. એ લંડનનાં નીચલાં ૧૨) ધર્મખાતાંઓમાં દરેકમાં પાંચ પૌંડ પ્રમાણે ૬૦) પૌંડની રકમ અતરેથી ભેટ મોકલી હતી:—[૫]

અપંગો માટેનું અલેક્ષાંડરા ઇનસ્ટીટયુશન, સાજા નહિં થાય એવા દરદીઓ માટેનું બ્રીતિષ હાઉસનું આશ્રમઘર, વગર ધણીઆતાં અને ઘરબાર વગર રખડતાં છોકરાંઓનું આશ્રમઘર, મુગાં બેહરાં છોકરાંઓને રાખવા તથા કેલવણી આપવાનાં ધર્મખાતાંમાં, નાચારોને આસરો આપનારી શોશાઇટી, મીશીશ ગલાડસટન ફ્રી કનવેલેસંટ હોમ, લંડન ફીલાનથરોફીક શોશાઇટી, મીટરોપોલીટન ફ્રી હાસ્પીટલ, મીશ નાઇટીંગેલનાં દાએઆને તાલીમ આપવાનાં ખાતાંમાં, રાએલ આલબરટ ઑરફન એસાએલમ, રાએલ હયુમેન શોશાઇટી, રાએલ નેશનલ લાઇફ બોટ ઇનસ્ટીટયુશન.

તા૦ ૭ મી નવેમબર.

શેઠ ભીમજી નવરોજજી બનાજીએ ઇંગલાંડ મધે બારીસટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી હતી.[૬]

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૨૨ માહ ૨ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ માણેકબાઈ તે આ૦ શેરાબજી નવરોજજી વાછાનાં બેટી તથા આ૦ ડોશાભાઇ શાપુરજી વાછાનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તેમનાં માએ બાઇ મીઠીબાઇ તથા મામા શેઠ એદલજી નશરવાંનજી શેઠના અને બીજા બેશીઓએ રૂ૩૨૪૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૭]

તા૦ ૧૪ મી નવેમબર.

રોજ ૨૪ માહ ૨ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને બીરાર જીલ્લામાં આકોલા મધે મરહુમ બાઈ બચીઆઇ તે મરહુમ દસ્તુર જામાસપજી એદલજી જામાસપઆશાનાં વીધવાની પુંજીમાંથી તેવણના દીકરાઓ ખાંનબાહદુર દસ્તુર નોશરવાંનજી તથા દસ્તુરો હોરમજજી, બહમનજી, બેહરાંમજી, રતનજી અને હોશંગજી જામાસપજી જામાસપઆશાનાએ એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. જશનની ક્રિઆ મુંબઇવાલા દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ શરૂ કીધી હતી, જે પુરી થવા બાદ આકોલાના આસીસ્ટંટ કમીશનર દસ્તુર બહમનજી જામાસપજી જામાસપઆશાનાએ પોતાના વડા ભાઇ ખાંનબાહદુર દસ્તુર નોશરવાંનજીની તરફથી એક અંજુમન પત્ર વાંચી સંભલાવ્યો, જેમાં જણાવ્યું હતું કે એ દરેમેહર બીરાર

૫ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૩૦ મી નવેમબર ૧૮૬૯.

૬ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૪ મી જાનેવારી ૧૮૭૦.

૭ મુંબઇની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૨૬ ના હીસાબની ચોપડી.

જીલ્લામાં મધ્યમ જગો પર આવેલી હોવાથી તે એ જીલ્લાને લગતા તથા આતરાફના જરથોસ્તીઓને સવાબનાં કામસર વાપરવાને ઓપ્પી મુકીછે, તથા તેનાં મુતવલીપણાંનો હક તેઓના ભાઇ દસ્તુર બહમનજી તથા દસ્તુર રતનજીને સોંપીઓછે, તથા તેને લગતા મોબેદો વગેરે હમેશાં પુણાંની મરહુમ શેઠ શોરાબજી રતનજી પટેલની દરેમેહરને તાબે દરેક ધર્મને લગતી બાબદમાં રહે એવો ઠેરાવ કર્યોછે. એ અંજુમન પત્ર વંચાયા બાદ એલચપુરના આસીસ્ટંટ કમીશનર શેઠ દીનશાહ શોરાબજી ચીનાઇએ એક માનપત્ર ખાંનબાહાદુર દસ્તુર નશરવાંનજીને વાંચી સંભલાવ્યું તથા ખીરારના જરથોસ્તીઓ તરફથી તેમને એક શેઆલ હોરાડી. એ બાદ મુંબઇવાલા દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ તેમજ દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસપઆશાનાએ ભાષણો કીધા બાદ આશની કરી સર્વે લોક વદાય થયું હતું.[2]

તા૦ ૧૬ મી નવેમબર.

મુંબઇ મધે ઘોર્બાતલાવ પર રેહનારા કેટલાક જરથોસ્તી ગ્રહસ્થોએ દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા ઉપર આજ દીને એક પત્ર લખી અરજ કીધી હતી કે તેઓને તાબેના મોબેદો તે તરફ બેહદીનોનાં ઘરમાં ધર્મ ક્રિઆ કરતી વેળા અરધો પોશાગ પેહરીને આવેછે, માટે હવેથી તેઓને હોકમ કરવો કે તેઓએ જરથોસ્તીઓનાં મકાંન મધે ધર્મની ક્રિઆ કરવાને જતી વેળા બદનમાં જાંમો અથવા અંગરખો પેહરવો જેથી તે મોબેદ સાહેબોને મહલાજો અને બેહદીનોને શોભા મલશે.[2]

તા૦ ૧૮ મી નવેમબર.

શેઠ ખરશેદજી ફરદુનજી પારખે ઇ૦ સ૦ ૧૮૬૪ ના અકટોબર માસમાં અતરેની "એગ્રી-હારટીકલચરલ શોશાઇટી ઑફ વેસ્ટરન ઇંડીઆ" ને તે વેળાના ગવરનર સર બારટલ ફ્રીઅરની યાદગારીમાં એક મોટો સોભીતો ફુવારો લંડનથી મંગાવી તે "ફ્રીઅર ફાઉંટન" ને નામે વિકટોરીયા ગારડનસમાં મુકાવવાને રૂ૨૦૫૦૦) ની રકમ આપી હતી, અને મજકુર શોશાઇટીએ તે રકમ લંડન ખાતે પોતાના આડતીઆ પર તે ફુવારો બનાવવા માટે મોકલી હતી,[3] પણ જે ધણીને લંડન મધે એ કામ સોંપવામાં આવ્યુ હતું તેણે તે બરાબર નહિં બજાવ્યાથી તેને આપેલા ૬૮૦ પૌંડ મધેથી ૧૯૨) પૌંડ પાછા મલ્યા, અને બાકીના ૪૮૮) પૌંડ જતા રહયા હતા. વળી એ ફુવારો તૈયાર થતાં શોશાઇટીને ઉપલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખવાલા રૂ૨૦૫૦૦) ખરચાઇ જતાં બીજા ૯૦૬) પૌંડનું કરજ થયું, જેથી એ ફુવારો તે વેળાની "એસપલેનેડ ફી ફંડ કમીટી" ને સ્વાધીન કીધો,[4] જેને પોતાનાં ફંડ મધેથી ઉપલું તેને લગતું કરજ ફેટાડી તે કોટમાં દેવલના મોહલાને નાકેનાં મેદાનમાં "ફ્લોરલ ફાઉંટન" ને નામે ઉભો કરી તે આજ દીને ઓપ્પો મુકયો હતો.[5]

---

૧ જામે જમશેદ, તા૦ ૨૦ મી નવેમબર ૧૮૬૯.

એ દરેમેહરનું મકાન બીસમાર થવાથી તે ફરી નવેસરથી મરહુમ દસ્તુર જામાસપજી એદલજી જામાસપઆશાનાના વારસોએ બંધાવી તા૦ ૯ મી નવેમબર ૧૮૯૧ ને દીને પરદાખ્યું હતું.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી નવેમબર ૧૮૬૯.

એ પત્રના જવાબમાં દસ્તુર પેશોતનજીએ તા૦ ૨૬ મી ડીશેમબર ૧૮૬૯ ને દીને શેઠો ફકીરજી મનચેરજી પટેલ, પેશોતનજી દાજીભાઇ ઊનવાલા વગેરે અરજી કરનારા ગ્રહસ્થો ઊપર લખી જણાવ્યું હતું કે "તમોએ બતાવેલી ખાએસ મુજબ હમારા અથોરનાન ભાઇઓને હમારી તરફથી તે વીચારો જણાવેઆમાં આવેઆછેજી અને તેઓએ મોટી ખુશી સાથે તેમ ચાલવાને કબુલ કરીઊછેજી."

૩ એ બાબે અતરેની "એગ્રી-હારટીકલચરલ શોશાઇટી ઑફ વેસ્ટરન ઇંડીઆ" ના ઇ૦ સ૦ ૧૮૬૫ ના રીપોરટમાં લખેછે કે—

"The Frere Fountain, which was ordered by Mr. Cursetjee Furdoonjee Paruck, is reported to be in fair progress towards completion. The whole of the lower portion of the work has been dispatched, and Rs. 20,500 in two instalments, have been remitted on account."

૪ આ વેળાએ એવી ગોઠવણ થાઇ હતી કે શેઠ ખરશેદજી ફરદુનજી પારખે તેના માટે રૂ૨૦૫૦૦) ની રકમ આપવાથી તે બીના એ ફુવારા પરની તખ્તીમાં નોંધવી. એ માટે ઉપલી શોશાઇટીના ઇ૦ સ૦ ૧૮૬૬ થી ૧૮૬૮ સુધીના રીપોરટમાં લખેછે કે—

"As however, the donors have paid a sum of Rs. 20,500 towards it, it is proposed that the fountain should bear an inscription acknowledging that fact."

આવી રીતની કાંઇ તખ્તી એ ફુવારા પર મારેલી જણાતી નથી.

૫ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧૯ મી નવેમબર ૧૮૬૯.

એજ મુજબ હાનરેબલ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ તા૦ ૩ જી મેએ ૧૮૬૫ ને દીને ઉપલાંજ વિકટોરીયા ગારડનસમાં એક મોટા સીણગારનું આરકું પોતાને ખરચે રૂ૨૩૦૦૦) સુધીની રકમમાંથી બંધાવી આપવાને એ ખાતાંના શેક્રેટરી ડાકટર બરડવુડ ઊપર નીચે મુજબ લખ્યું હતું:—

Bombay, 3rd May 1865.

To
G. C. M. Birdwood Esq.,
Secretary, Victoria Museum and Gardens.

Sir,

I request that you will have the goodness to convey to the Committee of the Victoria Museum and Gardens an intimation of my wish to bear the expense of the erection of a Triumphal Arch within the Gardens on the understanding that the work shall be completed at a cost not exceeding Rupees 23,000.

I have the honor to be &c.,

RUSTOMJEE JAMSETJEE JEJEEBHOY.

એ મુજબ એ આરકું લંડનથી બનાવી મંગાવવાને હાનરેબલ રૂસતમજીએ પેહલા હફતાના રૂ૯૯૬૬—૧૨—૨ મેશરસ સ્કોટ મેકલીઅડની કુંપનીને તા૦ ૧૧ મી ડીશેમબર ૧૮૬૫ ને દીને પોતે આપ્યા હતા. બાકીના રૂપીઆનું શું થયું તેનો પટો મલતો નથી.

તા૦ ૨૦ મી નવેમબર.

શેઠ શેરાબજી જમશેદજી જીજીભાઇએ પેગાંમબર જરથોસ્તની તારીફમાં કોઈ ફારસી આલમાએ જોડેલાં બેતો તથા બીજા નશીહતના કલામોનો ગુજરાતીમાં તરજુમો કરી તેનું "તૌસીફે જરતોશત" નામનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૧] એ પુસ્તક એવણે પોતાના એક માયાલુ અને કીમતી દોસ્ત કે જેવો વીપત અને સંકતની વેળા એવણ સાથ એક લાયક દોસ્ત થઇ પડયા હતા તેમને તેઓની મરજીને માન આપી તેમનું નામ છુપું રાખી અર્પણ કીધું હતું.

તા૦ ૨૧ મી નવેમબર.

મરહુમ શેઠ જમશેદજી કુવરજી જશાંવાલાના છોકરાઓએ દીલ્લી મધે ફીરોઝાબાદમાં ગુજરેલા પારસીઓને ભુમીદા કરવાને ૩૦૦) વાર જગો જુદી કાઢી ત્યાં આએ વર્ષમાં ફરતી દેવાલ બંધાવી હતી.[૨]

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૩ માહ ૩ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને પુણાં મધે મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટની દરેમેહરની શાલગરેહનાં જશનની મીજલસમાં એ૦ ભીખાજી જામાસપજી દસ્તુર મેહરજી રાંણાવાલાએ "બખશેશ" ની બાબદ ઉપર એક વાએજ કરી સંભલાવી હતી. તે પુરી થવા બાદ શેઠ અરદેશર ખરશેદજી મુનસફે ઉઠી તેમનો ઉપકાર માન્યો હતો.[૩]

તા૦ ૨૫ મી નવેમબર.

ડાક્ટર સી કોસોવીટઝ નામના રશીયન વિદ્વાંને બ્રોકહાઉસ, વેસ્ટરગારડ અને સ્પીગલનાં પુસ્તકો ઉપરથી અવસ્તુઅદ ગાથા—લાટીન હરફે નોંધ તથા ખોલાસા સાથે છપાવી પ્રગટ કીધા હતા.[૪]

તા૦ ૩૦ મી નવેમબર.

મુંબઈ મધે શેહનશાહી જરથોસ્તીઓમાં એક દસ્તુર મુકરર કરવાની તકરાર થોડાક માસ થવા નીકલવાથી અતરેનાં બે શેહનશાહી દસ્તુરો પેશોતનજી બેહરાંમજી સંજાણા અને જામાસપજી મીનોચેહરજી જામાસ્પઆશાનાની તરફથી તેમના કેટલાક દોસ્તો હીમાયત કરવા તથા કેટલાકો સાંમાને તોડી પાડવાની કોશેશ કરવા લાગા હતા. અતરે પ્રગટ થતાં "સન્ડે રીવ્યુ" નામનાં પત્રના તા૦ ૧૫ મી આગશટ ૧૮૬૯ ના આંકમાં "રાંણી સંજાણાઓની અંજાણી તદબીરોને હાંકી કાઢનાર નેજો" એવી શહીથી એક ચરચા પત્ર લખી તેમાં દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાના ભાઇ એ૦ નવરોજજી શાપુરજી સંજાણાની તેઓ ૧૪ વર્ષની વાત ઉપર વાસીંડ મધે કંત્રાકટર હતા ત્યારે રાંડ રાખી હતી તથા તેને પેટે છોકરાં થયાં હતાં, અને ત્યાં તેઓ મુસલમાંનને હાથનું પકાવેલું ખાણું ખાતા હતા, વગેરે બદનક્ષી કરવા માટે મજકુર એ૦ નવરોજજીએ શેઠ જમશેદજી શેરાબજી માડન ઉપર લાઇબલની ફરીઆદી માડી હતી. તે મુકદમો અતરેની પોલીસના ચીફ માજીસ્ત્રેટ મી૦ જાન કાનને શેશન કમીટ કર્યાથી હાઈકોરટની ચાલુ શેશનમાં ચાર દિવસ સુધી તે નામદાર ચીફ જસટીસ સર માઈકલ વેસટરાપની હજુરમાં ચાલયો હતો. તે દરમેઆંન વાદી તરફથી તેમના ભાઇ દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણા, તથા શેઠો શેરાબજી શાપુરજી બંગાલી, નવરોજજી ફરદુનજી, મેહરવાંનજી માણેકજી શેઠના, અને હોરમજજી બહમનજી વાડીઆએ શાક્ષી આપી હતી કે મજકુર ચરચા પત્રમાં જણાવેલી બીના જો ખરી હોય તો વાદીની આબરૂને પારસી કોમમાં નુકસાંની પોંહચેછે તથા તેનાથી આતશબેહરાંમમાં એક મોબેદ તરીકે કામ થાઇ શકે નહિં. પરતીવાદી તરફથી પણ કેટલાક શાક્ષી લાવી એ ચરચા પત્રમાં જણાવેલી બીના ખરી પુરવાર કરવાની કોશેશ કરવામાં આવી હતી. પણ જુરીએ તે નહિં માની એકમતે પરતીવાદીને અપરાધી ઠેરવ્યાથી નામદાર જડજે તેની સાથે એકમત થાઇ તેને ૯ માસનાં આશાન કેદખાંનાંની તથા રૂ૨૦૦૦) ના દંડની શીક્ષા કીધી હતી. એ વેળાએ નામદાર જડજે ટીકા કર્યા હતા કે જે પત્રના માલેકે પોતાની કતારમાં ઉપલું ચરચા પત્ર છાપ્યું તેને પણ આ ચરચા પત્ર છાપવાથી જે નામોશી થાઇછે તેમાં મોટો ભાગ પોતાને માથે લીધોછે.[૫]

---

૧ "તૌસીફે જરતોશત, એટલે જે પેગમબર હજરત જરતોશતની તારીફનો ફારસી કેતાબ ઉપરથી, સોહરાબજી જમશેદજી જીજીભાઈ, તોહફએ જમશીદ, તકવીઅતે–દીને માજદીઅસનાં, રાહે પારશા અને જોહરે જીનદેહગાંની બનાવનારે, કરેલો ગુજરાતી તરજુમો. મુંબઇ, દફતર આશકારા પ્રેસમાં છાપીઊછે. સને ૧૨૩૯ ઇઅજદજરદી. સને ૧૮૬૯ ઇસવી."

એ પુસ્તક બાહેર પડયા પછી શેઠ શેરાબજી જમશેદજી જીજીભાઇએ તા૦ ૧૦ મી ડીસેમબર ૧૮૬૯ નાં જામે જમશેદમાં પોતાની શહી સાથે એક પત્ર લખી સર્વે જરથોસ્તી આલમને જાહેર કીધું હતું કે, એ પુસ્તકમાં પેહલેથી તે ૨૬ માં સફા સુધી જે બેતો તેવણે તરજુમો કીધોછે તે મરહુમ દસ્તુર મુલ્લાંફીરોજજીનાં બનાવેલાંછે, એવી તેમની ખાતરી દસ્તુર શેરાબજી રૂસતમજી મુલ્લાં ફીરોજે તેમની પાસે આવી કરી આપીછે.

૨ આ જગોપર નીચે મુજબની તખ્તી મારેલીછે:—

THE PARSEE TOWER OF SILENCE, BUILT A. D. 1869, by JAMSETJEE COOVERJEE'S SONS, JUSSAWALLA.

૩ જામે જમશેદ, તા૦ ૧ લી ડીસેમબર ૧૮૬૯.

૪ "Gata Ustavaiti, Latine vertit et explicavit textum archetypi adhibitis Brockhausii, Westergaardii et spiegelii editionibus. Recensuit, Dr. C. Kossowiez. Petropoli, MDCCCLXXIX."

૫ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧ લી ડીસેમબર ૧૮૬૯.

તા૦ ૧ લી ડીસેમબર.

શેઠ બરજોરજી મેહરવાંનજી ફ્રેજરે સુરત મધે કીલ્લાની પાસે નદીને કાંઠે લોકોને ફરવા હરવાનો એક પરોમીનેડ રૂ૮૦૦૦)ને ખરચે બંધાવી ત્યાંની મ્યુનીસીપાલીટીને સ્વાધીન કીધો હતો.[૧]

તા૦ ૫ મી ડીસેમબર.

શેઠો જીજીભાઈ ખરશેદજી કાપડીઆ તથા હોરમજજી દોરાબજી ચીનાઈએ "ઇરાન તથા તુરાન દેશની વારતા" નામનું એક પુસ્તક ઇંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં તરજુમો કરી છપાવી પ્રગટ કીધું હતું.[૨] એ પુસ્તક હાનરેબલ બેહરામજી જીજીભાઈને અર્પણ કરવામાં આવ્યું હતું.

તા૦ ૧૦ મી ડીસેમબર.
રોજ ૨૦ માહ ૩ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—ખાંનસાહેબ ડોશાભાઇ હોરમજજી કોઠાવાળા[૩]—ઉમર વર્ષ ૬૮) એવણ અમદાવાદ મધે આગલા વખતમાં "ટાઉનવાલ" ડયુટી સરકાર તરફથી વશુલ કરનાર સરકારકુન હતા. તા૦ ૧૪ મી મારચ ૧૮૪૭ને દીને નામદાર સરકારે એમની નોકરીનાં માન ખાતર "ખાંનસાહેબ" નો એલકાબ આપ્યો હતો. એ બાદ અમદાવાદમાં મ્યુનીસીપાલીટી થવાથી સરકારે એ ડયુટી કાઢી નાખવાને લીધે એવણ એકાંત જીંદગી ભોગવતા હતા. એવણનું મરણ અમદાવાદ મધે નીપજયું હતું.

તા૦ ૧૭ મી ડીસેમબર.
રોજ ૨૭ માહ ૩ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—મનચેરજી શેરાબજી કારંજાવાલા[૪]—ઉમર વર્ષ ૬૩) સુરતવાલા શેઠ શેરાબજી ફરાંમજી કેકોબાદના દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૮૨૧ માં બાપનાં મરણ બાદ તેમની બેડા મધેની દુકાંન તથા કંત્રાકટનાં કામો ચલાવ્યાં હતાં. એ પછી ઈ૦ સ૦ ૧૮૨૮ માં અમદાવાદ[૫] આવી ત્યાં રીજમીટનાં તથા બીજાં સરકારી કંત્રાકટો લેવા સાથે, ત્યાં કારંજા આગલ એક મોટી ઇંગ્રેજી અશબાબની દુકાંન ઉઘાડી હતી. અમદાવાદ મધે ઈ૦ સ૦ ૧૮૪૩ માં દોખમું બંધાવવાની એવણે આગેવાંની લીધી હતી, તથા ત્યાંની દરેમેહરની પડોસમાં જરથોસ્તીઓના સર અવસરના વપડાસને માટે પોતે એક ધર્મશાલા બંધાવી તે તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૪૯ ને દીને ખોલ્લી મુકી હતી.[૬] ૧૮૫૬ માં અમદાવાદમાં ગુજરાત પરાવીનશીયલ કાલેજ સ્થાપવા તથા તેને સારૂં ફંડ ઉભું કરવા માટે એવણે આગેવાંની લઈ તેનાં ફંડમાં રૂ૧૦૦૦) ભર્યા હતા. ૧૮૫૭ માં હેમાભાઇ ઇનસ્ટીટયુટ ઉઘડી ત્યારથી તેના કારોબારમાં સામેલ હતા. ૧૮૬૩ માં અમદાવાદની જરથોસ્તી અંજુમનનું ફંડ ઉભું કરવામાં એવણે મોટી આગેવાંની લઈ તેના સેવટ સુધી વડા તરસ્ટી હતા. ૧૮૬૪ માં અમદાવાદમાં મોઘવારીને લીધે ત્યાંના ગરીબ લોકોને મદદ આપવા થકી તેમજ રેલ, દુકાલ, વગેરે આફતની વખતે રીલીફ ફંડો ઉભાં કરવામાં એવણ હમેશ આગેવાંની તથા જાતી મેહનત લેતા હતા. ૧૮૬૬ માં સુરતની પારસી ડીસ્ત્રીકટ માટરીમોનીઅલ કોરટ ઉઘડી તેના એવણ પ્રથમથીજ એક ડેલીગેટ નેમાયા હતા. અમદાવાદના સર્વે લોકોમાં એવણ ઘણા જાણીતા તથા આગેવાંન રેહવાસી હતા. એવણનું મરણ સુરત મધે નીપજયું હતું, અને અમદાવાદમાં તેની ખબર પડતાં એવણનાં માનને ખાતર ત્યાંના માણેકચોક માંહેલી સઘળી દુકાંનો બંધ રાખી હતી.

તા૦ ૨૦ મી ડીસેમબર.

ડાકટર બરજોરજી બેહરામજી (ભાવનગરવાલા) એ "વૈદ્યક ગ્નાન" એટલે શરીર વિદ્યા તથા સર્વે દરદોને લગતી ઉપયોગી સમજણનું એક મોટું પુસ્તક ગુજરાતીમાં રચી પ્રગટ કીધું હતું.[૭]

---

૧ આ પરોમીનેડની વચ્ચોવચની બેઠક ઊપર નીચલી તખ્તી મારેલીછે:—

"THIS PROMINADE
was constructed
for the use of the inhabitants of Surat
by thieir fellow citizen
BURJORJEE MERWANJEE FRASER Esq.,
at a cost of Rupees 8,000.
A. D. 1869.

૨ "ઇરાણ તથા તુરાણ દેશની વારતા. ઈંગ્રેજી ઊપરથી ગુજરાતીમાં ભાષાંતર કરનાર, જીજીભાઈ ખરશેદજી કાપડીઆ તથા હોરમશજી દોરાબજી ચીનાઈ. Bombay, Printed by N. F. at the Imperial Press. 1869."

૩ ખાંનબાહદુર એદલજી ડોશાભાઈ કોઠાવાલાના બાવા.

૪ એવણના બાવા શેઠ શેરાબજી ફરાંમજી કેકોબાદના પ્રથમ ઈ૦ સ૦ ૧૮૧૦ માં સુરતથી બેડા ખાતે ચોથી ડરેગુન સાથે ગયલા હતા. ઈ૦ સ૦ ૧૮૧૨—૧૩ ના ઊત્તર ભણીના દુકાલ વખતે એઓને ઘણું નુકસાંન ગયું હતું. તેવણ ઈ૦ સ૦ ૧૮૨૧ માં મરણ પામ્યા હતા.

૫ એવણની સાથે બેડાથી ઈ૦ સ૦ ૧૮૨૮ માં ફરદુનજી નવરોજજી તથા ફરદુનજી સંતોકજી નામના સુરતના બે પારસી ગ્રહસ્થો અમદાવાદ ખાતે આવી પંતીઆલામાં વ્યાપાર તથા ઈંગ્રેજી અશબાબની મોટી દુકાંન ચલાવતા હતા.

૬ આ ધર્મશાલા ઈ૦ સ૦ ૧૮૭૫ ના સપટેમબર મહીનાની અમદાવાદની મોટી રેલની વખતે પાણીના જોસથી પડી ગઈ હતી.

૭ "વૈદક ગ્નાન, એટલે શરીર વીદ્યાને લગતું ટુક વરણન, તથા દરદ પેદા થવાનાં સાધારણ કારણો, અને દરદોની પીછાન, નીશાની તથા એલાજ વીગરે સરવે ઊપયોગી સમજણ. બનાવનાર, બરજોરજી બેહરામજી, લાઇસેનશીએત આવ મેડીસીન. મુંબઈ, દફતર આશકારા છાપાખાનામાં બેહરાંમજી ફરદુનજીની કુંપનીએ છાપીઊછે. સને ૧૮૬૯."

તા૦ ૨૧ મી ડીસેમબર.

આજ દીને સુરતની પાસેનાં અરાજણ ગામમાં શેઠ માણેકજી જમશેદજી કરાઇ અથવા કાંકરીવાલાએ એક મોટો અબાડા સાથેનો કુવો બંધાવી પ્રજાના વપડાસને માટે ઓપ્લો મુકયો હતો.[૧]

તા૦ ૨૨ મી ડીસેમબર.

મુંબઇની પોલીસ કોરટમાં ચાલતા જુઠા સોગંદ ખાવાને લગતા એક મુકદમામાં સાક્ષી આપવાને ત્રિજા માજીસ્ટ્રેટ શેઠ નાહના મોરોજીએ અતરેની સ્માલ કાઝ કોરટના બીજા જડજ શેઠ માણેકજી ખરશેદજી સરાફને સમનસ કીધો હતો, પણ શેઠ માણેકજીએ એક જડજ તરીકે માજીસ્ટ્રેટની કોરટમાં સાક્ષી આપવાને જવાને ના પાડવાથી એ બાબદ મજકુર માજીસ્ટ્રેટે નામદાર સરકારના ચુકાદાને માટે લખી મોકલી હતી, જેનો સરકારે આડવોકેટ જનરલનું મત લઇ શેઠ માણેકજીની તરફેણમાં ચુકાદો કીધો હતો.[૨]

તા૦ ૨૩ મી ડીસેમબર.

ઇ૦ સ૦ ૧૮૭૦ નાં શાલની હાઇ કોરટ તથા ડીસ્ત્રીકટ પલીડરની પરીક્ષાના એક પરીક્ષક તરીકે નામદાર ચીફ જસ્ટીસે કલીઆંણીના સબારડીનેટ જડજ ખાંનસાહેબ ખરશેદજી રૂસતમજી થાંણેવાલાને નેમ્યા હતા.[૩]

તા૦ ૨૫ મી ડીસેમબર.

રોજ ૫ માહ ૫ (સ૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—આ૦ ડોશાભાઈ ફરાંમજી મજગાંમવાલા—ઉમર વર્ષ ૭૬) એવણ એક જાણીતા કદમી મોબેદ હતા, અને ઇ૦ સ૦ ૧૮૪૫ માં મજગાંમની શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલવાલી દરેમેહર પરઠાઈ ત્યારથી તેના પંથકી હતા.

તા૦ ૨૭ મી ડીસેમબર.

રોજ ૭ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

સુરતની પાસે આવેલાં એલાવ ગામમાં આજ દીને મુંબઇવાલા શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ આદરાંનની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. આ વેળાએ મુંબઇથી દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાના, હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, શેઠો દીનશાહજી માણેકજી પીટીટ, તથા મેહરવાંનજી ફરાંમજી પાંડે પણ જશનની મીજલસમાં શામેલ થયા હતા. જશનની ક્રિઆ એલાવનાં પંથકવાલા અથોરનાંનોની ફરમાશથી દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ કીધી હતી. જે પુરી થવા બાદ શેઠ જમશેદજી બરજોરજી મીસતરી તરફથી એક અંજુમન પત્ર વાંચી સંભલાવવામાં આવ્યો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે એ દરેમેહર તેવણે પોતાના બાવા મરહુમ શેઠ બરજોરજી નશરવાંનજીનાં પુનને સારૂં બંધાવી કુલે જરથોસ્તીઓને વાપડવાને ઓપ્લી મુકીછે, તથા તેના ચાલુ ખરચને સારૂં રૂ૨૫૦૦૦) ની સરકારી ૪ ટકાનાં વ્યાજની નોટ એલાહેદી કાઢી તેના તેવણ પોતે તથા શેઠો કાવશજી ફરદુનજી મીસતરી અને શેરાબજી પાલણજી દોલીમેહરજીને તરસ્ટીઓ નેમ્યાછે.[૪] તથા એલાવ મધે એ દરેમેહર પર દેખરેખ રાખવા તથા તેનો અગતનો કારોબાર ચલાવવાને ત્યાંવાલા શેઠો જીવણજી ભીખાજી પટેલ, હોરમજજી ખરશેદજી પટેલ, નશરવાંનજી મનચેરજી પટેલ અને એમ૦ નશરવાંનજી ફરાંમજીને માનેજર ઠેરવ્યાછે. વળી એ મકાંનની બાજુ ઉપર એક નાહનો બંગલો તથા એક ઓટલો વગેરે પોતાના દીકરા મરહુમ શેઠ રૂસતમજીનાં પુનને સારૂં બંધાવી કુલ જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને ઉઘાડો મેલી તે મકાંનનું નામ "રૂસ્તમ બાગ" કરી રાખ્યુંછે. ઉપલો અંજુમન પત્ર વંચાયા બાદ દસ્તુર જામાસપજીએ

૧ એ કુવા ઉપર તખ્તી મારેલી નથી તે વિષે હમારા સુરતવાલા મીત્ર શેઠ પાલણજી બેજનજી કોતવાલ તે તરફ તલાસ કરી લખેછે કે "શેઠ માણેકજીનાં ઘરડાં માએ પુતલીબાઇ નામનાં હતાં તેવોને હુવો વેહેમ હતો કે મીઠાં પાણીનાં કુવા ઉપર તખતી મારવાથી પાણી મોળાં અથવા ખારાં થઇ જશે તેથી તખતી મારી નહીં."

૨ જામે જમશેદ, તા૦ ૨૩ મી ડીસેમબર ૧૮૬૯.

૩ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨૪ મી ડીસેમબર ૧૮૬૯.

૪ એ દરેમેહર બંધાયા પછી થોડીજ મુદતમાં ઇયાને તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૭૧ ને દીને શેઠ જમશેદજી બરજોરજી મીસતરી મરણ પામવાથી તેમનાં વશીહત મુજબ તેમનાં વીધવા બાઇ મેહરબાઇએ ઉપલા રૂ૨૫૦૦૦) ની રકમ તેનાં વ્યાજમાંથી એ દરેમેહરમાં તેલ, કાઠી, સુખડ, તથા દરરોજ દરૂન બાજ ઇજશને તથા બીજો ચાલુ ખરચ કરવા, તથા રૂ૫૦૦૦) ની રકમ તેનાં વ્યાજમાંથી એ દરેમેહરની મરામત કરાવવા માટે, તથા રૂ૫૦૦૦) ની રકમ તેનાં વ્યાજમાંથી એ દરેમેહરમાં મરહુમ શેઠ જમશેદજી બરજોરજી મીસતરી તથા તેમનાં બેશીઓની નઇઅતે ચાલુ દરૂન બાજ તથા મુકતાદ મંડાવવાના ખરચને માટે મલી રૂ૩૫૦૦૦) ની સરકારી નોટ એલાહેદી કાઢી તેનું તા૦ ૭ મી આગશટ ૧૮૮૨ ને દીને હાઇ કોરટના વકીલ શેઠ પેશતનજી કાવશજી સોલીશીટરની મારફતે કાએદાસરનું એક તરસ્ટ દીડ કરાવી તેનાં એ બાઇ મેહરબાઇ પોતે તથા શેઠો દાદાભાઇ બાપુજી લાંમ, બાપુજી પેશતનજી ખરાસ, દીનશાહ એદલજી લાંમ, કાવશજી ફરદુનજી મીસતરી, શેરાબજી પાલણજી દોલીમેહરજી અને પેશતનજી નવરોજજી ખરાસને તરસ્ટીઓ ઠેરવ્યા હતા. એ બાદ છેલ્લા ત્રણ ગ્રહસ્થોનાં મરણ પામવાથી તથા શેઠ દીનશાહ એદલજી લાંમે તરસ્ટીનો ઓહ્દો છોડવાથી તેમની જગાપર તા૦ ૩૦ મી જુન ૧૮૯૦ ને દીને શેઠો નાનાભાઇ ધનજીભાઇ બનાજી અને બહમનજી બેહરાંમજી પટેલને તરસ્ટીઓ નેમ્યા હતા. આખા ગુજરાત જીલ્લામાં એજ દરેમેહરનું ફંડ આવડું મોટું છે.

આતશના કેબલા વિષે એક વાએજ કરી સંભળાવી હતી.[1] જે બાદ એલાવની જરથોસ્તી અંજુમન તરફથી તે ગામના પટેલ શેઠ જીવણજી ભીખાજીએ દસ્તુરજીને તથા શેઠ જમશેદજી મીસતરીને તથા હાનરેબલ બેહરાંમજી જીજીભાઈ, જેવણ તરફથી એલાવમાં તેમના બાવા મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈનાં ધર્મખાતાંને ખરચે જંદ અવસ્તાની નિશાલ ઉઘાડવામાં આવીછે તથા એ ગામના ઘંહબારનાં ફંડના તરસ્ટીછે તેમને માનપત્રો વાંચી સંભળાવી એકેકી શાલ હોરાડવામાં આવી હતી. તેમજ એલાવના પંથકીઓ અને એ દરેમેહરના મોબેદો તરફથી એક જુદી શેઆલ દસ્તુર જામાસપજીને હોરાડી હતી. એ બાદ શેઠ જમશેદજી તરફથી તૈયાર કરેલું નેઆતનું જમન જમી સર્વે લોક વદાય થયું હતું.[2]

તા૦ ૨૮ મી ડીજેમબર.

નામદાર માહરાંણી વિકટોરીયાનો બીજો પુત્ર શાહજાદો આલફ્રેડ અથવા ડયુક ઑફ એડીનબરો દુનયાંની મુસાફરીએ નીકળેલો કલકતા ખાતે હાલ આવેલો હતો. તે નામદારની ભેટ લેવા સારૂં નામદાર વાઇસરાય લારડ મેયોનાં ઇજનથી પારસીઓના વડા અકાબર સર જમશેદજી જીજીભાઇ બારોનેટ પોતાના સાહેબજાદાઓ શેઠો માણેકજી તથા કાવશજી ખરશેદજી જમશેદજી તથા મિત્રો શેઠો માણેકજી ખરશેદજી સરાફ અને શેરાબજી નવરોજજી વાડીઆ સાથે કલકતે ગયા હતા, જયાં નામદાર શાહજાદાએ તેઓને ગઇ કાલે સાંજનાં પોતાની સ્ટીમર "ગેલેશીયા" ઉપર બોલાવી આદરમાંન આપી તેમની મોલાકાત લીધી હતી, તથા આજ દીને સર જમશેદજી તથા બેટાઓ નામદાર શાહજાદાની મોલાકાતે કલકતાના સરકારી મેહેલમાં ગયા હતા, જયાં અરસપરસ અરધોએક કલાક સુધી વાતચીત થાઇ હતી.[3]

તા૦ ૨૯ મી ડીજેમબર.

રોજ ૯ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—ફરામજી એદલજી બીશની—ઉમર વર્ષ ૬૨) શેઠ એદલજી બેહરામજી બીશનીના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૩૧ માં પોતાના ભાઈ શેઠ કાવશજી એદલજી બીશની સાથે ચીન ગયા હતા, અને ત્યાં ઘણાં વર્ષો સુધી રહી તેમના સાથે વ્યાપાર ચલાવ્યો હતો. ૧૮૪૦ માં એવણ કલકતા ખાતે જઇ ત્યાં લાંબી મુદત સુધી વાસો કરી નવરોજજી નશરવાંનજીની કુંપનીને નામે ભાગીઆઓ સાથે વ્યાપાર ચલાવતા હતા, તથા કલકતામાંજ મરણ પામ્યા હતા. કલકતા ખાતે એઓ એક આગેવાન વ્યાપારી ગણાતા હતા.

તા૦ ૩૦ મી ડીજેમબર.

રોજ ૧૦ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—મેહરવાંનજી મનચેરજી ખાંન—ઉમર વર્ષ ૪૦) શેઠ મનચેરજી બરજોરજી ખાંનના દીકરા. એવણ પોતાના કાકાના દીકરાઓ શેઠો દીનશાહજી તથા ફરામજી ભીખાજી ખાંનની કોચીન તથા કોલંબોની પેહડીના ભાગયા હતા, અને ઘણાં વર્ષો સુધી તે તરફ રહેલા હતા. એવણનું મરણ કોચીન મધે નીપજયું હતું.

---

૧ એની આગમજ ત્રણ ચાર દીવસો સુધી દસ્તુર જામાસપજીએ સુદરેહ કુશતી વિષે, ગાથાના દીવસોમાં અસપંદાદ મહીનો પઢવા વિષે, દરેમેહર બંધાવવા વિષે, વગેરે બાબદો ઊપર એલાવના જરથોસ્તીઓની હજુરમાં તથા સુદરેહ કુશતી વિષે ત્યાંની જરથોસ્તી ઓરતોની હજુરમાં વાએજ કરી સંભલાવી હતી.

૨ જામે જમશેદ, તા૦ ૩૦ મી ડીજેમબર ૧૮૬૯.

આ દરેમેહરના દરવાજા ઊપર નીચલી તખ્તી મારેલીછે:—

"પાક દાદાર હોરમજદની મદદ હોજો.

"આએ દરેમેહેર કે જે મધે પાક જરથોશતી ધરંમનાં
"કાંનુન મુજબ આતશ આદરાંન શાહેબનો કેબલો તખતે-
"નશીન કરવામાં આવેલોછે તે આએ ગાંમ શ્રી એલાવનાં
"જરથોશતી રેહેવાસીઓને બંદગી કરવા તથા દીનને લગતી
"કીરીઆ કરવાને વાશતે પારશી જમશેદજી બરજોરજી મીશ-
"તરીએ પોતાના મરહુમ પીતા બરજોરજી નોશરવાંનજીની
"નઇએતે બંધાવીછે. તથા એ દરેમેહરને લગતો અમલો
"પણ તેઓએ એ ગામના જરથોશતી રેહેવાશીઓને શર
"અવશરે વાપરવાને વાશતે પોતાનાં એ બેહેશતી બાવાની
"નઇએતે ધરમખાતે મેલેઓછે. રોજ ૭ અમરદાદ ઇજદ
"માહ ૪ તશતર તીર ઇજદ શેનશાહી શાલ ૧૨૩૯ એજદે-
"જરદી મુતાબેકે તારીખ ૨૭ મી ડીશંબર શને ૧૮૬૯ અંગરેજી
"મુતાબેકે શવંત ૧૯૨૬ નાં માગશર વદ ૯ વાર શોમે."

૩ નામદાર શાહજાદો કલકતેથી સીધારયા પછી તા૦ ૮ મી જાનેવારી ૧૮૭૦ ને દીને નામદાર વાઇસરાય લારડ મેયોએ પોતાની બાનુ સાથે સર જમશેદજીની મોલાકાત તેમનાં ઊતારાનાં શેઠ માણેકજી રૂસતમજી બનાજીવાલાં મકાનમાં આવી લીધી હતી. એજ મુજબ ત્યાં પધારેલા ઘણાક માહરાજાઓએ પણ એમની ખાસ મોલાકાત લઇ માન આપ્યું હતું.

સર જમશેદજી તા૦ ૬ થી ડીજેમબર ૧૮૬૯ ને દીને અતરેથી કલકતે ગયા હતા. તેઓ તા૦ ૧૩ મી ડીજેમબરે કલકતે પુગા, જયાં તેમને એસ્તેકબાલ લેવાને હાવરાનાં સ્ટેશન ઊપર કલકતાના સર્વે જરથોસ્તીઓ ગયા હતા. જરથોસ્તીઓએ પોતાથી બનયું તેટલું માન એવણને આપ્યું હતું, તથા તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૭૦ ને દીને એઓ મુંબઇ આવવા નીકલયા તે વેળાએ શેઠ માણેકજી રૂસતમજી બનાજીનાં મકાનમાં ભારે ધામધુમથી રોશની કરી કલકતાના સર્વે આગેવાંન ગ્રહસ્થોને એમની મોલાકાતે તેડયા હતા.

કલકતે આવ્યા આગમજ નામદાર શાહજાદો નવેમબર માસમાં હાંગકાંગ ગયો હતો, જયાં તે તરફના પારસી ગ્રહસ્થોએ એ નામદારને એક માનપત્ર આપ્યું હતું, જે પર શેઠો ધનજીભાઇ રતનજી બીશની, જાંહગીરજી ફરાંમજી બખશી, બાપુજી પાલણજી રાંનજી, નશરવાંનજી પેશોતનજી મુલ્લાં ફીરોજના, અને બીજા ૬૩) પારસી ગ્રહસ્થોની શહીઓ હતી.

તા૦ ૩૧ મી ડીસેમબર.

રોજ ૧૧ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—રૂસતમજી અસપંદીઆરજી કામદીનજી—ઉમર વર્ષ ૭૮) ભરૂચવાલા દસ્તુર અસપંદીઆરજી કામદીનજીના ત્રિજા દીકરા. એવણ પ્રથમમાં ઈ૦ સ૦ ૧૮૨૭ થી ભરૂચનાં સરકારી સરવાઇખાતાંમાં એક ઇંગ્રેજી લખનાર હતા. તે પછી તા૦ ૧૬ મી આપરેલ ૧૮૩૨ થી ભરૂચની સદર ડીસ્ટીલરીના સુપરીનટેંડંટ નેમાયા હતા. તે ઓહ્દો ૩૦ વર્ષ ચલાવી જઇફીને લીધે તા૦ ૧૭ મી મેએ ૧૮૬૨ થી પેનશન લઈ એકાંત જીંદગી ગુજારી હતી. એવણે પોતાના મરહુમ દીકરા શેઠ એદલજીનાં પુનને સારૂં ભરૂચ મધેનાં કાલી તરાવરી આગલનાં પારસીઓનાં પુરાતમ દોખમાંની સાંમેના મોટા કુવાની ૧૮૪૮ માં પોતાને ખરચે મરામત કરાવી તેની પાસે ત્રણ મોટા અભારા બંધાવ્યા હતા.

તા૦ ૩૧ મી ડીસેમબર.

આજ દીને કલકતા મધે મરહુમ શેઠ ફરાંમજી એદલજી બીશનીનાં ઉઠમણાંમાં તેવણની પોતાની પુંજી મધેથી ૨૮૦૦) તથા ભત્રિજાઓ શેઠો એદલજી અને બેહરાંમજી કાવશજી બીશનીએ ૨૨૦૦) મલી ૨૧૦૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૧]

તા૦ ૩૧ મી ડીસેમબર.

આએ વર્ષમાં ઇયાને તા૦ ૧ લી જાનેવારીથી તે તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૬૯ સુધીમાં મુંબઇના પારસીઓમાં **૭૫૮** જન્મ નોધાયાં હતાં.

એજ વર્ષમાં મુંબઇ મધે પારસીઓમાં **૨૦૫** જોડાંનાં લગન તથા **૨૭** જોડાંનાં ગગરનાં નીચે મુજબની વીગતે થયાં હતાં:—

		નર.	**નારી.**	**જુમલે.**
લગન—	૬ થી ૧૦ વર્ષનાં ..	૫	૨૨	૨૭
	૧૧ થી ૧૫ વર્ષનાં ..	૩૦	૧૨૦	૧૫૦
	૧૬ થી ૨૦ વર્ષનાં ..	૭૫	૫૫	૧૩૦
	૨૧ થી ૨૫ વર્ષનાં ..	૬૩	૭	૭૦
	૨૬ થી ૩૦ વર્ષનાં ..	૧૮	૧*	૧૯
	૩૧ થી ૩૫ વર્ષનાં ..	૪	૦	૪
	૩૬ થી ૪૦ વર્ષનાં ..	૪	૦	૪
	૪૧ થી ૪૫ વર્ષનાં ..	૫	૦	૫
	૪૬ થી ૫૦ વર્ષનાં ..	૧†	૦	૧
		૨૦૫	૨૦૫	૪૧૦

		નર.	**નારી.**	**જુમલે.**
ગગરનાં—	૧૧ થી ૧૫ વર્ષનાં ..	૦	૧*	૧
	૧૬ થી ૨૦ વર્ષનાં ..	૦	૨	૨
	૨૧ થી ૨૫ વર્ષનાં ..	૧	૮	૯
	૨૬ થી ૩૦ વર્ષનાં ..	૨	૮	૧૦
	૩૧ થી ૩૫ વર્ષનાં ..	૫	૬	૧૧
	૩૬ થી ૪૦ વર્ષનાં ..	૬	૨	૮
	૪૧ થી ૪૫ વર્ષનાં ..	૩	૦	૩
	૪૬ થી ૫૦ વર્ષનાં ..	૨	૦	૨
	૫૧ થી ૫૫ વર્ષનાં ..	૫	૦	૫
	૫૬ થી ૬૦ વર્ષનાં ..	૩†	૦	૩
		૨૭	૨૭	૫૪

એજ વર્ષમાં મુંબઇ મધે પારસીઓમાં નીચે મુજબની વીગતે **૯૭૪** મરણ નિપજયાં હતાં:—

	નર.	**નારી.**	**જુમલે.**
તરતનાં જનમેલાં......	૪૦	૩૫	૭૫
૧ દીનથી ૧ માસ સુધીનાં ..	૩૫	૩૪	૬૯
૧ માસથી ૧ વર્ષ સુધીનાં ..	૯૧	૭૬	૧૬૭
૧ થી ૫ વર્ષનાં..........	૧૧૩	૧૧૫	૨૨૮
૬ થી ૧૦ વર્ષનાં........	૧૩	૧૩	૨૬
૧૧ થી ૨૦ વર્ષનાં........	૧૩	૨૨	૩૫
૨૧ થી ૩૦ વર્ષનાં........	૨૧	૨૭	૪૮
૩૧ થી ૪૦ વર્ષનાં........	૪૩	૨૧	૬૪
૪૧ થી ૫૦ વર્ષનાં........	૨૩	૩૦	૫૩
૫૧ થી ૬૦ વર્ષનાં........	૪૦	૨૭	૬૭
૬૧ થી ૭૦ વર્ષનાં........	૩૬	૩૪	૭૦
૭૧ થી ૮૦ વર્ષનાં........	૧૯	૨૪	૪૩
૮૧ થી ૯૦ વર્ષનાં........	૧૦	૧૫	૨૫
૯૧ થી ૧૦૦ વર્ષનાં	૦	૪‡	૪
	૪૯૭	૪૭૭	૯૭૪

એ ૯૭૪) મરણ નીચલા લટાઓ ઉપર થયાં હતાં:—

કોલાબા	૯	બાહેરકોટ	૧૪૮
કોટ	૩૪૯	ખેતવાડી	૭૨
ધોબીતલાવ ..	૨૨૮	કામાટીપરા ..	૨
કરેલવાડી....	૫	નલબજાર	૨
ગીરગાંમ	૮	મેટાંકી	૬
ચોપાતી	૧૪	ખારા તલાવ ..	૧
ગ્રાંટ રોડ....	૨	ડંકન રોડ....	૧
તારદેવ	૪	નાગપારા	૧
ગોવાલીઆ ..	૧૨	ભીંડીબજાર ..	૪૦

---

૧ મુંબઇ ચાબુક, તા૦ ૮ મી જાનેવારી ૧૮૭૦.

* એ એક ૨૯) વર્ષની કુવારી છોકરી હતી.

† એ ૪૯) વર્ષનો બીજવર હતો.

* એ ૧૪) વર્ષની રંડાયલી સ્ત્રી હતી.

† એમાં બે ૬૦) વર્ષના રંડાયલા પુરૂષો હતા.

‡ એમાં ૧૦૦ વર્ષની એક ઓરત હતી.

ખંબાલા	૨	ભાંએખલા ..	૧૯
માહલક્ષ્મી....	૬	મજગાંમ	૩૪
વાલકેશ્વર	૨	મોઢ........	૧
		પરેલ	૩
		વરલી	૧
		માહીમ......	૪
			૯૭૪

એ ૯૭૪) મરણ નીચલાં કારણોથી નિપજ્યાં હતાં:—

તાવ	૨૪૨
જ્ઞાનતંતુને લગતાં દરદો	૧૨૯
ફેફસાંને લગતાં દરદો	૧૨૩
લોહીવીકાર તથા નાકવતી	૧૦૫
જલંદર........................	૧૧
શીતલા	૪૭
ગોવરું	૩૧
કોલેરા	૧૯
મરડો તથા પેટ	૧૪૦
પીશાબને લગતાં દરદો	૭
છુપા ભાગને લગતાં દરદો	૯
ચામડી તથા હાલચાલ અને તંતુનેલગતાં દરદો.	૧૮
તરતનાં જન્મેલાં..................	૭૫
રગદપીત	૩
નહિં જણાયલાં કારણો	૨
આપઘાત	૮

(૫ ઝેહેર ખાઇને.
૧ દરીયામાં પડીને.
૧ તલાવમાં પડીને.
૧ ગળે ફાંસો દઇને.)

આપઘાત કરી મરણ પામેલાં આઠ જણામાં ૪) પુરૂષ અને ૪) સ્ત્રી હતાં. પુરૂષોમાં એક ૨૮) વર્ષનાએ રૂ૩૦૦) ની નોટ ખોવાથી હેબતને લીધે, એક ૬૦) વર્ષનાએ નાણાં સંબંધી ગુંચવાડાને લીધે માથું ખસી જવાથી, અને એક ૨૭) વર્ષનાએ ધંધામાં નુકસાન જવાથી ઊદાસીને લીધે ઝેહેર ખાઇને; તથા એક ૭૦) વર્ષનાએ બાયડી સાથ અણબનાવને લીધે દરીયામાં ડુબીને આપઘાત કીધા હતા. સ્ત્રીઓમાં એક ૩૮) વર્ષનીએ મગજની અસ્થિર હાલતને લીધે તથા બીજી ૧૭) વર્ષની એક બબરચીની બાયડીએ કાંઇ જણાયલાં કારણ વગર બંધેએ ઝેહેર ખાઇને; એક ૪૩) વર્ષની કંત્રાકટરની બાયડીએ ઘરમાં કંકાસને લીધે ગલાંમાં ફાંસો દઇને અને એક ૬૬) વર્ષનીએ ભેજાંનાં દરદની હેરાનગતીને લીધે તલાવમાં પડીને આપઘાત કીધા હતા.

હોનારત, અકસમાત, વગેરે............	૫

(૨ કુવામાંથી પાણી કાઢતાં.
૧ દરીયામાં નાહતાં.
૧ મીલમાં પઇ ફાટાથી.
૧ બારીએથી પડી જવાથી.)

અકસમાતથી મરણ પામેલાં પાંચ જણામાં ૪) પુરૂષ અને ૧) સ્ત્રી હતાં. પુરૂષોમાં એક ૧૩) વર્ષનો છોકરો દરીયામાં નાહતાં, એક ૩૨) વર્ષનો આટો દળવાનાં કારખાનાંમાં પઇ ફાટાથી તેની અડફટમાં આવવાથી, એક ૪૦ વર્ષનો કુવામાં પડેલું વાસણ કાઢતાં સમતોલપણું ખોવાથી, અને એક ૧૪ વર્ષનો બબરચીનો છોકરો કુવાના વરાપર ઊભો રહી પાણી ખેંચતાં ઊથલાઇ જવાથી મરણ પામ્યા હતા. સ્ત્રીઓમાં એક ૩૨) વર્ષનીનો સુવાનો પલંગ બારીની સપાતીની બરાબર હોવાથી ઉંઘમાં તે પરથી રસ્તામાં પડીને મરણ પામી હતી.

વળી એજ વર્ષમાં મુંબઇ મધે ૬૩ પારસીઓએ નાદાર દેવાદારોની કોરટનો આસરો મેલવવાને અરજી કીધી હતી, જેમાં એક ઓરત પણ હતી.

ઈ૦ સ૦ ૧૮૭૦.

આએ વર્ષનાં "ટાઇમ્સ ઑફ ઇંડીઆ" નાં કાલેનડરમાં[૧] સઘળા ખાના નીચલા ફેરફાર તથા વધારા સિવાય આગલાં કાલેનડરની માફકજ છે.

જૉઇંટ સ્ટાક કુંપનીઓ—

કોલાબા કુંપનીના ડાએરેકટરોમાં નવરોજજી માણેકજી વાડીઆનું નામ વધારે છે.

ધરમસી સ્પીનીંગ એંડ વીવીંગ કુંપની (આગલી કુરલા સ્પીનીંગ એંડ વીવીંગ કુંપની) ના ડાએરેકટરોમાં ખરશેદજી જાંગીરજી તારાચંદ.

ફરામજી કાવશજી પેટંટ પ્રેસ કુંપનીના ડાએરેકટરોમાં પેશતનજી ધનજીભાઇ કુરલેવાલાનું નામ વધારે.

ફ્રીઅર લાંડ એંડ પીઅર કુંપનીના ડાએરેકટરોમાં બેહરામજી ખરશેદજી ગાંધી.

હાઇડ્રાલીક પ્રેસ કુંપનીના શેક્રેટરી, અરદેશર કાવશજી મોદી. ઇજિનેર, બહમનજી ફરામજી વારડીન. માનેજર, ખરશેદજી રતનજી પારખ કોટમાં તથા હોરમજજી દાદાભાઇ દુબાશ કોલાબે.

વીગામ સલીપ કુંપનીના ડાએરેકટરોમાં ખુરશેદજી નોશરવાનજી કામાજી, પેશતનજી નવરોજજી પોહચા.

શેક્રેટરી, શોરાબજી ફરામરોજ સાઠીનના.

૧ The "Times of India" Calendar and Directory for 1870. Bombay: Printed and published at the Times of India Office.

ફડચામાં ગયેલી કુંપનીઓ—

કુરલા સ્પીનીંગ એંડ વીવીંગ કુંપની—લીકવીડેટર, બેહરાંમજી ખરશેદજી ગાંધી.

ઇસ્ટરન ઇનશુરનસ કુંપની—લીકવીડેટર, હીરજીભાઇ જાંગીરજી રેડીમની.

ઇસ્ટ ઇંડીઆ શીપીંગ કુંપની—લીકવીડેટરો, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, પીરોજશાહ મેહરવાંનજી જીજીભાઇ.

પારસી વ્યાપારી પેહુડીઓમાં વધારે—

બેહરાંમજી નાનાભાઇ ફરાંમજી એંડ કુંપની.

એન. વી. કરાંની એંડ કુંપની.

નવરોજજી વીરજીભાઈ કરાંની.
હોરમજજી કુવરજી દારૂવાલા.

મેહરવાંનજી એંડ કુપની.

મેહરવાંનજી ફરાંમજી નશરવાંનજી પટેલ.
કાવશજી શાપુરજી મેહતા.

મુલજી થાકરસી એંડ કુંપની.

બેહરાંમજી ફરાંમજી (મધરાજવાલા.)

યુરોપ્યન પેહુડીના પારસી દલાલોમાં વધારે—

ખુસ્ટાલ રસલ એંડ કુંપની—ખરશેદજી શોરાબજી નાદરશાહ.

એચ. ડી. ક્રેક એંડ કુંપની—નવરોજજી અરદેસર (દાવર) એંડ સનસ.

એ. સી. ગમપરટ એંડ કુંપની—મનસુખભાઇ ભગુભાઇ અને ફરાંમજી અરદેસર દાવર.

જાફરસન કેંમબેલ એંડ કુંપની—ગોકલદાસ (માધવજી) મેહરવાનજી (ફરાંમજી પાંડે) એંડ કુંપની.

જી. એફ. પીમ. એંડ કુંપની—દાદાભાઈ હોરમજજી (દુબાશ).

પારસી લીલાંઉખાંનાંવાલા—બાપુજી હોરમજજી (બાકસટર) એંડ કુંપની, બેનેટ એંડ કુંપની (પેશતનજી સુખ્લાજી બેનેટ), બહમનજી ડાશાભાઈ (બાકસટર) એંડ કુંપની, બેહરાંમજી ફરાંમજી (હાએવાએ) એંડ કુંપની, ક્રાફરડ એંડ કુંપની (મી૦ ડબલ્યુ. એચ. એસ. ક્રાફરડ અને દાદાભાઈ નવરોજજી મોદી), દીનશાહ (અરદેસર લીલાંઉવાલા) હોરમજજી (મનચેરજી વાડીઆ) એંડ કુંપની, ક્રીથ એંડ કુંપની (ધનજીભાઈ જાંગીરજી દાવર), મેહરજી જાનસ્ટન એંડ કુંપની (શોરાબજી તથા બરજોરજી પાલણજી દોલીમેહરજી, મનચેરજી એદલજી મેહરજી, માણેકજી ફરાંમજી માપલા અને રતનજી ખરશેદજી બાટલીબોઇ), મીનીસ એંડ કુંપની (રતનજી ફરદુનજી પારખ, નશરવાંનજી ફરાંમજી ધીસ્તા), નશરવાંનજી (દોરાબજી પટેલ) કલીઆંણદાસ એંડ કુંપની, રૂસતમજી પેશતનજી (બાકસટર).

બુકસેલર—હોરમજજી શોરાબજી (ચાંનદારૂ).

ઘોડા દલાલો—નવરોજજી બેજનજી ફકીરાજીની કુંપની, નવરોજજી નશરવાંનજી (લાંમ), જામાસપજી કાવશજી (પાદશાહ), રૂસતમજી શાપુરજી (મેહતા), સંતોકજી શોરાબજી સંતોક.

દુબાશો—બેહરાંમજી (બેજનજી) અને મેહરવાંનજી (બેજનજી), બેહરાંમજી મનચેરજી, કાવશજી (રતનજી પારખ) અને માણેકજી, ખરશેદજી અને એદલજી, ખરશેદજી મનચેરજી (સોબેદાર), દાદાભાઇ રતનજીની કુંપની, દાદી એંડ દોરાબજી, ડાશાભાઈ દીનશાહજી, એદલજી એંડ રૂસતમજી, ફરાંમજી એંડ દાદાભાઇ, ફરાંમજી નશરવાંનજીની કુંપની, હોરમજજી જમશેદજી, મેહરવાંનજી નશરવાંનજી (નાદરશાહ), મેહરવાંનજી પેશતનજી (એનડરસન) ના છોકરાઓ, નાનાભાઇ એંડ શોરાબજી, પાલણજી ફરાંમજી (શેઠના), પેશતનજી જમશેદજી, રતનજી મનચેરજી જાલ, શોરાબજી એદલજીની કુંપની, શોરાબજી માણેકજી, એસ. પી. ધનજીભાઈ (શોરાબજી એદલજી દુબાશ, પેશતનજી મેહરવાંનજી દુબાશ, એદલજી મેહરવાંનજી દુબાશ, ધનજીભાઈ પેશતનજી પાંડે).

એક્ષચેંજ બ્રોકર—નશરવાંનજી એંડ ફરાંમજી.

હાઉસ એજંટ—પી. બેહરાંમજી (પેશતનજી બેહરાંમજી દાદાભાઇ કોહલા).

આએરન ફાંઉડરસ—એદલજી શાપુરજી, શોરાબજી શાપુરજી એંડ કુંપની.

શીપ ચાંડલરસ—પેશતનજી પુકરીડજ (Puckridge) એંડ કુંપની, રૂસતમજી શોરાબજી (કમીશરીવાલા).

તબેલાવાલા—બરજોરજી મેહરવાંનજી (માલવી) ની કુંપની, ખરશેદજી દોરાબજીની કુંપની, જમશેદજી એદલજીની કુંપની, નશરવાંનજી હીરજી, રૂસતમજી નવરોજજી, રતનજી રૂસતમજી.

મેસ એજંટો—બોલટનની કુંપની (અરદેસર અને દીનશાહ ધનજીભાઈ બોલટન), બરજોરજી રૂસતમજી બાટલીવાલા, કાવશજી અરદેસર ફરદુનજી, એદલજી નશરવાંનજી કોલાબેવાલા, એદલજી પાલણજી બાટલીવાલા, જમશેદજી ફરાંમજી કથોક, જીવણજી એદલજી (અપુ) ના છોકરાઓ, જીવાજી રતનજી (મડે) ના છોકરાઓ, જાંહગીર નશરવાંનજી (જશાંવાલા) એંડ કુંપની, મનચેરજી એદલજી (સોપારીવાલા), પાલણજી હીરજીભાઈ (બાટલીવાલા) સનસ, પેશતનજી જીવણજી (ભંડારા) એંડ કુંપની, રતનજી ખરશેદજી.

મીલીનરસ—બનાજી મેહરવાંનજી એંડ કુંપની, બરજોરજી નશરવાંનજી (ગોટલીબાજ), ખરશેદજી એંડ કુંપની, ધનજીભાઇ રૂસતમજી (અપુ) એંડ કુંપની, દોરાબજી કુવરજી માજુ.

શેર બ્રોકરો—ભીખાજી કેખશરૂ દસ્તુર, ભીખાજી નવરોજજી પાહલણજી, બેહરાંમજી ભીખાજી કાંગા, ડાક્ટર કાવશજી હોરમજજી, ખરશેદજી રતનજી કોહલા, દીનશાહ (હોરમજજી બીલીમોરીઆ) એંડ શાપુરજી (શોરાબજી મેહમ-વાલા), એદલજી ખરશેદજી સુરતી, ફરાંમજી ગુસતાદજી, જમશેદજી કાવશજી બીલીમોરીઆ, મેહરવાંનજી (રૂસતમજી ગંદેવીઆ) એંડ બેહરાંમજી (રૂસતમજી બહમન બેહરાંમના), મનચેરજી મેહરવાંનજી દાદીના, પીરોજશાહ કાવશશાહ નાણાં-વતી, શાપુરજી બરજોરજી ભરૂચા, શાપુરજી બેહરાંમજી કોહલા, શોરાબજી બેહરાંમજી કોહલા.

તા૦ ૨ જી જાનેવારી.

રોજ ૧૩ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—બેહરાંમજી ફરદુનજી વકીલ[1]—ઉમર વર્ષ ૭૪) ભરૂચવાલા આ૦ ફરદુનજી એદલજી વાંદરાના બીજા દીકરા. એવણ પ્રથમમાં ભરૂચની અદાલતમાં સરકારી દફતરની બુકો બાંધવા તથા પારસીઓને સોગંદ આપવાનાં કામ પર હતા. તે પછી દીવાંની તથા ફોજદારી કાએદાનો અભીઆસ કરી ઈ૦ સ૦ ૧૮૩૯ માં મુંબઈની સદર અદાલતમાંથી વકીલની સનદ મેલવી ભરૂચની અદાલતમાં વકીલાતનું કામ કરવા માડયું હતું, અને તે ઘણી બાહોશીથી ચલાવી મોટી ઘરાકી મેલવી હતી. ઈ૦ સ૦ ૧૮૫૭ નાં ભરૂચનાં હુલડ વખતે એવણે પારસીઓ તરફથી ઘણીક લડત ચલાવી હતી, તથા ભરૂચની પારસી પંચાતનાં ફંડના થોડુંક સુધી એક તરસ્ટી હતા. ઈ૦ સ૦ ૧૮૬૧ થી ૧૮૬૭ સુધી એવણ ભરૂચના પબલીક પ્રાસીકયુટર હતા. ઈ૦ સ૦ ૧૮૬૯ માં એવણે ભરૂચના નવાબ મોજુજખાંન બાહદુરના કીસ્સાનો અસલ ઉરદુ પરથી ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.

તા૦ ૫ મી જાનેવારી.

અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં શિખનારા ચંચલ વિદ્યાર્થીઓને સ્કાલરશીપો અને ઈનામો આપવાની વાર્ષિક સભા આજ દીને મલી હતી. સરનશીનની ખુરસી હાનરેબલ મી૦ ટકરે લીધા બાદ એ ખાતાંના પ્રીનસીપાલ ડાકટર હંટરે ગયાં શાલનો રીપોરટ વાંચી સંભલાવ્યો. જે પછી ચંચલ વિદ્યાર્થીઓને ઈનામો તથા સ્કાલરશીપો આપી હતી, જેઓમાં ત્રણ પારસી વિદ્યાર્થીઓ—હોરમજજી દાદાભાઈ મસાની,

---

૧ ભરૂચવાલા શેઠ શોરાબજી ફરાંમજી વકીલનાના બપાવા.

એવણના વડા ભાઈ એ૦ રૂસતમજી ફરદુનજી વાંદરાના ભરૂચના એક જાણીતા મોબેદ હતા. એઓના બાવા એ૦ ફરદુનજી એદલજી વાંદરાના ભરૂચના મોબેદોનું દફતર તથા બારમાસીઆં, લગનવહી, લાગાવહી, વગેરે હંમકારની વેંહચણીનું દફતર રાખતા હતા. તેમની પછી એ દફતર એ૦ કેખશરૂ પેશાતનજી શીક્ષાગુરૂ તથા એ૦ ફરાંમજી હોરમજી ખાંદન અને એ૦ રતનજી જીવણજી બોરકા રાખતા હતા.

નશરવાંનજી નવરોજજી ખંબાતા, અને ડોશાભાઈ બરજોરજી કાંદાવાલાને દરેકને રૂ૧૫) ની સ્કાલરશીપો મલી હતી. રીપોરટમાં જણાવ્યા મુજબ એ કાલેજમાં ગુજરાતી ભાષામાં વૈધું શિખાડવાનો વર્ગ પણ આએ શાલથી ઉઘાડવાને નામદાર સરકારે ઠેડવ્યું હતું, અને તે વર્ગમાં દર માસે રૂ૧૦) ની સ્કાલરશીપ આપવાને શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, સી. એસ. આઈ. એ રૂ૨૫૦૦) તથા હાનરેબલ બેહરાંમજી જીજીભાઈએ રૂ૩૦૦૦), તથા એક બુક ફંડને માટે શેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ૫૦૦) ભેટ આપ્યા હતા, જે માટે તેમનો ઉપકાર માનવામાં આવ્યો હતો. વળી શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ ગયે શાલના જાનેવારી માસમાં એ કાલેજમાં રૂ૧૦) ની બે જુનીયર સ્કાલરશીપો સ્થાપવાને રૂ૫૦૦૦) ભેટ આપ્યા તે માટે પણ રીપોરટમાં તેમનો ઉપકાર માનયો હતો. એ બાદ સરનશીને એક સુભાખીત ભાષાણ કરી સભા બરખાસ્ત કીધી હતી.[2]

તા૦ ૬ થી જાનેવારી.

રોજ ૧૭ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—હોરમજજી હીરાજી હીરા કરાઈના—ઉમર વર્ષ ૬૦) એવણ સુરતના વતની હતા, અને પંજાબ ભણી ધંધાસર ગયલા હતા. એવણનું મરણ દેરા ઈસમાલખાંન મધે નીપજયું હતું.

તા૦ ૮ મી જાનેવારી.

મુંબઈની યુનીવરસીટીના નવા ફેલોઝ તરીકે નામદાર સરકારે નીચલા પારસી ગ્રહસ્થોને ચુંટી કાઢયા હતા:—[3]

શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી.

શેઠ શોરાબજી શાપુરજી બંગાલી.

---

૨ ટાઈમસ ઑફ ઈંડીઆ, તા૦ ૭ મી જાનેવારી ૧૮૭૦.

સર જમશેદજી જીજીભાઈ હાસ્પીટલ કે જયાં આ કાલેજના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેછે તે હાસ્પીટલનાં મકાનમાં આ શાલમાં રૂ૧૫૦૦૦૦) ને ખરચે વધારો કરવામાં આવ્યો હતો, અને તે ખરચનો ત્રિજો ભાગ રૂ૫૦૦૦૦) સર જમશેદજીનાં કુટુંબે આપ્યો હતો, જે માટે ડાકટર હંટર પોતાના રીપોરટમાં જણાવેછે કે:—

"The Jamsetjee Jeejeebhoy Hospital, the practical school of instructions for the students, and without which this College could scarcely venture to exercise any claim to being considered a *School of Medicine*, has undergone considerable additions and improvements. A handsome upper storey has been added which admits of increased accommodation for nearly 80 beds, and well arranged bathing rooms, on the most recently improved principles, are attached. An operating theatre has also been built, an hydraulic lift leeds from it to the upper wards, and thus avoids the necessity of patients being carried up and downstairs. The whole was designed and carried out by Lieut.-Colonel Fuller, R. E., at an outlay of Rs. 1,50,000, one-third of which was liberally given by the Sir Jamsetjee Jejeebhoy family, and the remainder by Government."

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૧૩ મી જાનેવારી ૧૮૭૦.

તા૦ ૧૦ મી જાનેવારી.

રોજ ૨૧ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—માણેકજી પેશતનજી સરાફ અથવા ગામવાળા[1]—ઉમર વર્ષ ૬૨) કરાંચીના એક જાણીતા પારસી વ્યાપારી. એવણ ઈ૦ સ૦ ૧૮૩૯ માં ઇંગ્રેજ સરકારે સીંધ લીધું ત્યારના કરાંચી તરફ વ્યાપારને માટે સુરત શેહરથી ગયા હતા, અને આખી જીંદગી ત્યાંજ ગુજારી હતી. એવણે પોતાના છોકરાઓને નામે પેશાવર તથા બીજી જગાઓ પર દુકાનો કાઢી હતી.

તા૦ ૧૧ મી જાનેવારી.

મુંબઈની યુનીવરસીટીની નવમાં વર્ષની કાનવોકેશન આજ દીને ટાઉનહાલમાં ભરાઈ હતી. પ્રમુખસ્થાંને વાઇસ-ચાનસેલર રેવરંડ ડાકટર જાન વીલસન બીરાજ્યા હતા. આ વેળાએ જે વિદ્યાર્થીઓને પદવીની સનદો આપવામાં આવી હતી તેમાં નીચલા પારસીઓ હતા:—[2]

માસટર ઑફ આરટસ (એમ. એ.) ની સનદ—જમશેદજી અરદેસર દલાલ.

બેચલર ઑફ લાજ એંડ લીટરેચર (એલ. એલ. બી.) ની સનદ—કેરશાસ્પજી રૂસતમજી દાદાચાંનજી, ફરાંમજી રૂસતમજી વીકાજી.

બેચલર ઑફ આરટસ (બી. એ.) ની સનદ—નવરોજજી દોરાબજી ખંડાલેવાલા, બરજોરજી જમશેદજી કોહલા, બેહરામજી ફરામજી પટેલ, મનચેરજી ફરાંમજી પટેલ, એદલજી દોરાબજી તલાટી.

આ વેળાએ અપાયલાં યુનીવરસીટી ઇનામોમાં માણેકજી લીમજી ગોલ્ડ મેડલ રૂસતમજી મેહરવાંનજી પટેલ, એમ. એ. ને "હિંદુસ્થાંનની સરકારી તથા બીજી ઇમારતોનાં બાંધકામની જુદી જુદી પ્રકારની રીત, અને દેશની રૂતુને તેઓ કેવી અનુકુળ થાઈ પડેછે તેનો મુકાબલો" એ બાબદ ઉપર સઉથી સરસ ઇંગ્રેજી નિબંધ લખવા માટે,[3] તથા હોમજી બરશેદજી પ્રાઇઝ જાંગીરશાહ એરચશાહ કોહીયારને "સિંધુ નદી" વિષે સઉથી સરસ ઇંગ્રેજી કવિતા રચવા માટે આપવામાં આવ્યાં હતાં.

તા૦ ૧૫ મી જાનેવારી.

મેહમુદાબાદ ખાતે બાઇ માણેકબાઇ તે હાનરેબલ બેહરાંમજી જીજીભાઇનાં ધણીઆંનીનાં નામથી બંધાવવા માડેલાં દવાંખાનાંનો પાયો નાખવાની ક્રિઆ આજ દીને એક મોટા મેલાવડાની હજુરમાં ખેડાના કલેકટર મી૦ જી. ડબલ્યુ. ઇલીઅટનાં બાનુ મીશીશ ઇલીઅટે કીધી હતી. મીશીશ ઇલીઅટે પાયો નાખ્યા બાદ કલેકટરે એક સુભાખીત ભાષાણ કરી હાનરેબલ મંગલદાસ તથા હાનરેબલ બેહરાંમજીની કેટલીક સ્તુતી કરી હતી.[4]

તા૦ ૧૬ મી જાનેવારી.

રોજ ૨૭ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—શેરાબજી શાપુરજી ઇજનેર, આએરન ફાઉંડરીવાલા—ઉમર વર્ષ ૪૫) એવણ પ્રથમમાં મુંબઈની સરકારી ફેકટરીમાં મીકાનીકસનું કામ શિખેલા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૫૦ માં શેઠ કાવશજી હોરમજજી સરાફ સાથે ભાગમાં શેરાબજી શાપુરજીની કુંપનીનાં નામથી "આએરન

---

૧ પેશાવરવાલા શેઠ મેહરવાંનજી માણેકજી સરાફ અથવા ગામવાલાના બાવા.

૨ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧૩ મી જાનેવારી ૧૮૭૦.

ઊપલા પદવી મેલવેલા પારસીઓ ઊપરાંત આએ વર્ષે યુનીવરસીટીની નાખલી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—

ફરસ્ટ એલ. સી. ઈ. ની પરીક્ષામાં—પેશતનજી દોરાબજી ખંડાલેવાલા.

ફરસ્ટ એકઝામીનેશન ઈન આરટસ (એફ. ઈ. એ.) ની પરીક્ષામાં—દાદાભાઈ જમશેદજી આલપાઈવાલા, ફરાંમજી નવરોજજી દાદીબરજોરના, ફરાંમજી મીનોચેહરજી દસ્તુર જામાસ્પઆશાના, એદલજી શેરાબજી સરાફ, ડોશાભાઈ નશરવાંનજી વાડીઆ.

મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં—નવરોજજી ખરશેદજી આંતીઆ, માણેકજી દાદાભાઈ અરજાંણી, માણેકજી કાવશજી અરજાંણી, બેજનજી પેશતનજી બેનેટ, નશરવાંનજી દોરાબજી ભડા, રૂસતમજી પેશતનજી ભરૂચા, શેરાબજી મનચેરજી બીલીમોરીઆ, ખરશેદજી પેશતનજી કામાં, બહમનજી શેરાબજી ચંદાલીવાલા (તારાપોરવાલા), જમશેદજી અસપંદીઆરજી ચીનાઇ, દીનશાહ ખરશેદજી દલાલ, પીરોજશાહ જમશેદજી દમણીઆ, જમશેદજી નવરોજજી દસ્તુર, પીરોજશાહ પાલણજી ડાકટર, બાપુજી વીરજીભાઈ ગોપીપુરીઆ, માણેકજી હોરમજજી કાંગા, અરદેસર બેહરાંમજી કાપડીઆ, બેહરાંમજી નશરવાંનજી કોયાજી, માણેકજી ફરાંમજી લાકડાંવાલા, અરદેસર બેજનજી લેનટીન, ફરાંમજી બહમનજી પેશતનજી માસટર, અરદેસર દીનશાહ મેહતા, બહમનજી શેરાબજી મેહતા, ધનજીભાઈ કાવશજી પાલખીવાલા, ફરાંમજી ખરશેદજી પટેલ, નશરવાંનજી મેહરવાંનજી પાવરી, રતનજી મનચેરજી સેતારેવાલા, કાવશજી મેહરવાંનજી સરાફ, બેજનજી માણેકજી વાછા, માણેકજી હોરમજજી વજીફદાર, બાપુજી પેશતનજી વાડીઆ.

૩ આ નીબંધ માટે નામદાર વાઇસ-ચાનસેલરે પોતાનાં ભાષાણમાં કહયું હતું કે:—

"The essay which gained the Manockjee Limjee Gold Medal for 1868 is a very creditable production."

૪ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૧૮ મી જાનેવારી ૧૮૭૦.

મીશીશ ઇલીઅટ પાયાનો પથર ગોઠવતી વેળા બોલ્યાં હતાં કે—

"I lay the corner stone of the Manekbai Dispensary in memory of that lady, late wife of the Hon'ble Byramjee Jejeebhoy, who, with the Hon'ble Manguldass Nathoobhoy, gave the funds by which this building will be raised, a monument to their charity, and a relief to affliction."

ફાંઉડરી" ઇઆને લોઢાંનું ઇજનેરી કારખાંનું મોટા પાયા ઉપર કાઢયું હતું. ૧૮૬૬ માં એઓ ઇંગલાંડ ગયા હતા, અને ૧૮૬૯ માં ત્યાંના જાણીતા સાંચાકામવાલા મેશરસ હાવર્ડ બ્રધરસના અતરેના એજંટ થયા હતા. મુંબઇમાં લોખંડના ઉદ્યોગના એઓ એક સ્થાપક તથા યંત્ર વિદ્યાના આગેવાંન હતા.[1] ખેતવાડીનાં જરથોસ્તીઓનાં મુકતાદ તથા બાજ જશન તથા ઘાહંબારનાં ફંડોના એવણ ઇ૦ સ૦ ૧૮૫૭માં તે સ્થાપ્યું ત્યારથી એક તરસ્ટી હતા.

તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૨૯ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—પીરોજશાહ મેહરવાંનજી મીનવાલા[2]—ઉમર વર્ષ ૬૯) કરાંચીના એક જાણીતા પારસી વ્યાપારી. એવણ ઇ૦ સ૦ ૧૮૩૯ માં ઇંગ્રેજ સરકારે સીંધ લીધું ત્યારના કરાંચી તરફ વ્યાપારને માટે સુરતથી આવ્યા હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

તા૦ ૧૯ મી જાનેવારી.

મુંબઈ મધે ખેતવાડીમાં રેહનારા કેટલાક જરથોસ્તીઓએ ઇ૦ સ૦ ૧૮૫૭ માં અંજુમનને નામે ત્યાંની મરહુમ શેઠ કાવશજી માણેકજી આશબરનરની દરેમેહરમાં દર શાલ મુકતાદ માંડવાને "ખેતવાડીના શેહનશાહી જરથોશતીઓનાં મુકતાદનું ફંડ" એવાં નામથી એક ફંડ ઉભું કરી તેના તરસ્ટીઓ તરીકે શેઠો કાવશજી હોરમજજી સરાફ, માણેકજી જીવરાજી ગાડાંવાલા, કાવશજી માણેકજી ગાંધી, અને શોરાબજી શાપુરજી ઇજનેર આએરન ફાંઉડરીવાલાને નેમ્યા હતા. એજ તરસ્ટીઓ હસ્તક ઉપલીજ દરેમેહરમાં અંજુમનને નામે બાજ આફરીગાંન તથા જશન કરવાનું એક ફંડ "ખેતવાડીના શેહનશાહી જરથોશતીઓનાં બાજ તથા જશનનું ફંડ" તેમજ શેહનશાહી દેહ માસમાં અંજુમનને નામે ઘાહંબાર કરવાનું એક ફંડ "ખેતવાડીના શેહનશાહી જરથોશતીઓનું ઘાહંબારનું ફંડ" કરી બે ફંડો આજ દીનથી ઉંઘાડવામાં આવ્યાં હતાં.[3]

તા૦ ૨૪ મી જાનેવારી.

રોજ ૫ માહ ૫ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—ડાવેજર લેડી આવાંબાઇ જમશેદજી જીજીભાઇ—ઉમર વર્ષ ૭૮) એવણ પોતાના સખીવજુદ ખાવંદની

---

૧ એઓનું કારખાનું હજુ ઊપલાંજ નામથી પણ મોટા પાયા ઊપર એમના બેટા શેઠ શાપુરજી શોરાબજી તથા જમાઈ શેઠ રતનશાહ દાદાભાઇ ચલાવેછે.

૨ કરાંચીવાલા શેઠો દીનશાહ, રૂસતમજી, દોરાબજી, બેહરાંમજી, હોરમજજી અને રતનજી પીરોજશાહ મીનવાલાના બાવા.

૩ એ ફંડોનું એક કાયદાસરનું તરસ્ટ દીડ તા૦ ૨૯ મી મેએ ૧૮૭૩ ને દીને તેના તરસ્ટીઓ શેઠો કાવશજી માણેકજી ગાંધી, ડાકટર ફરાંમજી શાપુરજી, ભીખાજી એદલજી કુપર, એદલજી શાપુરજી ઇજનેર આએરન ફાંઊડરીવાલા અને પેશતનજી બેજનજી થાંણેવાલાએ હાઈ કોરટના વકીલ શેઠ જાંહગીરજી મેહરવાંનજી પલીડરની મારફતે કરાવ્યું હતું. એ પછી ઊપલા તરસ્ટીઓમાં અવારનવાર ખાલી પડેલી જગા ઊપર શેઠો માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં, બી. એ; એલ. એલ. બી; હોરમજજી દોરાબજી ભરૂચા, અને ડાકટર કાવશજી એદલજી દાદાચાંનજી શામેલ થયા હતા. શેઠ ધનજીભાઈ એદલજી લવંગીઆ ઇ૦ સ૦ ૧૮૬૮ થી તે ૧૮૮૩ સુધી એ ફંડના હાનરરી માનેજર તથા શેક્રેટરી હતા. તે પછી ૧૮૮૩ થી તે આજ સુધી શેઠ નવરોજજી દોરાબજી લવંગીઆ હાનરરી શેક્રેટરી તથા માનેજર છે.

ખેતવાડીના જરથોસ્તીઓએ ઇ૦ સ૦ ૧૮૭૪ માં મુસલમાંનોનાં હુલડ વખતે પોતપોતામાં એક બચાવ ફંડ ઊભું કીધું હતું તેના બાકી વધેલા રૂ૧૫૩૧) તે ફંડના માનેજર શેઠ હોરમજજી દોરાબજી ભરૂચાએ આએ ફંડના તરસ્ટીઓ હસ્તક તા૦ ૨૮ મી અકટોબર ૧૮૭૪ ને દીને એક જુદું ખાતું પડાવી સપુરદ કીધા હતા. એ પછી એ ખાતાંની રકમ વધી ઇ૦ સ૦ ૧૮૮૮ ના સપટેમબર માસમાં રૂ૨૫૬૨ાા ની થઇ હતી જેનું વ્યાજ તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૮૯ ને દીને એ ફંડની મલેલી જાહેર સભાના ઠેડાવ મુજબ તરસ્ટીઓએ નવાં ઊભાં કીધેલાં ખેતવાડીના લાચાર જરથોસ્તીઓને મદદ કરવાનાં ફંડમાં વાપડવામાં આવેછે. એ નવું ફંડ તરસ્ટીઓએ ઇ૦ સ૦ ૧૮૮૯ માં "ખેતવાડીના લાચાર જરથોશતીઓને મદદ કરવાનું ફંડ" એવાં નામથી ઊભું કીધું હતું, અને તેનાં નામ પ્રમાણે તેની મકસદ લાચારીમાં આવી પડેલા ખેતવાડીનાજ ગરીબ જરથોસ્તીઓને અગતની વખતે મદદ કરવાનીછે. ઘાહંબાર ફંડ જે તરસ્ટીઓએ ૧૮૭૦ થી ઊભું કીધેલુંછે તેની આવકમાંથી કસ્સો ખરચ ન કરતાં દેહ મહીનાના ઘાહંબારની મેનીજ શેઠ હોરમજજી દોરાબજી ભરૂચા ઇ૦ સ૦ ૧૮૯૫ સુધી દર વર્ષે ઘાહંબારની ફીઇ તથા ઊઘરાતના બીજા રૂપીઆ પોતા હસ્તક લઇ તેની વધઘટ પોતે પુરતા હતા, તથા ખોરદાદશાલનાં જશનની વધઘટબી એજ શેઠે પોતા હસ્તક રાખી હતી. એ પછી ઇ૦ સ૦ ૧૮૯૧ થી વર્ષના છહે ઘાહંબારની દીન આઇનને લગતી ક્રિઆ (જમન વગર) એ ઘાહંબાર ફંડ મધેથી કરાવવામાં આવેછે.

એ ધર્મ ખાતાંમાં દર વર્ષે વ્યાજ વાપડવાને નીચલા ગ્રહસ્થો તથા બાનુઓએ સરકારી નોટો તથા બોંડો આપી જુદાં ખાતાં પડાવ્યાંછે :—

(૧) તા૦ ૨૬ મી આપરેલ ૧૮૮૧ ને દીને શેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ૫૦૦) નું પોરટ તરસ્ટ બોંડ તેનું વ્યાજ બાજ જશનનાં ફંડમાં વાપડવાને. (૨) તા૦ ૧૦ મી સપટેમબર ૧૮૮૧ ને દીને બાઇ નવાજબાઇ તે મરહુમ શેઠ દાદાભાઈ શોરાબજી મેહતા અથવા મલારીનાં વીધવાએ પોતાના ખાવંદનાં પુનને સારૂં રૂ૫૦૦) ની સરકારી નોટ તેનું વ્યાજ બાજ જશનનાં ફંડમાં વાપડવાને. (૩) તા૦ ૧૭ મી આગશટ ૧૮૮૯ ને દીને ડાકટર ફરાંમજી શાપુરજીએ પોતાના બેટા ભાઇ મેહરવાંનજીની નવજોતની ખુશાલીમાં રૂ૫૦૦) ની સરકારી નોટ તેનું વ્યાજ લાચાર જરથોસ્તીઓને મદદ કરવાનાં ફંડમાં વાપડવાને. (૪) તા૦ ૧૨ મી અકટોબર ૧૮૯૦ ને દીને શેઠ ભીખાજી એદલજી કોપરે પોતાની યાદગારીને સારૂં રૂ૫૦૦)

સાથે બાળપણથીજ જોડાઇ સઘળાં રૂડાં કામોમાં પોતાની સલાહ આપતાં હતાં. એવણનું દીલ પણ સખાવત કરવામાં પોતાના નેક ખાવંદના જેવુંજ હતું. ઈ૦ સ૦ ૧૮૪૨ માં એવણે દેશાવરોના ગરીબ જરથોસ્તીઓને દર શાલ નાણાંની મદદ મોકલવા માટે બંગાલ બેંકના ૩) શેર કે જેની કીમત રૂ૨૨૫૦૦) હતી તે ધર્મખાતે આપ્યા હતા, તેમાં તા૦ ૧૭ મી નવેમબર ૧૮૪૩ ને દીને ઉદવાડા મધે એ બાઇ પોતે ગયાં તે વેળાએ એક મોટું જશન કરી બીજા રૂ૧૫૦૦૦) ના બે શેર ધર્મખાતે આપી, તેની ઉપજમાંથી ઉદવાડાની આસપાસનાં ૧૮) ગામોના ગરીબ નાચાર જરથોસ્તીઓનાં છોકરાંઓને શુદરેહ પેહરાવવા તથા પરણાવવા તથા ગરીબ નાચારનાં રવાંનોને અવલમંજલ પોંહચાડવાનો ખરચ કરવાનો બંદોબસ્ત કરી તે પાંચે શેર, આસરે રૂ૪૦૦૦૦) ની કીમતના સર જમશેદજીવાલાં મોટાં ધર્મખાતાંમાં આપ્યા હતા. ૧૮૪૫ માં એવણે માહીમ અને વાંદરા વચેની ખાડીપરનો પૂલ બાંધવા માટે સરકારને રૂ૧૫૫૮૦૦) આપ્યા હતા, અને તે પૂલ તૈયાર થવાથી તા૦ ૮ મી આપરેલ ૧૮૪૫ ને દીને ગવરનર સર જારજ આરથરે ખોલ્લો મેલ્યો હતો. એજ મુજબ માહીમનાં બજારથી તે ઉપલા પૂલ સુધી જવાનો જમની બાજુપરથી એક બીજો પાક્કો રસ્તો એવણે રૂ૨૨૦૦૦) ને ખરચે બંધાવ્યો હતો, જે તા૦ ૫ મી જુન ૧૮૪૬ થી પ્રજાને વાપડવા માટે ખોલ્લો મુકયો હતો. ૧૮૪૯ માં એવણે અતરેની ડીસ્ટ્રીકટ બેનીવોલંટ શોશાઇટીનાં ફંડમાં રૂ૨૦૦૦૦) ભેટ આપ્યા હતા. ૧૮૫૦ માં એઓ પોતાના ખાવંદ સાથે નવસારી ગયાં તે વેળાએ ત્યાં પોતાની તરફથી ઘણીક મોટી ખાંનગી સખાવતો કરી હતી. ૧૮૫૧ માં એવણે ભાંએખલે સર જમશેદજી હાસ્પીટલની પડોસમાં આવેલો ડોકનો તલાવ નવેસરથી મોટો ખણાવી તેની આસપાસ ફરતી દેવાલ વગેરે રૂ૨૩૦૦૦) ને ખરચે બંધાવી હતી. વાંદરા મધે ટેકડીની હેઠલથી તે મોંટ મેરીનાં દેવલ સુધી જવાનો એક પાક્કો રસ્તો બાંધવાને એવણે સરકારમાં રૂ૩૧૨૦) આપ્યા હતા, અને તે રસ્તો ૧૮૫૪ ના ડીસેમબર માસમાં તૈયાર થયો હતો. ૧૮૬૨ માં એવણે જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડમાં રૂ૧૦૦૦૦) ભેટ આપ્યા હતા. એજ શાલના મેએ માસમાં એવણે પોતાના ખાવંદ મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટનાં નામની એક જંદ પેહલવી મદરેસા સ્થાપવા માટે પંચાતના તરસ્ટીઓને રૂ૩૫૦૦૦) ની કીમતના બંગાલ બેંકના ૫) શેર ભેટ આપ્યા હતા. ૧૮૬૪ માં કલકતા મધે થયલાં મોટાં તોફાંનથી નાશ પામેલાઓને આસરો આપવાનાં ફંડમાં એવણે રૂ૭૫૦૦) ભેટ આપ્યા હતા. સર જમશેદજી જીજીભાઈ સ્કુલ ઑફ્ આરટ એંડ ઇનડસ્ત્રીનાં ખાતાંને સારા પાયા પર લાવવાને એવણે ૧૮૬૫ થી તે પોતાનાં મરણ સુધી તેમાં કટકે કટકે રૂ૪૦૦૦૦) ને આસરેની રકમ આપી હતી. નવસારી મધે કાલીઆવાડીનાં મરહુમ સર જમશેદજીવાલાં ધર્મનાં દવાખાંનાં પર જવાનો રસ્તો ઘણો દીકટ હોવાથી તે આખો રસ્તો પાક્કો બાંધવાને એવણે સરકારમાં રૂ૧૮૩૭૬) આપી તે ૧૮૬૭ માં બંધાવી ખોલ્લો મુકયો હતો. ૧૮૬૮ માં ઉદવારા મધે પારસીઓના ઉતારાને માટે એવણે એક ધર્મશાલા રૂ૪૭૫૦૦) ને ખરચે બંધાવી ખોલ્લી મુકી હતી. એ સિવાય એવણની પણ પોતાના ભથારની માફક ઘણીક ખાંનગી સખાવતો હતી. એવણનાં મરણની દલગીરી જણાવવા માટે જે દીને એવણનાં રવાંનને અવલમંજલ પોંહચાડવામાં આવ્યું તે દીને અતરેના સઘળા પારસી દુકાંનદારોએ પોતાનો ધંધો રોજગાર બંધ કીધો હતો.

તા૦ ૨૫ મી જાનેવારી.

આજ દીને સુરત મધે નાનપરામાં મરહુમ શેઠ કાવશજી રૂસતમજી તમનાવાલી ધર્મશાલામાં મુંબઇવાલા દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ "જરથોસ્તી ધર્મ એ શું છે તથા તેને પાલવાની અગત કેટલી બધી છે" એ બાબદ ઉપર એક વાએજ કરી સંભલાવી હતી. સરનશીનની ખુરસીએ શેઠ પાલણજી હોરમજજી અડુગર (નાજર) બીરાજ્યા હતા, જેવણે તથા શેઠ જમશેદજી ડોશાભાઈ શેરીફ ટરી અને પાલણજી બેજનજી કોટવાલે વાએજ પુરી થવા બાદ ભાષાણો કરી દસ્તુરજીનો ઉપકાર માન્યો, તથા છેલ્લા ગ્રહસ્થે નાનપરાની અંજુમન તરફથી એક માનપત્ર દસ્તુરજીને વાંચી સંભલાવ્યો તથા એક શેઆલ હોરાડી હતી.[૧]

તા૦ ૨૬ મી જાનેવારી.

આજ દીને મરહુમ ડાવેજર લેડી આવાંબાઈ તે સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટનાં વીધવાનાં ઉઠમ-

---

નું પોરટ તરસ્ટ બોંડ તેનું વ્યાજ લાચાર જરથોસ્તીઓને મદદ કરવાનાં ફંડમાં વાપડવાને. (૫) તા૦ ૨૬ મી અકટોબર ૧૮૯૨ ને દીને બાઇ દીનબાઇ તે મરહુમ શેઠ નશરવાંનજી માણેકજી પીટીટનાં વીધવાએ પોતાના ખાવંદનાં પુનને સારૂં રૂ૫૦૦) ની સરકારી નોટ તેનું વ્યાજ મુકતાદ, ઘાહંબાર તથા બાજ જશન એ ત્રણે ફંડોમાં વાપડવાને. (૬) તા૦ ૨૫ મી જુન ૧૮૯૬ ને દીને શેઠ ડોશાભાઇ દાદાભાઇ આલબલેશે પોતાના કાકા મરહુમ શેઠ ધનજીભાઇ એદલજી આલબલેશનાં પુનને સારૂં રૂ૫૦૦) નું પોરટ તરસ્ટ બોંડ તેનું વ્યાજ બાજ જશનનાં ફંડમાં વાપડવાને.

એ ફંડની બાકી પુંજી તેના છેલ્લા યજદજરદી ૧૨૬૭ ની આખરી સુધીનાં છપાયલા હીસાબ મુજબ મુકતાદ ફંડને હીસાબે રૂ૪૨૦૭ાાા૩, બાજ જશનનાં ફંડને હીસાબે રૂ૬૦૬૨ાા૨, ઘાહંબાર ફંડને હીસાબે રૂ૪૦૭૯)૩, બંચાવ ફંડને હીસાબે રૂ૨૫૬૭ાા)૦ તથા લાચાર જરથોસ્તીઓને મદદ કરવાનાં ફંડને હીસાબે રૂ૨૩૪૭ાા૦ મલી રૂ૨૪૭૦૭ાા૨ાા છે.

૧ જામે જમશેદ, તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૭૦.

ણાંમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ૧૦૦૦૦) તથા બીજા રૂ૮૦૦૦) મલી રૂ૧૮૦૦૦) ધર્મખાતે આપવામાં આવ્યા હતા.[1]

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૧૦ માહ ૬ (ક૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ ભીખાઈજી તે શેઠ કાવશજી બેહરાંમજી લીલાંઉવાલાનાં ધણીઆંની અને મરહુમ શેઠ એદલજી ફરાંમજી આલબલેશનાં બેટીનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ૨૦૦૦), ખાવંદે રૂ૫૦૦), ભાઇઓ શેઠો માણેકજી, ધનજીભાઈ, બહમનજી, દાદાભાઈ, અને હોરમજજી એદલજી આલબલેશે પોતાના બાવાની પુંજીમાંથી રૂ૧૦૨૫), કાકાના દીકરા શેઠ કાવશજી બેજનજી આલબલેસે રૂ૫૦૦), અને બીજાં ખેશીઓએ રૂ૩૫૦) મલી રૂ૪૩૭૫) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[2]

તા૦ ૩૦ મી જાનેવારી.

શેઠ મેહરવાંનજી એદલજી ચીનાઇએ "કૉટન કેલક્યુલેટર" એટલે રૂઉના ભાવ ગણવાનું એક પુસ્તક ઈંગ્રેજીમાં છપાવી પ્રગટ કીધું હતું.[3]

તા૦ ૩૧ મી જાનેવારી.

નામદાર માહરાંણી વિકટોરીયાનો બીજો પુત્ર શાહજાદો આલફ્રેડ અથવા ડયુક ઑફ એડીનબરો દુનયાંની મુસાફરીએ નીકલેલો કલકતે થઇ આવતા માસમાં મુંબઇ આવનાર હોવાથી તેને માન આપવાની ગોઠવણ કરવા કીલ્લે અતરેનાં રેહવાસીઓની એક જાહેર સભા બોલાવવાને તા૦ ૨૭ મી જાનેવારીએ મુંબઇના શેરીફ મી૦ ડબલ્યુ. એફ. હનટર જોગ ૨૪ ઇંગ્રેજ, ૨૦ હિંદુ, ૨ મુસલમાંન, ૨ પોરટુગીજ, અને ૩૩ પારસી (હાનરેબલ બેહરાંમજી જીજીભાઈ, શેઠો ડોશાભાઈ ફરાંમજી કરાકા, નવરોજજી ફરદુનજી, મનચેરજી ફરાંમજી કામાજી, ખરશેદજી રૂસતમજી કામાજી, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઈ, હોમજી ખરશેદજી દાદીશેઠ, ડાકટર બેહરાંમજી નવરોજજી, અરદેસર ફરાંમજી મુસ, સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, રૂસતમજી જમશેદજી જીજીભાઇ, શોરાબજી જમશેદજી જીજીભાઈ, માણેકજી ખરશેદજી સરાફ, ખરશેદજી માણેકજી ખરશેદજી સરાફ, કાવશજી માણેકજી લીમજી, ખરશેદજી ફરદુનજી પારખ, માણેકજી ખરશેદજી જમશેદજી, કાવશજી ખરશેદજી જમશેદજી, મનચેરજી પેશતનજી વાડીઆ, અરદેસર ખરશેદજી ફરદુનજી, લીમજી માણેકજી બનાજી, ડાકટર મેહરવાંનજી શોરાબજી ખસાસ, ફરાંમજી નશરવાંનજી પટેલ, ધનજીભાઈ ફરાંમજી પટેલ, કાવશજી શોરાબજી પટેલ, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, મેહરવાંનજી ફરાંમજી પાંડે, મનચેરજી નવરોજજી બનાજી, કાવશજી દીનશાહજી પીટીટ, ફરાંમજી દીનશાહજી પીટીટ, એદલજી રૂસતમજી રીપોરટર, બહમનજી ફરાંમજી કામાજી) ગ્રહસ્થોએ મોકલેલાં રીકવીજીશનની રૂહે એક જાહેર સભા આજ દીને ટાઉન હાલમાં હાનરેબલ મી૦ ટકરનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી. આ વેળાએ શાહજાદો મુંબઇમાં આવે ત્યારે તેને મુંબઈની પ્રજા તરફથી મુબારકબાદીનું એક માન પત્ર તથા બીજું સર્વે પ્રકારનું માનપાન આપવાનો ઠેડાવ થયો, તથા તે માટે એક ફંડ ઉભું કરવા તથા સર્વે પ્રકારની ગોઠવણો કરવાને ૩ ઇંગ્રેજ, ૨ હિંદુ, અને ૧ પારસી (શેઠ ડોશાભાઈ ફરાંમજી કરાકા) ની રીસેપશન કમીટી નેમી સભા બરખાસ્ત થાઈ હતી.[4]

---

૧ જામે જમશેદ, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૭૦.

મરહુમ લેડી આવાંબાઇ તરફ સર્વે ઠેકાંણેના પારસીઓને મોટું માન હતું, તેથી તેમનાં ઊઠમણાં ઊદવાડા, વલસાડ, બીલીમોરા, ગંદેવી, નવસારી, સુરત, ભરૂચ, અમદાવાદ, પુણાં, અહમદનગર, કલકતા, વગેરે ઠેકાંણે થયાં હતાં.

૨ જામે જમશેદ, તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૭૦.

૩ "The Bombay Cotton Calculator, or Tables for calculating the value of cotton from 1 to 2,000 candies at rates rising from Rs. 100 to 400 per candy of 784 pounds, &c. By, Merwanjee Eduljee Chinoy. Bombay: Printed at the Commercial Press. 1870."

---

૪ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૨ જી ફેબરવારી ૧૮૭૦.

એજ મુજબ મુંબઇના આગેવાંન દેશી ગ્રહસ્થોની એક સભા પણ તા૦ ૧૮ મી નવેમબર ૧૮૬૯ ને દીને મજગાંમ કાસ્ટલમાં સર જમશેદજી જીજીભાઇ બારોનેટનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી, જયાં નામદાર શાહજાદાને માંન એકરામ આપવાના ઠેડાવો થયા હતા, પણ ઊપલી શેરીફે બોલાવેલી જાહેર સભા મલવાથી સંધું કામ તે સભાએ નેમેલી રીસેપશાન કમીટીએ કીધું હતું. એ રીસેપશાન કમીટીએ શાહજાદાને આવકાર દેવાને ઊભાં કીધેલાં ફંડમાં બધા મલી રૂ૬૨૧૨૨) ભરાયા હતા, જે મધે રૂ૨૦૫૮૯) ઇંગ્રેજોના (તેમાં મુંબઇની સધળી બેંકોબી), રૂ૧૩૦૨૫) હીંદુઓના (જેમાં કેટલાક હિંદુ રજવાડાબી), રૂ૬૫૦૦) મુસલમાંનોના, રૂ૭૫૦૦) યાહુદીઓના, રૂ૧૦૦) પોરટુગીજોના, અને રૂ૧૮૪૦૮) નીચે મુજબ પારસીઓના હતા:—

(રૂ૨૦૦૦) સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, હાનરેબલ બેહરાંમજી જીજીભાઇ, કાવશજી જાંગીરજી રેડીમની, અરદેસર હોરમજજી વાડીઆ, દીનશાહજી માણેકજી પીટીટ. (રૂ૧૦૦૦) ફરાંમજી નશારવાંનજી પટેલ. (રૂ૭૫૦) ફરાંમજી સાંડસની કુંપની. (રૂ૫૦૦) હોરમજજી મનચેરજી કામાજીના છોકરાઓ, માણેકબાઇ અને મોટલાંબાઇ તે મરહુમ જાંગીરજી નશારવાંનજી વાડીઆનાં વીધવા અને બેટી, દાદી માણેકજી લીમજી, બહમનજી જીજીભાઇ, મેહરવાંનજી માણેકજી શેઠના, ખાંનબાહદુર પદમજી પેશાતનજી, રતનજી એદલજી બાટલીવાલા. (રૂ૩૦૦) દાદાભાઇ તથા મનચેરજી હોરમજજી તથા રૂસતમજી દાદાભાઇ કામાજી, એદલજી ફરાંમજી આલબલેસની કું૦, મનચેરજી ફરાંમજી કામાજી. (રૂ૨૫૦) મેહરવાંનજી ફરાંમજી પાંડે, નશારવાંનજી માણેકજી પીટીટ. (રૂ૨૦૦) શોરાબજી શાપુરજી બંગાલી, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ, નશારવાંનજી બહમનજી મોદીની કું૦. (રૂ૧૦૦) મનચેરજી નવરોજજી બનાજી, ખરશેદજી બહમનજી શેઠનાની કું૦, ડોશાભાઇ ફરાંમજી કરાકા, માણેકજી ખરશેદજી સરાફ, ખરશેદજી ફરદુનજી પારખ, બેહરાંમજી નશાર-

તા૦ ૧ લી ફેબ્રુવારી.

શેઠ જાંગીરજી બરજોરજી વાછાએ "સૂર્ય," અને તેને લગતી નવી શોધો" વિષે ફરામજી કાવશજી ઇનિસ્ટીટયુટનાં દીવાનખાનાંમાં આજ દીને ગુજરાતીમાં એક જાહેર ભાષણ કીધું હતું.૧

તા૦ ૨ જી ફેબ્રુવારી.

એડન મધે શેઠો કાવશજી દીનશાહજી એડનવાલા, એદલજી માણેકજી કોલાબેવાલા અને રૂસતમજી શેરાબજી ખરાસની આગેવાની હેઠલ "પારસી લાઇબ્રેરી" ને નામે એક પુસ્તકખાનું આજ દીનથી ઉઘાડયું હતું.૨

તા૦ ૩ જી ફેબ્રુવારી.

રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

શેઠ બેહરામજી નશરવાંનજી સીરવાઇએ મજગામ મધે પોતાની રેહવાની વાડીમાં એક એલાહેદી દરેમેહર બંધાવી તે આજ દીને પરઠાવી હતી. જશનની ક્રિઆ પુરી થવા બાદ એ શેઠ તરફથી વંચાયલા અંજુમન પત્રમાં જણાવ્યું હતું કે એ દરેમેહર તેવણે પોતાનાં પુણનાં કામ ચલાવવાને વાસ્તે બંધાવીછે, અને તેમાં દરરોજ જાયુક ઇજશને, દરૂન, આફરંગાન, વગેરે પુણનાં કામ કરવા સારૂં મોબેદની એક જોર તથા આતશદાદગાંહ અને ચેરાગ હમેશાં રોશન રાખવામાં આવશે, અને તેના ખરચને માટે રૂ૨૦૦૦૦) ની સરકારી લોન તેવણે એલાહેદી કાઢીછે, જેનું પાકું તરસ્ટ ડીડ કરાવવામાં આવશે.૩

બીજું, વરોડરાની કાંપ મધે એવણે બંધાવેલી દરેમેહરનાં તા૦ ૧૦ મી નવેમબર ૧૮૬૮ ને દીને કરેલાં જશનની મીજલસમાં એવણે તેને લગતા ખરચને સારૂં જે રૂ૨૦૦૦) ની સરકારી લોન આપવાની તંદરોસ્તી પઢાવી હતી તેમાં બીજા રૂ૩૦૦૦) ઉમેરી તે રકમ રૂ૫૦૦૦) ની કીધી હતી, અને તેનું વ્યાજ દર વર્ષ વરોડરાના તરસ્ટીઓ ઉપર દરેમેહરમાં વર્ષનાં બારે જશન તથા છએ ઘાહંબારની ક્રિઆ કરવા, તથા જાયુક બે ચેરાગ મુકવા, તથા સાફસુફ વગેરે કરવા સારૂં એક પારસી માણસ રાખવા, તથા દરેમેહરની

વાંનજી સીરવાઇ. (રૂ૫૦) હોરમજજી દાદાભાઇ પલીડર, જાંહગીર ગુસતાદજી, લીમજી જમશેદજી બાટલીબોઇ. (રૂ૩૦) બેહરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર. (રૂ૨૫) નશરવાંનજી ચાંદાભાઇ, શેરાબજી પેશતનજી ફરામજી, હોરમારજી અરદેશર હોરમારજી. (રૂ૩૦૭) રૂ૨૫) ની અંદરની રકમ.

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૬ થી ફેબ્રવારી ૧૮૭૦.

એજ બાબદ ઉપર શેઠ જાંગીરજી બરજોરજી વાછાએ બીજું ભાષણ તા૦ ૮ મી ફેબ્રવારી અને ત્રિજું તા૦ ૧૫ મી ફેબ્રવારી તથા ચોથું તા૦ ૨૨ મી ફેબ્રવારી ૧૮૭૦ ને દીને મલી ચાર ભાષણો કીધાં હતાં. એ ચારે વેળા સરનશીનની ખુરસીએ શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી બીરાજયા હતા.

૨ જામે જમશેદ, તા૦ ૧૪ મી ફેબ્રવારી ૧૮૭૦.

એ લાઇબ્રેરીને માટે શેઠ એદલજી માણેકજી કોલાબેવાલાએ પોતાનાં મકાનમાં એક ઓરડો વગર ભાડે આપ્યો હતો, તથા શેઠ દીનશાહજી મનચેરજી સોપારીવાલાએ ફરનીચર ભેટ આપ્યું હતું. ઉપલાં શેઠ એદલજીવાલાં મકાનમાં બે ત્રણ વર્ષ રહયા પછી લાઇબ્રેરી શેઠ કાવશજી દીનશાહ એડનવાલાનાં મકાનના એક ભાગમાં દશેક વર્ષ રાખવામાં આવી હતી, અને તે પછી ૧૮૮૪ થી તે રૂ૮) ને ભાડેનાં એક મકાનમાં લઇ જવામાં આવીછે. એ લાઇબ્રેરીના ખરચને માટે શેઠ કાવશજીની આગેવાની હેઠલ પ્રથમમાં એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતું, જેમાં નીચે મુજબ રૂ૧૫૦૫) ભરાયા હતા.

(રૂ૫૦૦) કાવશજી દીનશાહજી એડનવાલા. (૧૭૫) એદલજી માણેકજી કોલાબેવાલા. (રૂ૧૦૦) રૂસતમજી શેરાબજી ખરાસ, બરજોરજી શેરાબજી ખરાસની કુંપની, મનચેરજી એદલજી સોપારીવાલા, આગા હસનઅલી રજબઅલી, (રૂ૫૦) ધનજીશાહ માણેકજી લાલકાકા, શેરાબજી પેશતનજી મેહતા. (રૂ૩૦) મનચેરજી રૂસતમજી ઘીલુ, શેરાબજી કાવશજી મેહતા, દોરાબજી હોરમજજી કાંગા. (રૂ૨૫) પેશતનજી રૂસતમજી તુરકી, પેશતનજી શેરાબજી ગવરનર, દાદાભાઇ બેહરામજી ચોથરી, મહમદ સાલેહ જાફર. (રૂ૨૦) ડોશાભાઇ નશરવાંનજી ગોરવાલા. (રૂ૧૫) કેખશરૂ બેહરામજી ખરાસ, કાવશજી હોરમજજી દાદાચાંનજી, મેહરવાંનજી ફરામજી દમરી, એદલજી દાદાભાઇ મોરાવાલા, રૂસતમજી ખરશેદજી, શેરાબજી પેશતનજી કીકા, ભીખાજી કાવશજી મોતીવાલા. (રૂ૧૦) કાવશજી રૂસતમજી બાટલીવાલા. (રૂ૫) રૂસતમજી મનચેરજી.

એ લાઇબ્રેરીમાં જરથોસ્તીઓ ઉપરાંત બીજી ગ્નાતનો કોઇબી દેશી અથવા યુરોપ્યન મેમબર થવાને ખાએસ બતાવે તો તેઓને સરનશીન અથવા શેક્રેટરીને વાંધો નહિં હોય તો દાખલ કરવામાં આવેછે, જેથી કરીને આગલાં વર્ષોમાં એડનના લશ્કરી તથા બીજા યુરોપ્યન અમલદારોનો મોટો ભાગ એ ખાતાંનો લાભ લેતા હતા.

એ લાઇબ્રેરીના સરનશીન તરીકે પ્રથમથી તે ૧૮૭૨ સુધી શેઠ એદલજી માણેકજી કોલાબેવાલા, તથા ૧૮૭૨ થી તે આજ સુધી શેઠ કાવશજી દીનશાહજી એડનવાલા છે. શેક્રેટરી તથા ખજાનચી તરીકે પ્રથમ એક વર્ષ શેઠો ધનજીશાહ માણેકજી લાલકાકા અને શેરાબજી પેશતનજી મેહતા, ૧૮૭૧ થી તે ૧૮૮૮ સુધી શેઠ મનચેરજી રૂસતમજી ઘીલુ, અને ૧૮૮૮ થી તે આજ સુધી શેઠ બેહમનજી શેરાબજી મેહતા છે.

એ લાઇબ્રેરીમાં લગભગ ૮૦૦ પુસ્તકો છે, તથા તેમાં મુંબઇ અને ઇંગલાંડનાં ઘણાંક વર્તમાન પત્રો લેવામાં આવે છે. મેમબરોનું લવાજમ પેહલા વર્ગવાલા પાસેથી દર માસે રૂ૨) અને બીજા વર્ગવાલા પાસેથી રૂ૧) લેવામાં આવેછે, તથા સરનશીન શેઠ કાવશજી દીનશાહજી એડનવાલા તેના નીભાવને માટે દર માસે રૂ૧૦) ની રકમ એ ખાતાંની સ્થાપનાથી તે આજ સુધી આપેછે. એ રીતે ઉપલાં શરૂઆતમાં થયલાં ફંડ તથા માસીક લવાજમની આવકમાંથી એ લાઇબ્રેરીનો ખરચ ચાલેછે, અને તેનું ફંડ હાલ ફકત રૂ૧૫૦૦) નું છે.

૩ એ રૂ૨૦૦૦૦) ની રકમ તથા દરેમેહરનાં મકાનનું એક પાકું તરસ્ટ ડીડ શેઠ બેહરામજીએ તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૯૫ ને દીને હાઇ કોરટના સોલીશીટર શેઠ હોરમજજી મનચેરજી ચીચગરની મારફતે કરાવ્યું હતું.

મરામત કરાવવામાં ખરચવા સારૂં મોકલવાનો બંદોબસ્ત કીધો હતો તે બાબેની આજ દીને તંદરોસ્તી પઢાવી હતી.[1]

વળી આજનાં જશનની ખુશાલીમાં શેઠ બેહરાંમજીએ રૂ૨૦૦૦) ની રકમ ધર્મખાતાંઓમાં ભેટ આપી હતી.[2]

તા૦ ૮ મી ફેબરવારી.

રોજ ૨૦ માહ ૬ (૪૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—જાંગીરશાહ શેરાબશાહ તાલેયારખાં[3]— ઉમર વર્ષ ૬૧) સુરતવાલા શેઠ શેરાબશાહ પેશતનજી તાલેયારખાંનના દીકરા. એવણ પ્રથમમાં જંબુસર તરફ નીમખસારીના દરોગા, અને તે બાદ પનવેલ તથા ઉરનમાં સર કારકુન નેમાયા હતા. ઉરનની મ્યુનીસીપાલીટીના એઓ એક મેમ્બર હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા, જયાંથી એમનું રવાંન મુંબઈ લાવવામાં આવ્યું હતું.

તા૦ ૨૪ મી ફેબરવારી.

મુંબઇના નામદાર ગવરનરની કૌનસીલના એક અધિકારી હાનરેબલ મી૦ ટકર અને તેની બાનુએ આજ રાતનાં વાલકેશર મધેના શેઠ દીનશાહજી માણેકજી પીટીટ વાલા "પીટીટ હાલ" ના કુશાદે બંગલામાં એક "ફાનસી ડરેસ બૉલ" આપ્યો હતો. આ બૉલમાં કેટલાક દેશી ગ્રહસ્થોને પણ નોતરયા હતા, જેઓમાં ઘણાખરા જામાપીછોડીના સાદા પોશાગમાં આવ્યા હતા, તથા કેટલાકોએ ઇંગ્રેજોની માફક આગલા વખતના કોઈ ખરેખરા ઇયા એખ્યાલી પોશાગો પેહરયા હતા. નીચલા પારસીઓ "ફાનસી ડરેસ" માં બીરાજયા હતા:—

ખાંનસાહેબ ખરશેદજી રૂસતમજી થાંણેવાલા, ગાયકવાડ માહરાજાના લડાયક પોશાગમાં. ડૉ૦ ડોશાભાઈ ફરાંમજી કરાકા, સાસાનીઅન વંશના પાદશાહ શાહપુર બીજાના, ફીરોજશાહ મેહરવાંનજી મેહતા, એજ વંશના પાદશાહ ફીરોઝના તથા મનચેરજી નવરોજજી બનાજી પણ એજ વંશના પાદશાહ હોરમઝના પોશાગમાં. શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી, હખામનીઆંન વંશના પાદશાહ દારાયસના પોશાગમાં. શેઠ હોરમજજી દાદાભાઈ પલીડર, કરનાટકના નવાબના પોશાગમાં. શેઠ નવરોજજી ફરદુનજી, નીઝાંમ હેદરાબાદના મારવાડી સરાફના પોશાગમાં. શેઠ માણેકજી ખરશેદજી સરાફ, કશ્મી લેબાશમાં તથા તેવણનાં બેટી બાઈ શીરીનબાઈ અસલી ઈરાંની બાનુના પોશાગમાં તથા બેટા શેઠ ખરશેદજી માણેકજી ખરશેદજી યુનાન દેશના ચાંચીઆના પોશાગમાં.[4]

તા૦ ૨૫ મી ફેબરવારી.

શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, સી. આઈ. ઈ. એ મુંબઈ મધે ગઉશીતલા મુકવામાં ઢોરોના ચેપ મેલવવા માટેની અજમાએશ કરવા થકી એક વર્ષના ખરચના રૂ૫૪૦) સરકારમાં ભેટ આપ્યા હતા. આ વિષે નામદાર સરકારે એમનો ઉપકાર માનયો હતો.[5]

તા૦ ૧ લી મારચ.

રોજ ૧૧ માહ ૬ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

આજ દીને મરહુમ બાઈ રૂપાંબાઇ તે શેઠ કેખશરૂ હોરમજજી આલપાઈવાલાનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તેમના બાવંદે રૂ૧૯૨૫) ધર્મખાતે આપ્યા હતા.[6]

---

૧ એ રૂ.૫૦૦૦) ની રકમનાં વ્યાજ મધેથી ઊપર જણાવ્યા મુજબનો ખરચ શેઠ બેહરાંમજીએ ઘણાંક વર્ષો સુધી કીધો હતો, અને તે પછી ત્યાંની અદાલતમાં એ રકમ વિષે ચાલતા મુકદમાને લીધે હાલ તે મોકુફ કર્યો છે.

૨ જામે જમશેદ, તા૦ ૪ થી ફેબરવારી ૧૮૭૦.

એ દરેમેહરમાં હીંધોલાની જગાની સાંમે મુકતાદ માંડવાની જગોપર નીચલો લેખ કોતરેલો છે:—

"પાક દાદાર હોરમજદની મદત હોજો. આ૦ બેરાંમજી
"નો૦ સીરવાઈએ પોતાનાં ધનીઆંની બાઇ માણેકબાઇનાં
"પુનને વાશતે દરેમેર બંધાવીછે. શેનશાઈ રોજ ૧૫ માહ
"૫ મો શને ૧૨૩૯ યઅજદેજરદી તા૦ ૩ જી ફેબરવારી
"૧૮૭૦."

૩ શેઠ માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં, બી. એ; એલ. એલ. બી. ના બાવા. એવણના એક નાહના ભાઈ શેઠ કાવશશાહ શેરાબશાહ તાલેયારખાં (મુંબઇની મ્યુનીસીપાલીટીના ડેપ્યુટી અકાંઊટંટ શેઠ માણેકશાહ કાવશશાહ તાલેયારખાંના બાવા) ઈ૦ સ૦ ૧૮૩૪ થી જુદી જુદી પલટનના તેમજ સરકારી બીજાં ખાતાંઓમાં હતા. તેઓ સુરત મધે ઇંગ્રેજી પઢેલા હતા, અને ૧૮૩૯ માં કાબુલની લડાઈ વખતે જનરલ ફીટઝગેરલ્ડની સાથે તે તરફ કમીશરીએટ ખાતાંના ઊપરી તરીકે ગયા હતા, અને દરેક ચીજની જાતે તકેદારી રાખવા માટે મોટી શાબાશી મેળવી હતી. એ બાદ મઊ મધે મીલીટરી પેનશન પે આફીસમાં હેડ કલાર્ક નેમાયા હતા, અને ત્યાર બાદ પરસુરણ સરકારી ખાતાંઓમાં નોકરી કરી, છેલ્લાં પુણામાં કમીશરીએટ ખાતામાં હતા. છેલ્લી અરધી સદીમાં થઇ ગયલા લશ્કરી, સીવીલ તથા કમીસરીએટ ખાતાંના સર્વે અમલદારોને એવણની હીસાબી કામની માહેતી તેમજ એઓની પુરતી ઇમાનદારી માટે ઘણું માન હતું. એઓ તબીએતના સુધારા માટે પોતાનાં જન્મ વતન સુરત ગયા હતા, અને ત્યાંજ ઈ૦ સ૦ ૧૮૬૫ માં મરણ પામ્યા હતા. એવણના બાવા શેઠ શેરાબશાહ પેશતનજી તાલેયારખાં સુરતવાલા મરહુમ પેશતનજી શેરાબજી તાલેયારખાંનના બીજા દીકરા હતા. તેવણ તા૦ ૨૬ મી આગશટ ૧૮૪૩ ને દીને મરણ પામ્યા હતા. તેવણના વડા ભાઇ શેઠ બેહરાંમશાહ પેશતનજી તાલેયારખાં તથા નાહલા ભાઇ શેઠ મનચેરશાહ પેશતનજી તાલેયારખાં કરી હતા. તેવણ તા૦ ૮ મી આગશટ ૧૮૩૫ ને દીને મરણ પામ્યા હતા. શેઠ બેહરાંમશાહના દાદાભાઇ તથા મનચેરશાહના જાંગીરશાહ (શેઠો પેશતનજી, શેરાબજી અને હોરમજજી જાંગીરજી તાલેયારખાંનના બાવા) કરી બેટાઓ હતા.

૪ રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૭૦.

૫ જામે જમશેદ, તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૭૦.

૬ ટાઇમસ ઑફ ઇંડીઆ, તા૦ ૮ મી મારચ ૧૮૭૦.

તા૦ ૧ લી મારચ.

શેઠ કાવશજી શાપુરજી મેહતાએ આજ દીને પોતાનાં કોટનાં રેહવાનાં મકાનમાં ઘણાક કેળવાયલા તથા આગેવાંન ગ્રહસ્થોનો એક મેલાવડો કરી વિજલી વિષે થયલી નવી શોધોના કેટલાક અખતરા ખોલાસા સાથે કરી બતાવ્યા હતા.[૧]

તા૦ ૩ જી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—ખરશેદજી રતનાગર[૨]—ઉમર વર્ષ ૫૭) એવણ પ્રથમ ઈ૦ સ૦ ૧૮૩૬ માં મી૦ લારકીનસ વકીલને ત્યાં એક કલાર્ક તરીકે રહયા હતા. તે પછી એ પેહડી ખાતે અવાર નવાર મેશરસ પેન, ફેથફુલ, પાલાક, રામસડેન, કેર, પરેસકાટ અને વીંટર ભાગયાઓ થયા હતા, જે બધાઓના અયામમાં છેક ગયાં વર્ષ સુધી માનેજીંગ કલાર્ક હતા. ઉપલા દરેક વકીલોએ ઈંગલાંડ જતી વખતે એમને ઘણી સરસ સરટીફીકેટો આપી હતી. મી૦ રામસડેને એવણને માટે લંડનથી ઘટતા લેખ સાથનો એક રૂપાંનો "ફલાવર વાઝ" ભેટ મોકલ્યો હતો.

તા૦ ૩ જી મારચ.

શેઠ જાંગીરજી મેહરવાંનજી પલીડરે આજ દીને ફરાંમજી કાવશજી ઈનસ્ટીટયુટનાં દીવાંનખાંનાંમાં જરથોસ્તીઓની એક મોટી મીજલસ હજુર "સંસાર" ઉપર એક વાએજ કરી સંભલાવી હતી. સરનશીનની ખુરસીએ શેઠ નવરોજજી ફરદુનજી બીરાજયા હતા.[૩]

તા૦ ૫ મી મારચ.

શેઠ દાદાભાઇ બેહરાંમજી ચોધરી જેઓ ચાર વર્ષે ઈંગલાંડથી અતરે આવ્યા હતા, તેવણે આજ દીને ફરાંમજી કાવશજી ઈનસ્ટીટયુટનાં દીવાંનખાંનાંમાં "સુએજની નેહર" વિષે ગુજરાતીમાં એક જાહેર ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરસીએ શેઠ નવરોજજી ફરદુનજી બીરાજયા હતા.[૪]

તા૦ ૧૧ મી મારચ.

નામદાર માહરાંણી વિકટોરીયાનો બીજો પુત્ર શાહજાદો આલફ્રેડ અથવા ડયુક ઑફ એડીનબરો આજ સાંજે મુંબઈ આવી પુગો હતો. બોરીબંદરનાં રેલવે સ્ટેશન પરથી તે ઉતરયો હતો, અને પરેલના સરકારી મેહલમાં ઉતારો લીધો હતો. તે નામદારની મોલાકાતને માટે રાત્રે પરેલના સરકારી મેહલમાં એક "રીસેપશન" ભરવામાં આવ્યું હતું. જેમાં અતરે આવેલા સઘળા દેશી રાજવંશીઓ, જુદી જુદી ન્યાતના આગેવાંન રેહવાસીઓ, તથા નીચલા પારસી ગ્રહસ્થો હાજર હતા:—[૫]

---

૧ મુંબઇ સમાચાર, તા૦ ૭ મી મારચ ૧૮૭૦.

એજ મેલાવડામાં અતરેની ગ્નાન પ્રસારક મંડલી નવેસરથી ચાલુ કરવા વિષેની શરૂઆત થાઇ હતી, અને પાછલથી તે એજ શાલના આપરેલ માસમાં ચાલુ કરવામાં આવી હતી.

૨ શેઠો ધનજીભાઇ, મનચેરજી અને મરહુમ શેઠ રતનજી ખરશેદજી રતનાગરના બાવા. એવણના બાવા શેઠ રતનજી જીવણજી ગનધર ગંદેવીથી અતરે આવી લાકડાંનો વ્યાપાર કરતા હતા. તેવણનાં નામ રતનજી ઊપરથી સર્વે દોસ્તો, વ્યાપારીઓ વગેરે લાડમાં "રતનાગર" નાં નામથી બોલાવતા હતા.

૩ મુંબઇ સમાચાર, તા૦ ૫ મી મારચ ૧૮૭૦.

એ વાએજ તથા એની આગમજ આગલાં વર્ષોમાં એવણે કરેલી ધરમ તથા નીતિ વિષેની વાએજોનું એક સામટું પુસ્તક એવણે ઇ૦ સ૦ ૧૮૭૧ ના આપરેલ માસમાં નીચે મુજબ છપાવી પ્રગટ કીધું હતું:—

"ધરમ, નીતી, તથા સંસાર ઊપર, જાંહાંગીર મેહેરવાંનજીએ કીધેલી વાઆજ. મુંબઇ: યુનિયન પ્રેસમાં ન્હાનાભાઇ રૂસ્તમજી રાણીનાએ છાપીછે. સને ૧૨૪૦ યજદેજરદી. સને ૧૮૭૧, ઇસવી."

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૮ મી મારચ ૧૮૭૦.

૫ ટાઇમસ ઑફ ઈંડીઆ, તા૦ ૧૪ મી મારચ ૧૮૭૦.

બીજે દીને એટલે તા૦ ૧૨ મી મારચે આ શેહરની રૈયત, સુલેહના અમલદારો, ચેમબર ઑફ કામરસ, દેશી રજવાડા, વગેરેનાં માનપત્રો તે નામદારને આપવામાં આવ્યાં હતાં. રાતનાં તે નામદારનાં માનમાં મોટી રોશની થાઇ હતી, જેમાં પારસીઓએ મોટો ભાગ લીધો હતો, તથા જગેજગ તેની ગારી ઊભી રખાવી પારસી બાનુઓએ ઓવરણાં લઇ ગજરા પેહરાવ્યા હતા. એ દીને રાતનાં મેદાનમાં મોટી આતશબાજી થાઇ હતી. તા૦ ૧૫ મી મારચે શાહજાદો ધારાપુરીના ગોશાઓ જોવાને ગયો ત્યારે બારાંમાંના સઘળાં વાહણોએ ખુબ રોશની કરી હતી. તા૦ ૧૭ મીએ શાહજાદો એલફીનસટન કાલેજ જોવા ગયો હતો, જયાં ત્રણ વિદ્યાર્થીઓ શેઠો ડોશાભાઇ નશરવાંનજી વાડીઆ, જાંગીરશાહ એરચશાહ કોહીઆર, અને બરજોરજી એદલજી મોદીએ તે નામદારની પધરાંમણીની બાબદમાં જોડેલી ખાસ ઈંગ્રેજી કવિતાઓ તે નામદારને ભેટ આપવામાં આવી હતી. એજ દીને સાંજનાં અલેકજાંડરા સ્કુલની છોડીઓ ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં મલી હતી તે જોવાને શાહજાદો ગયો હતો, જયાં મીસ રતનબાઇ ડોશાભાઇ ફરાંમજી કામાએ તે નામદારને આવકાર આપવાની ઈંગ્રેજીમાં એક કવિતા ગાઇ સંભલાવી, તથા બાઇ શીરીનબાઇ તે શેઠ ખરશેદજી કાવશજી આશબરનરનાં ધણીઆંનીએ તેને એક શેઆલ હોરાડી, તથા બાઇ દીનબાઇ તે શેઠ બહમનજી ખરશેદજી કામાજીનાં ધણીઆંનીએ તેને ઓવરણાં લઇ એક ફુલનો હાર પેહરાવ્યો, જે ક્રિઆ જોઇ તે નામદાર ઘણો અજબ થયો હતો. એજ સાંજનાં દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ પરેલ મધે એ નામદારની મોલાકાત લઇ તેમને જંદ ભાષામાં લખેલી દોઆનો એક આડરેસ ભેટ આપ્યો હતો. એજ મુજબ દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ પણ પારસીઓના મોબેદોની તરફથી જંદ અને પેહલવીમાં એક આડરેસ, તથા એ૦ ખુરશેદજી મીનોચેહરજી કટેલીએ ફારસી ભાષામાં એ નામદારની પધરાંમણીની મુબારકબાદીમાં બેતો જોડી તે નામદારને અનાયત કીધાં હતાં.

અરદેસર ખરશેદજી દાદીશેઠ, અરદેસર ખરશેદજી ફરદુનજી, અરદેસર ડોશાભાઈ મુનશી, અરદેસર ફરામજી મુસ, હાનરેબલ બેહરામજી જીજીભાઇ, બહમનજી જીજીભાઈ, બહમનજી ખરશેદજી ભાંડુપવાલા અને બાનુ, બેહરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર, બેહરામજી નાનાભાઇ ફરામજી, કાવશજી ખરશેદજી જમશેદજી જીજીભાઇ, કાવશજી દાદી લીમજી, કાવશજી માણેકજી લીમજી, કાવશજી શેરાબજી પટેલ, ખરશેદજી ફરદુનજી પારખ, ખરશેદજી રૂસતમજી કામાજી અને બાનુ, ખરશેદજી માણેકજી ખરશેદજી સરાફ, ખાંન સાહેબ ખરશેદજી રૂસતમજી થાંણેવાલા, દાદાભાઇ બહમનજી જીજીભાઇ, દાદી નશરવાંનજી દાદી, દાદી માણેકજી લીમજી, દારાશાહ દેરાબજી રીપોરટર, દીનશાહજી માણેકજી પીટીટ, દીનશાહજી શેરાબજી મુસ, ધનજીભાઈ ફરામજી પટેલ, ડોશાભાઇ ફરામજી કરાકા, ડોશાભાઈ ફરામજી કામાજી, દેરાબજી પદમજી પેશતનજી, ફરામજી નશરવાંનજી પટેલ, હીરજીભાઇ અરદેસર દાદીશેઠ, હોમજી ખરશેદજી દાદીશેઠ, હોરમજજી બાપુજી વીકાજી, સર જમશેદજી જીજીભાઇ બારો-નેટ, જમશેદજી ધનજીભાઇ વાડીઆ, જમશેદજી ધનજીભાઇ પટેલ, લીમજી જમશેદજી બાટલીબોઇ, લીમજી માણેકજી બનાજી, લીમજી નવરોજજી બનાજી, માણેકજી ખરશેદજી જમશેદજી જીજીભાઇ, માણેકજી ખરશેદજી સરાફ અને બેટી, માણેકજી હોરમજજી માજુ, મનચેરજી પેશતનજી વાડીઆ, મનચેરજી કાવશજી શાપુરજી લંગડાના, મનચેરજી નવરો-જજી બનાજી, મેહરજીભાઈ બાપુજી વીકાજી, મેહરવાંનજી નશરવાંનજી પટેલ, નવરોજજી પદમજી પેશતનજી, નવરોજજી ફરદુનજી, નવરોજજી નાનાભાઇ ફરામજી, નશરવાંનજી ચાંદા-ભાઇ, ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામા-સપઆશાના, નશરવાંનજી માણેકજી પીટીટ, નશરવાંનજી મેહ-રવાંનજી પટેલ, નાનાભાઇ બેહરામજી જીજીભાઇ, ખાંનબાહદુર પદમજી પેશતનજી, પેશતનજી બહમનજી જીજીભાઇ, પેશત-નજી ધનજીભાઇ પટેલ, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, રૂસતમજી જમશેદજી જીજીભાઇ, ડાકટર રૂસતમજી નશરવાં-નજી બોરી અને બાનુ, શાપુરજી જામાસપજી ભાવનગરી, શેરાબજી જમશેદજી જીજીભાઈ, શેરાબજી નવરોજજી વાડીઆ, શેરાબજી પેશતનજી ફરામજી.

તા૦ ૧૩ મી મારચ.

રોજ ૨૩ માહ ૬ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—માણેકજી જીથરાજી ગારાંવાલા—ઉમર વર્ષ ૭૧) એવણ પ્રથમમાં મુંબઇ મધે ગારાંઓ બનાવતા હતા, અને તે માટેનું કારખાંનું પણ કાઢેલું હતું. પાછલથી દારૂનો ધંધો પણ મોટા પાયા પર ચલાવતા હતા. બેતવાડીનાં જરથોસ્તીઓનાં મુકતાદ તથા બાજ જશન તથા ઘાહંબારનાં ફંડોના એવણ ઇ૦ સ૦ ૧૮૫૭ માં તે સ્થાપ્યું ત્યારથી એક તરસ્ટી હતા.

તા૦ ૧૬ મી મારચ.

નામદાર શાહજાદો ડયુક ઑફ એડીનબરો આજ દીને સવારના ૯ કલાકે પરેલથી નામદાર ગવરનર તથા બીજા સાથીઓ સાથે એક ખાસ ત્રેનમાં બેસી બોરઘાત જોવાને ગયો હતો, અને બોરઘાત પુરો કરી બપોરના ૧ા વાગે ખંડાલે જઈ પુગો, જયાં સર જમશેદજી જીજીભાઈ બારોનેટે એ નામદારને પોતાના બંગલામાં લઇ જઇ તેના દરજજાને છાજતી પરોણાગત કરી તે નામદારને ખાણું આપ્યું હતું. ખાણું લીધા પછી નામદાર શાહજાદો સર જમશેદજીનો ઉપકાર માની સાંજનાં ત્રણ વાગે ત્યાંથી પોતાની ખાસ ત્રેનમાં નીકલ્યો, જેમાં પોતાની સાથે સર જમશેદજીને પણ બેસાડયા હતા, અને રાતનાં સાત વાગે પરેલ ઉતરયો હતો. સર જમશેદજીને ત્યાંનાં ઉપલાં રાજવંશી ખાણાંની સર્વે ગોઠવણ અતરેનાં એડાલફી હાટલવાલા શેઠ પાલણજી પેશતનજી પોંહચખાંનાંવાલાએ કીધી હતી.[१]

તા૦ ૧૮ મી મારચ.

વરોડરાના માહરાજા ખંડેરાવ ગાયકવાડ નામદાર શાહજાદાની મોલાકાતે મુંબઇ આવ્યા હતા, તેમની મોલાકા-તને માટે સર જમશેદજી જીજીભાઇ બારોનેટે આજ રાત્રે પોતાના મજગામ કાસ્ટલમાં નાચની એક બેઠક કીધી હતી. માહરાજા ૧ાા કલાક સુધી બેઠકમાં બીરાજયા બાદ વદાય થતી વખતે સર જમશેદજીએ તેમને અતરેના કેટલાક આગેવાંન ગ્રહસ્થો સાથે મોલાકાત કરાવી હતી, તથા તે નામદારને કેટલુંક નજરાંણું ભેટ આપ્યું હતું.[२]

તા૦ ૧૯ મી મારચ.

રોજ ૨૯ માહ ૬ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—માણેકબાઇ તે નશરવાંનજી ફરદુનજી બગડી-આનાં વીધવા[3]—ઉમર વર્ષ ૭૩) એવણ આગલા વખતમાં અતરે પારસી ઓરતો અને બચ્ચાંઓમાં સુવાવડ તથા બીજાં દુખ દરદો વેળાએ વૈધાંનું કામ કરતાં હતાં, અને "માકાં વૈદણ" ને નામે પ્રખ્યાત હતાં.

તા૦ ૧૯ મી મારચ.

નામદાર શાહજાદો આલફ્રેડ આજ સાંજનાં પોતાની સ્ટીમર "ગેલિશીયા" માં સવાર થઇ મુંબઇનો કીનારો છોડી ગયો હતો.[४]

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૭ મી મારચ ૧૮૭૦.

૨ જામે જમશેદ, તા૦ ૨૧ મી મારચ ૧૮૭૦.

૩ મરહુમ શેઠ એદલજી નશરવાંનજી દારૂવાલાનાં મા‍એ.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૦ મી મારચ ૧૮૭૦.

નામદાર શાહજાદાની અતરેની પધરાંમણીની ઘણી સરસ ગોઠવણો કરવા માટે રીસેપશન કમીટીના પ્રમુખ મી૦ આરથર ક્રાફરડ તથા બે દેશી મેમબરો શેઠ ડોશાભાઈ ફરાંમજી કરાકા

તા૦ ૨૧ મી મારચ.

શેઠ શેરાબજી શાપુરજી બંગાલીએ હિંદુઓમાં પુનર વીહવાનું શુભ કામ આગલ વધારવાને ઉભાં થયલાં ફંડમાં અતરેની હાઈ કોરટના દુભાશીઆ શેઠ બાલાજી પાંડુરંગની મારફતે ૨૬૦૦) ની રકમ ભેટ આપી હતી.[૧]

તા૦ ૨૨ મી મારચ.

રોજ ૨ માહ ૮ (કo) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—શેરાબજી ખરશેદજી કામાજી—ઉમર વર્ષ ૨૦) શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજીના નાધલા દીકરા. એવણ પોતાની ૧૨) વર્ષની વયે ઈ૦ સ૦ ૧૮૬૨ માં ઇંગલાંડ ખાતે ઇંડીઅન સીવીલ ઇનજીનીઅરીંગની સનદી નોકરીની પરીક્ષાનો અભીઆસ કરવાને ગયા હતા, અને પરીક્ષા પસાર કરવા આગમજ સ્કાટલંડ દેશનાં ડાલર ગામમાં મરણ પામ્યા હતા.

તા૦ ૨૩ મી મારચ.

આજ દીને નામદાર માહરાંણીજીએ લંડન મધે બકીંગાંમ પેલેસમાં ભરેલી લેવીમાં હેદરાબાદવાલા શેઠ રૂસતમજી વીકાજી મેહરજી હિંદુસ્થાંનના સ્ટેટ સેક્રેટરીની મારફતે હાજર થયા હતા.[૨]

તા૦ ૨૫ મી મારચ.

એ૦ પેશતનજી કાવશજી રબાડીએ "નીતી સંઘરહ" ઈયાને પારસી બાળકો માટે જરથોસ્તી ધર્મ પુસ્તકો મધેથી ચુંટી કાઢેલી નીતિ સંબંધી બાબદોનું એક પુસ્તક હાનરેબલ બેહરાંમજી જીજીભાઇની સાહેતાથી છપાવી પ્રગટ કીધું હતું.[૩]

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૬ માહ ૭ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—અરદેશર રૂસતમજી તંકારીવાલા[૪]—ઉમર વર્ષ ૬૫) એવણ પ્રથમમાં જંબુસર મધે તંકારી બંદર ખાતે કસટમ સરકારકુન હતા. તે પછી સુરતની પારસી પંચાતનાં ફંડના મેહતા રહયા હતા. ઈ૦ સ૦ ૧૮૫૨ માં રાંદેર મધે બંધાયલાં અંજુમનનાં ઉધ્રરાતનાં દોખમાંનાં કામનું ઉપરીપણું એવણે કીધું હતું. એવણ મુંબઇ મધે મરણ પામ્યા હતા.

તા૦ ૩૧ મી મારચ.

આએ શાલની હાઈ કોરટ પલીડરની પરીક્ષામાં નીચલા બે પારસીઓ પસાર થયા હતા:—

શેઠ શાવકશાહ શેરાબજી દાવર.

શેઠ શેરાબજી બેજનજી પાલખીવાલા (વકીલ).

શેઠ બહમનજી એદલજી મોદી, એમ. એ. ને નામદાર સરકારે ઉત્તર વિભાગના સબ-આસીસ્ટંટ સેટલમેંટ આફીસર નેમ્યા હતા.[૫]

તા૦ ૧ લી આપરેલ.

નીચલા પારસી ગ્રહસ્થોને આએ વર્ષમાં તેમનાં નામની સાંમે લખેલાં જુદાં જુદાં મથકોની મ્યુનીસીપાલીટી તથા ડીસ્ત્રીકટ લોકલ ફંડ અને તાલુકા લોકલ ફંડ કમીટીઓના મેમબરો તરીકે નામદાર સરકારે નેમ્યા હતા:—

મ્યુનીસીપાલીટી.

ઉરન—શેઠ બેજનજી ઓદાબખશ દરોગા.

ભરૂચ—શેઠો બહમનશાહ બેહરાંમજી વકીલ, ધનજીશાહ મેરવાંનજી ડાકટર, પીરોજશાહ રૂસતમજી દલાલ, બેહરાંમશાહ દાદાભાઇ મુનસફના, ફરદુનજી જીવણજી, રૂસતમજી પાલણજી બેંકવાલા, ખરશેદજી દીનશાહ ખંબાતા, ધનજીશાહ દાદાભાઈ મુનસફના, અરદેસર ઉકરજી.

સુરત—શેઠ રતનશાહ પેશતનજી વકીલ.

પુણા—ખાંનબાહદુર પદમજી પેશતનજી, શેઠો અરદેશર ખરશેદજી શેઠ, દોરાબજી પદમજી પેશતનજી.

સીરૂર—શેઠ નશરવાંનજી નવરોજજી.

ડીસ્ત્રીકટ લોકલ ફંડ કમીટી.

સુરત—શેઠ મનચેરજી હોરમજજી પારખ.

ભરૂચ—શેઠ રૂસતમજી શેરાબજી દલાલ.

પુણાં—ખાંનબાહદુર પદમજી પેશતનજી.

અહમદનગર—શેઠ નશરવાંનજી ખરશેદજી નગરવાલા.

તાલુકા લોકલ ફંડ કમીટી.

વલસાડ—શેઠ શાપુરજી દાદાભાઇ.

ઓલપાડ—શેઠ એદલજી બરજોરજી રાંદેલવાલા.

ચોરાસી—શેઠ કુંવરજી ધનજીભાઇ.

અંકલેસર—શેઠ કેખશરૂ જીવણજી પટેલ.

અને ડાકટર ભાઊ દાજીએ ઘણી મેહનત લીધી હતી તેમનો શાહજાદાએ જતી વેળાએ મોટો ઉપકાર માન્યો, તથા સરકારે તેમને શાબાશી આપી હતી. વળી તા૦ ૧૨ મી મારચની રાત્રે ટાઊન હાલ તથા સરકારી ઇમારતોમાં રોશની વગેરેનો શણગાર કરવામાં સરકારનાં "આરકીટેકચરલ" ખાતાંવાલા શેઠ મનચેરજી કાવશજી મરજબાંને ઘણી ઊલટથી મેહનત લીધી હતી તેમને પણ સરકારથી શાબાશી મલી હતી.

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૩ મી મારચ ૧૮૭૦.

૨ જામે જમશેદ, તા૦ ૧૫ મી આપરેલ ૧૮૭૦.

૩ "નીતી સંઘરહ, ઇઆને પારસી બાલકોને વાશતે જરતોશતી ધરમ પુશતકો મધેથી ચુંટી કાહાડેલી નીતી શંબંધી બાબતો. નેકનામ અકાબર શાહેબ ધી આનરેબલ શેઠ બેહરાંમજી જીજીભાઇની શાહેતાથી. બનાવનાર, એ૦ પેશતનજી કાવશજી રબાડી. મુંબઇ મધે પ્રીંટરસ પ્રેસમાં છાપીછે. શને ૧૨૩૯ ઇઅજદજરદી. શને ૧૮૭૦ ઇશવી."

૪ શેઠ નશરવાંનજી અરદેશર તંકારીવાલાના બાવા.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૩૧ મી મારચ ૧૮૭૦.

તા૦ ૨ જી આપરેલ.

શેઠ અરદેસર જાંગીરજી બનાજીએ પોતાનાં ધણીઆંની બાઇ આવાંબાઇ તે શેઠ જમશેદજી દાદાભાઈ વાડીઆની બેટી પર અતરેની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટમાં રાહતવાતની ફરીઆદી માંડી હતી તે મુકદમો સાત દીવસ સુધી નામદાર જસટીસ ટકર અને ડેલીગેટોની હજુરમાં ચાલવા બાદ તેનો તા૦ ૨૯ મી મારચ ૧૮૬૯ ને દીને વાદીના લાભમાં ચુકાદો થયો, એટલે પરતીવાદી બાઇને તેણીના ખાવંદને ઘેર જવાનો હોકમ થયો તથા બંધે બાજુનો ખરચ તેણીને માથે નાખ્યો હતો.[1] આ ચુકાદાથી નારાજી થાઇ તેની સાંમે બાઇ આવાંબાઇ તરફથી હાઈ કોરટમાં અપીલ કરવામાં આવી હતી, જેની તકરાર નામદાર ચીફ-જસટીસ સર રીચરડ કાઉચ અને જસટીસ મેલવીલે સાંભલી તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૭૦ ને દીને તે અપીલ ઉરાડી નાખી હતી. આ ઉપરથી માટરીમોનીઅલ કોરટનું હોકમનામું અમલમાં લાવવાને શેઠ અરદેસર તરફથી પાછી તે કોરટમાં આજ દીને નામદાર જસટીસ વારડનને અરજ કરવામાં આવી હતી. આ વેળાએ બાઇ આવાંબાઇને કોરટનો હોકમ નહિં બજાવવાનું કારણ પુછતાં તેણી રડી પડીને બોલી કે "તેનો ભરથાર તેની ઉપર ઘણુંજ ઘાતકીપણું ગુજારેછે. આગલ જારે અગીઆર માસ સુધી તે પોતાના ભરથારને ઘેર જાઇને રહી હતી તારે માતરે અગીઆર કલાકખી તેણે સુખના કાડીઆ નહી હતા, માટે અગર જો કોરટની તરફથી તેને કોઇ શીખશા કીધામાં આવશે તો તે ભોગવવાને તે તઇઆર છે, પણ ભરથારને ઘેર જવાને રાજી નથી." આ ઉપરથી નામદાર જડજે જણાવ્યું કે આ બાઇ એક આબરૂદાર કુટુંબની છે, પણ તેણીએ દીધેલા જવાબ ઉપરથી કોરટના હાથમાં હવે કસો ઇલાજ રહયો નથી, માટે જો ભરથારને ઘેર નહિં જાય તો એક માસ સુધી ફોજદારી તુરંગમાં કેદ જવું. આ હોકમ મુજબ બાઇ આવાંબાઇ એક માસ સુધી કેદખાંને ગઇ હતી.[2]

તા૦ ૩ જી આપરેલ.

મુંબઇની સરકારી ગોદીમાં નામદાર સરકારને માટે બંધાયલી એક નવી સ્ટીમર "મનોરા" ને પાણીમાં ઉતારવાની ક્રિઆ આજ દીને નામદાર ગવરનરની બેટી મીસ ફીટઝજરાલડે એક મોટા મેલાવડાની હજુરમાં કીધી હતી. સરેશતા પ્રમાણે ચંપીનની બાટલી ફોડયા પછી એ આગબોટને પાણીમાં ઉતારી, અને તે પછી તે બાંધનાર વડા માસટર-બીલડર શેઠ જમશેદજી ધનજીભાઇ વાડીઆ તથા આસીસટંટ માસટર-બીલડર શેઠ રૂસતમજી અરદેસર વાડીઆને એકકી શેઆલ હોરાડવામાં આવી હતી.[3]

તા૦ ૫ મી આપરેલ.

મુંબઇ મધે સેંટ ઝેવીઅરસ કોલેજને માટે મેદાન મધે ઇમારત બાંધવાને અતરેના રોમન કાથેલીક આરચબીશપની આગેવાની હેઠલ જે ફંડ થયું હતું તેમાં પારસીઓમાં શેઠ અરદેસર હોરમજજી વાડીઆએ રૂ૧૦૦૦), શેઠ ખરશેદજી કાવશજી આશબરનરે રૂ૨૦૦), તથા શેઠો ફરામજી નશરવાંનજી પટેલ, શોરાબજી શાપુરજી બંગાલી, અને હોરમજજી બહમનજી વાડીઆ એ દરેકે રૂ૧૦૦) ભરયા હતા.[4]

તા૦ ૬ થી આપરેલ.

રોજ ૧૭ માહ ૭ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

શેઠ હોરમજજી બરજોરજી કપટાંને ગંદેવી મધે અંજુમનના ઉધરાતથી નવાં બંધાયલાં દોખમાંની સાંમે એક મોટી કુશાદે સગડી પોતાના મરહુમ મુરબીઓ જમશેદજી ફરાંમજી કાતરક તથા બરજોરજી ફરાંમજી કાતરક તથા ખરશેદજી ફરાંમજી કાતરક તથા કાવશજી શાપુરજી કપટાંન તથા મેહરવાંનજી કાવશજી કપટાંન તથા માતાજી મરહુમ બાઈ રતનબાઇ તે આ૦ બરજોરજી ફરાંમજી કાતરકનાં વીધવાનાં પુનને માટે બંધાવી તે આજ દીને જશન કરી ત્યાંની અંજુમનના સ્વાધીનમાં આપી હતી.[5]

---

૧ પરતીવાદી બાઇ આવાંબાઇને માથે આ ખરચ નાખ્યાથી તેણીની તરફથી તા૦ ૫ મી આપરેલ ૧૮૬૯ ને દીને પાછી હાનરેબલ જસટીસ ટકરને અરજ કરવામાં આવી હતી કે તેણી તો પરણેલી સ્ત્રી છે, માટે ઇંગ્રેજી કાયદા પ્રમાણે તે હારી ગઇ છતાં તેણીનો ખરચ ભથાર પાસે અપાવવો. નામદાર જડજે એ અરજ ના પાડી હતી.

૨ જામે જમશેદ, તા૦ ૪ થી આપરેલ ૧૮૭૦.

એ મુજબ બાઇ આવાંબાઇ એક માસ જેલમાં જઇ આવ્યા પછી પાછી શેઠ અરદેસરે તેણીપર માટરીમોનીઅલ કોરટનું હોકમનામું અમલમાં આણવા માટે ફરીઆદી માંડી હતી, જેનો ચુકાદો તા૦ ૨૯ મી જુન ૧૮૭૧ ને દીને નામદાર જસટીસ મેલવીલે આપ્યો કે પરતીવાદી બાઇ એક વાર એક માસ જેલમાં જઇ આવી જેથી તેણી ઉપરની ડીકરી અમલમાં આવી ચુકી, માટે તે ફરીને અમલમાં આવે નહિં, એમ જણાવી શેઠ અરદેસરની અરજ ઉરાડી નાખી બંધે બોરડુનો ખરચ તેવણને માથે નાખ્યો હતો. આ ચુકાદા સાંમે વળી શેઠ અરદેસરે હાઇ કોરટમાં અપીલ કીધી હતી, જેની તકરાર નામદાર ચીફ જસટીસ સર ચારલસ સારજંટ અને જસટીસ લાયડે સાંભલી તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૭૨ ને દીને તેનો ચુકાદો બાઇ આવાંબાઇની તરફેણમાં આપ્યો હતો કે પારસી માટરીમોનીઅલ આકટની ૩૬ મી કલમ મુજબ બાઇને એકવાર સજા થઇ ચુકીછે, માટે ફરીને તે સજાને લાયક નથી, એમ જણાવી બંધે બાજુનો ખરચ શેઠ અરદેસરને માથે નાખ્યો હતો.

૩ ટાઇમસ ઑફ ઇંડીઆ, ૪ થી આપરેલ ૧૮૭૦.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૬ થી આપરેલ ૧૮૭૦.

૫ જામે જમશેદ, તા૦ ૧૯ મી આપરેલ ૧૮૭૦.

તા૦ ૮ મી એપરેલ.

રાજકોટવાલા શેઠ ધનજીશાહ હોરમજજી કરાકાએ ઈ૦ સ૦ ૧૮૭૦ ની "કાઠીઆવાડ લોકલ ડીરેકટરી" નું ટાઈમસ ઑફ ઇંડીઆ કાલેનડરના જેવડું એક મોટું પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[1]

તા૦ ૯ મી આપરેલ.

રોજ ૨૦ માહ ૭ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

ગંદેવી મધે અંજુમનના ઉધરાતથી બંધાયલું ૧૦૮) પાવીનું નવું દોખમું પરઠવાની ક્રિઆ આજ દીને નવસારીવાલા દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહરજી રાંણાનાં ઉપરીપણાં હેઠલ કરવામાં આવી હતી. જશનની ક્રિઆ પુરી થવા બાદ એ દોખમું બાંધવાને લગતી ગંદેવીમાં મેનીજ કરનાર શેઠ હોરમજજી દાદાભાઈ ગજધર તરફથી એક અંજુમન પત્ર વાંચવામાં આવ્યો, જેમાં જણાવ્યું હતું કે એ દોખમાં થકી નામદાર ગાયકવાડ સરકારે ૬૫ વીંઘા જમીન ધર્માદા આપીછે, તથા દોખમાં પર કુલે ખરચ રૂ૪૩૫૮૦। નો થયો છે, તથા એની સર્વે દેખરેખ મુંબઇવાલા શેઠ દોરાબજી નશરવાંનજી મીસતરીએ કીધીછે.

એ બાદ શેઠ હોરમજજી બરજોરજી કપટાંનની તરફથી એક અંજુમન પત્ર વાંચવામાં આવ્યો, જેમાં જણાવ્યું હતું કે તેઓએ પોતાના મરહુમ મુરબીઓ જમશેદજી ફરાંમજી કાતરક તથા બરજોરજી ફરાંમજી કાતરક તથા ખરશેદજી ફરાંમજી કાતરક તથા કાવશજી શાપુરજી કપટાંન તથા મેહરવાંનજી કાવશજી કપટાંન તથા માતાજી મરહુમ બાઈ રતનબાઇ તે આ૦ બરજોરજી ફરાંમજી કાતરકનાં વીધવાનાં પુનને સારૂં આએ દોખમાં આગલ શગડી બંધાવી તે ગયા સરોશ રોજે જશન કરી ઈજાવી અંજુમનના સ્વાધીનમાં આપીછે.[2] વળી તેઓએ તા૦ ૨૦ મી જુન ૧૮૬૫ ને દીને ગંદેવી મધે કરેલાં રૂ૧૫૦૦૦) નાં ધર્મખાતાંનો ખરચ તેની ઉપજમાંથી બસ થતો નથી તેથી આજ રોજે બીજા રૂ૧૦૦૦૦) તેમાં ઉમેરી તે રૂ૨૫૦૦૦) કરી તેની સરકારી લોન લઈ મુંબઇની પારસી પંચાતનાં ફંડના તરસ્ટી સાહેબોના સ્વાધીનમાં આપીશું કે તેઓ દર શાલ તેનું વ્યાજ એ ધર્મ ખાતાંના ખરચ સારૂં મોકલ્યા કરે.[3] આએ શગડી બાંધવાની મેનીજ શેઠ હોરમજજી દાદાભાઈ ગજધરે ઘણી સારી રીતે કરી તેથી તેમનો મોટો ઉપકાર માનયો હતો. એ ઉપરાંત શેઠ હોરમજજી કપટાંન તરફથી એક બીજો અંજુમન પત્ર વંચાવી તેમાં ગંદેવી ગામમાં ચોમાશાના દીવસોમાં ખરાબ રસ્તાને લીધે રવાંનોને અવલમંજલ પોંહચાડવા લઇ જવાને ઘણી અડચણ પડતી હોવાથી ગામથી તે દોખમાં સુધી જવાનો પાકો રસ્તો પોતાનાં ફુઈ બાઇ કુવરબાઇ તે મરહુમ શેઠ કાવશજી શાપુરજી કપટાંનનાં વીધવા તથા પોતાનાં ધણીઆંની બાઇ રતનબાઇનાં પુનને સારૂં રૂ૫૦૦૦) ખરચી બંધાવવાની,[4] તથા તે રસ્તો બંધાયા પછી તેની તથા ઉપલી શગડીની તથા એવણે ગંદેવીમાં બંધાવેલા કુવાઓની તથા અરદીશુર આગલ બંધાવેલી બંગલીની દર શાલ મરામત વગેરેને માટે રૂ૧૫૦૦) ની રકમ અંજુમનનાં ફંડમાં એલાહેદી આપવાની તંદરોસ્તી પઢાવી હતી.

ઉપલા અંજુમન પત્રો વંચાયા બાદ ગંદેવીની અંજુમન તરફથી મજકુર શેઠ હોરમજજી દાદાભાઈ ગજધર, શેઠ હોરમજજી બરજોરજી કપટાંન, શેઠ દોરાબજી નશરવાંનજી મીસતરી, તથા શેઠ નાનાભાઇ માણેકજી ગજધર જેવણે એ દોખમાંનાં ફંડમાં રૂ૧૦૦૦૦) ની મોટી રકમ આપી હતી તેમને એકકાં માનપત્ર તથા શેઆલો હોરાડવામાં આવી હતી. તેમજ શેઠ હોરમજજી બરજોરજી કપટાંનને તેમનાં મોબેદ બેહરાંમદારૂ (આ૦ બેહરાંમજી ફરાંમજી કાતરક) નાં ખાંનદાંનીઓએ તેવણે ગામમાં આટલો બધો ધર્મ કરવા માટે શાબાશીનું એક માનપત્ર તથા શેઆલ હોરાડી હતી. એ પછી નેઆતનું જમન જમી સર્વે લોક વદાય થયા હતા.[5]

---

૧ "કાઠીઆવાડ લોકલ ડીરેકટરી. ૧૮૭૦. રચનાર, ધંનજીશા હોરમઝજી કડાકા, આકટીંગ એકસ્ત્રા આસીસ્ટંટ પોલીટિકલ એજંટ, કાઠીઆવાડ. મુંબઇ: એજયુકેશન સોસાઈટીનાં છાપાખાનામાં છપાઇછે. ૧૮૭૦."

એજ મુજબની એક ડીરેકટરી શેઠ ધનજીશાહે ઇ૦ સ૦ ૧૮૭૧ નાં શાલની તથા તે પછી ૧૮૮૬ નાં શાલની બે ભાગમાં, અને છેલ્લી આએ ચાલુ ૧૮૯૬ ની બે ભાગમાં છપાવી પ્રગટ કીધીછે. એ ડીરેકટરીઓમાં આખા કાઠીઆવાડનાં સર્વે પ્રાંતો, સંસ્થાનો, તથા તાલુકાઓનો તેમજ રાજા રજવાડાઓનો સંપુરણ અહેવાલ, દીવાંની તથા ફોજદારી રીતિઓ, કાનુનો, સનદો, એજનસીને લગતા હુકમો, વગેરે સર્વે જાણવાજોગ બાબદો ઇંગ્રેજી તેમજ ગુજરાતીમાં સમાવીછે.

૨ એ શગડી પર નીચે મુજબની તખ્તી જડેલીછે—

"શ્રી દાદાર હોરમજદની મદદ હોજો

"આએ સગડી હોરમજજી બરજોરજી કપતાંન તથા
"કાતરકનાએ પોતાના મરહુમ મુરબીઓ જમશેદજી તથા
"બરજોરજી તથા ખરશેદજી ફરાંમજી કાતરક તથા કાવશજી
"શાપુરજી કપતાંન તથા મેરવાંનજી કાવશજી કપતાંન તથા હમારાં
"માતાજી બેહેસતનશીન રતનબાઇનાં પુનને સારૂ બંધાવીને
"જરથોસતી અનજુમનનાં સવાધીનમાં આપીછે. શા. ૧૯૨૬
"નાં શાલમાં રોજ ૨૦ માહ ૭ સેનશાહી શને ૧૨૩૯
"ઇઅજદેજરદી તા૦ ૯ મી એપરેલ ૧૮૭૦."

૩ એ રકમ મુંબઇની પારસી પંચાતનાં ફંડના તરસ્ટી સાહેબોએ પોતાના સ્વાધીનમાં લેવાની ના પાડવાથી શેઠ હોરમજજીએ તેમાં બીજી કેટલીક રકમ ઊમેરી તેનું પોતાના તરસ્ટીઓ હસ્તક એક જુદું ધર્મખાતું ચાલુ કીધું હતું, જેને લગતી વીગત આગલ જોવામાં આવશે.

૪ પછવાડેથી શેઠ હોરમજજીએ એ રસ્તો ન બંધાવતાં ગંદેવીની દરેમેહરનો ખરચ ચલાવવાને માથે લીધું હતું, અને એ રસ્તો શેઠ નાનાભાઇ માણેકજી ગજધરે બંધાવી આપ્યો હતો.

૫ જામે જમશેદ, તા૦ ૧૯ મી આપરેલ ૧૮૭૦.

એ દોખમું પરઠવાનાં જશનમાં શામેલ થવાને તેના તરસ્ટીઓ શેઠો પેશતનજી કાવશજી મેહતા નેહાવવાલા અને

તા૦ ૯ મી આપરેલ.

ડાકટર રૂસતમજી નશરવાંનજી ખોરીએ આજ દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં "લોહી" વિષે ગુજરાતીમાં એક ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરશીએ શેઠ શોરાબજી શાપુરજી બંગાલી બીરાજ્યા હતા.[1]

તા૦ ૧૨ મી આપરેલ.

અતરેની જ્ઞાન પ્રસારક મંડળીનું કામ આજ કેટલીક મુદત થાઈ ચાલતું બંધ પડવાથી તે પાછું ચાલુ કરવાની ધારણાથી અતરેના કેટલાક ગ્રહસ્થોએ લવાજમ આપવાને કબુલ કરવાથી તેઓની એક સભા આજ દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટમાં મલી હતી. સરનશીનની ખુરસી શેઠ શોરાબજી શાપુરજી બંગાલીને આપવા બાદ જ્ઞાન પ્રસારક મંડલી અતરે પાછી ઉભી કરવાનો ઠેડાવ થયો, તથા તેનું કામ હાર પાડવા તથા કાએદા કાનુનો ઘડવા અને જુની જ્ઞાન પ્રસારક મંડલી પાસે જે પુંજી તથા મતા બાકી રહી હોય તે મેલવવાને શેઠો ખુરશેદજી નોશરવાંનજી કામાજી, શોરાબજી શાપુરજી બંગાલી, ખરશેદજી રૂસતમજી કામાજી, એદલજી જમશેદજી ખોરી, માણેકજી બરજોરજી મીનોચેહર હોમજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, અને કાવશજી શાપુરજી મેહતાની એક પ્રોવીજનલ કમીટી નેમી સભા બરખાસ્ત થાઇ હતી.[2]

જીવણજી હોરમજજી ગજધરે મુંબઇ તથા સર્વે દેશાવરોના જરથોશ્તીઓને તા૦ ૧૬ મી મારચ ૧૮૭૦ થી વર્ત્તમાંન પત્રોમાં જાહેર ખબર છપાવી અરજ કીધી હતી, તથા સર્વે જ્ઞાતના વ્યાપારીઓને પોતાનાં પારસી માણસોને એ દીવસે ગંદેવી આવવા માટે રજા આપવાની એલતેમાસ કીધી હતી. એ દોખમું બાંધવાનાં ફંડ મધે બધા મલી રૂ૪૫૬૨૬)॥ ભરાયા હતા, જે મધે મુખીઅ રકમ શેઠ નાનાભાઇ માણેકજી ગજધરે રૂ૧૦૦૦૦), શેઠો હીરજીભાઇ તથા કાવશજી જાંગીરજી રેડીમની અને તેમનાં માતાજી બાઇ મેહરબાઇ અને બેહન બાઇ ધનબાઇજીએ મલી રૂ૩૫૦૦), શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ રૂ૧૫૦૦), શેઠો દાદાભાઇ અને બેહરાંમજી હોરમજજી કામાજી તથા રૂસતમજી દાદાભાઇ કામાજીએ મલી રૂ૧૧૨૫), શેઠ દાદાભાઇ નશરવાંનજી શેઠનાએ રૂ૧૦૦૦), શેઠો દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી બહમનજી મોદીની કુંપની, જમશેદજી દોરાબજી નાએગાંમવાલાની કુંપની, કાવશજી નાનાભાઇ દાવર, બેહરાંમજી શોરાબજી ગજધર અને હોરમજજી બેહરાંમજી ગજધરે દરેકે રૂ૫૦૦) વગેરે બીજી નાની નાની રકમો હતી. એ દોખમાં પર કુલે ખરચ રૂ૪૩૮૯૮॥—થયો હતો.

એ દોખમાં પર નીચે મુજબની તખ્તી મારેલી છે—

"શ્રી દાદાર હોરમજદની મદદ હોજો

"શ્રી ગણદેવી ગામમાં દખમું શ્રી મુંબઇ વીગેરે સરવે
"જરથોસતી મલી બાંધીઊંછે. એ દખમાંનું કામ દીનનાં
"હુકમ મુજબ સાલ ૧૯૨૨ નાં ચેતર શુદ ૯ વાર રવેઊ રોજ
"૪ માહા ૭ સને ૧૨૩૫ ઇઅજદેજરદી તા૦ ૨૫ મારચ
"સને ૧૮૬૬ ને રોજે સરવે જરથોસતી ભેગા થઇ તાણાની
"કીરીઆ કીધીછે તે સાલ ૧૯૨૬ નાં ચૈતર શુદ ૮ વાર
"સનેઊ રોજ ૨૦ માહા ૭ સને ૧૨૩૯ ઇઅજદેજરદી
"તા૦ ૯ મીં એપરેલ સને ૧૮૭૦ રે સંપુરણ પુરૂં થઊંછે.
"એ જમીન રેહેજ ગામમાં ગાએકવાડ ખંડેરાવ માહારાજાએ
"ફેરા ત્રણ મલી વીંઘા ૬॥ સાડાછ ધરમાદા આપીછે. એ
"જમીનનું કીરાઊ માફ કીધુંછે."

૧ રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૦ મી આપરેલ ૧૮૭૦.

૨ રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૭ મી આપરેલ ૧૮૭૦.

એ પ્રોવીજીનલ કમીટીએ જુની જ્ઞાન પ્રસારક સભાની કારોબાર મંડલી સાથ કેટલાક સંધેશાઓ ચલાવ્યા બાદ એ સભાનું નામ તથા પુંજી તથા મતા જે હોય તે નીચલી બે સરતોથી લેવાને કબુલ કીધું હતું: —

૧—જ્ઞાન પ્રસારક મંડલીના રેસાલાઓમાં દીન ધર્મની કાંઇ બાબત લખવી નહિં તથા હાલની ઇંગ્રેજી હકુમત વિષે તથા ઇંગ્રેજ સરકારનાં હિંદુસ્થાંનના કારોબાર વિષે કાંઇ પણ મત આપવું નહિં.

૨—આગલી જ્ઞાન પ્રસારકની જે પુંજી સપુરદ કરવામાં આવે તેનાં મુદલ નાણાં અનામત રાખવાં અને માતર બ્યાજ વાપડવું.

એ બે સરતો તા૦ ૧૫ મી જુન ૧૮૭૦ ને દીને નવી મંડલીના સભાસદોએ બાહલ રાખવાથી જુની મંડલીની બાકી રહેલી પુંજીની રૂ૧૦૦૦) ની સરકારી નોટ તેને મલી હતી, અને તે બાદ મંડલીનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

એ સભાની પેહલવેહલી કારોબાર મંડલી શેઠો ખુરશેદજી નોશરવાંનજી કામાજી, શોરાબજી શાપુરજી બંગાલી, જાંગીરજી બરજોરજી વાછા, કાવશજી શાપુરજી મેહતા, કેખશરૂ નવરોજજી કાબરાજી, જાંગીરજી મેહરવાંનજી પલીડર, અરદેસર ફરાંમજી મુસ, ખરશેદજી રૂસતમજી કામાજી, નાનાભાઇ રૂસતમજી રાંણીના, ડાકટર ખરશેદજી ફરાંમજી બોરી, પીરોજશાહ મેહરવાંનજી મેહતા એમ. એ; અને ડાકટર ધીરજરાંમ દલપતરાંમની નેમાઇ હતી. એ કારોબાર મંડલીમાં અવારનવાર ખાલી પડતી જગાઓપર શેઠો એદલજી જમશેદજી બોરી, મનચેરજી કાવશજી મરજબાંન, દારાશાહ રતનજી ચીચગર, રૂસતમજી મેહરવાંનજી પટેલ, એમ. એ; એલ. એલ. બી; ડાકટર રૂસતમજી કાવશજી બાધુરજી, મનચેરજી મેહરવાંનજી ભાવનગરી, નવરોજજી ફરદુનજી, કાવશજી દાદાભાઇ નાયગાંમવાલા, એમ. એ; હોરમજજી દાદાભાઇ પલીડર, બહમનજી બેહરાંમજી પટેલ, જમશેદજી નશરવાંનજી પીટીટ, જીવણજી જમશેદજી મોદી, બી. એ; નશરવાંનજી હીરજીભાઇ પટેલ, મેહરવાંનજી ફરદુનજી મરજબાંન, અબદલા મેરઅલી ધરમસી, રાવબાહદુર ગોપાલરાવ હરી દેશમુખ, જમશેદજી ખરશેદજી કામાજી, રાવસાહેબ બી. એ. ગુપ્તે, એદલજી દોરાબજી તલાટી, બી. એ; ડાકટર ભાલચંદર કીશ્ણા, અને એ૦ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચા શામેલ થયા કીધા હતા. સરનશીન તરીકે પ્રથમમાં શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી, તે પછી ૧૮૭૪ થી તે આજ સુધી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી; નાયબે સરનશીન તરીકે પ્રથમમાં શેઠ જાંગીરજી બરજોરજી વાછા, તે પછી ૧૮૭૨ થી તે ૧૮૭૪ સુધી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી, ૧૮૭૪ થી તે ૧૮૯૩ સુધી શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, ૧૮૯૩ થી ૧૮૯૫ સુધી શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટ, અને ૧૮૯૫ થી હાનરેબલ પીરોજશાહ મેહર-

તા૦ ૧૩ મી આપરેલ.

પેહલવી ભાષાનાં અધુરી હાલતમાં રહી ગયલાં પુસ્તકોને સુધારી તથા ગોઠવીને છપાવવાનું કામ મુંબઈની સરકારે

ઈ૦ સ૦ ૧૮૬૬ માં ડાકટર મારટીન હાઉગની ભલાંમણ ઉપરથી પુણાંવાલા દસ્તુર હોશંગજી જામાસપજી જામાસપ

વાંનજી મેહતા, સી. આઈ. ઈ; ખજાંનચી તરીકે પ્રથમમાં શેઠ કાવશજી શાપુરજી મેહતા, તે પછી ૧૮૭૨ થી ૧૮૭૪ સુધી ડાકટર ખરશેદજી ફરાંમજી ખોરી, અને ૧૮૭૪ થી તે આજ સુધી શેઠ દારાશાહ રતનજી ચીચગર; શેક્રેટરી તરીકે પ્રથમથી તે ૧૮૮૦ સુધી શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજી, ૧૮૮૦ થી ૧૮૮૪ સુધી શેઠ કાવશજી દાદાભાઈ નાયગાંમવાલા, એમ. એ; અને ૧૮૮૪ થી તે આજ સુધી શેઠ નશરવાંનજી હીરજીભાઈ પટેલ.

એ મંડલીની તરફથી ભાષાણો અપાવાનું તા૦ ૨૦ મી નવેમબર ૧૮૭૧ થી ચાલુ થયું હતું. દરેક ભાષાણ કરનારને તે પોતાની ભાષાણની બાબદ ઉપર ખાસ મેહનત લીએ માટે રૂ૫૦) નું હાનરેરીયમ આપવાની ગોઠવણ ઈ. સ. ૧૮૭૩ થી ૧૮૭૬ સુધી કરવામાં આવી હતી, અને તે માટે દર વર્ષે જોઈતી રૂ૫૦૦) થી તે ૬૦૦) સુધીની રકમ શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ અતરેના આગેવાંન દેશી ગ્રહસ્થો પાસેથી મેલવી આપી હતી. વળી ૧૮૭૭ થી પાછી ભાષાણકર્તાઓને રૂ૫૦) નું હાનરેરીયમ મંડલીનાં ફંડમાંથી આપવાની શરૂઆત થાઈ હતી, તે ૧૮૯૦ સુધી ચાલુ હતી.

૧૮૭૬ થી મંડલી તરફથી થતાં ભાષાણોના ખાસ રીપોરટ રાસ્ત ગોફતાર પત્ર મધે લેવાની ગોઠવણ કીધી હતી, તથા ૧૮૮૨ થી તેનાં થોડાંક છુટાં ચોપાંનયાં કાઢી સભાસદોને વેંહચતા હતા. એ પછી નામદાર સરકાર તરફથી એડયુકેશન ડીપારટમેંટના તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૮૭ ના નંબર ૨૮૩ વાલા ઠેડાવની રૂહે એ મંડલીને દર વર્ષે રૂ૩૦૦) ની ગ્રાંટ–ઇન–એડ મલવા લાગી હતી, જેથી તેનાં દરેક ભાષાણોનાં ૨૨૫૦) છુટાં ચોપાનયાં કાઢીને રાસ્ત ગોફતાર સાથે વેંહચ્યા ઉપરાંત ડાએરેકટર ઑફ પબલીક ઇનક્ષકશનના હોકમથી તેની ૨૦૦) નકલો કેળવણી ખાતાંના ત્રણુડે વિભાગના ઇનસ્પેકટરો ઉપર મોકલવામાં આવતી હતી. એ બાદ ૧૮૯૬ થી દરેક છુટાં ભાષાણનાં ચોપાંનયાંને બદલે આખી મોસમનાં ભાષાણોનો સંગ્રહ છપાવી તે રાસ્ત ગોફતાર સાથ વેંહચવાનું બંધ કરી તેને બદલે ૭૦૦) ચોપાંનયાં પ્રગટ કરી ઉપર મુજબ કેળવણી ખાતાંના ઇનસ્પેકટરો, તથા મંડલીના સભાસદો, પુસ્તકખાનાંઓ, શાળાઓ, વગેરેપર મોકલવામાં આવેછે.

વળી ૧૮૭૬ ની શરૂઆતમાં મુંબઈ શેહર મધે શીતલાના રોગનો જોરાવર ફેલાવો થયો હતો તે અરસામાં દેશી પ્રજાને ગઊશીતલાના ફાએદાની સમજ તથા જ્ઞાન આપવા માટે આએ મંડલી તરફથી ૧૮૭૨ માં ડાકટર ખરશેદજી ફરાંમજી ખોરીએ ગઊશીતલા વિષે કરેલાં ભાષાણના ઇનતેખાબની ૬૦૦૦) નકલો મુંબઈનાં મ્યુનીસીપાલ ખાતાંએ ચોપાંનયાંના આકારમાં છપાવી ગુજરાતી વાંચનારી દેશી પ્રજામાં મુફત ફેલાવી હતી.

આ મંડલી નવેસરથી સ્થાપવા તથા તેને ૧૦) વર્ષ સુધી સારી રીતે ચલાવવા માટે શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ કરેલી કીમતી સેવાઓ માટે તેમને ૧૮૮૦ માં એ મંડલીના એક હાનરરી મેમબર નેમી માન આપ્યું હતું. એજ મુજબ જુની જ્ઞાન પ્રસારકને સ્થાપનાર તથા તેના મુખ્ય મુકાંની શેઠ દાદાભાઈ નવરોજજી પ્રોફેસરને પણ ૧૮૮૨ માં એક હાનરરી મેમબર નેમી માન આપ્યું હતું, તથા ૧૮૯૨ માં તેઓ ગ્રેટ બ્રીટનની પાદશાહી પાર્લામેંટના મેમબર થયા અને તે પછી મુંબઈ આવ્યા તે વેળાએ આ ઇલાકા તરફથી તેમને જુદાં જુદાં માનપત્રો તા૦ ૧૬ મી ડીજેમબર ૧૮૯૩ ને દીને ટાઊન હાલમાં અપાયાં તેમાં આ મંડલી તરફથી પણ એક માનપત્ર તેમને આપવામાં આવ્યું હતું.

એ મંડલી તરફથી ૧૮૯૫ ના ડીજેમબર માસની આખરીનાં અઠવાડીઆંમાં વિદ્યા હુનરના મેલાવડાનું એક "કૉનવરઝેશીયોની" એલફીનસટન હાઈ સ્કુલમાં ભરવામાં આવ્યું હતું, જેમાં ઘણાક પારસી તથા હિંદુ ગ્રાડયુએટોએ પોતાના અભીઆસને લગતી વિદ્યા હુનરની બાબદો લોકોને સમજાવવામાં ભાગ લીધો હતો, તથા ત્રણ દીવસ સુધી મેલાવડાનો લાભ પણ મુંબઈના પુશ્કળ લોકોએ લીધો હતો.

એ મંડલીમાં ઈ. સ. ૧૮૭૧ ના નવેમબર માસથી તે ૧૮૯૬ ના મેએ માસ સુધીમાં નીચલા પારસી ગ્રહસ્થો તથા બાનુઓએ નીચલી બાબદો ઉપર ગુજરાતી ભાષામાં રેસાલા વાંચ્યા તથા ભાષાણો કર્યાં હતાં:—

અરદેસર કાવશજી હોમજી—વરાળયંત્ર (૧૮૮૬); એદલજી કાવશજી મસાંની—વશીએતનામાં બાબેનો ધારો (૧૮૭૪); એદલજી જમશેદજી ખોરી—વાતાવરણ અથવા હવા (૧૮૭૨), વાંદર અને માણસ વચ્ચે મુકાબલો બે ભાષાણ (૧૮૭૪); ડાકટર એદલજી નશરવાંનજી—આજના વખતની વાહડકાપની વિદ્યા (૧૮૮૦); ડાકટર એરચ શેહરીયારજી ભરૂચા—ચામડીનો તંદરોસ્તી સાથ સંબંધ (૧૮૯૪); કાવશજી દાદાભાઈ નાયગાંમવાલા, એમ. એ.—વિજલી વિષે ત્રણ ભાષાણો (૧૮૭૭), ગરમી વિષે ત્રણ ભાષાણો (૧૮૭૮), લોહચુંબક (૧૮૭૯), સ્પેકટ્રોસકોપની શોધ, બનાવત અને ઉપ્યોગ (૧૮૭૯), ફોનોગ્રાફ અને બીજાં અવાજ નોધનાર યંત્રો (૧૮૭૯), શ્રવણ શાસ્ત્ર વિષે બે ભાષાણ (૧૮૮૧), હવાની કેવલ ગેરહાજરીથી બીલકુલ ખાલી નહિં પણ સેજસાજ હવા હાજર રહી જવાથી અત્યંત ખાલી એવી જગાનાં પોલાણમાં પ્રોફેસર ક્રૂકસે કરેલી શોધ (૧૮૮૩), સૂર્ય વિષે બે ભાષાણ (૧૮૮૫) સૂર્ય—જગતમાં તેનો મોભો (૧૮૮૬), પૃથ્વિનો ગોળાકાર તથા તેની દરરોજની પ્રદક્ષિણાની સાબેતીઓ (૧૮૮૭); ડાકટર કાવશજી નવરોજજી મેહતા—દવાદારૂ વિષે સાધારણ ભુલો (૧૮૮૦), ખઈ રોગ તેનાં અટકાવ તથા શબબો (૧૮૮૪); કેખશરૂ નવરોજજી કાબરાજી—બદનની કેળવણી અથવા કસરત (૧૮૭૨), બરનારડ પેલીસી (૧૮૭૨), આફ્રીકા ખંડમાં ડાકટર લીવીંગસ્ટની શોધો વિષે બે ભાષાણ (૧૮૭૪), નાઈલ નદીનું મુળ (૧૮૭૪), દેશી ગાયનની વિદ્યા વિષે પાંચ ભાષાણો (૧૮૭૫–૭૬), પારસી ગાયનો વિષે ત્રણ ભાષાણો (૧૮૭૮–૭૯–૮૦), દેશી ગાયનનો રસ પ્રવેસ અને ઉપ્યોગ (૧૮૮૧), ગાયન વિદ્યા (૧૮૮૩), દેશી ગાયન—રાગણી જીંજોતી (૧૮૮૪), રાગણી ભૈરવી (૧૮૮૫), પાછલા પોહરનાં રાગરાગણીઓ (૧૮૮૬), ગાયનની ભાષા (૧૮૯૧), શુદ્ધ ગુજરાતી વિરૂધ પારસી ગુજરાતી વિષે બે ભાષાણ (૧૮૯૪); ડાકટર કેખશરૂ નશરવાંનજી બાધુરજી—ખોરાક અને તેની પચાવત (૧૮૮૯); ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી—પાણી,

આશાનાને સોંપ્યું હતું, તે મુજબ તેવણે તૈયાર કરેલી બીજી કેતાબ "પેહલવી-પાજંદ ગ્લોસરી" મુંબઇની સરકારને ખરચે ડાકટર મારટીન હાઉગની તપાસ હેઠલ જરમની મધે છપાઇ પ્રગટ થાઇ હતી. એ પુસ્તકની

વીહારનું પાણી અને તંદરોસ્તી ઊપર તેની અસર (૧૮૭૩), હવા, મુંબઇનાં ઘરો માંહેલી હવા અને તંદરોસ્તી ઊપર તેની અસર (૧૮૭૪), શેહરોમાં ગતરોની અગત અને તેઓનો આપણી તંદરોસ્તી સાથે સંબંધ (૧૮૮૪); ડાકટર કેખશરૂ શોરાબજી નરીમાંન—કાલેરા વિષે (૧૮૭૫); ડાકટર ખરશેદજી ફરાંમજી ખોરી—આપણાં શરીરનાં હાડકાં વિષે બે ભાષાણ (૧૮૭૧-૭૨), શીતલા અને ગઊશીતલા (૧૮૭૨), ખોરાકનું પાચણ કામ (૧૮૭૩), આંખ અને ચશમા (૧૮૭૪), ભેજાં વિષે ચાર ભાષાણો (૧૮૭૫), જીંદગી લાંબી કરવાનાં સાધનો વિષે છ ભાષાણ (૧૮૭૬), જીંદગી ટુકી થવાનાં કારણો વિષે ત્રણ ભાષાણ (૧૮૭૭), ખોરાકનું રસાએણ શાસ્ત્ર, ત્રણ ભાષાણો (૧૮૭૭), પ્રજાની સુખાકારી જાલવવાનાં સાંધનો વિષે ચાર ભાષાણ (૧૮૭૯); ખરશેદજી રૂસતમજી કામાજી—ઝુન ઇરાન દાનેશ અઝ જબાનશનાશી અથવા જબાનોના અભીઆસ ઊપરથી ઊપજાવી કાઢેલી ઇરાનની તવારીખ વિષે ચાર ભાષાણ (૧૮૭૧-૭૨); એ૦ જીવણજી જમશેદજી મોદી, બી. એ.—રૂતુ વિદ્યા વિષે ચાર ભાષાણ (૧૮૮૧), રૂતુ વિદ્યા (૧૮૮૩), ધુમસ અને વાદલાં (૧૮૮૩), બળતા પાહાડો અને ધરથીકંપ (૧૮૮૪), હવાની વિજલી (૧૮૮૫), વરસાદ (૧૮૮૬), પવન (૧૮૮૭), ભૂતલવિદ્યા—પ્રુથિવિ એક ગ્રહ તરીકે (૧૮૮૮), સૃષ્ટિની અનંતતા (૧૮૮૯), વિસુવીઅસ અને પૉમપીઆઇ (૧૮૯૦), સુએઝની નેહરની અસલી તવારીખ—ઇરાની પાદશાહ દારાયસની તેના સંબંધમાં પેહલવેહલી ફતેહમંદ કોશેશ (૧૮૯૦), ઇલોરાના ગુફાઓ (૧૮૯૧), સને ૧૮૮૩ નાં શાલમાં ક્રાકાતોઆનો બળતો પાહડ ફાટવાનો મોટો બનાવ (૧૮૯૧), અસલી ઇરાની બાનુ અને તેણીનો સંસાર (૧૮૯૨), આ પ્રુથિવિ ઊપર માણસજાતની અને બીજી જાન ધરાવનાર પેદાયશાની હસ્તી કયાં સુધી રહી શકશે (૧૮૯૩), પામીરનો મુલક, એ એક વખતના જરતોસ્તી મુલકની ભુગોલ તથા તવારીખ અને હાલમાં રશિયા સાથ ઊઠેલો વાંધો (૧૮૯૩), ઇજીપ્તની પીરામીડો (૧૮૯૪), શાહનામું અને ફેરદોસી (૧૮૯૫), કાશામીર (૧૮૯૬), ફેરદોસીની જીંદગીનો અહેવાલ (૧૮૯૬); જાંહગીરજી એદલજી દાવર—જાહડ પાંનની જીંદગી (૧૮૭૩), હિંદુસ્થાંનના સાકાવાલા રોપાઓ (૧૮૭૫); જાંહગીરજી બરજોરજી વાછા—પૃથિવિનું ભીતર (૧૮૭૧), વિદ્યાના વધારા વિષે (૧૮૭૩), પરવાલાંનાં ટાપુઓ (૧૮૭૩), વનસ્પતી અને પ્રાણી વિદ્યા વચ્ચેનો સંબંધ (૧૮૭૯), જાણવરી પતીત્રા (૧૮૮૧), વિદ્યાનો માર્ગ (૧૮૮૧), ધુમકેતુઓ (૧૮૮૧), સુક્ષ્મ જીવ તથા દરદોનાં સુક્ષ્મ (૧૮૮૩); જાંહગીરજી બરજોરજી સંજાણા, બી. એ. વનસ્પતી વિદ્યા (૧૮૮૪); જાંહગીરજી મેહરવાંનજી પલીડર—ન્યાએ શાસ્ત્ર (૧૮૭૩), ધારો અને ધારા જાણનારાઓ (૧૮૭૫); જાંહગીરશાહ એરચશાહ કોહીઆર—શુક્રના ગ્રેહનું ગમન (૧૮૭૫); દારાશાહ રતનજી ચીચગર—માઇક્રોબ્સ નામનાં જીનાં જંતુઓ અને તેથી નીપજતાં દુખદરદો (૧૮૮૭), ખરી રીતે દમ લેવા તથા કાઢવા શિખવાથી તંદરોસ્તીમાં થતો સુધારો અને તેથી ચોકસ દુખ દરદોનું થતું નિવારણ (૧૮૮૮), કિન્ડરગાર્ટન તથા હરબાર્ટીઅન કેળવણીની રૂઢી વિષે બે ભાષાણ (૧૮૯૫); દીનશાહ પેશાતનજી ઘડીઆલી—વિજળીક રોશની, તેની ઊત્પંતી, ઊપ્યોગ તથા ફાયદા (૧૮૯૧), ઇનશાંનના ઊપ્યોગમાં વિજળી, લોહચુંબક તથા બીજી મહા બળવાંન શકિતઓ (૧૮૯૩), વિજળીક ટેલીફોન (૧૮૯૫), પદાર્થની અતો હવાઇ સ્થિતી તથા અણદીઠ પ્રકાશીત શકિત (૧૮૯૬); દોરાબજી એદલજી ગીમી, બી. એ.—માણસ જાતની ખાસીએતો અને તે ઊપર કેળવણીની અસર (૧૮૭૩); દોરાબજી મેહરવાંનજી દાખુ—વીજળીનો તાર (૧૮૮૬); ડાકટર ધનબાઇ શોરાબજી માસટર—બચ્ચાંની માવજત (૧૮૯૨); નવરોજજી પેશાતનજી કામાજી—વીજળીનો તાર (૧૮૭૮); નશરવાંનજી હોરજીભાઇ પટેલ—દોલતની ઊત્પંતી (૧૮૭૩), દોલતની વેંહચણી (૧૮૭૪), દોલતની અદલા બદલી વિષે બે ભાષાણ (૧૮૭૮), દોલતનો ખરચ અને પ્રજા ઊપર કર નાખવાના કાનુનો (૧૮૭૯), રૂપાંના ભાવમાં ઘટાડો, તેનાં કારણ, અસર અને તેને લગતો ઘભરાત (૧૮૮૦), ઇતિહાસ વિષે બે ભાષાણ (૧૮૮૪-૮૫); નાનાભાઇ અરદેસર મુસ, એલ. સી. ઇ.—રોશની (૧૮૮૯); પાલણજી બરજોરજી દેસાઇ—કીમીઊં (૧૮૭૪), ઇરાનના કેઆંની પાદશાહ કેખુશરો અને હખામનો પાદશાહ સાઇરસ વચ્ચેનો તફાવત (૧૮૮૫), પારસીઓ અને હિંદુઓની અસલી દંતકથાઓનો મુકાબલો (૧૮૮૬), શાહનામાં મધેનું એક દાસ્તાંન, અને રામાયણ તથા ઇલ્યડની વાર્તાઓ સાથ તેની સરખાંમણી (૧૮૮૯), પુરાતન પારસીઓ—અસલી તવારીખમાં તેમનો દરજજો (૧૮૯૦), સૂર્ય સંબંધી અસલી આર્ય ફીલસુફી (૧૮૯૧), હિંદુસ્થાંનમાં આવી વસેલા પેહલવેહલા પારસીઓ (૧૮૯૨), પારસીઓના પેગામબર હજરત જરથોસ્તનો જમાંનો (૧૮૯૪), પશ્ચિમ હિંદુસ્થાંનમાં ઇરાંનનો મોટો કાબુ (૧૮૯૫); પેશાતનજી દોરાબજી ખંડાલેવાલા, એલ. સી. ઇ.—વરાળ યંત્ર (૧૮૭૭); પેશાતનજી ધનજીભાઇ માહલક્ષમીવાલા—સુધરેલા પાયાપર ખેતી ચલાવવાના ફાયદા (૧૮૮૪); ડાકટર ફકીરજી રતનજી હાડવૈદ—અકસમાતથી જખમી થયલાં તથા ઇજા પામેલાંઓને શરૂઆતની મદદ કેમ કરવી (૧૮૯૪); ડાકટર ફરાંમજી જીવણજી પટેલ—દંત વિદ્યાની તવારીખ, દાંત અને દાંતનાં દરદો, તેમનો અટકાવ તથા ઇલાજ (૧૮૯૩); બહમનજી બેહરાંમજી પટેલ—ફારસી ભાષા અને તેનું ભણતર (૧૮૭૩), આરીયન ટોળો અને તે ઊપરથી ફેલાયલી કોમો (૧૮૭૪), હિંદુસ્થાંનમાં આપણી આગલ થાઇ ગયલા પારસીઓ, તેમની સંસારી તથા વ્યાપારી હાલત (૧૮૭૯), મુંબઇ ઇલાકામાં દેશી કેળવણીની શરૂઆત અને તેની તવારીખ (૧૮૮૫), મુંબઇનાં ઇંગ્રેજી તથા ગુજરાતી છાપાની શરૂઆત અને તેની તવારીખ (૧૮૯૫); મનચેરજી કાવશજી મરજબાંન—શીલ્પ શાસ્ત્ર (૧૮૭૩); મનચેરજી ફરાંમજી પટેલ, બી. એ.—કસરત, પારસીઓને સુચનાં (૧૮૮૫); ડાકટર મનચેરજી બેહરાંમજી કોહલા—પ્રાણી જીંદગીના કુદરતી કાયદા (૧૮૯૩), બેકટીરિયા અથવા બૅસીલાઇ વિષે થોડુંક જાણવાજોગ ગ્નાન તથા તેમનું કુદરતમાં કામ (૧૮૯૪); મનચેરજી મેહરવાંનજી ભાવનગરી—ધી ટાઇમસ (૧૮૭૨); માણેકજી પેશાતનજી દાદીબરજોર—પક્ષીઓ (૧૮૭૩), જીનાં જાનવરોનો ઊપદરવ અને તેમની બાંધણી વિષે બે ભાષાણો (૧૮૭૪), જીનાં જાનવરો વિષે બે ભાષાણ (૧૮૮૦); ડાકટર રતનબાઇ અરદેસર મલબારવાલા—ફેફસાં, તેમની બાંધણી તથા કામ, અને સંસારી રીતભાતોથી તે પર થતી અસર

શરૂઆતમાં ડાકટર હાઉગે પહલવી ભાષા વિષેની કેટલીક ખીનાઓનો એક માયાકુલ નિબંધ લખ્યો હતો.[૨]

તા૦ ૧૪ મી આપરેલ.

અતરેનાં સરકારી આસીસ્ટંટ કેમીકલ એનાલાઇઝર ડાક્ટર કેખશરૂ રૂસતમજી વીકાજીએ આજ દીને ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં "રસાએણ શકતિ અને રસાએણ વિદ્યા" વિષે ગુજરાતીમાં એક ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરસી શેઠ જાંગીરજી બરજોરજી વાછાને આપવામાં આવી હતી.[૨]

તા૦ ૧૭ મી આપરેલ.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ ગયે શાલ કબીશાની તકરારને લગતી ભરેલી મીજલસમાં શેઠ શાપુરજી હોશંગજી ડોટીવાલા નામના એક જયફ જરથોસ્તી ગ્રહસ્થે કેટલાક વાંધાઓ ઉઠાવ્યા હતા, અને તેના પુરાવામાં આજ દીને એક ભાષાણુ પોતાની તરફથી ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં કીધું હતું.[૩]

તા૦ ૨૨ મી આપરેલ.

શેઠ ગાંધીભાઈ જાંગીરજી મોદી અને શાપુરજી હોરમજજી પાટક, એમ. એ. એ હાઇ કોરટના શોલીશીટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી હતી.[૪]

તા૦ ૨૪ મી આપરેલ.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ "પેગંબર અશો જરથોશ્તના જન્મારાનો હેવાલ—અવસ્તા પ્રમાણે" એ બાબદ ઉપર ઇ૦ સ૦ ૧૮૬૮ ના આપરેલ તથા મેએ માસમાં રાહનુમાએ માજદીઅસનાં સભા તરફથી જે ચાર ભાષાણો કીધાં હતાં તેનું લંબાવી ઓલાસાવાર રચેલું પુસ્તક એ સભાએ છપાવી પ્રગટ કીધું હતું.[૫]

તા૦ ૨૫ મી આપરેલ.

શેઠ કુવરજી કોયાજી, જેવણે ગયે શાલ ડીસ્ટ્રીક્ટ પલીડરની પરીક્ષા પસાર કરી કાઠીઆવાડ ખાતે પલીડરનું કામ ચલાવતા હતા, તેવણને રાજકોટ ખાતે કાઠીઆવાડ એજનસી કોરટોના તરજુમો કરનાર તરીકે નેમ્યા હતા.[૬]

(૧૮૮૯), દરદીની માવજત કેમ કરવી (૧૮૯૧); ડાકટર રૂસ્તમ નાનાભાઇ રાંણીના—રોશનીની ગતી અથવા જાદુઇ ફાણુસ અને તેની બનાવટ (૧૮૯૦), જીંદગી જાળવવાનાં સાધન—માણસનાં શરીરની રચણાં (૧૮૯૧), મુંબઇની નવી ગટર, તેની સમજ તથા ઊપયોગ (૧૮૯૩); રૂસ્તમ બરજોરજી પે-માસટર, બી. એ.—વિદ્યા અને ફીલસુફીમાં બારમી સદીના [illegible]હમદીઆંનોનો હીસ્સો (૧૮૯૨); રૂસતમજી મેહરવાંનજી [illegible]ટેલ, એમ. એ; એલ. એલ. બી.—દેવ દેવીની કથાઓ (૧૮૭૩); શાપુરજી નશરવાંનજી ભેદવાર—ફોતોગ્રાફીનો હુનર, તેનું ચિત્રયુકત પરીણાંમ (૧૮૯૩); એ૦ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચા—ઇરાનનાં કોતરકામો ઊપરનાં પુરાતમ લેખો, તસવીરો, મોહરો, તથા સિક્કાઓની શોધ તથા ઊકલાંન વિષે [illegible]ણુ ભાષાણુ (૧૮૭૬); ડાકટર હોરમજજી ડોશાભાઇ પેશીકાકા—દારૂ, તેનો ઊપયોગ તથા ગેરઊપયોગ (૧૮૮૧); હોરમજજી પાલણજી દાલીમેહરજીના—માછલાં (૧૮૭૩), કુતરાં (૧૮૭૪).

એ મંડલીની પુંજી મધે સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના બેટા મરહુમ શેઠ ફરામજી દીનશાહજી પીટીટનાં પુનને માટે તા૦ ૭૦ મી જાનેવારી ૧૮૯૬ ને દીને રૂ૧૦૦૦) નું મુંબઇની મ્યુનીસીપાલીટીનું બોંડ વ્યાજ વાપડવાને ભેટ આપ્યું છે, તે સાથે ઊમેરતાં મંડલીની અનામત પુંજી તેનાં તા૦ ૩૦ મી જુન ૧૮૯૬ ને દીને આખર થતાં વર્ષે રૂ૯૦૭૫) હતી.

૧ "An Old Pahlavi-Pazand Glossary. Edited with an alphabetical Index. By, Destur Hoshangji Jamaspji Asa, High Priest of the Parsis in Malwa, India. Revised and enlargod, with an introductory essay on the Pahlavi language, by Martin Haug, Ph.D. Published by order of the Government of Bombay. 1870. Printed at the K. Hofbuchdruckerei Zu Guttenberg (Carl Gruninger) at Stuttgart, Wurtemberg."

૨ જામે જમશેદ, તા૦ ૧૬ મી આપરેલ ૧૮૭૦.

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી આપરેલ ૧૮૭૦.

એજ બાબદ ઊપર બીજું ભાષાણુ એવણે તા૦ ૨૪ મી આપરેલે તથા ત્રિજું ભાષાણુ તા૦ ૮ મી મેએ કીધું હતું. તે પછી તા૦ ૧૫ મી મેએ એઓ અને શેઠ ખરશેદજી કામા વચ્ચે તકરારને માટે સભા મલી હતી. શેઠ કામાજીનું કેહવું એવું હતું કે સુરજને મેષ રાસીમાં પાછો આવતાં ૩૬૫ દાહડા, ૫ કલાક, ૪૮ મીનીટ અને ૪૮ સેકંડ લાગેછે તથા પારસીઓનો છેલ્લો શાહનશાહ યઝદેજરદ તખતે બેઠો ત્યારે મીથુન રાસી હતી અને ત્યાર પછે મુતલક કસર લેવાઇ નથી. શેઠ શાપુરજીનું કેહવું એવું હતું કે સુરજને મેષ રાસીમાં પાછો આવતાં ૩૬૫ દહાડા, ૫ કલાક, અને ૫૫ મીનીટ લાગેછે તથા યઝદેજરદ તખ્તે બેઠો ત્યારે મીન રાસી હતી અને કસર ૫) મહીના ૧૨) દાહડાની લેવાઇછે. શેઠ શાપુરજીને પોતાના વિચારની સાંમે છતાં આ ચાર સભાઓ ભરવાની જોગવાઇ શેઠ ખરશેદજીએ પોતે કરી આપી હતી.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૩ મી આપરેલ ૧૮૭૦.

૫ "પેગમબર અશો જરતોશતના જનમારાનો અહેવાલ, અવસતા ઊપરથી. બનાવનાર—ખુરશેદજી રૂશતમજી કામાજી. રાહનુમાએ માજદીઅસનાં સભાની કારોબાર મંડલીએ કુલ જરતોશતીઓની વાકેફગારીને વાસતે છપાવી પરગટ કીધોછે. મુંબઇ, દફતર આશકારા પરેસ. સને ૧૨૩૯ ઇઅજદજરદી—સને ૧૮૭૦ ઇસવી."

એ પુસ્તકની બીજી આવૃતિ ઇ૦ સ૦ ૧૮૯૦ માં રાહનુમાએ માજદીઅસનાં સભાની પરવાંનગીથી એ૦ તેહમુરશ દીનશાહજી અકલેસરીઆએ છપાવી પ્રગટ કીધી હતી.

૬ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૭ મી આપરેલ ૧૮૭૦.

તા૦ ૨૬ મી આપરેલ.

શેઠ માણેકજી રૂસતમજી બનાજીને ઇરાંનના નામદાર શાહે કલકતા ખાતેના ઇરાંનના કૉનસલ નેમ્યા હતા, અને તે નેમણુકને નામદાર માહરાંણીની સરકારે બાહલી આપી ગઇ તા૦ ૨૯ મી મારચનાં લંડન ગેઝેટમાં છપાવી હતી.[1]

તા૦ ૨૭ મી આપરેલ.

રોજ ૮ માહ ૮ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—પેશતનજી એદલજી બાક્ષટર[2]—ઉમર વર્ષ ૬૮) શેઠ એદલજી ખરશેદજી બાક્ષટરના બીજા દીકરા. એવણે ઇ. સ. ૧૮૨૦ માં પોતાના બાપનાં મરણ બાદ પોતાના ભાઇઓ શેઠો ડોશાભાઇ અને હોરમજજીની સાથે મલી તેમનુ લીલાંઉખાંનું તથા કમીશન એજંટનું ઓહલું કામ "એદલજી ખરશેદજીના છોકરાઓ" ને નામે ચલાવ્યું હતું. એ પછી ભાઇઓથી છુટા પડી તા૦ ૧ લી ફેબરવારી ૧૮૪૯ થી પોતાને એખલાને હીસાબે લીલાંઉખાંનું ઉંઘાડયું હતું.

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૭ મી આપરેલ ૧૮૭૦.

આ નેમણુક વિષે કલકતા ઇંગલીશમેનના તા૦ ૭ મી જુલાઇ ૧૮૭૦ નાં આંકમાં લખેછે કે—

"Mr. Manockjee Rustomjee has been, we believe, a resident of this city for the last thirty years, and enjoys the respect and good-will of the entire mercantile community. Though not a Persian subject, he was selected in preference to a long list of eligible candidates, on the recommendation of his Excellency the Persian Ambassador at the Court of St. James."

(Calcutta Englishman, 7th July 1870.)

આ નેમણુક વિષે નામદાર શાહ તરફથી આવેલું ફરમાંન વાંચી સંભલાવવાને તા૦ ૨૧ મી મારચ ૧૮૭૧ ને દીને કલકતે શેઠ માણેકજીનાં મકાનમાં ત્યાંના મોગલો તથા બીજા સર્વે ગ્નાતના ગ્રહસ્થોનો એક મેલાવડો કીધો હતો, જયાં તે ફરમાંન ફારસીમાં બુલંદ અવાજે વાંચી સંભલાવી આખી મીજલસમાં હાથો હાથ ફેરવ્યું હતું. એ ફરમાંનમાં લખ્યું હતું કે—"કલકતેવાલા વડા પારશી મી૦ માણેકજી રૂસતમજી બનાજીને હમો હમારી રાજીખુશીથી કલકતા ખાતેનાં હમારાં સરવે કામકાજો બજાવવાની મુખતીઆરી આપીએ છેઇએ. તેવણ એ શેહેરમો બરીટીશ રાજમાં વસતી મારી રઇએતનાં હકો જાલવશે ને એવણુજ એ રઇએતનાં ગેર શનશારી તથા વેહેવારી વાંધાઓનો જે ચુકાદો કરશે તે હમોને બાહલ છે, તેમજ કલકતામાં વશતી મારી રઇએતે અને બરીટીશ રાજની નામદાર રાંણી વીકટોરીયા તથા તેણીનાં ડાહેઆ અમલદારો પણ એ નેમણુક બાહલ રાખશે એવી હમોને આશા છે." એ બાદ માહરાંણીજી તરફની બાહલી વાંચી આખી મીજલસે ઊભા થાઇ શેઠ માણેકજીને મુબારકબાદી આપી, અને પાંન ગોલાબ લઇ મેલાવડો બરખાસ્ત થાયો હતો.

(રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી મારચ ૧૮૭૧.)

૨ મરહુમ શેઠ રૂસતમજી પેશતનજી બાક્ષટરના બાવા.

તા૦ ૨૮ ના આપરેલ.

શેઠ એદલજી જમશેદજી ખોરીએ "રૂસતમ અને સોહરાબ" ના લખેલા નાટકની ચોપડી વિકટોરીયા નાટક મંડલીના માલેકોએ છપાવી પ્રગટ કીધી હતી.[3]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૧૦ માહ ૯ (ક૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—આવાંબાઇ તે મરહુમ ખાંનસાહેબ અરદેસર ધનજીશાહ બાહદુરનાં વીધવા—ઉમર વર્ષ ૬૯) એવણને પોતાના ખાવંદ તથા તેમના વડીલોની કીમતી સરકારી નોકરીઓના બદલામાં ઇંગ્રેજ સરકાર તરફથી "સ્પેશીયલ રીવાર્ડ" તરીકે તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૬૧ થી દર માસે રૂ૭૫) નું પેનશન મલતું હતું. એ ઉપરાંત ઇ૦ સ૦ ૧૮૬૬ થી તેમાં મોગલાઇ પેનશન તરીકે દર માસે રૂ૫૦) નો વધારો થયો હતો.[4]

તા૦ ૩૦ મી આપરેલ.

આજ દીને અતરેની ગ્રાંટ કાલેજ મેડીકલ શોશાઇ-ટીની ડાકટર હંટરનાં પ્રમુખપણાં હેઠલ મલેલી સભામાં ડાકટર ખરશેદજી ફરાંમજી ખોરીએ "મુંબઇની હાલની દાઇ-ઓથી થતું નુકસાંન અને વધારે સારી દાઇઓ પુરી પાડવાના ઉપાયો" વિષે એક નીબંધ વાંચ્યો હતો, જેમાં ગ્રાંટ મેડીકલ કાલેજમાં દેશી સ્ત્રીઓને દેશી ભાષામાં દાઇપણું શિખવવાનો એક વર્ગ ઉંઘાડવાની સુચનાં કીધી હતી. પ્રમુખે જણાવ્યું કે એ બાબે તેવણે સખી શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ સાથે સંદેશા ચલાવ્યાછે, અને તેનાં પરીણામમાં તેવણનાં બેહન બાઇ પીરોજબાઇએ એવો એક વર્ગ કાલેજમાં ઉંઘાડવાને એક વર્ષના ખરચના રૂ૭૦૦) ભેટ આપ્યાછે જેથી હવે એ વર્ગ જલદીથી ઉંઘાડવામાં આવશે.[5]

---

૩ "રૂસતમ અને સોહરાબ. નાટક પાંચ અંકી. સાએર ફીરદોસી તુસીનાં બનાવેલાં શાહાનામાંના આધાર ઊપરથી વીકટોરીઆ નાટક મંડલીને સારૂં. બનાવનાર, એદલજી જમશેદજી ખોરી. છપાવી પરગટ કરનાર, વીકટોરીઆ નાટક મંડલીના માલેકો. મુંબઇ, દફતર આશકારા પરેસ. સને ૧૮૭૦."

૪ બાઇ આવાંબાઇની પછી એ બંધે પેનશાનની રકમો એમનાં વહુ બાઇ ડોશીબાઇ તે મરહુમ શેઠ જાંગીરશાહ અરદેસર બેહરેમંદખાંનનાં વીધવાનાં નામ ઊપર તેવણની હૈયાતી સુધી ચાલુ રાખી હતી. પાછલથી સરકારે જયારે ખાંનસાહેબ અરદેશર બાહદુરનાં જાગીરી ગામ કમલાપોર ઊપરથી એઓનો હક તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૭૧ થી ખાલસા કીધો ત્યારથી ઊપલાં મોગલાઇ પેનશાનના દર શાલના રૂ૬૦૦) માં રૂ૪૦૦) નો ઊમેરો કરી રૂ૧૦૦૦) કીધા હતા. એ રીતે બાઇ ડોશીબાઇને દર શાલ રૂ૧૯૦૦) ને હીસાબે દર માસે રૂ૧૫૮—૫—૪ તેમની હૈયાતી સુધી મલશે.

૫ બોમ્બે ગેઝેટ, તા૦ ૨ જી મેએ ૧૮૭૦.

તા૦ ૨ જી મેએ.

હિંદુસ્થાંનની સરકારે રૈયત ઉપર નાખેલો ઇનકમટાક્ષનો કર વધાર્યો તથા હિંદુસ્થાંનનું મેહસુલ ખાતું જે માઠી હાલતમાં ચાલેછે તે બાબે ઇંગલાંડ શેક્રેટરી ઑફ સ્ટેટ જોગ એક અરજી મોકલવાનો ઠેડાવ કરવાને અતરેની બોમ્બે આશોશીએશને આજ દીને ટાઉન હાલમાં એક જાહેર સભા બોલાવી હતી. શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજીની દરખાસ્ત ઉપરથી પ્રમુખસ્થાંન હાનરેબલ મંગલદાસ નથુભાઇને આપવામાં આવ્યું હતું. પેહલી દરખાસ્ત સર જમશેદજી જીજીભાઈ બારોનેટે કીધી અને તેને શેઠ હોરમજજી દાદાભાઈ પલીડરે ટેકો આપ્યો કે ગવરનર જનરલે ૧૮૭૦ નો ઇનકમટાક્ષનો ધારો પુરતી પ્રસિદ્ધતા વગર ઉતાવલે નાખ્યો તેની સામે પ્રજા પ્રોટેસ્ટ કરેછે. એ પછી એ કર લેવાની કસ્સી જરૂર નથી તથા લોકોને માથે તે એકસરખી રીતે લાગુ પડતો નથી વગેરેની દરખાસ્તો પસાર થયા પછી શેઠ નવરોજજી ફરદુનજીએ ઘડી કાઢેલી શેક્રેટરી ઑફ સ્ટેટ જોગની અરજી વાંચી સંભલાવી, જે બાહલ રાખવા બાદ મુંબઇની સરકારની મારફતે ઇંગલાંડ રવાંના કરવાના ઠેડાવો પસાર કરી સભા બરખાસ્ત થાઈ હતી.[૨]

તા૦ ૧૦ મી મેએ.

રોજ ૨૧ માહ ૮ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—દીનશાહજી મેહરવાંનજી જાલનેવાલા[૨]—ઉમર વર્ષ ૫૭) એવણ નીજાંમ સરકારનાં રાજ્યમાં હેદરાબાદ ખાતે ઘણાં વર્ષ સુધી કસટમનાં શુપરીનટેંડેંટ હતા, અને જાલના મધે મરણ પામ્યા હતા.

તા૦ ૧૦ મી મેએ.

રોજ ૨૧ માહ ૯ (ક૦) ૧૨૩૯ યજદેજરદી.

મરણ—દીનશાહજી માણેકજી મીનવાલા[૩]—ઉમર વર્ષ ૬૮) એવણ પ્રથમમાં મુંબઈ અને તે પછી ઈ૦ સ૦ ૧૮૪૮ થી કરાંચી મધે રાયલ આરટીલરીમાં હેડ કલાર્ક હતા, જેથી એમને "ગન તરૂપવાલા" ની અટકથી પણ ઓળખતા હતા. ૧૮૪૯ માં મુલતાંનની લડાઇ વખતે એવણ આરટીલરીની સાથે તે તરફ ગયા હતા. એ પછી સરકારી નોકરી છોડી તા૦ ૧ લી મારચ ૧૮૫૨ થી કરાંચીમાં મી૦ ડબલ્યુ. ઇ. ચેમબરલેન સાથે ભાગમાં "દીનશાહ ચેમબરલેન એંડ કુંપની" ને નામે વ્યાપારી પેહડી કાઢી હતી. તે પેહડી બંધ થયા પછી ૧૮૫૭ માં એવણે કરાંચીના સરકારી મેસ કંત્રાકટનું કામ લીધું હતું. ૧૮૫૯ માં ત્યાંનાં "સીંધ કાસદ" છાપાખાનાં તથા વર્તમાંન પત્રના એઓ માલિક થયા હતા. કરાંચીની ડીસ્ત્રીકટ પારસી માટરીમોનીઅલ કોરટના એવણ ૧૮૬૫ થી એક ડેલીગેટ હતા. ૧૮૬૭ થી એઓ મુંબઇ આવી રહયા હતા, અને મરણ પણ અતરેજ પામ્યા હતા.

તા૦ ૧૩ મી મેએ.

નવસારી મધે ત્યાંની અંજુમનને લગતાં ધર્મનાં કામો કરવાને માટે આજ દીને અંજુમને ભેગી મલી "નવસારી હુમ્અરસ્તેહ ફંડ" ઇયાને નવસારીના જરથોશ્તીઓનું નેક કામને લગતું ફંડ ઉભું કીધું હતું, અને તેનાં વ્યાજ મધેથી પ્રથમમાં જરથોશ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં કારણસર નવસારી ખાતે દોખમાં સુધી જે રસ્તો બંધાય તેની ઘટતી મરામત કરવાનો, તથા તે ઉપરાંત જો વધુ ઉપજ થાય તો દર રોજની એક ઇજશની તથા આફરીંગાંન બાજ અને દર ફરવરદીન રોજે દોખમાં આગલ જશન કરવાનો, તથા તે કરતાં પણ વધુ ઉપજ થાય તો દર શાલનો તીર મહીનાનો એક શેહરી ઘાહંબાર કરવાનો, વગેરે ઠેડાવો થયા હતા. એ ફંડનો વહીવટ ચલાવવા માટે દેસાઇ બરજોરજી પાલણજી (સરનશીન તથા ખજાંનચી), દસ્તુરજાદા માહીઆરજી કેકોબાદજી (નાયબે સરનશીન તથા ખજાંનચી), દેસાઇ મનચેરજી બરજોરજી (મુનશી), જામાસપજી એદલજી દેસાઈ, નવરોજજી રતનજી કુતાર, માણેકજી મેહરાંમજી મુનશી, જામાસપજી રૂસતમજી ગારડા, એદલજી રૂસતમજી ગાન્ધી, ફરામજી ફકીરજી તંબોલી અને રતનજી પેશતનજી સુતરીઆને તરસ્ટીઓ ઠેડવ્યા હતા.[૪]

તા૦ ૧૫ મી મેએ.

રોજ ૨૬ માહ ૮ (શે૦) ૧૨૩૯ યજદેજરદી.

સુરત મધે નાનપરામાં શબાવાલાના મોહલામા આ૦ જમશેદજી માણેકજી ઉનવાલાએ પોતાની બંધાવેલી ધર્મશાલામાં દીનઆઇનનાં કામો કરવા માટે હિંધોલા બનાવી તે આજ દીને ઇજાવી જશન કીધું હતું. આ વેળાએ નવસારીના વડા દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહરજીરાંણા પણ જશનમાં બીરાજયા હતા. જશનની ક્રિઆ પુરી થવા પછી એ૦ જમશેદજીને બે શેઆલો હોરાડવા બાદ રૂસ્તમપરાવાલા દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબપાલણજીનાએ એક બીજાંનાં પંથકની હદ બાબે માજી નવાબના વખતમાં શેહરમાંના

---

૧ ટાઇમસ ઑફ ઈંડીઆ, તા૦ ૪ થી મેએ ૧૮૭૦.

૨ શેઠ હોરમજજી મેહરવાંનજી જાલનેવાલાના ભાઇ.

૩ મરહુમ શેઠો ગુસતાદજી દીનશાહજી ગનતરૂપવાલા અને પેશતનજી દીનશાહ સોલીશીટરના બાવા.

૪ રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી આગશટ ૧૮૭૦.

એ ફંડ નવસારી મધે તા૦ ૪ થી ડીસેમબર ૧૮૭૨ ને દીને નવાં ઊભાં થયલાં જનરલ ફંડ સાથે મેલવી નાખયું હતું, અને તેમાં ભરાયલા રૂ૪૩૫૫ (નવસારી ખાતે રૂ૨૮૦૪ અને મુંબઇ ખાતે રૂ૧૫૫૧) તથા તેનાં ૨॥ વર્ષનાં વ્યાજ મધેથી ખરચ બાદ કરી રૂ૪૦૦૦) ની સરકારી નોટ અને રૂ૩૫૫) રોકડા એ નવાં ઊભાં થયલાં જનરલ ફંડમાં આપી દઇ એ ફંડનો હીસાબ બંધ કીધો હતો.

જરથોસ્તીઓ સાથ થયલો ફારસી દસ્તાવેજ વાંચી સંભલાવ્યો હતો,[૨] જે પછી પાંન ગોલાબ લઈ મીજલસ બરખાસ્ત થાઇ હતી.[૨]

તા૦ ૧૯ „ મેએ.

શેઠ ડાશાભાઇ ફરાંમજી કરાકાને નામદાર સરકારે ૧૮૭૦ ના ૧૬ મા કાએદાની રૂહે મુંબઇ મધે નાખેલા ઇનિકમ ટાક્ષના કલેકટર નેમ્યા હતા.[૩] એ ઓહ્દો એવણે ગયે વર્ષ પણ મનપતીજ ભરી રીતે બજાવી નામદાર સરકારને સંતોષ આપ્યો હતો.

તા૦ ૨૨ મી મેએ.

નવસારી મધે આજ દીને એ૦ મનચેરજી શાપુરજી વાછાએ કબીશા વિષે એક ભાષાણ કીધું હતું. સરનશીનની ખુરસીએ દેસાઈ બરજોરજી નવરોજજી બીરાજ્યા હતા.[૪]

તા૦ ૨૪ મી મેએ.

ભીડીબજારના લતા ઉપર રેહનારા કેટલાક પારસી ગ્રહસ્થોએ તે તરફ એક રીડીંગ રૂમ તથા લાઇબ્રેરી ઉઘાડવા માટેનો વિચાર કરવાને આજ દીને તે તરફની કાંદાવાલા મોહલામાંની મરહુમ શેઠ નશરવાંનજી હીરજીભાઇ કરાંણીવાલી દરેમેહરમાં એક સભા ભરી હતી. આ વેળાએ "કાંદાવાલા મોહલા રીડીંગ રૂમ"નાં નામથી એક રીડીંગ રૂમ સ્થાપવા તથા તેનો વહીવટ ચલાવવા માટે શેઠો અરદેસર શેરાબજી દસ્તુર કામદીનના—સરનશીન, શેરાબજી રતનજી ડાકટર—નાયબે સરનશીન, બહમનજી માણેકજી ચોકસી—ખજાંનચી, માણેકજી કાવશજી તાડીવાલા—શેક્રેટરી, નશરવાંનજી રૂસ્તમજી દલાલ, ધનજીભાઈ એદલજી લવંગીઆ, અરદેસર શેહરીઆરજી માસ્ટર, લીમજીભાઇ એદલજી ભાજી-

૧ એ તથા બીજા એવા કેટલાક સુરતના નવાબો તથા સુબાઓ તરફથી નવસારીને લગતા મોબેદોને મલેલા અસલ ફારસી દસ્તાવેજો તેના ગુજરાતીમાં તરજુમા સાથે એ૦ રૂસતમજી બહમનજી ઊનવાલાએ ૧૮૭૧ ના જુલાઇ માસમાં "નેજાબ શેકન" નામનું એક ચોપાનયું છપાવી તેમાં બાહેર પાડયા હતા.

૨ જામે જમશેદ, તા૦ ૧૮ મી મેએ ૧૮૭૦.

એ દરેમેહરના દરવાજાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"રોજ ૧ માહ ૧૨ મો શને ૧૨૩૮ એ દીને મોબેદ
"જમશેદજી માણેકજી રૂશતમજી ઊનવાલાએ પોતાના બુજ-
"રોગોનાં રવાંનોનાં શવાબને વાશતે ધરમની જગો બંધાવી
"જરતોશતીઓને વાપરવાને વાશતે ને ઇઓજદાથરેનાં કામને
"વાશતે ઇધોરા ઇજાવેઆછે. તે નોશારીની વડી દરેમેહેરને
"તાબેના અંજુમનના શાહેબોને નેક કામ કરવા વીશે બંધાવી
"શવાધીન એ જગો કીધીછે."

ઊપલી તખ્તી મધે જે રોજ માહ જણાવ્યોછે તે દીને એ મકાંન જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને ધર્મશાલા તરીકે પરઠાવ્યું હતું, અને તે પછી તેમાં હિંધોલા બનાવી તે આએ પ્રમાણે આજ રોજે દરેમેહર તરીકે ઇજાવી હતી.

નાનંપરાંમાં એ રીતે એક નવસારીવાલા મોબેદે દરેમેહર બનાવવાનો વિચાર કીધાથી સુરતના જરથોસ્તીઓમાં ચકચાર ઊઠી હતી, અને તેઓની તરફથી નીચલા આગેવાંનોએ નવસારી દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહરજીરાણાં તથા દેસાઇ બરજોરજી નવરોજજી વગેરે શમશત અંજુમન જોગ તા૦ ૩ જી મેએ ૧૮૭૦ ને દીને એક પત્ર લખી અરજ કીધી હતી કે "નોસારી પંથકના મોબેદોએ આજ સુધી સુરત પંથકનો હક તોડી કામ કરીઊં નથી ને હાલ નાંનપરાવાલા નોશાકરા મોબેદ જમશેદજી માણેકજી ઊનવાલા નાનપરાંમાં પોતે ધરમશાલા બંધાવી અંજુમનના વકફમાં કાહાડી આપેલી તેજ ધરમશાલામાં નોસારી પંથકના મોબેદો પાસે કામ કરાવવા હીંધોલા બનાવી ગેરશીરશતે દરેમેહર બનાવવા ચાહેછે—એથી હમોને મોહટી હરકત થશે કે કદીમથી આજ સુધીનો જે મજબુત રીવાજ છે તે તુટશે .... તમો સાહેબોને તો ખબર છે કે આપણાં પંથકોની હદ અસલથી આપણા બુજરોગોના વખતથી છુટી પાડી આપવા વિશેના પરવાંના થએલા હાલ મોજુદ છે, ને તે ઊપરથી એક બીજાનાં પંથકની અંદર મોબેદોને ઇઓજદાથરેગરેનાં મોહટાં કામો કરવાની હદ મુકરર કરી આપેલી તો કદીમ રીવાજ મુજબ આજ સુધી ચાલીઊં જાએછે. અગર નોસારીમાં કોઇ હમારા મોબેદોની દરેમેહર બનાવવા ચાહે તો તમો વીચારી જુઓ કે તે બની શકતું નથી, તેમ નાનપરામાં કે જાંહાં સુરત પંથકનાજ મોબેદો કામ કરતા આવેલાછે તાંહાં કોઇબી વાર સુરત વશીઊં તારથી તે આજ સુધી નોસારી પંથકના મોબેદોની દરેમેહર બનાવવામાં આવી નથી અને બનવી જોઇએ પણ નહીં ...... એ મોબેદોને હરેક કોઇબી વેલા તહમો પાછા હઠાવી શકોછો તેથી તહમો જેવા સમજુ અને દુરઅંદેશ સાહેબો હેવાં ગેરશીરશતાનાં કામને બનતી કોશેશ કરી આગલ વધવા દેશો નહીં તો મેહરબાંની થાશે." એ પત્ર ઊપર નીચલા સગનવાસી ગ્રહસ્થોની શહીઓ હતી:—

દાવર રૂસતમજી ખુરશેદજી મોદી, દસ્તુર નશરવાંનજી કેખશરૂ, દાદાભાઇ માણેકજી વખારીઆ, પેશતનજી બરજોરજી એંટી, પીરોજશાહ શાપુરજી કમીશરીવાલા, રતનશાહ પેશતનજી વકીલ, બેહરાંમજી પેશતનજી ડાકટર, પેશતનજી રતનજી મોદી, નશરવાંનજી ફરદુનજી ગ્રાંટના, ગુસતાદજી જમશેદજીની કુંપની, નશરવાંનજી પાલણજી પોહો, માણેકજી દોરાબજી લાલકાકા, દોરાબજી શેહરીઆરજી મોદી, પાલણજી બેજનજી કોટવાલ.

એ પત્રના જવાબમાં નવસારીથી ઊપલા દસ્તુર કેકોબાદજી તથા દેસાઇ બરજોરજીએ તા૦ ૯ મી મેએ ૧૮૭૦ ને દીને લખી જણાવ્યું હતું કે "તહમો સાહેબો દાનાવ છેઓ તો વધારે લખવાની હાજત નથી કે એવન પોતાની જગામાં કરેચ તેહમાં તહમો સાહેબોને કશી હરકત છેજ નહી—બીજું વલી તહમો સાહેબો આગલી પાછલી તકરાર લખોચ તેમાં પણ બારીકીથી જોતાં ઊલટું છે. તે વીશે હાલ લંબાંન કરી જણાવવાને હમો ખુશી નથી." એ પછી એ દરેમેહર એક અઠવાડીઆંમાં પરઠાઇ હતી.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૯ મી મેએ ૧૮૭૦.

૪ રાસ્ત ગોફતાર, તા૦ ૨૯ મી મેએ ૧૮૭૦.